
# સૂરિશતાબ્દીનું સંભારણું

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી



નિશ્રા : આચાર્યશ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.

આશીર્વાદ : આચાર્યશ્રી ઉદયકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.

સંપાદક : પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

# સૂરિશતાબ્દીનું સંભારણું

[યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની
સૂરિશતાબ્દીના પાવન પ્રસંગે યોજાયેલ પરિસંવાદની ફલશ્રુતિ]

સંપાદક
પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

પ્રકાશક
શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટ
તથા સંઘ
મહુડી

**પ્રણેતા**

પ. પૂ. યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.

સમતા સાગર પ. પૂ. આ. ભ. શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.

ગચ્છાધિપતિ પ. પૂ.આ.ભ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.

**નિશ્રા**

ગચ્છનાયક આચાર્યશ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.

**આશીર્વાદ**

પ. પૂ. આચાર્યશ્રી ઉદયકીર્તિસાગરસૂરીશ્વરજીજી મ.સા.

**સૂરિશતાબ્દીનું સંભારણું**

*(યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીની*
*સૂરિશતાબ્દીના પાવન પ્રસંગે યોજાયેલ પરિસંવાદની ફલશ્રુતિ)*

ગ્રંથ પ્રાગટ્ય તિથિ : શ્રીમદ્ બુદ્ધિસાગરજીની જન્મતિથિ
મહાશિવરાત્રી : મહા વદ ૧૩, વિ. સં. ૨૦૭૧, ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૫

**Surisatabdi nu Sambharanu**
Edited by Dr. Kumarpal Desai
Published by Shri Mahudi (Madhupuri) Jain Swetambar Murtipujak
Trust & Sangh
Mahudi

**પ્રકાશક**

શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટ તથા સંઘ
મહુડી

કિંમત ૨૦૦ રૂ.
પહેલી આવૃત્તિ : ફેબ્રુઆરી, ૨૦૧૫
પૃષ્ઠ સંખ્યા ૮ + ૧૩૬

**મુદ્રક**

અજય ઑફસેટ,
૧૫/સી, બંસીધર એસ્ટેટ,
બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪

# અનુક્રમ


1

*જ્ઞાન, ધ્યાન અને યોગના મહાસાગરનું સ્મરણ*

પરમ પૂજ્ય પ્રશાંતમૂર્તિ આચાર્ય શ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.

3

*જ્ઞાનસાગરનાં અમૃતબિંદુ પામીએ !*

પરમ પૂજ્ય પ્રવચન પ્રભાવક આચાર્યશ્રી ઉદયકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.

8

*આંતરજીવનમાં ડોકિયું કરાવતી ડાયરી*

કુમારપાળ દેસાઈ

22

*સાહિત્યસર્જનની ચેતનાનો ફુવારો*

ધનવંત ટી. શાહ

33

*વંદનીય સાધુતા*

દોલત ભટ્ટ

36

*અધ્યાત્મનું આકાશ*

માલતી શાહ

49

*'આનંદઘન પદસંગ્રહ ભાવાર્થ'માં પ્રગટતી પ્રતિભા*

ડૉ. કાંતિભાઈ શાહ

58

*અનોખી કાવ્યપ્રતિભા*

નલિની દેસાઈ

66

*જૈનયોગમાં અનુપમ પ્રદાન*

ડૉ. રશ્મિ ભેદા

72

*શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવ ગ્રંથરચના*

ડૉ. રેખાબેન વોરા

85
*'આત્મદર્શન' અને 'આત્મતત્ત્વદર્શન' ગ્રંથો વિશે*
**કનુભાઈ એલ. શાહ**

94
*ઐતિહાસિક ગ્રંથોનું વિહંગાવલોકન*
**આર.ટી.સાવલિયા**

105
*કર્તવ્યપાલનનો સંદેશ : કર્મયોગ*
**છાયાબેન શાહ**

108
*મહાયોગીનું શતકપર્વ*
**પરાજિત પટેલ**

112
*યુગદર્શી આચાર્યશ્રીનો યુગસંદેશ*
**ડૉ. રેણુકા પોરવાલ**

120
*પરિસંવાદનો અહેવાસ*
**માલતી શાહ**

127
*પરિશિષ્ટ ૧*
**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીનો જન્મ, દીક્ષા, આચાર્ય પદવી તથા સ્વર્ગવાસનું સ્થળ અને વર્ષ**

128
*પરિશિષ્ટ ૨*
**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીનો વિહાર અને ચાતુર્માસની સાલવારી**

129
*પરિશિષ્ટ ૩*
**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીની પટ્ટાવલિ**

131-136
*પરિશિષ્ટ ૪*
**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી દ્વારા રચિત ગ્રંથોની નામાવલિ**

# નિવેદન

જ્ઞાનયોગી, કર્મયોગી અને ધ્યાનયોગી આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. સા.ના સમયમાં જ્યારે સમાજમાં વધુ ને વધુ શિષ્યો બનાવવાની હોડ ચાલતી હતી, ત્યારે યોગનિષ્ઠ આચાર્યશ્રીએ એવા 'અમર ગ્રંથશિષ્યો' તૈયાર કરવાનો નિર્ધાર કર્યો કે જેની જ્ઞાનજ્યોતિ સદૈવ સદાકાળ પ્રકાશ પાથરતી રહે અને માનવજાતિની ચેતનાને અજવાળતા રહે. આવા ગ્રંથશિષ્યો પ્રત્યે અગાધ આદર અને ગુરુઋણની પ્રબળ ભાવના ધરાવતા ગચ્છનાયક પ્રશાંતમૂર્તિ આચાર્યશ્રી પૂ. મનોહરકીર્તિસાગરસૂરિજી મહારાજે અને પ્રવચન પ્રભાવક પૂ. આચાર્યશ્રી ઉદયકીર્તિસાગરસૂરિજી મહારાજે યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી તથા ગચ્છાધિપતિ આચાર્ય શ્રી સુબોધસાગરસૂરિજીને ભાવાંજલિ વ્યક્ત કરવાનો ઉપક્રમ જાળવી રાખ્યો છે. એમના આ સાતત્યપૂર્ણ ઉપક્રમને પરિણામે જૈન સમાજમાં અને સાહિત્ય-જગતમાં યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની અનુપમ સાહિત્યસેવાનું અને યૌગિક સાધનાનું સ્મરણ સતત ઘૂંટાતું રહ્યું છે.

'પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેટલાં અગાધ છે.' એ ન્યાયે જેમ જેમ વિદ્વાનો અને વિચારકો યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.ની ગ્રંથસૃષ્ટિમાં પ્રવેશતા ગયા, તેમ તેમ એમની વિરાટ પ્રતિભા જોઈને આશ્ચર્ય અને આનંદ અનુભવવા લાગ્યા. આમાંથી એક વિચાર આવ્યો કે યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીની દીક્ષાભૂમિ પાલનપુરમાં યોગનિષ્ઠ આચાર્યશ્રીની દીક્ષાશતાબ્દી વર્ષના નિમિત્તે શ્રી શ્રુતજ્ઞાનની આરાધનાનો અવસર યોજવો અને જુદા જુદા વિદ્વાનોને બોલાવીને એમનાં મહાન ગ્રંથરત્નો વિશે વક્તવ્યો રાખવાં. આ સંદર્ભે આચાર્યશ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.અને આચાર્યશ્રી ઉદયકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.ના માર્ગદર્શન હેઠળ આચાર્યશ્રીની સરસ્વતી ઉપાસનાનો અભ્યાસ કરનારા અભ્યાસીઓને બોલાવવા અને એમનાં મનનીય પ્રવચનોનું આયોજન કરવું.

પરિણામે ૨૦૧૪ની ૧૫મી જૂને પાલનપુરના શ્રી તપાગચ્છ જૈન ઉપાશ્રય સંઘમાં એક અવિસ્મરણીય કાર્યક્રમનું આયોજન થયું અને એમાં આવેલા વિદ્વાનોએ પોતાના અભ્યાસલેખો પ્રસ્તુત કર્યા.

આ પ્રસંગની એક બીજી પણ વિશેષતા રહી કે યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની આધ્યાત્મિક, સાહિત્યિક અને સર્વવ્યાપી વિભૂતિમત્તાને દર્શાવતી અધ્યાત્મરસથી ભરપૂર એવી તેઓની અપ્રસિદ્ધ રોજનીશી (ડાયરી) 'આત્મચૈતન્યની યાત્રા'નો વિમોચન સમારંભ પણ યોજાયો.

અનેક જુદા જુદા સંઘોમાંથી અધ્યાત્મપ્રેમીઓ, ધર્મના અનુરાગીઓ અને જિજ્ઞાસુઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. પાલનપુર નગરીના વડીલોએ કહ્યું કે આ પ્રકારનો પરિસંવાદ એમણે એમના જીવનમાં પહેલી જ વાર જોયો છે અને એનાથી એમણે સાચે જ જ્ઞાનવૃદ્ધિનો અનુભવ કર્યો છે.

એની પાછળનો આશય તો એટલો જ હતો કે મહાન વિભૂતિએ રચેલા ગ્રંથો માત્ર કોઈ જ્ઞાનભંડાર કે પુસ્તકાલયની યાદીમાં જ નામ રૂપે રહી જાય નહીં, પરંતુ એ ગ્રંથોમાં રહેલા શાશ્વત સત્યનો વર્તમાન સમયના અભ્યાસીઓને ઊંડો પરિચય થાય. આ ધ્યેયને વધુ સારી રીતે સિદ્ધ કરવા માટે આ પરિસંવાદમાં જે જે વક્તવ્યો થયાં, તે વક્તાઓ પાસેથી મંગાવવામાં આવ્યાં અને આનંદની વાત એ છે કે આમાં ભાગ લેનારા એકેએક વક્તાએ પોતાનું વક્તવ્ય લેખ રૂપે આપ્યું છે.


આ ગ્રંથ દ્વારા યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીના અગાધ જ્ઞાનસાગરનો તો અનુભવ થશે જ, પરંતુ એથીય વિશેષ વર્તમાન સમયમાં એની કેટલી બધી પ્રસ્તુતતા છે એની જાણ થશે અને એના દ્વારા આપણે આપણી આવતી કાલને ઊજળી કરી શકીશું અને નવી પેઢીને આ અધ્યાત્મવારસો આપી શકીશું.

તા. ૧૦-૨-૨૦૧૫ - કુમારપાળ દેસાઈ

# સૂરિશતાબ્દીનું સંભારણું



# મંગલકામના



**પરમ પૂજ્ય પ્રશાંતમૂર્તિ આચાર્ય**
**શ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.**

## જ્ઞાન, ધ્યાન અને યોગના મહાસાગરનું સ્મરણ


*'આજે યોગનિષ્ઠ આચાર્યશ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના સૂરિશતાબ્દી વર્ષના પાવન પ્રસંગે યોજાયેલો પરિસંવાદ અને અન્ય આયોજનો એ આપણા જીવનના ટર્નિંગ પૉઇન્ટનો દિવસ છે. ઐતિહાસિક એવો જીવનપરિવર્તનનો દિવસ છે. ગુરુદેવ યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજાએ વર્તમાન જગત પર શું ઉપકાર કર્યો છે, તેનું પાવન સ્મરણ કરવાનું છે. એ મહાન ગુરુભગવંત આપણને શું શું આપીને ગયા ? કેટલું બધું વિપુલ સાહિત્ય આપીને ગયા છે, વિવિધ વિષયોમાં સર્જન કરીને ગયા છે, પરંતુ આપણે જે રીતે વિતરણ કરવું જોઈએ, જન-જન સુધી પહોંચાડવું જોઈએ તે નથી કરી શક્યા તે કમનસીબી છે. પરિણામે એમના અનુપમ સર્જનનો જે લાભ મળવો જોઈએ તે નથી મળ્યો. ગુણાતીત અવસ્થા, દેહાતીત અવસ્થા, ચિદાનંદ સ્વરૂપી એવો ભાવ ગુરુદેવના જીવનમાં નિહાળવા મળે છે.*

આજે આવા પૂજ્ય ગુરુદેવના જીવનને નિહાળી રહ્યા છીએ. સરિતા કોને મળવા જાય છે ? આપણે સહુ કોઈ જાણીએ છીએ – સાગરને મળવા જાય છે. આજે આપણે સહુ એ જ્ઞાન, ધ્યાન અને યોગના મહાસાગરને મળવા જઈએ છીએ.

પૂજ્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ કેવા બુદ્ધિના વિરાટ સાગર હતા. એમણે એવો સાગર છલકાવ્યો કે ૧૪૦ સરિતાનું સર્જન કર્યું. એ સાહિત્યગંગા નિર્મળતા આપે છે. વળી આ બિંદુમાં સિંધુ સમાયેલો છે. એમણે આ સર્જનોનું ચિંતન કર્યું. પોતાની આત્મશક્તિ દ્વારા સર્જન કર્યું, સમજવાનું દોહન કર્યું. દોહન કર્યા પછી નીકળ્યું શું ? એક અમૃત અને એક વિષ. અમૃત દેવો લઈ ગયા એમ પૌરાણિક કથા કહે છે તેમ વિષનું પાન શંકરે કર્યું એટલે નીલકંઠ કહેવાયા. આપણે પૂજ્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીના જીવનમાંથી સાગરને પામ્યા. અમૃતનું લહાણું કર્યું, જેનાથી આપણા જીવનમાં પ્રકાશ આવે અને અંધકાર દૂર થાય. શબ્દોમાં અધ્યાત્મનું અમૃત એમણે પીધું, આપણને પાયું. સહુને અમૃતનો આસ્વાદ મળ્યો. જે મળ્યું એમાંથી અમૃત આચમન રૂપે છેલ્લા શ્વાસ સુધી વાગોળ્યા કરીએ.

આજે એમના વિશે પરિસંવાદ યોજવામાં આવ્યો છે, જેમાં વિદ્વાનો એમના એક-એક ગ્રંથ-રત્નનો પરિચય આપશે. આ રત્નો આપણા જીવનને ઉજાળે તેવાં છે. આ પરિસંવાદમાં ઉપસ્થિત રહેનાર સહુ કોઈ પર પરમાત્માના અને ગુરુદેવના આશીર્વાદ ઊતરે, એ જ મંગલકામના.

# આશીર્વચન



**પરમ પૂજ્ય પ્રવચન પ્રભાવક આચાર્યશ્રી**
**ઉદયકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.**

## જ્ઞાનસાગરનાં અમૃતબિંદુ પામીએ !

*જેમના ઉપર પરમાત્માના પરમ આશીર્વાદ ઊતર્યા હતા, એવા ગચ્છાધિપતિ શ્રી સુબોધસાગરસૂરીશ્વરજીના જીવનમાં ચમત્કાર થયો નહોતો, પરંતુ એમણે જે કર્યું એ ચમત્કાર બની રહ્યો. એ દિવ્ય પુરુષના રોમરોમમાં પરમાત્માનું દિવ્ય તત્ત્વ હતું. પરમાત્માનાં દર્શન કરતાં કરતાં એમના ભીતરની ચેતના થનગની અને સહજભાવે શબ્દો સરી પડ્યા,*

*'તુમ દરિશન ઉપકારી ઓ પ્રભુજી, તુમ દરિશન સુખકારી,*
*તુમ દરિશનથી આનંદ પ્રગટે, પ્રગટે મંગલકારી.'*

*તપ, જપ, ક્રિયા, સંયમ સર્વે તુમને પામવા, પ્રભુ ! આ જે કંઈ પણ કરું છું તે માટે ઇચ્છા તો કેવળ આપના દર્શનની જ છે. છેલ્લી ઇચ્છા મારે તો એક જ છે તારાં દર્શન પામવાની.*

*હું અને તમે ખાખરાની ખિસકોલી, ગુલાબજાંબુનો સ્વાદ શું જાણીએ ! માત્ર પ્રસિદ્ધિ પાછળ પાગલ બનેલું જગત શું સમજી શકે ?*

'ગુરુદેવ' એ શબ્દના માત્ર ચાર અક્ષરનો વિચાર કરો. ગુરુદેવે સંસારનો સાર નિચોવીને આપ્યો છે. ગુ-ગુણાતીત અવસ્થા, રુ-રુણાતીત અવસ્થા, દે-દેહાતીત અવસ્થા અને વ-વચનાતીત અવસ્થા.

એમણે આપણને તીર્થંકર પરમાત્માએ બતાવેલા પંથ બતાવીને કહ્યું કે પોતાના આત્મીય ગુણોને પ્રગટ કરી ગુણાતીત, રુણાતીત, દેહાતીત અને વચનાતીત અવસ્થાએ પહોંચવાનું છે.

ગુરુદેવ આપણી સાથે દેહસ્વરૂપે નહીં, પણ દૈવસ્વરૂપે હાજર છે. પરમાત્માની કૃપા હોય તો સાધુ-સંતોનાં પગલાં થાય છે. આજે વક્તાઓનાં દર્શન કરવાનાં છે. વક્તાઓ ગુરુદેવના જીવન વિશે વક્તવ્ય તૈયાર કરીને આવ્યા છે. તેઓ આપણને પરમતત્ત્વની વાત સમજાવશે. એમાંથી એકાદ વાક્ય પણ જીવનમાં ઊતરે તો આ સંસારને સમાપ્ત કરી શકીએ એટલી તાકાત ગુરુદેવના શબ્દોમાં છે. આપણે તૈયાર ભાણે બેસી ગયા છીએ.

આ બધા પાછળ કુમારપાળભાઈએ તનતોડ મહેનત કરી છે અને ચીવટપૂર્વક 'આત્મચૈતન્યની યાત્રા' પુસ્તક પણ તૈયાર કર્યું છે. ગુરુદેવનું આ પુસ્તક 'આત્મચૈતન્યની યાત્રા' હાથમાં લઈ, દર્શન કરી ગદ્‌ગદ થઈ સ્પર્શ કરશો, તો પણ અક્ષરની તાકાત પામી શકશો. દરેક પુણ્યશાળી વક્તાને સાંભળવાના જ નહીં, સમજવાના; સમજવાના જ નહીં, પણ એમની દરેક વાત જીવનમાં ઉતારવાની છે. મંદિરમાં રહેતા પ્રભુ કલ્યાણ કરે, ચમત્કાર કરે, કરે ને કરે. એ જ રીતે સ્વ મંદિરમાં રહેલા પ્રભુ પણ કલ્યાણ કરે છે. એનું પરિણામ આપણને અવશ્ય જોવા મળે.

એક પ્રસંગ યાદ આવે છે. વક્તાનું નામ સ્મરણમાં નથી. જીવદયા પર દોઢ કલાક સુધી પ્રવચન આપેલું. કેટલાય માણસોએ ઊભા થઈ જીવહિંસા કરવી નહીં એવો નિયમ લીધો. એ વક્તાએ ખીસામાંથી રૂમાલ કાઢ્યો, ત્યારે સાથે બે ઈંડાં બહાર આવ્યાં ! આ વક્તા માત્ર વક્તવ્ય આપતા હતા. એ મુજબ વર્તન કે આચરણ કરતા નહોતા. જ્યારે આજના વક્તાઓના જીવનમાં પ્રભુની વાણી ઊતરેલી છે, એને આત્મસાત્‌ કરેલી છે. જીવન પણ જ્ઞાનમય છે. આવા વક્તાઓનાં દર્શન પણ સુખદ છે. એમના વ્યાખ્યાનનું શ્રવણ કરવાની સાથોસાથ આપણે આ બધાનું હૃદયથી બહુમાન કરીએ. તેઓ જે

આપવાના છે તે રિફંડેબલ નથી. તેઓએ તેમનો અમૂલ્ય સમય આપ્યો છે, જે ફરી આપણને પુનઃ પ્રાપ્ત થાય તેમ નથી.

વર્તમાન જીવનમાં માનવી પોતાની ઓરિજિનાલિટી નહીં, પણ મહોરું પહેરીને બેઠો છે. અત્યારે આપણે બધા સ્વાધીન છીએ એટલે કે જાતે હાલી-ચાલી શકીએ છીએ. અહીં જાતે આવી શક્યા છીએ, પરંતુ મારા, તમારા બધાના જીવનમાં એક દિવસ એવો આવશે કે જ્યારે વૃદ્ધત્વ આવશે. એ સમયે સમાધિ, સદ્‌ગતિ, સરળ ગતિ મળે, તેનો પ્રયાસ કરો. વક્તાઓ જ્ઞાનના માધ્યમથી એવું કંઈક પીરસે કે જેનો આસ્વાદ છેલ્લા શ્વાસ સુધી સ્મરણમાં રહે. યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્‌ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના સંપૂર્ણ જીવનને ભીના ભીના હૃદયે યાદ કરો તોપણ તાકાત આવશે. એવી અદ્‌ભુત શક્તિ એમાં છે. જેનું જીવન સુધરે, એનું મરણ સુધરે. મરણ સુધરે, એને સદ્‌ગતિ મળે. દરેક વક્તાઓ એવું પીરસશે, જેમાં આસ્વાદ હશે. પરમાત્મા-ગુરુદેવને યાદ કરો તો પરિણામ અવશ્ય મળે જ.

હું અને તમે અંદરથી પીડિત અને ત્રસ્ત છીએ. બહારથી સારા અને વ્યવસ્થિત દેખાઈએ, પણ અંદરની ગ્રંથિઓ આપણા આંતરિક જીવનને ખળભળાવે છે. આ ગ્રંથિઓને તોડવાનું કામ ગ્રંથ કરે છે. શેરડી ખાતા હોઈએ ને ગાંઠ આવે તો મીઠાશને મારી નાખે છે. સોયની અંદર દોરો પરોવવાનો હોય, પણ દોરામાં ગાંઠ હોય તો પરોવાતો નથી. આવી જ રીતે સંસારની યાત્રામાં ગાંઠ હશે, ગ્રંથિ હશે, તો જીવનયાત્રા, પરમાત્માની પ્રાપ્તિ કરાવશે નહીં. ગ્રંથિ તોડવાનું કામ આ ગ્રંથ કરે છે. આ રીતે જીવન જીવીશ તો ધીમે ધીમે આ સંસારમાંથી મુક્ત થઈશ, શાંતિ આવશે. હું અને તમે દોડ્યા જઈએ છીએ, શાંતિ ક્યાં મળશે ? માત્ર ને માત્ર પરમાત્માનાં - ગુરુદેવનાં ચરણોમાં. કાશ્મીર કે સ્વિટ્‌ઝર્લેન્ડ ક્યાંય જવાની જરૂર નથી. ગ્રંથનું સર્જન કરનાર જ્ઞાનીનું શરણ લઈ લો. આ પ્રવચનોનું શ્રવણ વિવેક આપશે. આ બધું સાંભળવાનું એટલા માટે છે કે તમે સંસારમાં રહો છો. મોહ, માયા, કષાય વચ્ચે તમારી જાતને સંભાળજો. ગબડી પડવાની તૈયારીમાં હો તો સંભાળ કોણ લેશે ? પર્વતની ઊંડી ખીણમાં પતન પામતા કોણ બચાવશે ?

સો વરસ પહેલાં આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ કરેલી ભવિષ્યવાણી આજે સત્ય જણાય છે. જેમણે જેમણે કૌભાંડો કર્યાં છે, તે પ્રજા સમક્ષ આવશે. આ યુગમાં સાધના વિના સહેજે નહીં ચાલે. સાધનાથી જીવનમાં સહજ માર્ગ પ્રાપ્ત થાય છે. યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજાએ ભવિષ્ય ભાખતાં લખ્યું, એક ખંડના લોકો સાથે બીજા ખંડના લોકો નિરાંતે વાતો કરશે. આ મોબાઇલે તમારું જીવન નષ્ટ કર્યું છે. મોબાઇલે જૂઠું બોલતાં શિખવાડ્યું છે. સાથે સાથે સમજી લો કે પરિણામ ખરાબ આવશે.

આજે માણસાઈ જોવા મળતી નથી. એક વાર એક માણસે દુકાનમાં જઈને કહ્યું કે, 'પાણી આપો.' શેઠ કહે કે, 'માણસ નથી, બહાર ગયો છે.' આમ બે ત્રણ વાર માંગવા છતાં પાણી આપ્યું નહીં એટલે એ માણસે શેઠને કહ્યું, 'પાણી પિવડાવવા જેટલા તો માણસ બનો ! તમારામાં માણસાઈ નથી.'

એક વાર એક માણસ ફાનસ લઈને નીકળ્યો. એને ડૉક્ટર, એન્જિનિયર, પોલીસ સહુ કોઈ મળ્યા પણ માણસ નહીં.'

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે કહ્યું છે,

'ભૂખ્યાંને ભોજન, તરસ્યાને પાણી,
બોલો મીઠી વાણી, પ્રભુ ! એ તમારી નિશાની !'

આજની આ બધી મહેનત કુમારપાળ દેસાઈની. આ વાતાવરણ જોઈએ છીએ તે અને પુસ્તકનું પ્રકાશન થયું તે પણ એમને જ આભારી છે. ઉપરથી એમ પણ કહ્યું, 'ગુરુદેવ વિશે પુસ્તક છાપવાનું હોય તો મને લાભ આપજો.' અનુમોદના કરવાનું મન થાય. આ પુસ્તકમાં લખેલું થોડું પણ તમારા જીવનમાં ઊતરશે, બાહ્ય નહીં, આંતરિક શાંતિ મળશે. સાહિત્ય વિનાનું ઘર સ્મશાન જેવું છે. સાહિત્ય-જ્ઞાન એ અમારું જીવન છે. આ માટે તમામ કામ કરવા અમે તૈયાર છીએ. અમારું જીવન જ્ઞાન સાથે સંકળાયેલું છે. ઉગ્ર વિહારી, ઉગ્ર તપસ્વી, અલ્પજ્ઞાની, જ્ઞાનની સાધના બહુ જરૂરી છે.

આપણા આચાર્ય ભગવંત પ્રશાંતમૂર્તિ શ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી

ખુમારીવાળા છે. આટલી મોટી વયે ૧૦૮ લોગસ્સનો કાઉસગ્ગ પણ ઊભા ઊભા કરે છે. તેમના જીવનમાં કોઈ ફરિયાદ જ નથી. તેઓને ડૉક્ટરે કહ્યું, આંખથી કામ નહીં કરી શકો તો તે સહજભાવે સ્વીકાર્યું. ખૂબ કામ કર્યું છે. હવે બંધ આંખે જીવવાનું છે. આઠ વર્ષથી લગભગ દેખાતું નથી, તેમ છતાં ક્યારેય ઠોકર ખાધી નથી.

ગુરુદેવે બહુ વાંચ્યું છે, ચિંતન કર્યું છે. વિનંતી કરીએ થોડું કંઈક આપણને કહે. પહેલાંના લોકો પાસે ઘડિયાળ નહોતી, પણ સમય હતો. આપણી કમનસીબી એ છે કે હવે લોકો પાસે ઘડિયાળ છે, પણ સમય નથી.

આજે ઐતિહાસિક અને ધાર્મિક એવી પાલનપુર નગરીમાં પ્રથમ વાર આ પરિસંવાદનું આયોજન થઈ રહ્યું છે. આનાથી આપ સહુની જ્ઞાનપ્રાપ્તિની ભાવના સાર્થક થશે અને યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજના વિપુલ, તાત્ત્વિક અને શાસ્ત્રીય જ્ઞાનસાગરનાં થોડાં મધુબિંદુ પ્રાપ્ત થશે, એવી આશા રાખું છું.

# આંતરજીવનમાં ડોકિયું કરાવતી ડાયરી

ડૉ. કુમારપાળ દેસાઈ

ડાયરી એટલે રોજનીશી, દૈનિક પ્રવૃત્તિની નોંધ. ખરું જોતાં ડાયરીની આત્મલક્ષી નોંધ એક પ્રકારનું આત્મસંભાષણ બને છે, જેમાંથી લેખક આત્મનિરીક્ષણ કરીને પોતાના ગુણદોષ જોઈ શકે છે. મોટા ભાગની ડાયરીઓ ભૌતિક પ્રવૃત્તિઓની નોંધરૂપે હોય છે, અને તેમાં ઐહિક સુખ-દુઃખ કે સફળતા-નિષ્ફળતાનું અથવા ગમા-અણગમાનું નિદર્શન કરતી નોંધો જોવા મળે છે.

પરંતુ થોડીક એવી પણ ડાયરીઓ હોય છે, જેમાં કેવળ આધ્યાત્મિક અનુભવોનું નિરૂપણ જ હોય છે, અને લખનાર એમાં પોતાના વાંચન, મનન, નિદિધ્યાસન, આત્મચિંતન, આત્માનંદ ઇત્યાદિ આંતરગુહામાં ચાલતી ઘટનાઓની નોંધ આપે છે. જો તેનામાં સાહિત્યિક શક્તિ હોય તો, તેને લગતા ગદ્ય-પદ્યના ઉદ્‌ગારોમાં સાહિત્યિક સુગંધ આવવા પામે છે. નિઃસ્પૃહ અને નિર્મમ ભાવે, કેવળ આધ્યાત્મિક પ્રગતિ કે પીછેહઠની નોંધ કે નિજાનંદની અભિવ્યક્તિ સાટે લખનારા વિરલ હોય છે.

યોગસાધક આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીની રોજનીશી આ પ્રકારની છે. તેમના સુદીર્ઘ જીવનકાળના લાંબા પટને આવરી લેતી અનેક વર્ષોની રોજનીશીઓ એમણે લખી હોવા

છતાં, એમની એક જ વર્ષની રોજનીશી અત્યારે પ્રાપ્ત થાય છે. નાનકડી ડોકાબારીમાંથી મહેલમાં નજર નાખીએ અને જેમ તેની અંદર રહેલી અમૂલ્ય સમૃદ્ધિનું દર્શન થાય, એવો અનુભવ શ્રી બુદ્ધિસાગરસૂરિજીની આ એક વર્ષની રોજનીશી પરથી થાય છે. આમાંથી તેમના ભવ્ય-અદ્ભુત જીવનકાર્યનો ખ્યાલ આવી જાય છે. આમાં તેઓના યોગ, સમાધિ, અધ્યાત્મચિંતન, વિશાળ અને વૈવિધ્યપૂર્ણ વાચન, લોકહિતકારી પ્રવૃત્તિઓનું આયોજન અને ગઝલમાં મસ્તી રૂપે પ્રગટતા નિજાનંદનું દર્શન થાય છે.

સમગ્ર જીવનમાં એક વર્ષનું મહત્ત્વ કેટલું ? પળનો પણ પ્રમાદ નહિ સેવનાર જાગ્રત આત્માને માટે તો અંતરયાત્રાના પથ પર પ્રયાણ કરવા માટે પ્રત્યેક વર્ષ નહિ, બલ્કે પ્રત્યેક ક્ષણ મૂલ્યવાન હોય છે અને ભગવાન મહાવીરની પળમાત્ર જેટલોય પ્રમાદ નહિ કરવાની શીખ, એ રીતે ચરિતાર્થ થઈ શકે છે. આનો જીવંત આલેખ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીની વિ. સં. ૧૯૭૧ની, માત્ર એક જ વર્ષની ડાયરીમાંથી મળી રહે છે.

એક બાજુ વિહાર, વ્યાખ્યાન અને ઉપદેશની ધર્મપ્રવૃત્તિ ચાલે, બીજી બાજુ ભિન્ન ભિન્ન વિષયોનાં પુસ્તકોનું સતત વાચન થાય, સાથોસાથ મનની પ્રક્રિયા તો ચાલુ જ હોય અને આ બધામાંથી ઘૂંટાઈ ઘૂંટાઈને લેખન થતું હોય. હજી આટલુંય ઓછું હોય તેમ, અવિરત ધ્યાનસાધના પણ ચાલતી જ હોય અને કલાકોના કલાકો સુધી ધ્યાન લગાવ્યા પછી થતી આત્માનુભૂતિનું અમૃતપાન કરવામાં આવતું હોય !

આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીની આ ડાયરીઓમાં એક બાજુ સર્જનપ્રક્રિયા – નિબંધો, કાવ્યો અને ચિંતનો ઇત્યાદિનો આલેખ મળે છે, તો બીજી તરફ એમના વિહાર અને વાચનના ઉલ્લેખો મળે છે. આ ઉલ્લેખો પ્રમાણમાં ઓછા છે, પરંતુ એક આત્મજ્ઞાનીના ઉલ્લેખો તરીકે તે ધ્યાન ખેંચે તેવા છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈન સાધુઓને હાથે બહોળા પ્રમાણમાં સાહિત્યસર્જન થયું છે. અર્વાચીન યુગમાં એ પરંપરાનું સાતત્ય આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીની સાહિત્યોપાસનામાં જોવા મળે છે. એમણે માત્ર ચોવીસ વર્ષના સાધુ-જીવન દરમિયાન સંસ્કૃત, હિંદી અને ગુજરાતી એમ ત્રણ ભાષાઓમાં કુલ ૧૧૫ જેટલા ગ્રંથો લખ્યા. એ સમયે સાધુસમાજમાં ગમે તે રીતે શિષ્યો

બનાવવાની હોડ ચાલતી હતી; ત્યારે જ્ઞાનોપાસક બુદ્ધિસાગરસૂરિજીએ ૧૧૫ 'અમર ગ્રંથશિષ્યો' બનાવવાનો નિર્ણય કર્યો હતો. એમના ૨૫ ગ્રંથો ચિંતન અને તત્ત્વજ્ઞાનથી ભરેલા છે; ૨૪ ગ્રંથોમાં એમની કાવ્યસરવાણી વહે છે, જ્યારે સંસ્કૃત ભાષામાં એમણે બાવીસેક ગ્રંથો લખ્યા હતા. એમના કાવ્યસાહિત્ય વિશે ગુજરાતના 'યુગમૂર્તિ વાર્તાકાર' તરીકે વિખ્યાત નવલકથાકાર શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈએ કહ્યું હતું :

> *"શ્રી બુદ્ધિસાગરજીનું સાહિત્ય એટલે ? એને હિંદુ પણ વાંચી શકે, જૈન પણ વાંચી શકે, મુસ્લિમ પણ વાંચી શકે. સૌને સરખું ઉપયોગી થઈ પડે તેવું એ કાવ્યસાહિત્ય, બુદ્ધિસાગરસૂરિજીને આપણા ભક્ત અને જ્ઞાની કવિઓની હારમાં મૂકી દે એવું છે."*

યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીના વાચન, મનન અને નિદિધ્યાસનની ત્રિવેણીનો અનુભવ પણ એમની આ ડાયરીમાંથી થાય છે. આગળ સૂચવ્યું તેમ એમણે ઘણાં વર્ષોની ડાયરીઓ લખી હતી, પરંતુ અત્યારે તો એમની વિ. સં. ૧૯૭૧ની માત્ર એક ડાયરી જ ઉપલબ્ધ થઈ છે. પરંતુ આ રોજનીશી એ કર્મયોગી, ધ્યાનયોગી અને જ્ઞાનયોગી આચાર્યના વ્યક્તિત્વને નખશિખ દર્શાવી જાય છે.

૧૯૭૧ની આ રોજનીશીના આરંભે તેઓ ગુરુસ્મરણ કરે છે. ગુરુસ્મરણના આ કાવ્યમાં એમની તન્મયતા સતત તરવર્યા કરે છે. તેઓ વિચારે છે કે, ગુરુ પાસે માગવાનું શું હોય ? – જ્યાં માગ્યા વિના જ બધું મળતું હોય છે.

રોજનીશીમાં આલેખાયેલા સાત કડીના આ કાવ્યની એક ખૂબી એ છે કે, આખા કાવ્યનું આલેખન સહેજ પણ છેકછાક વગરનું જોવા મળે છે. હૃદયમાં જાગતો ભાવ સીધેસીધો જ રોજનીશીનાં પાનાં પર અંકાતો ગયો હોય તેમ લાગે છે. આમાં તેઓને શાબ્દિક ફેરફારો પણ કરવા પડ્યા નથી!

અહીં ગુરુભાવનાનું ગૌરવ કરતાં તેઓ કહે છે :

"ઊંઘ્યો દેવ જગાવીયો રે - દેહ દેરાસરમાંહી -
પ્રગટે વહ્નિ વહ્નિથી રે - ગુરુથી ગુરુપણું માંહી."

આ પછી આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજી ગુરુશિષ્યના ઐક્યની વાત કરીને વિ. સં. ૧૯૭૧ના નૂતન વર્ષના પ્રારંભે ભાવપૂર્વક ગુરુને સ્મરે છે.

તેઓએ ગાયેલો આ ગુરુમહિમા અનુભૂતિના પાયા પર રચાયેલો હોવાથી વધારે હૃદયસ્પર્શી બન્યો છે. વિજાપુરના એક નિરક્ષર કણબી કુટુંબના બાળકનું ગુરુકૃપાએ જ યોગનિષ્ઠ આચાર્ય તરીકે આધ્યાત્મિક રૂપાંતર થયું હતું, એ અહીં પણ જોઈ શકાય છે.

રોજનીશીના આરંભે 'સ્વ'માં પરમાત્મભાવ અનુભવવાની પોતાની ઝંખનાને પ્રગટ કરતાં તેઓ કહે છે :

> *"સર્વ જીવોની રક્ષાર્થે પ્રવૃત્તિ કરાઓ. સત્ય વદવામાં જીવન વહ્યા કરો. અસ્તેય, બ્રહ્મચર્ય, પરિગ્રહત્યાગ વગેરેની આરાધના પરિપૂર્ણ દ્રવ્ય અને ભાવથી થાઓ. અપ્રમત્તપણે આત્મસમાધિમાં દ્રવ્ય અને ભાવથી સ્વજીવન વહો. જૈન શાસનની પ્રભાવના થાય એવા સંયોગો પ્રાપ્ત થાઓ. જૈન દૃષ્ટિએ, શાસનરક્ષક દૃષ્ટિએ, સર્વજીવદયા દૃષ્ટિએ, સર્વ નામોની અપેક્ષાએ મન, વચન અને કાયામાં ક્રિયા (કર્મ), યોગિત્વ અને જ્ઞાનયોગિત્વ પ્રગટો. અધ્યાત્મજ્ઞાનનાં ઉચ્ચ રહસ્યોના અનુભવ વડે આત્મા સહજાનંદમાં મસ્ત રહો. અપ્રમત્ત ભાવની જીવન્મુક્તિમાં શુદ્ધોપયોગ વડે સ્થિરતા થાઓ. ઉત્તમ જ્ઞાન, દર્શન અને ચારિત્ર દ્વારા 'સ્વ'માં પરમાત્મત્વ અનુભવાઓ."*

આ એક વર્ષ દરમિયાન એમણે અનેક સ્થળોએ વિહાર કર્યો હતો. એમાં માણસા, રિદ્રોલ, વિજાપુર, ઈડર, ખેડબ્રહ્મા, કુંભારિયાજી, અંબાજી, આબુ, અચલગઢ, દાંતીવાડા, પાલનપુર, સિદ્ધપુર, ઊંઝા, મહેસાણા, ભોયણી, વીરમગામ, ગોધાવી, કલોલ, પાનસર અને પેથાપુર જેવાં જાણીતાં ગામો ઉપરાંત અન્ય ગામોનો પણ સમાવેશ થતો હતો, પરંતુ એક વર્ષમાં કરેલા આટલા વિહાર દરમિયાન એમની વાચનપ્રવૃત્તિ તો સતત અને તીવ્ર વેગે ચાલુ રહી હતી. પોતે વાંચેલાં પુસ્તકોની નોંધ તેઓ રોજનીશીમાં કરતા જાય છે.

આ એક જ વર્ષમાં એમણે 'સમયપ્રાભૃત', શુભચંદ્ર આચાર્યકૃત 'જ્ઞાનાર્ણવ-સારોદ્ધાર' (બીજી વખત), 'રાજેન્દ્રઅભિધાનકોશ' (ભા. ૧), 'જ્ઞાનચક્ર' (ભા. ૮), 'મહાબલમલયાસુંદરી', 'સંસ્કૃત તિલકમંજરી', 'ચંદ્રપ્રભુ', 'વિક્રમોર્વશીયમ્' (ભાષાંતર), 'વિદ્યદ્રત્નમાલા' અને 'જૈન દૃષ્ટિએ યોગ'

જેવાં પુસ્તકો વાંચ્યાં; જ્યારે આચાર્ય આનંદશંકર ધ્રુવનું ધર્મો વિશેનું પુસ્તક મનનપૂર્વક વાંચ્યું એમ નોંધે છે, તો માણસાના દરબાર પાસેથી લીધેલું 'રત્નમાલ' પુસ્તક વાંચીને પાછું આપ્યાની નોંધ મળે છે. એ જ રીતે સાણંદની સરકારી લાઇબ્રેરીમાંથી લીધેલાં પુસ્તકો વાંચીને પાછાં આપ્યાં, તેની યાદી પણ મળે છે.

આ ગ્રંથો ઉપરાંત 'ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ', 'કણબી-ક્ષત્રિય ઇતિહાસ' અને 'પદ્મમહાપુરાણ' જેવા ગ્રંથો વાંચ્યા હતા, 'જીવનશક્તિનું બંધારણ', 'સ્વામી રામતીર્થનો સદ્દુપદેશ' (ભાગ ૭), 'ગુજરાત સર્વસંગ્રહ', 'સ્વદેશ', 'હિંદની ઉદ્યોગસ્થિતિ', 'ભારત લોકકથા', 'દરિયાપારના દેશોની વાતો' જેવાં પુસ્તકો પણ વાંચ્યાં હતાં, 'અધ્યાત્મોપનિષદ'નું ચોથી વાર મનન કર્યું, તો 'જૉન ઑફ આર્ક', 'કુમુદિની', 'આંખ કી કીરકીરી', 'શાંતિકુટિર', 'સુભાષિતમુક્તાવલિ' તેમ જ 'નર્મકવિતા' જેવા ગ્રંથો પણ વાંચ્યા હતા. વળી, વિ. સં. ૧૯૭૧ની વૈશાખ સુદ પાંચમના રોજ શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ આનંદઘનનાં પદો પર લખેલી પ્રસ્તાવના અને ઉપોદ્ઘાત વાંચ્યાની નોંધ પણ મળે છે.

આ વર્ષ દરમિયાન એમની લેખનપ્રવૃત્તિ ચાલતી રહી હતી. 'કર્મયોગ' નામનો એમનો ગ્રંથ છપાતો હતો એ પણ નોંધ્યું છે. વિહાર અને વ્યાખ્યાનો ચાલતાં હતાં, એની સાથોસાથ આટલી બધી જ્ઞાનપ્રવૃત્તિ ચાલુ રાખવી તે વિરલ જ કહેવાય. ક્યારેક કોઈ જિજ્ઞાસુનેય અભ્યાસમાં સહાયભૂત થતા હતા. સંવત ૧૯૭૧ની માગશર વદ અમાસે શા. મોહનલાલ જેશિંગભાઈને પાંચમા કર્મગ્રંથની સિત્તેર ગાથા સુધી અભ્યાસ કરાવ્યાની નોંધ પણ મળે છે. સં. ૧૯૭૧ના પોષ સુદિ છઠની નોંધમાં તેઓ લખે છે

"સાંજના સમયે કડી પ્રાંતના સૂબાસાહેબ રા. ગોવિંદજીભાઈ હાથીભાઈ દર્શનાર્થે આવ્યા. તેમને પ્રજાની સેવા કરવી, સાધુઓનો ઉપદેશ શ્રવણ કરવો, પ્રજાજનોનાં દુઃખો તરફ લક્ષ્ય દેવું, લાઇબ્રેરીઓ, બોર્ડિંગો વિશેષ પ્રમાણમાં વ્યવસ્થાપૂર્વક ઉઘાડવા માટે ઉપદેશ દીધો. ગાયકવાડી રાજ્યમાં સાધુઓને માટે સંસ્કૃત પાઠશાળા ઉઘાડવા ઉપદેશ દીધો." આવી જ રીતે ફાગણ વદ ૮ના દિવસે "પ્રો. રામમૂર્તિ સેન્ડોની મુલાકાત લઈ ધાર્મિક વિચારોનો ઉપદેશ આપ્યો" એવી નોંધ પણ મળે છે.

એમનો સાહિત્યપ્રેમ સર્વત્ર દેખાય છે. તેઓ ગુજરાતી સાહિત્યના વર્તમાન પ્રવાહો અને સાક્ષરોથી પરિચિત હતા. ગુજરાતી સાહિત્યના સંશોધક શ્રી કે. હ. ધ્રુવ વિશે એમણે લખેલા અપ્રગટ સ્તુતિકાવ્યમાં આ જ્ઞાની અને ધ્યાની યોગીરાજને સાહિત્યસંશોધક પ્રત્યે કેટલો આદર છે, તે પ્રગટ થાય છે. તેઓ કહે છે :

"મિલનસાર સ્વભાવે સારા, સાક્ષરવર્ગમાં પ્યારા,
ઉત્તમ વિદ્યાના આધારા, સદ્‌ગુણના અવતારા.
ધન્ય ધન્ય શુભ માત તાત ને, ધન્ય ગુર્જર અવતારી,
મોટા મનના શુભ પરમાર્થી, તવ જીવન બલિહારી.
અમર કર્યું નિજ નામ જગતમાં, ગુણકારી શુભકારી,
'બુદ્ધિસાગર' મંગલ પામો, ગુણગણના ભંડારી."

આવી જ રીતે સાણંદથી આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીએ મુનિશ્રી જિનવિજયજીને મૈત્રીને બિરદાવતું અને જ્ઞાનવૃદ્ધિની અભિલાષા પ્રગટ કરતું આઠ કડીનું કાવ્ય લખ્યું છે.

આ રોજનીશીનો કેટલોક ભાગ 'કર્મયોગ', 'ભજનસંગ્રહ', 'જૈનગીતા' અને 'સુખસાગર ગુરુગીતા' નામે એમના ગ્રંથોમાં પ્રગટ થયો છે. આથી અહીં અપ્રગટ એવા ગદ્ય અને પદ્ય ભાગને જોવાનો ઉપક્રમ રાખ્યો છે. આમાં સાચી ભક્તિને બતાવતા એમના એક અપ્રગટ કાવ્યમાં તેઓ 'હરિનો મારગ છે શૂરાનો' એમ કહેતા જણાય છે. તેઓ કહે છે કે, માત્ર મુખેથી ભક્ત કહેવડાવવાથી કામ પતી જતું નથી. એને માટે તો પ્રયત્ન અને નિષ્કામ ભાવના જરૂરી છે. તેઓ આવા કૃતક ભક્તોને પૂછે છે :

"કહે મુખથી તમારો છું, તમોને સૌ સમર્પણ છે.
વિચારી આપ ઉત્તરને, અમારી શી કરી સેવા ?
ત્હને લક્ષ્મી ઘણી વ્હાલી, તને કીર્તિ ઘણી વ્હાલી,
કહે છે ભક્તિનો ભૂખ્યો, અમારી શી કરી સેવા ?"

આમ કહીને વિવેક વિના વિત્ત ખરચવાની, અસત્ય અને પરિગ્રહની તેમ જ સંસારના પ્રવાહમાં ગતાનુગતિક રીતે તણાવાની સામાન્ય જનોની મનોવૃત્તિની વાત કરીને ભારપૂર્વક કહે છે

'ગણાવું ભક્ત કોટીમાં, નથી કાંઈ વાત એ સ્હેલી.'

આવી જ રીતે અન્ય કાવ્યમાં પરમાત્માનું જીભેથી રટણ કરનારાઓ સામે ચેતવણી ઉચ્ચારતાં એ કહે છે કે 'तत्त्वमसि' કે 'सोहम्' બોલવાથી પાર નથી આવતો. માત્ર શબ્દોથી પ્રભુ પ્રાપ્ત થશે નહીં, કારણ કે પરમાત્મા તો શબ્દાતીત છે, અને ધ્યાનમાર્ગે જ પામી શકાય છે. અખાએ ગાયેલા જીવ અને બ્રહ્મની એકતાના અનુભવની યાદ આપે એ રીતે આ જૈન આચાર્ય આનંદભેર કહે છે-

"સાધનથી પ્રભુ વેગળા, સાધનથી પ્રભુ સ્હેલ;
સાધન સાધક સાધ્યના એકત્વે છે ગેલ."

આવા પરમાત્માની ઝાંખી મૌનથી થાય છે. એની ખોજ કરવાની જરૂર નથી. એ તો આપણા અંતરમાં જ વસેલો છે. માનવીની આ જ વિડંબના છે ને કે એ બહારનું બધું જુએ છે, પણ પોતાની અંદર ડોકિયું ય કરતો નથી ! અને ભીતરની દુનિયા અજાણી રહી જાય છે. એ ચંદ્રની ધરતી પર ભલે જઈ આવ્યો હોય, પરંતુ આત્માની ભૂમિ એને અજાણી લાગે છે. આ અંતરમાં રહેલી આનંદજ્યોતની જિકર કરતાં તેઓ લાક્ષણિક ઢબે કહે છે :

"જ્યાં ત્યાં પ્રભુજી શોધિયા, પણ પ્રભુજી પાસ;
આનંદજ્યોતે જાણીએ, રાખી મન વિશ્વાસ.
પ્રેમ વિના પ્રભુજી નથી, કરો ઉપાય હજાર;
મરજીવો પ્રભુને મળે, બીજા ખાવે માર.
નિર્મલ ચિત્ત થયા વિના, ઈશ્વર ના દેખાય;
કોટી ઉપાય કરો, કદી કાક ન ધોળો થાય."

*"આ એક વર્ષ દરમિયાન રચાયેલાં કાવ્યોમાં વિષયવૈવિધ્ય પણ ઘણું છે. એમાં 'નાનાં બાળકો', 'જુવાની', 'માતા', 'વૃદ્ધાવસ્થા'થી માંડીને 'દેશસેવા', 'કન્યાવિક્રય', 'સુધારો, યોગ્ય કર સમજી', 'પ્રગતિ', 'ગરીબો પર દયા લાવો', 'બળી ! પરતંત્રતા બૂરી !', 'મળો તો ભાવથી મળશો' અને 'વિરોધો સહુ સમાવી દે' જેવી ભાવનાવાળાં કાવ્યો મળે છે, તો 'સાગર', 'આંબો' કે 'પધારો, મેઘમહારાજ !' જેવાં પ્રકૃતિને ઉદ્દેશીને રચાયેલાં કાવ્યો પણ મળે છે. જ્યારે 'સાબરમતીમાંથી ગ્રાહ્યશિક્ષણ', 'આત્માની તૃષ્ણા પ્રતિ*

*ઉક્તિ', 'શુદ્ધ ચેતના સતીની આત્મસ્વામી પ્રતિ ઉક્તિ' જેવાં આધ્યાત્મિક ભાવનાઓને અનુલક્ષીને થયેલાં કાવ્યસર્જનોય સાંપડે છે. એમની પાસે શીઘ્રકવિત્વ હોવાથી કેટલાક પત્રોના પ્રત્યુત્તર તેઓએ પદ્યમય આપ્યા હતા. એમણે વિ. સં. ૧૯૭૧ના ભાદરવા વદ એકમે 'અહીં ઝટ મેઘ વર્ષાવો' નામનું કાવ્ય લખ્યું અને કવિ કહે છે કે, "આ કાવ્ય કર્યા બાદ ભાદરવામાં વર્ષા થઈ અને તેથી ગુજરાતમાં દુષ્કાળ પડવાનો હતો તેને સ્થાને સુકાળ થયો."*

કવિએ લખેલું 'સ્મશાન' વિશેનું કાવ્ય તો વિશેષ નોંધપાત્ર છે, તે એ દૃષ્ટિએ કે ૨૪૦ પંક્તિ જેટલું લાંબું કાવ્ય આ વિષય પર ભાગ્યે જ કોઈએ લખ્યું હશે. કાવ્યનો અંત 'ફાગુ'ને યાદ કરાવે તે રીતે વૈરાગ્યરસમાં આવે છે. તેઓ કહે છે –

"પ્રગટે વાંચ્યાથી વૈરાગ્ય,
 બાહ્યાભ્યંતર પ્રગટે ત્યાગ;
હોવે શિવસુંદરીનો રાગ,
 શાશ્વત સુખનો આવે લાગ.
આધિ, વ્યાધિ સહુ નાસે દુઃખ,
 અંતરમાં પ્રગટે શિવસુખ;
રત્નત્રયીની પ્રાપ્તિ થાય,
 ચારિત્રી થઈ શિવપુર જાય.
ભણે ગણે જે નર ને નાર,
 ધર્મી થાવે તે નિર્ધાર;
'બુદ્ધિસાગર' મંગલમાળ,
 પામે થાવે જયજયકાર."

એક કાવ્યમાં એમણે "ભગુ, તવ જીવનની બલિહારી" કહીને 'જૈન'પત્રના અધિપતિ ભગુભાઈ ફતેહચંદને સ્નેહાંજલિ અર્પી છે. સ્નેહાંજલિમાં વિદેહ પામેલ વ્યક્તિ વિશે આદર દર્શાવવામાં આવે છે. પણ ક્યારેક આવી સ્નેહાંજલિ આદરને બદલે અતિશયોક્તિમાં સરી જતી હોય છે. આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીએ લખેલી સ્નેહાંજલિમાં એમણે ભગુભાઈના નિર્ભય અને સુધારક વ્યક્તિત્વને બિરદાવ્યું છે, સાથે સાથે એમના વિરોધીઓએ એમને સપડાવીને જેલમાં ભલે મોકલ્યા, પરંતુ ભવિષ્યમાં એમની કિંમત થશે એમ

તેઓ સ્પષ્ટ કહે છે. બાર બાર વર્ષ સુધી આકરા સંજોગોમાં 'જૈન'પત્ર ચલાવ્યું અને ક્યારેય કોઈ બદલાની આશા રાખી નહિ, એ સદ્‌ગુણને કવિ દર્શાવે છે. પરંતુ એની સાથોસાથ, ભગુભાઈના દોષો તરફ આંખમિચામણાં કરતા નથી. તેઓ કહે છે

'અનિશ્ચિત મન ભમે ભમાવ્યો, કાયવ્યવસ્થા ન સારી.'

ભગુભાઈના જીવનની નક્કર વિગતો પર આ સ્નેહાંજલિ આધારિત છે. એમાં કવિ ક્યાંય અતિ પ્રશંસામાં સરી પડ્યા નથી તે નોંધપાત્ર બાબત કહેવાય.

આ રોજનીશીના ગદ્યમાં, લખનારની ચિંતનશીલતા પ્રગટ થાય છે. આમાં અનેક વિષય પર મનનીય લેખો મળે છે. આજ સુધી અપ્રગટ એવા પ્રામાણિકતા વિશેના નિબંધમાં તેઓ કહે છે કે,

> *"પ્રામાણિક વર્તનથી જેટલી આત્માની અને અન્ય જનોની ઉન્નતિ થઈ શકે છે, તેટલી અન્યથી થતી નથી. વળી, રાગદ્વેષ વગેરે દોષોનો જેમ જેમ નાશ થતો જાય, તેમ તેમ પ્રામાણિકપણું વિશેષ ખીલતું જાય છે. આવી વ્યક્તિને વિઘ્નો અને સંકટો નડે છે, પરંતુ તે અંતે વિશ્વમાં ઉન્નતિના શિખરે વિરાજિત થાય છે."*

આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજી સ્પષ્ટ કહે છે કે,

> *"મનુષ્યમાં સર્વ ગુણો કરતાં પ્રથમ પ્રામાણિકપણાનો ગુણ હોવો જોઈએ."*

આજે આપણે જોઈએ છીએ કે, સમાજમાં ભ્રષ્ટાચાર શિષ્ટાચાર બની ગયો છે. ત્યારે આ ઉપદેશ કેટલો સચોટ અને મર્મસ્પર્શી લાગે છે ! તેઓ કહે છે કે,

> *"જે દેશમાં પ્રામાણિક મનુષ્યો હોય તે દેશ સ્વતંત્રતાથી અને ઉન્નતિથી શોભી રહે છે. ધર્મ, રાષ્ટ્ર અને સમાજની ઉન્નતિનો આધાર પ્રામાણિકપણા પર છે."*

આચાર્યશ્રી પાસે વાસ્તવિક પરિસ્થિતિનું સ્પષ્ટ દર્શન હતું અને તેથી જ તેઓ આર્યાવર્તની અવનતિ થવાનું મુખ્ય કારણ 'પ્રામાણિક ગુણથી વિમુખતા'

છે તેમ કહે છે. નિબંધના સમાપનમાં પોતાના વિચારોનું નવનીત તારવતાં તેઓ કહે છે -

*"પ્રામાણિક ગુણ સંબંધી ભાષણ કરનારા લાખો મનુષ્યો મળી આવશે, પણ પ્રામાણિકપણે વર્તનારા તો લાખોમાંથી પાંચ મનુષ્યો પણ મળે વા ન મળે, તેનો નિશ્ચય કરી શકાય નહિ. પ્રામાણિકપણે વર્તનાર માર્ગાનુસારિ ગુણને પ્રાપ્ત કરીને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી શકે છે, અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા બાદ ચારિત્ર્યની પ્રાપ્તિ કરીને તે મોક્ષપદની પ્રાપ્તિ કરી શકે છે. આર્યાવર્ત વગેરે દેશોમાં પ્રામાણિકતાનો યદિ ફેલાવો થાય તો લૂંટફાટ, ક્લેશ, યુદ્ધ, મારામારી, ગાળાગાળી, કોર્ટોમાં અનેક પ્રકારના કેસો, કુસંપ અને અશાંતિ વગેરેનો નાશ થાય એમાં જરા માત્ર સંશય નથી. પ્રામાણિકપણે વર્તવાથી અને બોલવાથી ખરેખરી સ્વની અને અન્ય મનુષ્યોની ઉન્નતિ કરી શકાય છે. પ્રામાણિક મનુષ્ય પોતાના વિચારો અને આચારોથી પ્રામાણિક ગુણનું વાતાવરણ વિશ્વમાં ફેલાવે છે અને તે પ્રામાણિક ગુણના વાતાવરણના સંબંધમાં જે જે મનુષ્યો આવે છે તે તે મનુષ્યોને પ્રામાણિક ગુણની અસર થાય છે."*

આ વિચારોમાં આચાર્યશ્રીની દૃષ્ટિ પોતાની આસપાસની વાસ્તવિક પરિસ્થિતિને પૂરેપૂરી પારખે છે, આથી પ્રામાણિકપણાના દુન્યવી લાભો પણ તે દર્શાવે છે. આની સાથોસાથ તેઓ કર્મયોગી એ આત્મયોગી હોવાથી, આત્મોન્નતિમાં આ ગુણની ઉપકારકતા દર્શાવવાનું પણ ચૂકતા નથી. માનવીએ દૈવી સંપત્તિ વધારવાની છે, અને એ સંપત્તિમાં પ્રામાણિકતાનો ગુણ પણ કેટલો ફાળો આપી શકે છે, તે તેઓ બતાવે છે.

ગચ્છ, સંઘાડા અને સંપ્રદાયોમાં ચાલતા મમત્વ વિશેની એમની આંતરવેદના પણ એક નોંધમાં વ્યક્ત થાય છે. તેઓ લઘુ વર્તુળમાંથી અનંત આત્મશુદ્ધ વર્તુળમાં પ્રવેશવાની હિમાયત કરે છે અને આમાં એમની વ્યાપક તેમ જ સમન્વયસાધક દૃષ્ટિનો પરિચય સાંપડે છે.

તેઓ પોતાના વિહારનાં સ્થાનોનું પણ વર્ણન આપે છે. એ સ્થાનોના જૈનોની અને જૈનમંદિરોની વિગતો આપે છે. શિલાલેખોનો ઝીણવટભેર અભ્યાસ કરે છે. વિ. સં. ૧૯૭૧ના મહા વદ ૧૩ ને શુક્રવારે દેલવાડાથી

આબુ આવ્યા અને, એક ઇતિહાસના સંશોધકની જેમ તેઓ પોતાની નોંધમાં લખે છે -

> *"વસ્તુપાલ અને તેજપાલના દેરાસરમાં દેરાણી-જેઠાણીના ગોખલા કહેવાય છે, પરંતુ તે પર લખેલા લેખના આધારે ખોટી પડે છે. તેજપાલની સ્ત્રી સુહડાદેવીના શ્રેયાર્થે તે બે ગોખલાઓને તેજપાલે કરાવ્યા છે."*

આ રીતે આચાર્યશ્રી જૈનમંદિરોના શિલાલેખોનો ઝીણવટભેર અભ્યાસ કરે છે અને સાથોસાથ ધર્મસ્થાનના આત્મજ્યોતિ જગાડતા પ્રભાવને અંતરમાં અનુભવે છે. આથી જ તેઓ કહે છે

> *"ચેતનજીને ખેડબ્રહ્મા, દેરોલ, ગલોડા વગેરેમાં સ્થાવર તીર્થનાં દર્શન કરાવી આત્મરમણતામાં વૃદ્ધિ કરવા યાત્રાનો પ્રયત્ન સેવ્યો."*

આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીની એક વિશેષતા એ છે કે એમણે ભુલાયેલી યોગસાધનાને પુનઃ પ્રતિષ્ઠા આપી. આ રોજનીશીમાં અધ્યાત્મજ્ઞાન સંબંધી તેઓ વિસ્તૃત ચર્ચા કરે છે. આમાં એમનો શાસ્ત્રનો અભ્યાસ, વિચારક તરીકેની સૂક્ષ્મતા, કથનને ક્રમબદ્ધ આલેખવાની કુશળતા તેમ જ પોતાના કથયિતવ્યને શાસ્ત્રના આધારો ટાંકીને દર્શાવવાની નિપુણતા જોવા મળે છે. રોજનીશીનાં સડસઠ પાનાંઓમાં એમણે આ વિષયની વિસ્તૃત ચર્ચા કરી છે.

વિહાર, વ્યાખ્યાન, ઉપદેશ, વાચન, મનન અને લેખનમાં રત રહેતા આ યોગીરાજનું લક્ષ તો આત્માની ઓળખ પામવાનું જ રહ્યું છે. આ રોજનીશીમાં સાલંબન કે નિરાલંબન ધ્યાનની ચર્ચા કરીને તેઓ આત્મજ્ઞાનપૂર્વક આત્મધ્યાન ધરીને, આત્મસમાધિ પ્રાપ્ત કરવાનું કહે છે. આ આત્મસમાધિની મહત્તા દર્શાવતાં તેઓ કહે છે-

> *"સમાધિસુખ પ્રાપ્ત કરવું એ મનુષ્યજીવનનું મુખ્ય કર્તવ્ય છે... સમાધિસુખને પ્રાપ્ત કરવું એ કદાપિ આત્મધ્યાન વિના બની શકે એમ નથી. આત્મધ્યાનમાં પરિપૂર્ણ લક્ષ્ય રાખીને આત્મધ્યાનનો સ્થિરોપયોગે અભ્યાસ કરવાથી સાલંબન અને નિરાલંબન ધ્યાનનું સમ્યક્ સ્વરૂપ અવબોધાય છે, અને તેથી સાલંબન અને નિરાલંબન ધ્યાનથી શંકાનું સમાધાન થવા પૂર્વક આત્મોન્નતિના માર્ગમાં વિદ્યુતવેગે ગમન કરી શકાય છે, એમ સદ્ગુરુગમથી અવબોધવું."*

તેઓ સાધુજીવનમાં થતા અનુભવોને આલેખે છે. સંવત ૧૯૭૧ના શ્રાવણ વદ ૭ ને બુધવારના રોજ સવારના સાડા સાત વાગ્યે એમણે લોચ કરાવ્યો. આત્મજ્ઞાનીને આ અનુભવ કેવો ભાવ જગાડે છે, એનું આલેખન આ દિવસની નોંધમાં મળે છે. તેઓ કહે છે -

> *"લોચ કરાવતાં આત્માની સારી રીતે સમાધિ રહી હતી. લોચ કરાવતી વખતે આત્માના શુદ્ધ સ્વરૂપની ભાવના ભાળી હતી અને હૃદયમાં કુંભક પ્રાણાયામ ધારવામાં આવતો હતો, તેથી લોચ કરાવતાં આત્માનો શુદ્ધ પરિણામ વૃદ્ધિ પામતો હતો... આ કાલમાં સાધુઓને લોચનો પરિષહ આકરો છે. આત્મજ્ઞાનની કસોટી ખરેખર લોચથી અમુક અંશે થઈ શકે છે. શરીરથી આત્માને ભિન્ન માન્યા બાદ લોચ કરાવતી વખતે આત્મજ્ઞાનીને પરિષહ સહવાથી અમુક અંશે અનુભવ પ્રાપ્ત થાય છે."*

આમ, આ જાગ્રત આત્મા જીવનની પ્રત્યેક ક્રિયામાં આત્માના શુદ્ધ સ્વરૂપની ભાવના ભાળે છે. તે હકીકત આ લોચની વિગતમાં પણ જોવા મળે છે. ધ્યાનને મહત્ત્વ આપનાર આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજી જ્યાં ક્યાંય શાંતિ જુએ કે તરત આત્મધ્યાન લગાવી દે છે. કોઈ વગડામાં જૈનમંદિર મળી જાય તો તે એમને ધ્યાન માટે ખૂબ અનુકૂળ લાગે છે. ફાગણ વદ ૧૦ના દિવસે "સરસ્વતી નદીના કિનારે રેતના બેટડામાં બેસી આજરોજ એક કલાક આત્મધ્યાન ધર્યું." એમ નોંધે છે. તો "જોટાણામાં ક્ષેત્રપાલના સ્થાનના ઓટલા પર સાંજના વખતે એક કલ્પકપર્યંત આત્મધ્યાન ધરવાથી આત્માના અલૌકિક અનુભવની ઝાંખી થઈ" એમ નોંધે છે.

આત્માનુભવ વિલક્ષણ હોય છે. એની વિલક્ષણતા સંવત ૧૯૭૧ના પોષ સુદ ૧૦ની રાત્રે થયેલા અનુભવમાં નજરે પડે છે. આ અનુભવ ઘણો ગહન હોય છે અને તેઓ પોતાના આત્માનુભવને શાસ્ત્રીય પરિભાષાથી પ્રગટ કરતાં કહે છે

> *"પોષ સુદિ દશમની રાત્રે આત્મા અને પરમાત્માની એકતાના ધ્યાનનો દીર્ઘકાલ, સતત પ્રવાહ રહ્યો અને તેથી જે આત્માનંદ પ્રગટ્યો તેનું વર્ણન કરી શકાય તેમ નથી. આત્માની નિષ્કામ દશાના સત્યસુખનો અપૂર્વ સાક્ષાત્કાર ખરેખર અનુભવમાં ભાસ્યો*

*તે વખતે રાગદ્વેષની ઉપશમતા વિશેષતઃ પ્રકટેલી દેખાઈ. એકલારા ગામમાં નિવૃત્તિ સ્થલ વગેરે કારણોથી અપૂર્વ આત્મસુખ અનુભવાયું. ઉપાધિરહિત દશામાં શુદ્ધોપયોગે સહજ સુખ અનુભવવામાં આવે છે."*

પછીની રાત્રિનો અનુભવ લખતાં તેઓ કહે છે :

*"દેશોત્તરમાં રાત્રિના વખતમાં આત્માની અપૂર્વ સમાધિમાં વિશેષ કાલ વીત્યો."*

એ પછી પોષ વદ ૧ના દિવસે ઈડરગઢના વિહાર દરમિયાન તેઓ લખે છે

*"રણમલ્લની ચોકી પાસેની ધૂણીવાળી ગુફામાં અગ્નિના ચોતરા પર અડધો કલાક ધ્યાન ધર્યું તેથી આત્માની સ્થિરતા સંબંધી અપૂર્વભાવ પ્રકટ્યો અને તેથી અપૂર્વ સહજાનંદ પ્રકટ્યો. આવી ધ્યાનસ્થિતિમાં સદા રહેવાય એ જ આંતરિક ઉત્કટ ભાવના છે એવો અધિકાર પ્રાપ્ત થાઓ."*

નવા વર્ષની મંગલયાત્રાના આરંભે આ આત્મજ્ઞાનીની જે ભાવનાઓ ભાળી હતી, એનો વર્ષને અંતે હિસાબ પણ તેઓ કરે છે, અને વર્ષભરની પ્રવૃત્તિમાંથી જ્ઞાન અને ધ્યાનની પ્રવૃત્તિને જ જીવનપથના વિકાસની નિદર્શક માને છે, આથી વર્ષને અંતે આ પ્રવૃત્તિની પ્રગતિનો હિસાબ તેઓ લખે છે –

*"આજરોજ ભાવ દિવાળીનો અંતરમાં અનુભવ થયો.*

*"સંવત ૧૯૭૧ની સાલ ધાર્મિક જીવનમાં પ્રશસ્ય નીવડી. વિહાર, યાત્રા વગેરેથી આત્માની સ્થિરતામાં વૃદ્ધિ કરી, રાગદ્વેષની ખટપટમાં કોઈની સાથે ઊતરવાનું થયું નથી. ઉત્તરોત્તર આ વર્ષમાં ધર્મપ્રવૃત્તિ કરતાં કંઈક વિશેષકાલ અંતરમાં ધ્યાનાદિની નિવૃત્તિથી ગયો. પેથાપુરમાં ચોમાસુ રહેતાં આત્મસમાધિમાં વિશેષકાલ ગયો. ધર્મપ્રવૃત્તિ કરતાં ધર્મનિવૃત્તિનું જીવન હવે વૃદ્ધિ પામે છે અને આત્મસમાધિમાં વિશેષ જીવન વ્યતીત કરવાની પ્રબળ સ્ફુરણા થયા કરે છે. સંવત ૧૯૬૦-'૬૧-'૬૨ની પેઠે આ સાલમાં યોગસમાધિમાં વિશેષ રહેવાયું. સર્વ જીવોની સાથે આત્મૈક્યભાવનાની અને મૈત્રીભાવનાની વૃદ્ધિ થયા કરે છે એમ અનુભવ આવે છે.*

*ઈડર, દેશોત્તર, વડાલી, ખેડબ્રહ્મા, કુંભારિયા, આબુજી, મડાર, સિદ્ધપુર વગેરે સ્થળે આત્મધ્યાન ધરતાં અંતરમાં સહજાનંદનો, પૂર્વ સાલો કરતાં, વિશેષ પ્રકારે અનુભવ થયો. સરસ્વતી નદીના કાંઠાનો નિર્જન પ્રદેશ ખરેખર બાહ્યસમાધિએ અંતરમાં વિશેષ સહજ સમાધિ કરાવનારો અનુભવાયો.*

*વૈશાખ વદિ ૧૦. પેથાપુરમાં પ્રવેશ થયો. રુદન ચોતરા તરફના ટેકરા ઉપર અને આઘાં કોતરોમાં વિશેષ સ્થિરતાએ આત્મધ્યાનમાં મસ્ત થવાયું. આત્માની અનુભવખુમારીમાં વિશેષતઃ મસ્તદશા અનુભવાય છે. આત્મજ્ઞાન-ધ્યાનની પરિપક્વતામાં વૃદ્ધિ થયા કરે છે એવો અનુભવ આવે છે. હવે વિશેષતઃ નિવૃત્તિરૂપ જ્ઞાનધ્યાનરમણતામાં કરવાની ખાસ સ્ફુરણા ઊઠે છે, અને તેમાં વિશેષ પ્રવૃત્ત કરાય છે. છ માસથી ઝીણા જ્વરયોગે ધાર્મિક લેખનપ્રવૃત્તિમાં મંદતા થાય છે. તથાપિ કંઈ કંઈ પ્રવૃત્તિ થયા કરે છે. ઉપશમ, ક્ષયોપશમભાવની આત્મિક દિવાળીની જ્યોતિનું ધ્યાન અને તેનો અનુભવ-સ્વાદ આવ્યા કરે છે. નવીન વર્ષમાં આત્મગુણોની વિશેષ ખિલવણી થાઓ. ૐ શાંતિ."*

સન્નિષ્ઠ અને લોકપ્રિય યોગીની બાહ્યપ્રવૃત્તિ તરફ વિરક્તિ અને આંતરિક સાધનાને લગતા સંકલ્પો અને ઉચ્ચાશયોનું અહીં દર્શન થાય છે. ગુજરાતી સાહિત્યમાં લેખકો, રાજકીય નેતાઓ ને સમાજસેવકોએ રોજનીશીઓ લખી છે, પરંતુ ધાર્મિક નેતાઓ અને યોગીસંન્યાસીઓએ એવી નોંધો રાખી હોય એવું ખાસ પ્રકાશમાં આવ્યું નથી. કદાચ એ પ્રકારની ઘણી નોંધો એ મહાનુભાવોના ખાનગી આત્મગત ઉદ્ગારો રૂપે લખાઈ હોય તોપણ એ કાળના ઉદરમાં સ્વાહા થઈ ગઈ હોવાનો સંભવ છે. આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીની રોજનીશીઓનું પણ એમ જ થયું લાગે છે. પરંતુ એમાંથી બચેલી એક વર્ષની આ નોંધ એક યોગીના આંતરજીવનમાં ડોકિયું કરવાની તક આપે છે ને તેમના દેશાટન તેમ જ આંતરવિકાસ દર્શાવતા આધ્યાત્મિક પ્રવાસની ઝાંખી કરાવીને જિજ્ઞાસુને એ દિશામાં આગળ જવાની પ્રેરણા આપે છે તે દૃષ્ટિએ પણ તેનું મૂલ્ય ઘણું છે.

## સાહિત્યસર્જનની ચેતનાનો ફુવારો

- ધનવંત ટી. શાહ

અલ્પ બુદ્ધિ છે માહરી, આપો મુજને જ્ઞાન
નમન કરું વંદું સદા આપો મુજને સાન !
નથી લેખક નથી કવિ હું,
નથી જ્ઞાન વા નથી વિદ્વાન
બાળક ચાલે પ્રેમે લખ્યું મેં,
સત્ય જણાય તો લેજો જ્ઞાન.

માત્ર પંદર વર્ષની ઉંમરે આવું કવન કરનાર અને આવી નમ્રતા પ્રગટ કરનારને જૈન અને જૈનેતર સમાજે જેમને કર્મયોગી, ધ્યાનયોગી, જ્ઞાનયોગી, અધ્યાત્મયોગી, સૂરિપુંગવ, પ્રવચન પ્રભાવક, મસ્ત અવધૂત, અઢારે આલમના પૂજનીય, દિશાદર્શક, કર્ણધાર, સૂત્રધાર, જીવનમુક્ત જીવદયાના જ્યોતિર્ધર, અપ્રમત્ત અને વિશુદ્ધ સંયમી આવાં અનેક વિશેષણોથી વિભૂષિત કર્યા છે એ પ. પૂ. આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.નું સાહિત્યસર્જન સાગર જેટલું વિશાળ અને ગહન છે.

આયુકાળ માત્ર ૫૧ વર્ષનું, દીક્ષા ૨૭મી વરસે અને સર્જનકાળ માત્ર ૨૪ વરસ. આ ૨૪ વરસમાં ૧૪૦થી વધુ પુસ્તકોનું સર્જન. કેટલાંક પુસ્તકો ગ્રંથ કક્ષાનાં. સર્જન ગદ્ય અને પદ્યમાં. જાણે સાહિત્યસર્જનનો ફુવારો.

પંદર વરસની ઉંમરે પહેલી કવિતા લખી નર્મદ-દલપત

શૈલીની. પછી સર્જનયાત્રા શરૂ થઈ દીક્ષા લીધા પછી. સંસારી નામ બેચરદાસમાંથી બુદ્ધિસાગર પ્રગટ્યા. સૂર્યકિરણ સ્પર્શવાથી જેમ કમળ ખીલી ઊઠે તેમ જ્ઞાનનાં દિવ્યકિરણો આત્મામાં પ્રવેશ્યાં અને જ્ઞાનવૈરાગ્યનું કમળ ખીલી ઊઠ્યું અને વિવિધ સર્જનોમાંથી એ મહેંકી ઊઠ્યું.

પુસ્તકસર્જનમાં ભાષાની દૃષ્ટિએ ગુજરાતીમાં ૧૧૧, પ્રાકૃતમાં ૧૧, સંસ્કૃતમાં ૩૮, હિંદીમાં ૧ અને જે ગુજરાતીમાં સર્જાયાં એમાંનાં સંયુક્ત ગુજરાતી-સંસ્કૃત ૧૮ અને ગુજરાતી-પ્રાકૃતમાં ૮. આ બધાં પુસ્તકોનાં પૃષ્ઠોની કુલ સંખ્યા ઓગણીસ હજાર થાય. આ પુસ્તકગ્રંથમાં નાનામાં નાની પુસ્તિકા પાંચ પાનાંની 'અધ્યાત્મગીતા' અને મોટામાં મોટું પુસ્તક ૮૪૦ પાનાંનું 'ભજનપદસંગ્રહ' ભાગ-૮. પૂજ્યશ્રીએ લગભગ ૩૦૦૦ ભજનો લખ્યાં છે. આ ભજનોમાંથી સંકલિત કરી સાબરમતી ગુણ શિક્ષણ કાવ્ય પુસ્તિકાને ભૂતકાલીન વડોદરાના મહારાજાએ પ્રત્યેક શાળામાં પાઠ્યપુસ્તક તરીકે સ્થાન અપાવ્યું હતું.

ઉપર જણાવેલ પુસ્તકોની યાદી પ્રકાશિત થયેલાં પુસ્તકોની છે. આ ઉપરાંત અપ્રગટ પુસ્તકો અને રોજનીશી ડાયરી પણ અપ્રગટ છે જે ક્યારેક અવશ્ય પ્રકાશિત થશે. માત્ર ૨૪ વરસમાં આવું ભવ્ય સર્જન. ગણિત માંડો તો ૮૭૬૦ દિવસ, એના કલાક વગેરે ગણો તો આ ઘટના દંતકથા જેવી લાગે. પૂજ્યશ્રીનું વાચન પણ વિશેષ હતું. લગભગ ૨૨૦૦૦ પુસ્તકોનું વાચન. એઓશ્રી રોજનાં ૫૦૦ પાનાં વાંચતા. આ બાવીસ હજાર પુસ્તકોના વાંચનમાં કેટલાંક તો અનેક વખત વાંચેલાં. જેમ કે ભગવદ્ ગીતા આઠ વખત, આગમ સાર સો વખત, આચારાંગસૂત્ર ત્રણ વખત વાંચ્યું. પૂજ્યશ્રીની એક મહત્ત્વની નોંધ આ સંદર્ભે જોઈએ.

'આજ રોજ પંચકલ્પ ભાષ્ય વાંચીને પૂરું કર્યું. નિશીથચૂર્ણિ વ્યવહારવૃત્તિ, બૃહત્કલ્પવૃત્તિ, જિનકલ્પ વગેરે સૂરતમાં સંવત ૧૯૬૬માં વાંચ્યાં, શ્રાદ્ધજિતકલ્પનું અધ્યયન અમદાવાદમાં કર્યું. ધર્મસંગ્રહણી પાલિતાણામાં વિહારમાં વાંચી. તત્ત્વાર્થસૂત્ર પરની બે ટીકાઓ અમદાવાદમાં ને સંમતિતર્ક તથા અષ્ટસહસ્રી માણસામાં શ્યામસુંદર પાસે વાંચ્યાં. સ્યાદ્વાદ મંજરી ને સ્યાદ્વાદ રત્નાકર અવતારિકા પં. જગન્નાથશાસ્ત્રી પાસે ૧૯૬૦માં મહેસાણામાં વાંચી.

ઍરિસ્ટોટલનું નીતિશાસ્ત્ર વાંચ્યું. ૧૦૮ ઉપનિષદો છાપેલાં ગુટકામાંથી વાંચ્યાં. ઓગણાસિસ્ઠ મહારામાયણ વાંચ્યું. 'સજ્જાય પદસંગ્રહ' પૂર્ણ વાંચ્યું. ભારતના સંતપુરુષો નામનું પુસ્તક વાંચ્યું. સામાજિક સેવાના સન્માર્ગ વાંચ્યું. બ્રિટિશ હિન્દુસ્તાનનો આર્થિક ઇતિહાસ વાંચ્યો. જ્ઞાનાર્ણવ ત્રીજી વખત વાંચ્યો. પ્રવચનસાર, પ્રમેય., કમલ માર્તંડ, ષટ્ પ્રાભ્રત વગેરે દિગંબરી દશ પુસ્તકો વાંચ્યાં. વિચારસાગર ગ્રંથ વાંચ્યો, પંચદશી ગ્રંથ વાંચ્યો. ઋગ્વેદ અને યજુર્વેદ આર્યસમાજી ટીકાવાળા વાંચ્યાં. ભારતની સતીઓ પુસ્તક વાંચ્યું. આજ સુધીમાં સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી છપાયેલાં પ્રાયઃ સર્વ પુસ્તકો વાંચ્યાં. છ માસમાં આ સર્વ ગ્રંથોનું વાંચન થયું. હાલ ગ્રંથો લખવાની પ્રવૃત્તિ મંદ છે. ડહેલાના ઉપાશ્રયમાં વીસમા ડાબડામાંથી પ્રશ્નોત્તર નામનો ગ્રંથ વાંચ્યો. આચારાંગ સૂત્ર પણ ત્રણ વાર વાંચ્યું. ટીકા સહિત છ કર્મગ્રંથ તથા પંચાશક વાંચ્યું...'

- રોજનીશી તા. ૧૬ જુલાઈ ૧૯૪૩

આગળ જણાવેલાં ૧૧૧ ગુજરાતી પુસ્તકોમાં લગભગ ૯૦ પુસ્તકોનું લખાણ ગદ્યમાં, અને એ પણ વિષયવૈવિધ્ય સાથે. અધ્યાત્મ મહાવીર ગીતા, અધ્યાત્મ ગીતા, આત્મશક્તિપ્રકાશ, આનંદઘન પદ ભાવાર્થ, ઇશાવાસ્યોપનિષદ, કર્મયોગ, ગચ્છમતપ્રબંધ, જૈનોપનિષદ, જૈન-ખ્રિસ્તી ધર્મનો મુકાબલો, ધ્યાનવિચાર, લાલા લજપતરાય અને જૈન ધર્મ, યોગદીપક, સમાધિશતક, અધ્યાત્મસાર, કર્મપ્રવૃત્તિ, દેવચંદ્ર ચરિત્ર અને નયચક્રસાર. આ તો થોડા ગ્રંથોનો માત્ર નામોલ્લેખ છે જેથી વિષયવૈવિધ્યની આપણને પ્રતીતિ થાય. આ બધા ગ્રંથોમાંથી કેટલાક ઘટનાત્મક અને ઐતિહાસિક ગ્રંથોનો અહીં ઉલ્લેખ વિચારીએ.

'જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો'માં પૂજ્યશ્રીએ જૈન ધર્મની વિશિષ્ટતા સિદ્ધ કરી છે. જે જૈન સાધુ સાધુપણું છોડીને ખ્રિસ્તી થયો હતો. તેને પૂજ્યશ્રીએ આ પુસ્તકથી મહાત કર્યો હતો. એ જ રીતે જૈન ધર્મમાં મૂર્તિપૂજાનું વિધાન લખી મૂર્તિપૂજામાં ન માનનાર સ્વામી દયાનંદ સરસ્વતી અને સ્થાનકવાસી સંપ્રદાયને તત્ત્વસિદ્ધ ઉત્તર આપ્યો, એ જ રીતે લાલા

લજપતરાયે પંજાબમાં જૈન ધર્મ વિરોધી કેટલાંક વિધાનો કર્યાં હતાં. એના ઉત્તરમાં લાલા લજપતરાય અને જૈન ધર્મ પુસ્તક લખ્યું. પૂજ્યશ્રીનો કર્મયોગ ગ્રંથ વાંચી લોકમાન્ય તિલકે માંડલે જેલમાંથી લખેલું કે, 'જો મને પહેલેથી ખબર હોત કે તમે આ કર્મયોગ લખી રહ્યા છો તો હું મારો કર્મયોગ કદી ન લખત. આ ગ્રંથ વાંચી હું પ્રભાવિત થયો છું.'

પૂજ્યશ્રીની ગુણગ્રાહકતાની પ્રશંસા કરતાં એઓશ્રીના સમુદાયના પૂ. આચાર્ય વાત્સલ્યદીપ લખે છે, 'શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની ગુણાનુરાગી જીવનદૃષ્ટિની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. ગચ્છ કે સંપ્રદાયની સંકુચિતતામાં પડ્યા વિના એમણે સદૈવ 'સારું એ મારું'ની ભાવના જીવંત રાખી છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજ શ્વે. મૂ. તપાગચ્છીય પરંપરાના હતા પણ તેમણે ખરતરગચ્છીય પરંપરાના શ્રીમદ્ દેવચંદ્રજી વિશે મહત્ત્વપૂર્ણ સંશોધન અને લેખન કર્યું.'

ખરતરગચ્છીય શ્રીમદ્ દેવચંદ્રજીનું વિશિષ્ટ સ્થાન છે. તેમની અધ્યાત્મ રસપ્રચુર રચનાઓ વેરવિખેર હતી અને તેમના જીવન વિશે ઓછી માહિતી ઉપલબ્ધ હતી. આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ ગચ્છભેદ વિસારીને તેમના વિશે જાણવા અથાગ પ્રયત્ન કર્યો અને 'શ્રીમદ્ દેવચંદ્રજી' નામે બે ગ્રંથો પ્રગટ કર્યા. લગભગ બે હજાર પાનાંના આ વિશિષ્ટ ગ્રંથોમાં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીની સાહિત્યદૃષ્ટિ અને સંશોધન ક્ષમતા સુપેરે પ્રગટ થાય છે. તેમાં ભર્યો ગુણાનુવાદ પણ છલકતો જોવા મળે છે. પૂજ્યશ્રીની શ્રીમદ્ દેવચંદ્રજી પ્રતિ ઊંડી શ્રદ્ધા પણ જોવા મળે છે.

પૂજ્યશ્રીએ નિયમિત ડાયરી લખી છે. જૈન સાધુએ આવી રોજનીશી લખી હોય એવું જાણવામાં નથી આવ્યું. આ દૃષ્ટિએ સાહિત્યજગતમાં શ્રીમદ્ બુદ્ધિસાગરજીનું આ પ્રદાન ઐતિહાસિક છે. વિહાર સમયે તેમજ ચાતુર્માસ દરમિયાન જે જે ઘટના ઘટી અથવા પ્રકૃતિદત્ત જે જે અનુભવો થયા એ આવી રોજનીશીમાં શબ્દબદ્ધ થયા છે. આ રોજનીશીનું સાહિત્ય મૂલ્યાંકન પણ સ્મરણીય છે. હજી કેટલીક રોજનીશી અપ્રગટ છે. એ જ્યારે પ્રગટ થશે ત્યારે સાહિત્યજગતને એનું મૂલ્યવાન પ્રદાન સમજાશે.

શ્રીમદ્‌ના અંતિમ બે ગ્રંથો પૂજ્યશ્રીના કાળધર્મ પછી એટલે એમની હયાતી પછી પ્રગટ થયા. 'કાલ્પનિક અધ્યાત્મ મહાવીર' અને 'શ્રી જૈન મહાવીર ગીતા' આ ગ્રંથો વિશે આચાર્ય વાત્સલ્યદીપ લખે છે, 'જીવનના અંતિમ સમયે તેમણે ખાંભાના અંતેવાસી અને ગુરુભક્ત કવિ મ. ઓ. પાદરાકરને કાલ્પનિક અધ્યાત્મ મહાવીર અને શ્રી જૈન મહાવીર ગીતાની હસ્તપ્રત સોંપી અને કહ્યું કે 'મારા મૃત્યુ પછી એક પચ્ચીસી વીતે પ્રકટ કરજો.' લગભગ ૪૦ વર્ષ પછી ગ્રંથોની હસ્તપ્રત શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીના પટ્ટ પરંપક શિષ્ય, પરમ પૂજ્ય, શાંતમૂર્તિ આચાર્યશ્રી દુર્લભસાગરસૂરિજી મહારાજના હાથમાં આવી. તેમણે વિ.સં. ૨૦૨૫માં પ્રકાશન કાર્ય કર્યું. શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ પૂ. શ્રી દુર્લભસાગરસૂરીશ્વરજીની ગુરુભક્તિ અને ગ્રંથ પ્રકાશનને જૈન સંઘની મહત્ત્વપૂર્ણ ઘટના કહી છે.

આ મહાવીરગીતા મૂળ સંસ્કૃતમાં આજથી છ વર્ષ પહેલાં આ ગ્રંથનું ગુજરાતીમાં અવતરણ થયું અને પ્રબુદ્ધ જીવન માસિકમાં ક્રમશઃ પ્રકાશિત થયું જે વર્તમાનમાં પુસ્તકાકારે ઉપલબ્ધ છે. આ ગ્રંથનું સંપાદન-ભાષાંતર પૂ. આચાર્ય વાત્સલ્યદીપે કર્યું છે. પૂજ્યશ્રીના સમગ્ર સાહિત્યની વિશેષતા એ છે કે પ્રત્યેક ગ્રંથની પ્રસ્તાવના સ્વયં પોતે લખી છે. અને એમાં એ ગ્રંથ રચનાનો ઉદ્દેશ અને મર્મ પ્રગટ કર્યો છે. આ પ્રસ્તાવનાઓમાં એમની વ્યાપક વિચારસૃષ્ટિનાં દર્શન થાય છે.

પૂજ્યશ્રીએ વિવિધ વિષયો સાથે જેટલું ગદ્ય લખ્યું છે એ પ્રમાણે પદ્યમાં પણ એમનું સર્જન વિશાળ અને તત્ત્વભર્યું ગહન છે.

આપણે થોડી પંક્તિઓ આસ્વાદીએ.

અલખ હમારા દેશ ખરા હૈ, અલખ હમારા નામા હૈ
સિદ્ધ સ્થાન હૈ સત્ય હમારા, આશ્રય આતમ રામા રે

***

આર્ત રૌદ્ર બે ત્યાગી ને, ધરીએ ધર્મનું ધ્યાન,
શુક્લ ધ્યાનને ધ્યાવતા, ચિદાનંદ ભગવાન.

***

નાભિ કમલમાં સુરતા સાધી, ગગન ગુફામાં વાસ કર્યો,
ભૂલાણી સૌ દુનિયાદારી, ચેતન નિજ ઘરમાં હી ઠર્યો,
ઇન્દ્રાસનની પણ નહિ ઇચ્છા, વંદન પૂજન માન ટળ્યું,
અલખ નિરંજન સ્વામી મળિયો, જલબિંદુ જલધિમાં ભળ્યું.

***

દેહ તંબુરો સાત ધાતુનો, રચના તેની લેશ બની,
ઇડા પિંગળા અને સુષુમ્ણા, નાડીની શોભા અજબ ઘણી.

***

જ્યાં જ્યાં વિભૂતિ આપની, ત્યાં પ્રાણ મારા પાથરું,
તુજ પ્રેમથી અશ્રુ ઝરે એ, એ અશ્રુનો સાગર કરું.

***

અમો ઉસ્તાદના ચેલા, ફકીરી વેશમાં ફરતા,
નથી દુનિયા તણી પરવા, અલખની ધૂનમાં રહેતા,
જગાવીશું હૃદયની ગુફા, ધ્રુજાવીશું વિકલ્પોને,
જગાવીશું ચિદાત્માને, નથી લેવું નથી દેવું,

***

ભયે હમ આતમ મસ્ત દીવાના
દુનિયા કી નહિ હમકુ પરવા ભી
સબ જગ નાટક માના

***

આ પંક્તિઓ નીચે કર્તા તરીકે પૂ. બુદ્ધિસાગરજી નામ ન લખાયું હોત તો વાચક એમ જ સમજે કે આ પંક્તિઓ અવધૂત આનંદઘનજી અથવા કવિ કલાપીની હશે.

ઊંચી અને ઊર્ધ્વગામી કવિતા કલાથી વિભૂષિત આ કવિપ્રતિભાએ ૩૦૦૦થી વધુ કાવ્યો લખ્યાં હશે. એમનાં ભજનો, સ્તવનોની પુસ્તિકાની લગભગ સોળ સોળ આવૃત્તિ થઈ છે. જે ગુજરાતી કવિતાક્ષેત્રે નોંધનીય ઘટના છે.

થોડી વધુ પંક્તિઓ આસ્વાદીએ.

જ્યાં જ્યાં પ્રભુજી શોધિયા, પણ પ્રભુજી પાસ,
આનંદ જ્યો તે જાણીએ, રાખી અન વિશ્વાસ
પ્રેમ વિના પ્રભુજી નથી, કરો ઉપાય હજાર,
મરજીવો પ્રભુને મળે, બીજા ખાવે માર,
નિર્મલ ચિત્ત થયા વિના, ઈશ્વર ના દેખાય,
કોટિ ઉપાય કરો, કદી કાક ન ધોળો થાય.

***

નથી લેવું નથી દેવું, નથી પરવા અમીરીની,
બુધ્યબ્ધિની ફકીરીમાં, અમીરી બાદશાહીની.

***

ભક્તિ માતા બોધ પિતા છે,. કર્મયોગ છે ભાઈ,
ઉપાસના છે બ્હેની નીતિ, જીવનની છે કમાઈ.

***

ભૂખ્યાને ભોજન તરસ્યાને પાણી, બોલે મીઠી વાણી,
ઊંચ ને નીચનો ભેદ ગણ્યા વણ, કરે ઉપકાર કમાણી

***

આત્મજ્ઞાની હોય સો હમકું, આતમ રૂપે જાને,
બુદ્ધિસાગર દિલમેં ખરગટ પરમેશ્વરકું પ્રમાને.

***

મેરા આતમ આનંદ નૂર, અમીરસ છાય રહા,
હમ લાલન મસ્ત ફકીર, અગ્નિરસ પાન લહાં,
બ્રહ્મચિદાનંદમય પ્રભુ રે, નિરખી દુઆ મસ્તાના,
બુદ્ધિસાગર આત્મમેં રે, હુઆ પરમ ગુલ્તાના

***

આવવું મળવું લેવું ન દેવું-ફરવું ખરવું ન મરવું,
બુદ્ધિસાગર શુદ્ધોપયોગે આતમપ્રભુપદ ધરવું.

***

આતમ અકલ કલા ત્હારી, ત્હારી અલખ અભિ ન્યારી
નહિ તું માયા નહિ તું કાયા, નહિ તું પવન ને પાણી રે,
નહિ તું પૃથ્વી, નહિ તું અગ્નિ, નહિ આકાર નિશાની.

***

અમારો નિશ્ચય જ્ઞાન સમાધિ, યોગે પ્રભુરૂપ થાવું તેહ,
અનુભવ એવો અમને આવ્યો, પ્રભુપદ વરશું બની વિદેહ

***

જે દુર્ગુણ વ્યસનો નહિ જીતે, નપુંસકમાં તે વડો,
મનથી હાર્યો તે જગથી હાર્યો, મન જીતો, નહિ રડો.

***

અહીં કવિતા છે પણ ભાષા કે કવિત્નો આડંબર નથી. સાધના દ્વારા જે આંતર અનુભૂતિ પ્રાપ્ત થઈ એની જ કાવ્યબાનીમાં ચોટદાર અભિવ્યક્તિ છે. અહીં આત્માનંદની મસ્તી ભાવકના મનને ભેદવા સમર્થ છે. સાથે સાથે ચિંતનની કેડી પણ પકડાવી દે છે.

પૂ. સૂરિજીએ કાવ્યના અનેક પ્રકારોમાં ખેડાણ કર્યું છે. આ કાવ્યોમાં વિષયવૈવિધ્ય ઉપરાંત પ્રકારવૈવિધ્ય પણ છે. ભજન, ઊર્મિગીત, રાષ્ટ્રગીત, અવળવાણી, ખંડકાવ્ય, કાફી, ચાબખા, ગહુલી, પૂજા, દુહા, ચોપાઈ વગેરે કાવ્યપ્રકારોમાં પૂજ્યશ્રીનું ખેડાણ છે.

તત્ત્વચિંતનની કેટલીક પંક્તિઓ આપણને અવધૂત આનંદઘનની યાદ અપાવે છે. ઉપાધ્યાય યશોવિજયજી અને અવધૂત આનંદઘન પછી આટલું વિપુલ અને વૈવિધ્યસભર સાહિત્ય સર્જન પૂ. બુદ્ધિસાગરસૂરીશ્વરજી સિવાય ભાગ્યે જ કોઈ જૈન સાહિત્યકારે કર્યું હશે.

પૂજ્યશ્રીએ પોતાનું આ વિપુલ સર્જન જૈન સાધુના સર્વ વ્રત-નિયમો પાળતાં પાળતાં કર્યું છે. ઉગ્ર વિહાર કરતાં કરતાં પચ્ચીસ ચાતુર્માસ દરમિયાન આ સર્જન કર્યું. પૂજ્યશ્રી સતત ધ્યાનમાં બેસતા. જીવનભર ખાદીનાં વસ્ત્રો

જ ધારણ કર્યાં. ગોચરી-ભોજન એક જ સમયે, અને એમાં પણ સ્વાદનો કોઈ આગ્રહ નહીં. ગોચરીમાં જે આવ્યું હોય તે ભોજન એક પાત્રમાં સમરસ કરીને વાપરતા. પૂજ્યશ્રીએ જેમ ગુજરાતીમાં ત્રણ હજાર કાવ્યો લખ્યાં છે, એમ સંસ્કૃતમાં વીસ કાવ્યસર્જનો કર્યાં છે.

ગ્રંથલેખન માટે એઓ એકાંત પસંદ કરતા હતા. વિજાપુર કે મહુડીમાં હોય ત્યારે ભોંયરામાં બેસીને પલાંઠીવાળી ઘૂંટણ પર ડાયરી ટેકવીને લેખન કરતા. લખવા માટે એઓશ્રી પેન્સિલનો ઉપયોગ વિશેષ કરતા. ક્યારેક દિવસ દરમિયાન દસથી બાર પેન્સિલનો ઉપયોગ થતો. ક્યારેક બરુની કલમથી પણ લખતા.

મા સરસ્વતીની સાધના સાધુ જીવનનું તપ. મૌન અને સમાધિની આત્મસાધના. પ્રાણીમાત્રનું કલ્યાણ થાય એવી ભાવના, સાધનાથી શુદ્ધિ તરફનું પ્રયાણ અને પરિણામે પૂજ્યશ્રીની કલમ અને આત્મામાંથી પ્રગટ્યું જગતનું ભાવિદર્શન. આ સત્યની પ્રતીતિ એમના નીચેના કાવ્યમાંથી થાય છે.

એક દિન એવો આવશે, એક દિન એવો આવશે.
મહાવીરના શબ્દો વડે, સ્વાતંત્ર્ય જગતમાં થાવશે. એક દિન...૧
સહુ દેશમાં સ્વાતંત્ર્યના શુભદિવ્ય વાદ્યો વાગશે,
બહુ જ્ઞાનવીરો કર્મવીરો, જાગી અન્ય જગાવશે. એક દિન...૨
અવતારી વીરો અવતરી, કર્તવ્ય નિજ બજાવશે,
અશ્રુ લ્હોઈ સૌ જીવનાં, શાંતિ ભલી પ્રસરાવશે. એક દિન...૩
સહુ દેશમાં, સહુ વર્ણમાં, જ્ઞાનીજનો બહુ ફાવશે,
ઉદ્ધાર કરશે દુઃખીનો, કરુણા ઘણી મન લાવશે. એક દિન...૪
સાયન્સની વિદ્યા વડે, શોધો ઘણી જ ચલાવશે;
જે ગુપ્ત તે જાહેરમાં, અદ્‌ભુત વાત જણાવશે. એક દિન...૫
રાજા સકલ માનવ થશે, રાજા ન અન્ય કહેવાશે,
હુન્નર, કળા સામ્રાજ્યનું, બહુ જોર લોક ધરાવશે. એક દિન...૬
એક ખંડ બીજા ખંડની, ખબરો ઘડીમાં આવશે,
ઘરમાં રહ્યા વાતો થશે, પર ખંડ ઘર સમ થાવશે. એક દિન...૭
એક ન્યાય સર્વે ખંડમાં, સ્વાતંત્ર્યમાં આવશે,

બુધ્યબ્ધિ પ્રભુ મહાવીરનાં, તત્ત્વો જગતમાં વ્યાપશે. એક દિન...૮

આ કાવ્ય પૂજ્યશ્રીએ લખ્યું ઈ. સ. ૧૯૧૧માં એટલે આજથી ૧૦૩ વર્ષ પહેલાં. આ કવિતા વરસોથી મહુડી મંદિરની બહાર પ્રદર્શિત થયેલી છે. આશ્ચર્ય એ વાતનું છે કે ૧૦૩ વર્ષ પહેલાં પૂજ્યશ્રીએ ભાખેલી બધી જ વાતો આજે સત્ય સાબિત થઈ છે. કવિનું આ આર્ષદર્શન.

સાહિત્યમાં આ વિશાળ ખેડાણ, પ્રતિભા અને સાહિત્ય પ્રભાવ સાથોસાથ એમનું સાહિત્ય દ્વિરુક્તિ દોષથી મુક્ત નથી, પણ ઝડપથી આટલા વિશાળ સાહિત્યનું સર્જન થતું હોય ત્યારે સ્મૃતિમાંથી કેટલાંક તત્ત્વો અંને વિચારની વિસ્મૃતિ થઈ પણ જાય,

સુપ્રસિદ્ધ નવલકથાકાર રમણલાલ વ. દેસાઈ પૂજ્યશ્રીના સાહિત્ય વિશે લખે છે : "આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીનું સાહિત્ય એટલે ? એને હિંદુ પણ વાંચી શકે, જૈન પણ વાંચી શકે અને મુસ્લિમ પણ વાંચી શકે. સૌને સરખું ઉપયોગી થઈ શકે તેવું એ કાવ્યસાહિત્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજીને આપણા ભક્ત અને જ્ઞાની કવિઓની હારમાં મૂકી દે એવું છે."

શ્રી ૨. વ. દેસાઈ વિશેષમાં લખે છે, "સાચા સાધુ હોવું, ઉચ્ચકોટિના સાહિત્યકાર થવું, અને છતાં માનવતાભર્યા સહૃદયી સમાજસેવક બનવું - એ ત્રણે મહાભાગ્ય બહુ જ થોડી વ્યક્તિઓમાં દૃષ્ટિગોચર થાય છે. શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી એવું સૌભાગ્ય લઈને અવતર્યા હતા."

ડૉ. કુમારપાળ દેસાઈ લખે છે : "તત્ત્વજ્ઞાન સાથે અનુભવજ્ઞાનનો અનુપમ સંયોગ આચાર્યશ્રીએ એમના જીવનમાં અને કવનમાં સાધ્યો છે. પોતાના આત્મદર્પણમાં પ્રગટેલા સાધનાના પ્રતિબિંબને એમણે અક્ષર રૂપે પ્રગટ કર્યું. સવિશેષ તો એમણે સંસ્કૃત ભાષામાં તત્ત્વજ્ઞાનના ગ્રંથો લખ્યા અને સંસ્કૃતમાં લખેલ પોતાના બે ગ્રંથો ઉપર એમણે સ્વયં વિસ્તૃત વિવેચના કરી છે."

હવે આ યુગના અને સમકાલીન મહાકવિ ન્હાનાલાલના પૂજ્યશ્રી માટે ઉચ્ચારેલા શબ્દકમળની સુગંધ માણીએ : 'બુદ્ધિસાગરસૂરિજી મહાનુભાવ વિરાગતામાં ખેલતા, સંપ્રદાયમાં તો એ શોભતા, પણ અનેક સંપ્રદાયોના

સમુદાય સંઘમાં પણ એમની તેજસ્વિતા અછાની નહોતી. એમની ભવ્યમૂર્તિ એમના આત્મસ્વરૂપ જેવી ભવ્ય હતી. વિશાળ મુખારવિંદ, ઉચ્ચ અને પુષ્ટ દેહસ્થંભ, યોગીન્દ્ર જેવી દાઢી ને જબરદસ્ત દંડ ! આનંદઘનજી પછી આવા અવધૂત જૈનસમાજમાં થોડા જ થયા હશે.'

આટલું વિશાળ તત્ત્વભર્યું સાહિત્યસર્જન કરી પૂજ્ય બુદ્ધિસાગર-સૂરીશ્વરજીએ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં પોતાનું સ્થાન સ્થાપિત કર્યું છે. તત્ત્વ, અનુભૂતિ અને આવી અભિવ્યક્તિ ભાગ્યે જ કોઈ સર્જકમાં મળે.

સાચે જ, પૂજ્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી સાહિત્યસર્જનની ચેતનાનો ફુવારો હતા.

# વંદનીય સાધુતા

- દોલત ભટ્ટ

આર્યાવર્તમાં બે વિચારધારા સમાન્તર ચાલી છે : એક ધર્મશાસન અને બીજી સત્તાશાસન. બંનેનું કર્તવ્ય સમાજને સ્વચ્છ અને સ્વસ્થ રાખવાનું રહ્યું છે. એકનું ધ્યેય છે આધ્યાત્મિક દ્વારા આત્મોન્નતિ, સત્તા શાસનના કેન્દ્ર સ્થાને છે આર્થિક ઉત્કર્ષ.

વિવિધ ધર્મસંપ્રદાયોના સંતો, ભક્તો, મહંતો, મઠાધીશો જતી, સતી, સાધકોએ આ પરંપરાને તપ-જપ, સાધના, આરાધના, ઉપાસના દ્વારા જતનથી જાળવી છે, પાળી છે, પોષી છે.

તેમાંના કેટલાકે પોતાની આગવી કેડી કંડારીને બહુમૂલ્ય પ્રદાન કર્યું છે. તેમાં વર્તમાન યુગમાં એક નામ ઉમેરાયું છેઃ શ્રદ્ધેય બુદ્ધિસાગર મહારાજ સાહેબનું. કોઈ પુનિત બળે પૂર્વ જન્મનું પુણ્ય પ્રગટ્યું, દિલમાં દયાના તરંગો ઊઠ્યા ને ધરતી પુત્રે ખેતરને ખોળેથી ઊઠીને પુનિત પંથે પગલાં પાડ્યાં.

યોગને આંબી જઈને તેમણે આધ્યાત્મિકતાની અનુભૂતિનો સાક્ષાત્કાર કર્યો એ એમની સ્વકેન્દ્રિત ઉન્નતિનો આધાર થયો પણ જે જનસમાજમાં તેનું વિચરણ છે તેનું શું ? દેશમાં ઊઠેલા આઝાદી આંદોલનના આહલેકનું શું ? એવા સવાલો શ્રીમદ્‌ના ચિત્તને ખળભળાવી ગયા હોય એવું સમજાય છે. ખાદી, સ્વદેશીનો

સ્વીકાર વગેરે આચરણ દ્વારા ઈશ્વરભક્તિ સાથે દેશભક્તિને જોડી દીધી.

સાધુતા સાથે સ્વદેશ સેવા બહુ જ ઓછા સંતોમાં છવાયેલી હોય એવું જણાય છે. ઇતિહાસને ઉકેલીએ તો સમર્થ રામદાસ, સ્વામી વિવેકાનંદ અને અમીરમાં ભામાશાહને ગણી શકાય.

ગાંધી યુગના યોગનિષ્ઠ ગુરુદેવ રાષ્ટ્રભક્ત હતા, તેમનું જ્ઞાન ગહન હતું. તેમની આગળ વાણી તેની ગવાહી પૂરે છે. સ્વલક્ષી સાધુતાની ઉપર ઊઠીને સારાએ સમાજના ઉત્થાન અને ઉત્કર્ષ માટે જન્મેલી ઉત્કંઠાએ ઉપાયો યોજ્યા અને તે ઉપકારક નીવડી. સૃષ્ટિના પ્રારંભથી જ પુરાણો-ચરિત્રો, કથાનકો, સત્તા તેમજ ધર્મ પરિવર્તનોનાં વૃત્તાંતો આપણી પાસે ઉપલબ્ધ છે. તેમાંની કેટલીક બાબતો આપણને ભરોસાપાત્ર ન પણ લાગે પરંતુ રૂપક ભીતર ગુપ્ત રહસ્યો છુપાયેલી હોય છે.

ગુરુદેવના સાહિત્યસર્જન વિશે વિશ્વવિખ્યાત વિદ્વાન વક્તા પદ્મશ્રી ડૉ. કુમારપાળ આ પરિસંવાદમાં છણાવટ કરવાના છે. તેમજ જે બાબત મારા ગજા બહારની હોય હું તેને સ્પર્શતો નથી પણ મારા ચિત્ત પર જે છાપ અંકિત થયેલી છે તેની વાત કરી રહ્યો છું.

ચક્ર આકૃતિનું જેમણે નિર્માણ કર્યું તેમણે કાર્ય કરવાની સરળતાની છેડા વગરની શોધ આપી તેમાંથી ગતિનો જન્મ થયો તે આકૃતિ પર અનેક ઉપલબ્ધિઓ પ્રાપ્ત થઈ. ગરેડી, પૈડાં, રેંટિયો, ઘંટી આ એક આકૃતિએ પોતાની બુદ્ધિ અને ઇરાદાઓ પર સંશોધકોને કાર્યરત કરી દીધા. ફલશ્રુતિ રૂપે જગતને અપાર ભેટ મળી.

એમ આચાર્ય ભગવંતે ધર્મ, સાહિત્ય અને સમાજસેવાનો સંગમ સર્જ્યો તેથી તેઓ સર્વલક્ષી બની રહ્યા. એમનું એક ઉદાહરણ પૂરતું છે; તે છે મલીદાવાળો પ્રસંગ એમના અંતરના અતળ સ્તરને સ્પર્શી ગયેલો, સમાજને અંધશ્રદ્ધાની આગમાંથી ઉગારી સાચી શ્રદ્ધા તરફ વાળી. તેમને ઉગારવા આ યોગીએ ઘંટાકર્ણદાદાને પ્રત્યક્ષ કરી મહુડીને અઢારેય આલમનું શ્રદ્ધાનું કેન્દ્ર બનાવી દઈ એક અદ્ભુત ઘટનાનું આપણને પ્રમાણ આપ્યું.

બીજી બાબત પર પણ મંથન, મનન થઈ શકે એક એવી મરુભૂમિનો

પણ તેમના તપો બળે ઉદ્ધાર થયો. એક સમયે શોણિત ભીની થઈને જ્યાં ભયાનક ભૂતાવળના ભડકા ઊઠતા હતા, જ્યાં કલેજાં કંપાવતી કાળ રાત્રીઓની ચિચિયારીઓ ઊઠતી હતી તેની પર અંજલિનો છંટકાવ કરી અવગતિયા આત્માઓનો ઉદ્ધાર કરાવ્યો. આ ઘટનાને પરખંદા પારખી શકે, નિરખંદા નિરખી શકે, કારણ કે તે સૂક્ષ્મ અવલોકન માંગી લે છે.

આચાર્ય ભગવંત સાધુ છે, કવિ છે, ચિંતક છે, સમાજસેવક છે, દેશભક્ત છે. સ્વદેશવ્રતની જ્યોત સદા ઝળહળતી જોઈ શકાય છે. અંધશ્રદ્ધાનું ઉન્મૂલન, શ્રદ્ધાનું સંસ્થાપન એ ઉદ્દેશ આપણને ઉપરની ઘટનાઓમાંથી મળે છે.

ઇન્દ્રિયોનો સમૂહ શક્તિવાન હોય છે. વિદ્વાનોને પણ ચલિત કરવાનું સામર્થ્ય ધરાવે છે. તેથી કેટલાક નિયમો અનિવાર્ય હોય છે. પ્રકૃતિમાં પ્રવેશવાનું કામ ચિત્રકારનું હોય છે. આત્મામાં પ્રવેશવાનું કામ સંતનું હોય છે. શમન એ સિદ્ધિ છે, દમન એ પ્રસિદ્ધિ છે. ધર્મશાસન પાસે દયા છે. સત્તાશાસન પાસે દંડ છે. બંનેનું ધ્યેય એક જ છે, ઉપાયો ભિન્ન છે. ઉદાત્ત અને ઉચ્ચતમ પરિપ્રેક્ષમાં બુદ્ધિસાગર મહારાજ સાહેબની પ્રભાવી પ્રતિભા ઊભરી સાધુતાની સિદ્ધિએ તેમને વંદનીય વિભૂતિ તરીકેના આસન પર આરૂઢ કર્યા.

## અધ્યાત્મનું આકાશ

**- માલતી શાહ**

૫૧ વર્ષ જેટલું પ્રમાણમાં ટૂંકું કહી શકાય તેવું આયુષ્ય અને પચીસેક વર્ષના દીક્ષાપર્યાયમાં ૧૪૦ જેટલી મોટી સંખ્યામાં સાહિત્યકૃતિઓ રચીને યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગર-સૂરીશ્વરજીએ અક્ષરદેહે આપણને પોતાના આ ૧૪૦ ગ્રંથશિષ્યોનો અજોડ વારસો આપેલ છે. એક ખેડૂતનો જીવ, સદાય કુતૂહલ અને જિજ્ઞાસા ધરાવતું બાળપણ, સત્ત્વ, સત્ય, તત્ત્વની શોધ કરનારી આગવી દૃષ્ટિ, ગદ્ય અને પદ્ય બંનેમાં સ્વયંસ્ફુરણાથી સાહિત્ય રચવાની ક્ષમતા અને આ બધાંની સાથે સાથે એક સાધક જીવ - આવા પૂ. બુદ્ધિસાગરસૂરિજીના અજોડ વ્યક્તિત્વનું એક આગવું પાસું છે તેમનું અધ્યાત્મજીવન.

આમ જોવા જઈએ તો જેને કોઈપણ બાબતના મૂળ સુધી પહોંચવું છે, તત્ત્વને જાણવું છે તેને માટે તો અધ્યાત્મ એ તેના જીવનનું એક અભિન્ન પાસું જ બની રહે છે. અધ્યાત્મનો માર્ગ એ સત્યની ખોજ કરનાર વ્યક્તિ માટે કુદરતી માર્ગ છે, તેમાં તેને કોઈ વિશેષ પ્રયાસ કરવો પડતો નથી કે તેમાં કોઈ પણ જાતની કૃત્રિમતા હોતી નથી. આ માર્ગના પ્રવાસી બુદ્ધ હોય કે મહાવીર હોય, સૉક્રેટિસ હોય કે મહાત્મા ગાંધી હોય, કોઈ પણ સંત હોય કે જિજ્ઞાસુ વ્યક્તિ હોય તેને માટે કોઈ પણ પ્રશ્નની જડ સુધી પહોંચવું, મૂળ સુધી પહોંચવું, તત્ત્વને

પામવું એ મુખ્ય ધ્યેય હોય છે અને આમ આવા કંઈ કેટલાય જિજ્ઞાસુઓની જેમ યોગનિષ્ઠ પૂ. બુદ્ધિસાગરસૂરિજી માટે પણ અધ્યાત્મનો માર્ગ એ સ્વની ખોજનો જ એક માર્ગ બની રહે છે. ત્યાં કોઈ ખાસ પ્રયાસ નથી કરવો પડતો, ત્યાં તો એક શોધકને શોધ કરતાં કરતાં જે માર્ગ જડે છે, જે સત્ય લાધે છે તેની સ્વયંસ્ફુર્ત અભિવ્યક્તિ જ જોવા મળે છે.

આમ તો પૂ. બુદ્ધિસાગરસૂરિજીના વિશાળ ફલક ઉપર પથરાયેલા, વિવિધ વિષયોને સ્પર્શતા સાહિત્યમાં અધ્યાત્મનાં વિચારબિંદુઓ તો અત્ર-તત્ર-સર્વત્ર વીખરાયેલાં જોવા મળે છે. ક્યાંક ઓછાં છે, તો ક્યાંક વધારે છે. તેમના સાહિત્યમાંથી જેમાં અધ્યાત્મરસ ભારોભાર વ્યક્ત થયો છે તેવાં કેટલાંક પુસ્તકો ઉપર એક અછડતી નજર ફેરવવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો છે. એ વાત તો સ્વાભાવિક છે કે પોતે જૈન પરંપરામાં સંન્યસ્તજીવન પસાર કર્યું છે. એટલે તેમના આધ્યાત્મિક સાહિત્યમાં જૈન ધર્મ અને દર્શનના સિદ્ધાંતો જ મુખ્યતઃ અભિવ્યક્ત થાય છે. કેટલાંક પુસ્તકોમાં તેની રજૂઆત સામાન્ય માણસને સમજાય તેટલી પ્રાથમિક કક્ષાની છે તો અમુક પુસ્તકોમાં જૈન ધર્મથી ઉપર ઊઠીને બીજા ધર્મો અને બીજી વિચારસરણીઓ સાથે સહજ રીતે થતા સમન્વયની વાત પડઘાયા કરે છે. આ બંને કક્ષાનાં પુસ્તકોનું અલગ અલગ રીતે મહત્ત્વ છે. જે જૈન વ્યક્તિ પોતાનું જીવન ધાર્મિક રીતે જીવવા માગે છે, જૈન ધર્મના સિદ્ધાંતો પ્રમાણે ક્રિયા કરવા ઇચ્છે છે તેને પ્રાથમિક કક્ષાનાં પુસ્તકોમાંથી જરૂરી માર્ગદર્શન મળી રહે છે. બીજી બાજુ ધર્મ-પંથ-સંપ્રદાયના વાડામાંથી ઉપર ઊઠીને જે જિજ્ઞાસુ વ્યક્તિ સત્યનો માર્ગ ગ્રહણ કરવા ઇચ્છે છે તેને આવું સમન્વયકારક સાહિત્ય પણ પૂજ્યશ્રી (હવેથી આ લેખમાં પૂ. આ. બુદ્ધિસાગરસૂરિજી માટે પૂજ્યશ્રી શબ્દ વાપરવામાં આવશે) પાસેથી પ્રાપ્ત થાય છે. તેઓશ્રીના વિશાળ સાહિત્યમાંથી અત્રે (૧) અધ્યાત્મવ્યાખ્યાનમાળા (૨) તત્ત્વજ્ઞાનદીપિકા (૩) તત્ત્વવિચાર (૪) ઇશાવાસ્યોપનિષદ્ (૫) અધ્યાત્મશાંતિ (૬) સમાધિશતકમ્ અને (૭) અધ્યાત્મગીતા - આ સાત પુસ્તકોમાં રજૂ થયેલા પૂજ્યશ્રીના અધ્યાત્મવિષયક વિચારોને સમજવાનો પ્રયત્ન છે.

અધ્યાત્મ એટલે શું ? આ પ્રશ્નનો જવાબ તેમના જ પુસ્તક

'અધ્યાત્મગીતા'માંથી પ્રાપ્ત થાય છે, જે વિષયની સ્પષ્ટતા કરી આપે છે.

आत्मनः शुद्धिकार्यार्थं माऽऽत्मज्ञानं तथा क्रिया ।
उक्ता सद्‌भिर्विवेकेन, तदध्यात्मं विजानीत ।।

અધ્યાત્મગીતા, શ્લો.૨

અર્થાત્ 'પોતાના આત્મસ્વરૂપની પરમશુદ્ધિ પ્રાપ્ત કરવા માટે ગીતાર્થ પુરુષો એવા તીર્થંકરોએ જડચેતનના ભેદના વિવેક વડે આત્મજ્ઞાનનું સ્વરૂપ અને સમ્યક્ ક્રિયા દર્શાવી છે તેને અધ્યાત્મ સમજો.'

આ શ્લોકમાં અધ્યાત્મનો અર્થ સ્પષ્ટ છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માની રીતે જો વિચારીએ તો જડ-પુદ્‌ગલસ્વરૂપ શરીર, ચેતનમય અંતરાત્મા અને જે ધ્યેય સુધી પહોંચવાનું છે તે પરમાત્મા આ અધ્યાત્મનો માર્ગ દર્શાવતો તળેટીથી શિખર સુધીનો યાત્રાપ્રવાસ છે. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું, સ્વની અનુભૂતિ કરવી અને તેને જાણવા માટે જરૂરી હોય તેવી ક્રિયાઓ કરવી (અન્યથી બચવું) એ અધ્યાત્મ કહી શકાય.

પૂજ્યશ્રીના સાહિત્યમાં પોતાના શુદ્ધ સ્વરૂપને જાણવા માટેના માર્ગના જે જે નિર્દેશો વ્યક્ત થયેલા છે તેને તેમનાં પુસ્તકોમાં રજૂ થયેલા વિચારો અને વાણી દ્વારા પકડી શકાય ખરા. ક્રમશઃ તેમનાં પુસ્તકોનો પ્રારંભિક કહી શકાય તેવો પરિચય મેળવવાનો પ્રયત્ન અત્રે પ્રસ્તુત છે.

(૧) 'અધ્યાત્મવ્યાખ્યાનમાળા' પુસ્તક તેનું નામ સૂચવે છે તે પ્રમાણે અધ્યાત્મને લગતાં વ્યાખ્યાનો ધરાવે છે. વિ. સં. ૧૯૬૪ના શ્રાવણ માસમાં સુદ ૪-૫-૬ (ઈ. સ. ૧૯૦૮) દરમિયાન માણસામાં પૂજ્યશ્રીનાં સવાર-બપોરનાં વ્યાખ્યાનો અને અન્ય વિદ્વાન વક્તાઓનાં ભાષણો યોજાયેલાં. આ બધાં વ્યાખ્યાનો અને ભાષણો આ પુસ્તકમાં ગ્રંથસ્થ થયાં છે. અજ્ઞાનમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ જવાની વાત, પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવાની વાત દાખલા-દલીલ-દૃષ્ટાંતો સાથે ફરી ફરીને અહીં રજૂ કરી છે.

અજ્ઞાનમાં ગોથાં ખાનાર માણસને બોધની જરૂર છે. આ બોધ આપનાર હંસરૂપ જ્ઞાની પુરુષ પોતાનો અનુભવ લોકહિતાર્થે રજૂ તો કરે છે. પણ સામાન્ય વ્યક્તિ તો આ વાતોને હસવામાં કાઢી નાખે છે. જો સામાન્ય વ્યક્તિના અજ્ઞાનનું પડળ દૂર થાય તો જ આ અનુભૂતિની વાત તેને સમજાય છે.

આ અધ્યાત્મનું જ્ઞાન તે એક વાત છે અને અનુભવજ્ઞાન એ તો આખી એક જુદી જ કક્ષા છે. જ્યાં સુધી જ્ઞાનને અનુરૂપ વર્તન થતું નથી ત્યાં સુધી તે માત્ર અધ્યાત્મજ્ઞાન પૂરતું જ સીમિત રહે છે. તેની પરિણતિ જ્યારે અનુભૂતિ કે આત્મઅનુભવમાં થાય છે ત્યારે અનુભવની ખુમારી ધરાવતાં જે વાક્યો રજૂ થાય તે તો અનુભવીઓ જ વધારે યોગ્ય રીતે સમજી શકે.

પોતાનાં વ્યાખ્યાનોમાં આ વિષયોને પૂજ્યશ્રી પૂ. આનંદઘનજી, પૂ. ઉપાધ્યાય યશોવિજયજી, પૂ. દેવચંદ્રજી, સંત કબીર તથા અન્ય સંતોનાં અનેક વચનોથી દૃઢ કરે છે. 'योगश्चित्तवृत्तिनिरोध' આ પ્રસિદ્ધ યોગસૂત્રનો અર્થ કરતાં પૂજ્યશ્રી જણાવે છે કે, 'સંકલ્પવિકલ્પનો અને માયાનો ત્યાગ કરવો અને આત્માનો વિચાર કરવો તેનું નામ યોગ.'

આ ત્રણ દિવસની વ્યાખ્યાનમાળામાં ગૃહસ્થોનાં વક્તવ્યો પણ યોજાયાં હતાં. ૧. દોશી મણિલાલ નથુભાઈ (બી.એ.)એ 'શાંતિનું સ્થળ ક્યાં છે ?', ૨. લલુભાઈ કરમચંદ દલાલે 'ભ્રાતૃભાવ', ૩. શા. વીરચંદ કૃષ્ણાજી માણસાવાળાએ 'ગુરુભક્તિ વિવેચનમ્', ૪. વકીલ મોહનલાલ હીમચંદ પાદરાવાળાએ 'શુદ્ધિ', ૫. મી. નાગરદાસ નરોત્તમદાસે 'આત્મા સંબંધી કેટલાક ઉદ્ગારો', ૬. શ્રી મણિલાલ મોહનલાલ પાદરાવાળાએ 'વિવેક' વિષય ઉપર પોતાનાં વક્તવ્યો રજૂ કરેલાં.

'શાંતિનો આશીર્વાદ' વિષયક પોતાના સમાપ્તિના વ્યાખ્યાનમાં પૂજ્યશ્રીએ શાંતિપાઠ 'श्री श्रमणसंघस्य शांतिर्भवतु...' દ્વારા સર્વત્ર શાંતિની, પ્રાણીમાત્રની શાંતિની ઇચ્છા વ્યક્ત કરી. બાહ્ય શાંતિના તો ફાયદા છે જ, અધ્યાત્મ શાંતિનો તો વિશેષ લાભ છે. તે દર્શાવીને પૂજ્યશ્રીએ જણાવ્યું કે અત્યારનાં ભાષણોમાંથી સાર ગ્રહણ કરીને સત્ય, પ્રેમ, દયા વગેરે ઉચ્ચ સદ્ગુણો ખીલવશો. એકદમ સરળ ભાષામાં તેઓ જણાવે છે, 'નીચ ભાવનાથી સદાકાળ નીચા થશો, ઉચ્ચ ભાવનાથી ઉચ્ચ થશો. ઉચ્ચભાવનારૂપ અતુલ ધન તમારા આત્મામાં છે.' (અધ્યાત્મ વ્યાખ્યાનમાળા, પૃ. ૧૮૩).

આ પુસ્તકના અંત ભાગમાં સાંવત્સરિક ક્ષમાપના અંગેનો તેમનો વિસ્તૃત લેખ છે જેમાં પૂજ્યશ્રીના ક્ષમાપના અંગેના વિચારો અને તેના સમર્થનમાં સદ્પુરુષોનાં વચનો રજૂ થયાં છે.

(૨) 'તત્ત્વજ્ઞાનદીપિકા' ગ્રંથની રચના પૂજ્યશ્રીએ સં. ૧૯૬૦માં કરી, પણ તેમાં સુધારાવધારા કરીને તે સં. ૧૯૬૭માં પ્રકાશિત થયો. આ સમગ્ર ગ્રંથ પ્રશ્ન અને ઉત્તરના સ્વરૂપમાં જ છે. જૈન તત્ત્વજ્ઞાનને લગતા પ્રશ્નોના ઉત્તરો છે. અન્ય દર્શનોના મતોનું ખંડન છે. તેનાં પૃ. ૧૨૦થી ૧૩૦ ઉપર ચતુર્વિધ સંઘનું કર્તવ્ય શું છે ? એ દર્શાવ્યું છે. તેમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાનાં કર્તવ્યોનું વિસ્તૃત વર્ણન છે.

(૩) 'તત્ત્વવિચાર' ગ્રંથની રચના સં. ૧૯૫૮માં પાદરાના વકીલ મોહનલાલ હીમચંદ વગેરેના હિતાર્થે પૂજ્યશ્રીએ કરી છે. પ્રારંભમાં શ્રાવકના ૨૧ ગુણો અને શ્રાવકની દિનચર્યા દર્શાવી છે. તત્ત્વવિચાર રૂપે નવતત્ત્વની સમજ આપી છે. આ ઉપરાંત આહાર વિશે સમજ રજૂ કરીને નરકસ્વરૂપ, લેશ્યાસ્વરૂપ, મનુષ્યસ્વરૂપ, સિદ્ધશિલાસ્વરૂપ, દશ યતિધર્મ, બાર ભાવના વગેરે જૈન તત્ત્વજ્ઞાનના વિષયોની છણાવટ કરી છે.

(૪) 'ઇશાવાસ્યોપનિષદ' એ સં. ૧૯૮૦માં પ્રકાશિત થતું પૂજ્યશ્રીનું એક મહત્ત્વનું પુસ્તક છે. સં. ૧૯૭૮માં માગસર સુદ ૧ના રોજ મહેસાણામાં આ પુસ્તક લખવાનો પ્રારંભ પૂજ્યશ્રીએ કર્યો અને ત્યાંથી પાનસર, કલોલ, શેરીસા, વામજ વગેરે સ્થળે વિહારમાર્ગે આગળ વધતા સાણંદમાં આવીને પોષ વદ અમાસના દિવસે લખાણ પૂરું કર્યું. આમ બે માસના વિહાર દરમિયાન આ લેખનકાર્ય પણ ચાલુ જ હતું તેનું આ પુસ્તક પ્રમાણ છે.

પૂજ્યશ્રીએ પૂ. આનંદઘનજીના 'षट्दर्शन जिनअंग भणीजे' શબ્દો ટાંકીને જણાવ્યું કે છ દર્શનો એ જિનદર્શનના અંગરૂપ છે. સર્વ દર્શનની નદીઓ જૈનદર્શનના સાગરમાં સમાયેલ છે.

પ્રસ્તુત પુસ્તકમાં પૂજ્યશ્રીએ 'ઇશાવાસ્યોપનિષદ'ની એક પછી એક કંડિકાઓના જૈન મત મુજબ અર્થ કર્યા છે. પૂજ્યશ્રીના આ પુસ્તકમાં શ્રીમદ્ ભગવદ્ ગીતા, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, મુંડકોપનિષદ, છાંદોગ્ય ઉપનિષદ વગેરેનાં અવતરણો રજૂ થયાં છે જે તેઓના વિશાળ વાંચનનો અને અન્ય મતો અંગેના તેઓના જ્ઞાનનો નિર્દેશ કરે છે.

જૈનદર્શન અને વેદાંતીઓની પરિભાષાની સમજૂતી આપતાં પૂજ્યશ્રી

જણાવે છે કે, 'જૈનો જેને બહિરાત્મા કહે છે તેને વેદાંતીઓ જીવ કહે છે. વેદાંતીઓ જેને આત્મા કહે છે તેને જૈનશાસ્ત્રો અંતરાત્મા કહે છે એમ શબ્દપરિભાષાથી જાણવું.' ('ઇશાવાસ્યોપનિષદ' પૃ. ૧૩૮)

'ઇશાવાસ્યોપનિષદ'ની નવમી કંડિકા (શ્લોક)નો અર્થ પૂજ્યશ્રી પૃ. ૧૫૯ ઉપર આ રીતે કરે છે,

'अन्धतमः प्रविशन्ति येऽविद्यामुपासते ।
ततो भूय इव ते यउविद्यार्यां रताः ।।९।।'

અર્થાત્ 'જેઓ અવિદ્યાને ઉપાસે છે તે અંધતમમાં પ્રવેશ કરે છે અને જે વિદ્યામાં આસક્ત છે તેઓ અવિદ્યાના ઉપાસકો કરતાં પણ ઘણા અંધતમમાં પ્રવેશ કરે છે.'

પોતાને 'सोऽहमस्मि' નો અનુભવ થયો હતો તેનો નિર્દેશ થાય તેવું એક પદ તેઓ રજૂ કરે છે.

'સોઽહં સોઽહં સોઽહં સોઽહં સોઽહં સોઽહં દિલમાં વસ્યોરી,
હું તું ભેદભાવ દૂર નાઠો, ક્ષાયિકભાવે કદિ ન ખસ્યોરી.' (૧)
'જાવું ન આવું ન લેવું ન દેવું, અંતર પડદો ખૂલ ગયોરી,
સુખસાગરની લહેરો ઉછળે, આતમ હંસ ત્યાં ઝીલ રહ્યોરી સોઽહં.' (૪)
('ઇશાવાસ્યોપનિષદ', પૃ. ૨૧૭)

આત્મા તે જ કૃષ્ણ છે અને આત્મા જ વિષ્ણુ છે તે દર્શાવતાં પદ 'રમજો રંગ કૃષ્ણજી'માં કેવો સમન્વયાત્મક ભાવ રજૂ થયો છે !

'નિશ્ચય વિષ્ણુ વ્યવહારે કૃષ્ણ, અવતારી જીવ પોતે;
આતમકૃષ્ણ ને આતમવિષ્ણુ, બીજે શીદ તંતુ ગોતે રે.' ૭
('ઇશાવાસ્યોપનિષદ', પૃ. ૨૨૨)

જૈન પરંપરા અને વૈદિક પરંપરાના સમન્વયની ભૂમિકાએ લખાયેલા 'ઇશાવાસ્યોપનિષદ' ગ્રંથમાં પૂજ્યશ્રીના અધ્યાત્મની ઊંચાઈને જોઈ શકાય છે.

(૫) 'અધ્યાત્મશાંતિ' ગ્રંથની રચના અધ્યાત્મમાર્ગના પ્રવાસી એવા આ સાધક આત્માએ સં. ૧૯૫૯માં પાદરામાં શેઠ મોહનલાલ વકીલની વિનંતીથી

કરી. આત્માને શાંતિ કેવી રીતે મળે ? શાંતિ મેળવવાના ઉપાયો કયા ? આત્માનું મૂળ સ્વરૂપ શું ? વગેરે પ્રશ્નોના જવાબ મેળવવાના ઉદ્દેશથી આ ગ્રંથ રચાયો છે. આ જિજ્ઞાસાપૂર્વકના પ્રશ્નોના જવાબ રૂપે આત્મા અને કર્મનો સંબંધ. કર્મના ૮ મૂળ ભેદ તથા ૧૫૮ ઉત્તર ભેદોનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્માનું સ્વરૂપ સમજાવ્યું છે.

ગ્રંથનું પ્રયોજન દર્શાવતાં મંગલાચરણમાં પૂજ્યશ્રી જણાવે છે :

'નિજ સ્વરૂપ વિચારતાં, ભ્રાંતિ દશા દૂર જાય,
રાગ-દ્વેષ દૂરે ટલે, સમતારસ સુખ પાય.' ॥૨॥
('અધ્યાત્મશાંતિ' પૃ. ૧)

સુખ કેવી રીતે મળે તે માટે પ્રશ્ન અને ઉત્તર આ રીતે રજૂ થાય છે :

પ્રશ્ન : ગુરુ મહારાજ સાહેબ ! સુખ શાથી મળે ?

ઉત્તર : હે ભવ્ય ! જન્મ-જરા-મરણનો નાશ થાય અને જન્મ-જરા-મરણના જે કારણરૂપ એવાં કર્મનો નાશ થાય, ત્યારે આત્મા સત્ય શાશ્વત સુખ પામી શકે. તે સુખ મેળવવાનું આસન્ન (નજીક) કારણ વૈરાગ્ય, સંવરકરણી, ધર્મધ્યાન છે. (અધ્યાત્મશાંતિ, પૃ. ૨૯)

બહિરાત્માનાં લક્ષણો રજૂ કરતા દસ દુહાઓમાંનો બીજો દુહો આ પ્રમાણે છે :

'શરીર એહિ જ આતમા, માને મોહી લોક;
વાચા મન પણ આતમા, બહિરાતમની ઝોક.' ॥૨॥
(અધ્યાત્મશાંતિ, પૃ. ૩૬)

આ ગ્રંથનું આધ્યાત્મિક મહત્ત્વ દર્શાવતાં પૂજ્યશ્રી લખે છે, 'જે ગુણગ્રાહી છે તેમને આ ગ્રંથ સંસારરૂપ સમુદ્ર ઊતરતાં વહાણ સમાન થશે.' (અધ્યાત્મશાંતિ, પૃ. ૮૪)

(૬) 'સમાધિશતકમ્' ગ્રંથ ઉપર વિવેચન લખવાનું કામ પૂજ્યશ્રીએ સં. ૧૯૬૨માં કર્યું. શેઠ લાલભાઈ દલપતભાઈનાં માતુશ્રી ગંગાબેન, શેઠ જગાભાઈ દલપતભાઈ વગેરેના આગ્રહથી પોતે જ્યારે ગુરુમહારાજ શ્રી સુખસાગરજી સાથે અમદાવાદમાં ચાતુર્માસ કર્યો ત્યારે શેઠ દલપતભાઈ ભગુભાઈના વંડામાં

એક માસ રહ્યા તે દરમિયાન આ વિવેચન લખવાની શરૂઆત કરી. આ પુસ્તક છપાયું સં. ૧૯૬૫માં.

મૂળ 'સમાધિશતકમ્' ગ્રંથમાં સંસ્કૃત ભાષામાં ૧૦૦ શ્લોક છે. તેના કર્તા દિગંબર સંપ્રદાયના આચાર્યશ્રી પ્રભેન્દુજી (કે જેઓ પૂજ્યપાદ સ્વામી તરીકે ઓળખાય છે તે) છે. તેના ઉપર દિગંબર આચાર્ય પ્રભાચંદ્રજીએ ટીકા પણ લખી છે. આ દિગંબર ગ્રંથ ઉપરથી શ્વેતામ્બર સંપ્રદાયના ન્યાયાચાર્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ દોધક છંદમાં ગુજરાતી ભાષામાં શતક બનાવ્યું છે. સામાન્ય વાચક એવા બાળજીવો માટે આ ગુજરાતી શતકની રચના ઉપાધ્યાયજી મહારાજે કરી. આ દોધકનું વિવેચન પૂજ્ય શ્રી બુદ્ધિસાગરજીએ તેના ભાવાર્થને પ્રગટ કરવા માટે લખ્યું.

મૂળ સંસ્કૃત 'સમાધિશતક'ના બીજા શ્લોકમાં 'जयन्ति यस्याऽवदतोऽपि भारती' જે अवदता શબ્દ વપરાયો છે તે શબ્દ આ ગ્રંથ દિગંબર સંપ્રદાયનો છે તેનું સૂચન કરે છે. દિગંબર મત પ્રમાણે ભગવાનનો દિવ્યધ્વનિ અનક્ષરરૂપ છે. આ ગ્રંથમાં ક્યાંય ખંડન કરવાનો પ્રયાસ થયો નથી.

સમાધિ શબ્દનો અર્થ દર્શાવતાં જણાવ્યું છે કે આધિ, વ્યાધિ, ઉપાધિ, સમાધિ - આ શબ્દોમાં आ ઉપસર્ગપૂર્વક धा ધાતુ છે. આમાંથી આધિ, વ્યાધિ અને ઉપાધિ આ પહેલી ત્રણ વસ્તુ સ્વયંસર્જિત છે અને તે અણમાનિતી વસ્તુ છે, જ્યારે સમાધિ શબ્દથી આહ્‌લાદકતાનું સૂચન થાય છે. (સમાધિશતકમ્, પ્રસ્તાવના, પૃ. ૧૨, લેખક સ્નેહરશ્મિ).

શતક એટલે એક સો એ અર્થ તો સ્પષ્ટ છે. એકમ, દશક, શતકનો વિશિષ્ટ અર્થ શું થાય ? તે સમજાવતાં જણાવ્યું છે, 'કાયાની પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ તેને આપણે એકમના પુરુષાર્થમાં મૂકીએ તો વચન ઉપરના નિયંત્રણને દશકના સ્થાને રાખવો જોઈએ. અર્થાત્ કાયાના નિયંત્રણ માટે જેટલો પુરુષાર્થ કરવો પડે છે તેના કરતાં દશગુણ પુરુષાર્થ વચન નિયંત્રણ માટે આવશ્યક છે અને મનના નિયંત્રણ માટે શતગુણો પુરુષાર્થ ખેડવો જરૂરી છે. આપણે શતક સમજશું, એટલે સમાધિશતક એ માનસિક નિયંત્રણ કરાવનાર શત સંખ્યક શ્લોકનો ગ્રંથરત્ન. ('સમાધિશતકમ્', પ્રસ્તાવના, પૃ. ૨૦)

સાચો આનંદ આત્મામાં જ છે અને આત્માને આનંદમાં સ્થાપન કરવા

માટેના ઉપાયો આ ગ્રંથમાં રજૂ થયા છે. યોગમાર્ગની જે દિશા આ ગ્રંથમાં બતાવી છે તેને સ્પષ્ટ કરવા માટે પૂજ્યશ્રીએ ઠેર ઠેર પૂ. ઉપાધ્યાયજી મહારાજનાં, પૂ. ચિદાનંદજીનાં પોતાનાં સ્વરચિત એમ અનેક પદોને રજૂ કર્યાં છે. શ્લોકના ગુજરાતી ભાવાર્થને બને તેટલી સરળ રીતે રજૂ કર્યો છે. જેમ કે,

'अविक्षिप्तं मनस्तत्वं, विक्षिप्तं भ्रांतिरात्मनः ।
धारयेत्तविक्षिप्त, विक्षिप्तं नाश्रयेत्ततः ।।३६।।'

અર્થાત્ અવિક્ષિપ્ત મન આત્મતત્ત્વનું રૂપ છે અને વિક્ષિપ્ત મન આત્મસ્વરૂપ નથી, માટે મનને અવિક્ષિપ્ત જ રાખવું. વિક્ષિપ્તનો આશ્રય કરવો નહીં.

('સમાધિશતકમ્' પૃ. ૫૬)

'સમાધિશતક'ના શ્લોક ૯૮ અને તેના ઉપાધ્યાયજીએ રચેલા દોધક ૮૨ (સંસ્કૃત ૧૦૦ શ્લોકોના ગુજરાતી ૧૦૦ દોધકનો ક્રમ એકસાથે નથી ચાલતો)ના વિવેચનમાં પૂજ્યશ્રી પોતાના પદ ૧. 'આનંદ ક્યાં વેચાય ચતુર નર', ૨. 'ચેતન અનુભવ રંગ રમીજે', ૩. 'ઐસા સ્વરૂપ વિચારો હંસા' રજૂ કરે છે અને પૂ. આનંદઘનજીના ૧. 'મત કોઈ પ્રેમ કે ફંદ પડે', ૨. 'ચેતન આપ્યા કૈસે લહોહી' જેવાં પદો પણ ટાંકે છે.

'સમાધિશતકમ્'ના પૂજ્યશ્રીના વિવેચનને આધારે મૂળ સંસ્કૃત શ્લોકો અને ગુજરાતી દોધકને સમજવામાં સરળતા રહે છે.

(૭) 'અધ્યાત્મગીતા' ગ્રંથ પૂજ્યશ્રીએ સં. ૧૯૮૬માં ચૈત્ર સુદ પાંચમના દિવસે પૂર્ણ કરેલ છે. આ ગ્રંથરત્નમાં સરળ સંસ્કૃત ભાષામાં ૫૨૯ શ્લોક રજૂ થયેલા છે અને તેનું ગુજરાતી ભાષાંતર પૂ. ઋદ્ધિસાગરજીએ કરેલ છે.

અમુક સમયે રચનાકારની રચના એવી સ્વયંસ્ફુર્ત હોય છે કે તેની રચના અંદરથી આવતા વાણીના પ્રવાહમાં આપોઆપ થઈ જતી હોય છે. જેમ કે કવિવર શ્રી રવીન્દ્રનાથ ટાગોરની 'ગીતાંજલિ' કે શ્રીમદ્ રાજચંદ્રની 'આત્મસિદ્ધિ' વગેરે. ભીતરમાંથી ઉદ્ભવેલું આ ઝરણું જાણે કલકલ કરતું વહેવા માંડે છે. પૂજ્યશ્રીની આ 'અધ્યાત્મગીતા' કૃતિ પણ પ્રવાહી રીતે અને સરળ શૈલીમાં લખાયેલ છે. જેમાં ક્યાંય પરિભાષાનો ભાર નથી. અધ્યાત્મના

આકાશને સમગ્ર રીતે નીરખીને રજૂ થયેલા આ ગ્રંથમાં 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'ની જેમ ઉચ્ચ આધ્યાત્મિક વિચારો સહજ રીતે અભિવ્યક્ત થયેલા છે. તેના શ્લોકોનો આસ્વાદ માણવા જેવો છે.

'संकल्पवर्जितं ब्रह्म, विकल्पवर्जितं स्थिरम् ।
निष्क्रियं चिद्‌घनं शुद्धं, त्वमेवाऽऽत्मा स्वभावतः ।।९।।'

'અર્થાત્ (સંગ્રહનયની દૃષ્ટિએ) બ્રહ્મ બાહ્ય પદાર્થોના સંકલ્પ વગરનું શુદ્ધ સ્વરૂપ ધરાવે છે. વિકલ્પોનો ત્યાગ કરવાથી તે (સ્વયંભૂરમણ સમુદ્ર જેવો) સ્થિર છે. (બાહ્ય પુદ્‌ગલમય ક્રિયાઓનો ત્યાગ કરીને) મનને સંકલ્પ-વિકલ્પથી દૂર કરવાથી શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્રમય ચિદ્‌ઘનસ્વરૂપ જ આત્માનો સ્વભાવ છે.' ('અધ્યાત્મગીતા', પૃ. ૮)

'आत्मज्ञानं विना शान्ति-र्जायते न जगत्त्रये ।
अध्यात्मशान्तिलाभेन, प्राप्तव्यं नावशिष्यते ।।२६।।'

'અર્થાત્ ત્રણે જગતમાં આત્મજ્ઞાન વિના શાંતિ થતી નથી, અધ્યાત્મભાવમય શાંતિની પ્રાપ્તિ થયા પછી બીજું કંઈ પ્રાપ્ત કરવાનું બાકી રહેતું નથી.' ('અધ્યાત્મગીતા', પૃ. ૧૬)

'गृही त्यागी शिवं याति, यादृशस्तादृशो जनः ।
अध्यात्मज्ञानरागेण, ब्रह्मध्यानपरायणः ।।९६।।'

'અર્થાત્ ગૃહસ્થ હોય કે ત્યાગી હોય - ગમે તે વેષમાં વ્યક્તિ હોય, પણ અધ્યાત્મજ્ઞાનમાં લીન હોય તો તે બ્રહ્મધ્યાનપરાયણ બને છે (મોક્ષ પામે છે).' ('અધ્યાત્મગીતા', પૃ. ૪૦)

'गुरुगमं विना ज्ञानं कदापि नैव जायते ।
गुरुकृपां विना सत्यं, ज्ञायते नैव पण्डितैः ।।१४१।।'

'અર્થાત્ ગુરુઓની સેવા કર્યા વિના કોઈને શુદ્ધ આત્મજ્ઞાન થતું નથી. પંડિતો પણ ભલે શાસ્ત્રો ભણી જાય, પણ ગુરુકૃપા વિના સત્યને - તત્ત્વને સમજી શકતા નથી.' ('અધ્યાત્મગીતા' પૃ. ૫૫)

'स्वानुभवं विना स्वाऽऽत्मा, बाह्यतो नानुभूयते ।
शास्त्रेण च विवादेन, व्याख्यानश्रवणादितः ।।२५१।।'

'અર્થાત્ સ્વાનુભવ વિના માત્ર બાહ્ય નિમિત્તોથી આત્મા અનુભવી ન શકાય. શાસ્ત્રશ્રવણ, વાદવિવાદ, વ્યાખ્યાનશ્રવણ આદિ નિમિત્તોથી આત્માનો અનુભવ થતો નથી.' ('અધ્યાત્મગીતા', પૃ. ૯૦)

'रागद्वेषविकल्पानां नाशो यत्र प्रजायते ।
चिदानंदप्रकाशत्त्वं स्वानुभवः प्रकथ्यते ।।३००।।'

'અર્થાત્ રાગદ્વેષરૂપ વિકલ્પોનો નાશ થાય છે ત્યારે જે ચિદાનંદરૂપ પ્રકાશ પ્રાપ્ત થાય તે સ્વાનુભવ કહેવાય છે.' (અધ્યાત્મગીતા, પૃ. ૧૦૨)

'दुःखं आत्मस्वभावो न, सुखमाऽऽत्मस्वभावतः ।
दुःखं वैभाविकं चास्ति, सुखं स्वाभाविके निजे ।।३१५।।'

અર્થાત્ દુઃખ તો આત્માનો સ્વભાવ નથી, આધ્યાત્મિક સુખ એ જ આત્માનો સ્વભાવ છે. દુઃખ વિભાવદશાનું કારણ છે, જ્યારે સુખ એ સ્વાભાવિક છે. ('અધ્યાત્મગીતા, પૃ. ૧૦૬-૧૦૭')

'यत्र तर्का न गच्छन्ति यत्र नैव मनोगतिः ।
रागद्वेषलयो यत्र, तत्राऽऽत्मा जायते प्रभुः ।।३७८।।'

'અર્થાત્ જ્યાં તર્કવાદીઓના તર્કો પહોંચી શકતા નથી, જ્યાં મન પણ પહોંચી શકતું નથી, જ્યાં રાગ-દ્વેષનો લય થઈ જાય ત્યાં - તેવી સ્થિતિ થતાં આત્મા પરમાત્મા બની જાય છે.' ('અધ્યાત્મગીતા' પૃ. ૧૨૫)

'नाहं दीनो न दातास्मि, नाहं कामो न कामवान् ।
नाहं पुंवेदरुपोऽस्मि, नाहं निद्रा न निद्रकः ।।४६७।।'

'અર્થાત્ - હું દીન નથી, દાતા નથી, કાળ નથી કે કામરૂપ પણ નથી, હું પુરુષવેદ રૂપે પણ નથી, હું નિદ્રારૂપ પણ નથી કે નિદ્રાળુ પણ નથી.'

('અધ્યાત્મગીતા' પૃ. ૧૪૯)

એકધારા પ્રવાહ રૂપે લખાયેલા આ શ્લોકો સમજવામાં સરળ છે તે તેની વિશેષતા છે. આ કૃતિના શ્લોક ૫૨૦થી ૫૨૯માં પૂજ્યશ્રી જણાવે છે કે પોતાને સ્વાભાવિક સ્ફુરણા રૂપે આ કૃતિ પદ્યકારે લખાઈ ગઈ છે.

સજ્જનો તેમાંથી હંસદૃષ્ટિથી સાર ગ્રહણ કરે.

**ઉપસંહાર :**

યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરજીના અધ્યાત્મને લગતા આ ગ્રંથો જોતાં તેની કેટલીક વિશેષતાઓ નજરે ચઢે છે.

આ ગ્રંથોમાં તેઓ જૈન સાહિત્ય ઉપરાંત વેદ, ઉપનિષદો, ગીતા તથા કબીર, તુલસી, આનંદઘનજી, દેવચંદ્રજી, ઉપાધ્યાયજી વગેરેનાં વચનોને અવારનવાર ટાંક્યા કરે છે. જે તેમના વિશાળ વાંચન, ચિંતન, મનનનું સૂચન કરે છે. પ્રસિદ્ધ સાહિત્યકાર ડૉ. રમણલાલ ચી. શાહ પૂજ્યશ્રીને 'આધ્યાત્મિક અનુભૂતિ ધરાવનાર બહુશ્રુત પંડિત' તરીકે ઓળખાવે છે.' ('સમાધિશતકમ્' નિવેદન, પૃ. ૨૮) ભારતીય દર્શનોનો તથા અન્ય ધર્મોનો પણ તેમને સારો પરિચય હતો તેનો તેમનાં લખાણોના આધારે ખ્યાલ આવે છે.

અવકાશયાત્રી જ્યારે આકાશમાં જઈને પૃથ્વીને જુએ ત્યારે અખંડ પૃથ્વીનાં દર્શન થાય છે, ત્યાં દેશો વચ્ચેથી સરહદો લુપ્ત થઈ જાય છે તે જ રીતે વિચારોની એક ઊંચાઈએ પહોંચ્યા પછી ધર્મ-પંથ-સંપ્રદાયના ભેદો ઓગળી જાય છે. અઢારે આલમના અવધૂત તરીકેની તેમની ઓળખ તેમનાં લખાણોમાં પણ જોવા મળે છે. 'અધ્યાત્મગીતા' જેવા ગ્રંથમાં તો જે સરળ શૈલીમાં ઉચ્ચ વિચારો રજૂ થયા છે તેમાં તેમના મનની આવી સમન્વયકારી અવસ્થાનો ખ્યાલ આવે છે.

વળી તેમની વાણીમાં અનુભૂતિનો રણકાર છે. સોઽહમ્ સોઽહમ્ રટતાં રટતાં જે પદ રચાયું છે તે અને તેના જેવી તેમની કેટલીય કૃતિઓમાં તેમને થયેલ અનુભૂતિની પ્રતીતિ થાય છે. આપણે ત્યાં ગંગાસતી હોય કે નરસિંહ મહેતા, મીરાં હોય કે કબીર, આનંદઘનજી હોય કે ઉપાધ્યાય યશોવિજયજી - આ સૌની રચનાઓમાં જે અનુભૂતિનો રણકાર જોવા મળે છે તે પૂજ્ય યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરજીની કૃતિઓમાં પણ જોવા મળે છે.

વળી અધ્યાત્મ જેવા વિષયને રજૂ કરતી વખતે પણ તેમની ભાષામાં એક પ્રકારની સરળતા, સહજતા ટકી રહે છે. તેમની નજર સામે તો એક

સામાન્ય માણસ જ છે અને તેને ઉપયોગી થાય તેવું સાહિત્ય રજૂ કરવું એ લક્ષ્ય છે અને આ લક્ષ્યને પહોંચી વળવા માટે વિહાર હોય કે સાધના હોય કે ક્યાંક ચાતુર્માસની સ્થિરતા હોય - તેમના મનમાં ચર્વણ - વાગોળવાની ક્રિયા સતત ચાલ્યા જ કરે છે અને મંથનની ક્રિયા બાદ નવનીત મળે તે રીતે આ વિચારવલોણામાંથી નવનીત રૂપે તેમના ગ્રંથશિષ્યોનું અવતરણ થાય છે.

તેમના આ ગ્રંથોમાં સાહિત્યકારોની દૃષ્ટિએ ભાષાની ઊણપ કદાચ અનુભવાય કે કેટલાક ગ્રંથો સાવ સામાન્ય કક્ષાના વિષયોની સરળ રજૂઆત કરતાં જોવા મળે તો પણ શ્રી સ્નેહરશ્મિ કહે છે ('સમાધિશતકમ્', પ્રસ્તાવના, પૃ. ૨૧) તેમ 'અધ્યાત્મના આ ગ્રંથોમાં ભાષા કરતાં ભાવ અગત્યના છે.'

# 'શ્રી આનંદઘન પદસંગ્રહ : ભાવાર્થ'માં પ્રગટતી પ્રતિભા

- ડૉ. કાંતિભાઈ બી. શાહ

અધ્યાત્મજ્ઞાની, યોગનિષ્ઠ આરાધક-સાધક અને વીર ઘંટાકર્ણ તીર્થના પ્રણેતા તરીકે આચાર્યશ્રીની પ્રતિભાથી દેશ-વિદેશવાસીઓ સુપેરે પરિચિત છે. સાથે શતાધિક ગ્રંથોના રચયિતા તરીકે જૈન સાહિત્યમાં એમનું ઘણું મોટું પ્રદાન રહ્યું છે.

વીસેક સંસ્કૃત ગ્રંથો, બારેક ભજનસંગ્રહો, પંદરેક જૈન પૂજાઓ, શ્રીમદ્ દેવચંદ્રજીની સ્તવન-ચોવીસી અને એના સ્વોપજ્ઞ બાલાવબોધ સહિતના વિશાળ ગ્રંથો, આનંદઘનજીની ભાવાત્મક સ્તુતિ અને જીવનચરિત્ર, આનંદઘન પદસંગ્રહ પરનો ભાવાર્થ, સાંપ્રત સમાજને આપેલો સંદેશ, અધ્યાત્મજ્ઞાન વિશેનું ચિંતન - આ બધાં સર્જનોમાં કવિ, ચિંતક, ચરિત્રકાર, વિવેચક, સંશોધક તરીકે પૂજ્યશ્રીની સર્જકપ્રતિભા પ્રકાશમાન થઈ છે.

આ વિપુલ સામગ્રીમાંથી મારે એમના 'શ્રી આનંદઘન પદસંગ્રહ' પરના ભાવાર્થલેખન વિશે થોડી વાત કરવાની છે.

આનંદઘનજી ૧૭મી સદીના આત્મસ્વરૂપનો તલસાટ અને અધ્યાત્મદશાની લગન ધરાવતા, નિજાનંદમાં મસ્ત, ધ્યાની, અવધૂત કોટીના મહાત્મા. એમની સાચી ઓળખ ઉપાધ્યાય યશોવિજયજીએ એમની સાથેના મિલનપ્રસંગ પછી રચેલી 'આનંદઘન અષ્ટાપદી'માં વ્યક્ત થતી સંવેદનામાંથી મળી રહે

છે. આ મરમી આનંદઘનજી સાથેની મુલાકાત પછી ઉપાધ્યાયજી લખે છે -

'આનંદઘન કે સંગ સુજસ હી મિલે જબ, તવ આનંદ સમ ભયો સુજસ,
પારસ સંગ લોહા જો ફરસત, કંચન હોત હી તાકે કસ.'

લોઢું પારસમણિને સ્પર્શતાં કંચન બની જાય તેવી દશા આનંદઘનને મળતાં આ સુજસની થઈ. આમાં ઉપાધ્યાયજીની નમ્રતા તો છે જ, સાથે આનંદઘનજીના વ્યક્તિત્વની ગરિમા પણ છે. 'આનંદઘન ચોવીસી' અને 'આનંદઘન બહોંતેરી'માં એમનું અનુભૂતિને પામેલું અવધૂ વ્યક્તિત્વ જોવા મળે છે. એમનાં પદોમાં શુદ્ધ ચેતનતત્ત્વને પામવાની ઝંખના અને વલોપાત છે.

આવા અવધૂ આત્માની કવિતાને પચાવવી, એનું સમુચિત ભાવન કરવું એ સામાન્ય ભાવકને માટે સરળ વાત નથી. યોગ-અધ્યાત્મના વિશેષજ્ઞ, યોગી-ધ્યાની આત્મા જ એનો સાચો ન્યાય આપી શકે અને આવું ભગીરથ કાર્ય આચાર્યશ્રીએ સફળતાથી પાર પાડ્યું છે.

આ પદસંગ્રહના ભાવાર્થલેખનનું કાર્ય ક્યારે ને કઈ રીતે હાથ ધરાયું એનો થોડોક રસિક ઇતિહાસ તપાસીએ.

સં. ૧૯૩૦માં જન્મેલા આચાર્યશ્રી સં. ૧૯૫૭માં દીક્ષિત થયા અને એના એક દશકા પછી મુંબઈ ખાતે સં. ૧૯૬૭ના વૈશાખ સુદ ૧થી એમણે ભાવાર્થલેખનનો આરંભ કર્યો. જોકે આનંદઘનજીનાં પદો પરત્વે એમનાં રસરુચિ તો સં. ૧૯૫૦થી એટલે કે ૨૦ વર્ષની ઉંમરથી જાગ્રત થયાં હતાં. અને એ પદો અંગે મનમાં ચિંતવન ચાલ્યા કરતું હતું. તેઓ લખે છે કે 'આનંદઘનજીનાં પદો વાંચતાં ને શ્રવણ કરતાં મારું મન એમાં લીન થઈ જતું.'

હવે બન્યું એવું કે ભાવનગરના શાહ વ્રજલાલ દીપચંદ પાસે પંન્યાસ ગંભીરવિજયજીએ લખાવેલા અર્થવાળાં, આનંદઘનનાં ૫૦ પદો હતાં, તેમજ ઝવેરી માણેકલાલ ઘેલાભાઈની એક નોટમાં ૩૬ પદો હતાં. પણ આ બંને નોટબુકોમાં પદોનો ભાવાર્થ સંક્ષેપમાં હતો. વળી એમાં પૂજ્યશ્રીને આધ્યાત્મિક વિચારોનો સમાવેશ થયેલો ન જણાતાં એમણે પોતાના ઊંડા અધ્યાત્મજ્ઞાનના

દૃષ્ટિકોણથી ભાવાર્થ લખવાનું નક્કી કર્યું જેથી પોતાના અનુભવોનો લાભ ભાવકોને મળી શકે.

હળવી રમૂજ કરતાં એમણે મુંબઈ માટે 'ઉપાધિપુર' શબ્દપ્રયોગ કર્યો છે. એમાંયે લેખનનો આરંભ કર્યો ત્યારે વૈશાખ માસની ઉનાળાની ગરમી. પણ તેઓ લખે છે : 'આ ગ્રીષ્મકાળમાં શ્રી આનંદઘનજીનાં પદોની ભાવાર્થરૂપી શીતળ હવાની સેવાથી અંતરમાં સમાધિ રહી.' આ ઉદ્ગારમાં પૂજ્યશ્રીની આનંદઘન-પદપ્રીતિ કેવી હશે તે સહેજે કલ્પી શકાય છે.

સં. ૧૯૬૭ના વૈશાખમાં શરૂ કરેલો ભાવાર્થ સં. ૧૯૬૮ના કારતકમાં તો એમણે પૂરો કર્યો ને સં. ૧૯૬૯માં ગ્રંથનું પ્રકાશન પણ થયું. એની પણ નોંધ લઈએ કે પૂજ્યશ્રીના સૂરિપદની શતાબ્દીની સાથે સાથે જ, આ ગ્રંથપ્રકાશને પણ તાજેતરમાં જ ૧૦૦ વર્ષ પૂરાં કર્યાં છે.

પૂજ્યશ્રીએ આ ગ્રંથના વિસ્તૃત ભાવાર્થ થકી વિવેચનકાર્ય કર્યું છે. એટલું જ નહીં, આનંદઘનનાં પદોની વાચના માટે એમણે હસ્તપ્રત-સંશોધનમાં જવાનું પણ પસંદ કર્યું છે. *જોકે ભીમસિંહ માણેકે પ્રકાશિત કરેલી મુદ્રિત* પ્રતને આધારે એમણે ૧૦૮ પદોનો ભાવાર્થ આપ્યો છે. પણ સાથે સાથે અન્ય પ્રાપ્ય હસ્તપ્રતોને પણ એમણે ઉપયોગમાં લીધી છે. જેમાં અમદાવાદ ડહેલાના ઉપાશ્રયની પ્રત, પ્રવર્તક કાંતિવિજયજી પાસેની પ્રત, પંડિત વીરવિજયજી પાસેની પ્રત, પાટણ ભંડારની પ્રત અને પોતાની પાસેની એક હસ્તપ્રત - એમ પાંચ હસ્તપ્રતો જોઈ જોઈને એમાંથી પાઠપસંદગી કરી છે. ગ્રંથમાં કેટલાંક મહત્ત્વનાં પાઠાંતરો પણ નોંધ્યાં છે ને ક્વચિત્ એ પાઠાંતરનો પણ ભાવાર્થ આપ્યો છે. જોઈ શકાશે કે પદવિવરણની સાથે તેઓશ્રી સંશોધન પ્રક્રિયામાં પણ ગયા છે.

જે હસ્તપ્રતો એમણે મેળવી એ બધીમાં આનંદઘનજીનાં ૭૫ કે એનાથી થોડાંક ઓછાંવત્તાં પદો લખાયેલાં છે. વળી આ પદો 'આનંદઘન બહોંતેરી' તરીકે જ ઓળખાયેલાં છે. એટલે સામાન્ય અનુમાન એવું છે કે આનંદઘનજીએ ૭૨ પદો રચ્યાં છે. બાકીનાં, ભીમસિંહ માણેકની મુદ્રિત પ્રતમાં મળતાં ૧૦૮

પદો છે તેમાં અન્યોએ રચેલાં પ્રક્ષિપ્ત પદો છે.

મોહનલાલ દલીચંદ દેસાઈએ તો એમના એક લેખમાં આવા અન્ય રચયિતાઓનાં નામો પણ આપેલાં છે, અને એમને નામે મળતાં પદો સાથે પ્રક્ષિપ્ત પદોનું સામ્ય પણ દર્શાવેલ છે. આ બાબતે પૂજ્યશ્રી શું વિચારે છે? બધી હસ્તપ્રતોમાં ૭૨ આસપાસનાં પદો છે એ વાત તેઓ સ્વીકારે છે પણ એમનું એક અનુમાન એવું પણ છે કે આનંદઘનજીએ ૭૨ જેટલાં પદો રચ્યા પછી પણ વિહારમાં પદો રચાતાં ગયાં હોય અને પાછળથી રચાતાં ગયેલાં પદો એમાં ઉમેરાતાં ગયાં હોય. એટલે અંતે પૂજ્યશ્રીએ મુદ્રિત પ્રતનાં તમામ ૧૦૮ પદોનો ભાવાર્થ લખવાનો નિર્ણય લીધો છે અને પદોનો ક્રમ પણ મુદ્રિત પ્રતનો જ જાળવ્યો છે.

એમનું એક અનુમાન એવું પણ છે કે જેને આપણે કબીર, સુરદાસ આદિનાં પ્રક્ષિપ્ત પદો માનીએ છીએ એ પદો આનંદઘનજીનાં પણ હોય ને કબીર, સુરદાસ આદિનાં પદોમાં એ સામેલ થઈ ગયાં હોય. જોકે આમ જ થયું છે એમ તેઓ કહેતા નથી, પણ એમનો આ પણ એક તર્ક છે. તેઓ કહે છે કે પર્યાપ્ત સંશોધન વિના કોઈ નિર્ણય પર આવી ન શકાય.

ભાવાર્થ લખતાં પૂજ્યશ્રીની નમ્રતા જુઓ. તેઓ લખે છે - 'ભણ્યો ભૂલે અને તારો ડૂબે એ ન્યાયની પેઠે... સંતોષ નથી. કેમ કે જેટલું પરાવાણીમાં પ્રગટે છે તેટલું વૈખરીમાં આવી શકતું નથી.'

ચોવીશી અને પદોની ભાષાને આધારે આચાર્યશ્રી એવા અનુમાન ઉપર આવ્યા છે કે આનંદઘનજીની જન્મભૂમિ ગુજરાત છે. એમનો આ તર્ક યથાર્થ જણાય છે. પદરચનાની પહેલાં એમણે ચોવીશી રચી છે. એની ભાષા અને શબ્દભંડોળ મુખ્યતઃ ગુજરાતી છે. પછીથી તેઓ વિહાર કરતા મારવાડ-મેવાડ બાજુ ગયા હોઈ પછીથી રચાયેલી પદરચનાઓમાં મિશ્ર છાંટવાળી હિંદી ભાષા પ્રયોજાઈ છે.

આનંદઘનજીએ એમનાં પદોમાં આધ્યાત્મિક સંબંધોનું સંયોજન વ્યાવહારિક-સાંસારિક કુટંબીજનોનાં રૂપકો દ્વારા કર્યું છે. જેમ કે ચેતન પતિ છે, સુમતિ

પત્ની છે, કુમતિ શોક્ય છે, વિવેક અને જ્ઞાન સુમતિના પુત્રો છે. અનુભવ મિત્ર છે. સુમતિ-કુમતિ કે સમતા-મમતાના સંવાદો દ્વારા કવિ સમ્યક્ત્વ આચરણાની અને એમાં વિઘ્નરૂપ થતાં રાગદ્વેષ અને ક્રોધાદિ કષાયોને છેદવાની વાત કરે છે. આધ્યાત્મિક અનુભૂતિથી આ પદો રસાયેલાં છે.

આ પદોના ભાવાર્થલેખનમાં બહિર્ભાવ ટળે અને સાચી આત્મદશા પ્રાપ્ત થાય. બહિરાત્મા અંતરાત્મા પ્રતિ અભિમુખ બને, જીવના બાહ્ય સંબંધોની સાથે અંતરાત્માના સાચા સંબંધોની ઓળખ પ્રાપ્ત થાય એ પ્રકારે અધ્યાત્મદશાના દૃષ્ટિબિંદુથી પૂજ્યશ્રીનું આલેખન થયું છે. તો દંભી અધ્યાત્મીઓને ચાબખા પણ માર્યા છે. તેઓ લખે છે - 'અધ્યાત્મજ્ઞાનના નામે કેટલાક આજીવિકાવૃત્તિ ચલાવીને સ્વાર્થ સાધે છે તેવા ખોટા ડોળઘાલુ અધ્યાત્મીઓથી ચેતતા રહેવું.'

હવે, આચાર્યશ્રી ભાવાર્થ-લેખનમાં પદોનું કેવું મર્મોદ્ઘાટન કરી આપે છે એનાં થોડાંક ઉદાહરણો જોઈએ-

એક પદમાં આનંદઘનજી લખે છે -

'રે ઘરિયારી બાઉરે ! મત ઘરિય બજાવે,
નર સિર બાંધત પાઘરી, તું ક્યા ઘરિય બજાવે રે !'

આનો સીધો વાચ્યાર્થ થાય : 'હે બ્હાવરા-ભોળા ઘડિયાળી ! તું ઘડીને વગાડીશ નહીં. કેમ કે પુરુષો મસ્તક પર પાઘડી બાંધે છે. તું શું ઘડી વગાડવાનો હતો !'

ભાવકને અહીં બીજી પંક્તિનો અર્થાન્વય બેસી જ ન શકે. પણ પૂજ્યશ્રીએ અહીં 'પાઘડી'માંના શબ્દશ્લેષને પકડ્યો છે. શબ્દને 'પા ઘડી' એમ વિભાજિત કરાયો છે. સમગ્ર પંક્તિનો ધ્વનિ એ છે કે વૈરાગી ને જ્ઞાની પુરુષો એમ કહેવા માગે છે કે જીવનમાં પા ઘડીનો પણ વિશ્વાસ, વિલંબ કરવા જેવો નથી. માથે કાળ ભમે છે. વળી, અહીં આચાર્યશ્રી આગમકથિત દૃષ્ટાંત ટાંકવાનું પણ ચૂક્યા નથી. મહાવીર પ્રભુએ ગૌતમને આમ જ કહેલું કે હે ગૌતમ ! તું ક્ષણમાત્રનો પણ પ્રમાદ કરીશ નહીં.

એ જ રીતે 'અંજલિ-જલ જ્યું આયુ ઘટત હૈ' પંક્તિનો ભાવાર્થ લખતાં

કહે છે, 'દશ દૃષ્ટાંતે દુર્લભ એવા મનુષ્યજન્મને વ્યતીત કરવો ઉચિત નથી.' આ 'દશ દૃષ્ટાંતે દુર્લભ' એવા ઉલ્લેખમાં શ્રી હરિભદ્રસૂરિના 'ઉપદેશપદ'નો સંદર્ભ અપાયો છે. આમ આગમ-આગમેતર ગ્રંથોમાંથી યોગ્ય દૃષ્ટાંતોના સંદર્ભો પૂજ્યશ્રીનો ઊંડો શાસ્ત્રાભ્યાસ સૂચવે છે.

પદ-પની પંક્તિ 'થિરતા એક સમયમેં ઠામે, ઉપજે વિણસે તબ હી' એમાં આત્મારૂપ દ્રવ્ય જે હરકોઈ સમયમાં ધ્રુવ છે તેનો પર્યાયથી ઉત્પાદ અને વ્યય પણ છે - આ દ્રવ્યગુણપર્યાયની વાત પૂજ્યશ્રી વિસ્તારથી સમજાવે છે.

પદોમાં પ્રયોજાયેલાં રૂપકો-અન્યોક્તિઓને આચાર્યશ્રી આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી સ્પષ્ટ કરી આપે છે.

'મઠમેં પંચભૂતકા વાસા, સાસાધૂત ખવીસા' અહીં મઠ તે દેહ, એમાં ક્યાં ભૂત, ધૂર્ત અને ખવીસ વસે છે? પંચમહાભૂતો અને શ્વાસોચ્છ્વાસરૂપી ધૂર્ત-ખવીસોનો વાસ છે.

એક પદમાં આનંદઘનજીએ સુબુદ્ધિ/સુમતિને રાધિકાનું અને કુબુદ્ધિને કુબ્જાનું રૂપક આપીને બંનેને ચોપાટ રમતાં કલ્પ્યાં છે જેમાં અંતે રાધિકાની જીત થાય છે. ચોપાટની રમતનું અર્થઘટન પૂજ્યશ્રીએ કુબુદ્ધિથી પ્રેરિત જીવોનું ચતુર્ગતિમાં અનંતકાળ થતું પરિભ્રમણ એ રૂપે કર્યું છે અને રાગ-દ્વેષને ચોપાટના પાસાઓ કહ્યા છે. ભાવાર્થમાં એ જ રૂપકને આગળ વધારીને આચાર્યશ્રી આત્મરૂપી કૃષ્ણની કલ્પના કરે છે. આ આત્મકૃષ્ણને ચારિત્રરૂપી પુત્ર છે. સદુપદેશરૂપી શંખ છે, ધ્યાનરૂપી ચક્ર છે. આ કૃષ્ણ સપ્તભયો રૂપી સર્પ ઉપર વિજય મેળવે છે. આમ ભાવાર્થલેખનમાં એમની કલમ ક્વચિત્ તત્ત્વગર્ભ કલ્પનોમાં પણ વિહરતી જોઈ શકાય છે.

ગંજીફાની રમતનું ચિત્રાલેખન આનંદઘનજી આ રીતે કરે છે -

'પાંચ તલે હે દુઆ ભાઈ, છકા તલે હે એકા
સબ મિલ હોત બરાબર લેખા, યહ વિવેક ગિનનેકા.'

કડીનો સીધો વાચ્યાર્થ આમ થાય - 'ગંજીફાની રમતમાં પંજાની નીચે

દૂરી છે ને છક્કાની નીચે એક્કો છે. વિવેકપૂર્વક ગણતાં સંખ્યાનો મેળ બરાબર થાય છે.' અહીં સામાન્ય ભાવકને તો આ કોયડો જ લાગે. કવિ કોને ગંજીફો કહે છે ? ને એનાં પંજો, દૂરી, છક્કો, એક્કો કોણ ?

આ આખી કડીનો ભાવાર્થ આચાર્યશ્રી કેવી રીતે આપે છે તે જુઓ : પંજો તે પાંચ ઇન્દ્રિયો. એના પરનો વિજય એટલે રાગ-દ્વેષરૂપી દૂરી પરનો પણ વિજય. છક્કો તે છ લેશ્યાઓ. એના પરનો વિજય એટલે એની સાથે સંલગ્ન મનરૂપી એક્કાનો વિજય.

બીજું અર્થઘટન આપતાં તેઓશ્રી કહે છે,

અનંતાનુબંધી કષાય અને અપ્રત્યાખ્યાની કષાયને જીતીને માનવી પાંચમું ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે. એમાં બે ગુણસ્થાનક ઉમેરતાં સાતમું અપ્રમત્ત ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે. પછી આગળનાં છ ગુણસ્થાનકો ઓળંગીને અયોગી કેવલી ગુણસ્થાનકમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી એક છેલ્લું ૧૪મું ગુણસ્થાનક પામી જીવ પરમાત્મા-સિદ્ધબુદ્ધ થાય છે. જોયું ? ગંજીફાનાં પંજો-દૂરી-છક્કો-એક્કોને એમણે ૫+૨+૬+૧ = ૧૪ ગુણસ્થાનક સાથે જોડી આપ્યાં. ભાવાર્થલેખનમાં આ જ તો છે આચાર્યશ્રીની પ્રગટ થતી પ્રતિભા.

સૂરિજીએ કેટલાંક પદોનો ભાવાર્થ તો અત્યંત વિસ્તારથી આપ્યો છે. પદ ૫૬નો ભાવાર્થ ૨૨ પાનાંમાં છે. એની બીજી કડીના ભાવાર્થમાં પુરાણોમાં પ્રતિપાદિત શ્લોકોનો સંદર્ભ ટાંકીને કર્મવાદની વિસ્તૃત ચર્ચા કરાઈ છે. તો ત્રીજી કડીમાં 'પર ઘર ભમતાં સ્વાદ કિયો લહે ?' એ પંક્તિ સંદર્ભે વ્યવહારજગતમાં પુરુષની પરસ્ત્રીલંપટતા અને સ્ત્રીની પરપુરુષલંપટતાની વિસ્તૃત ચર્ચા કરી, એના ઉપાય તરીકે ગુરુકુળની બ્રહ્મચર્યની કેળવણી ઉપર ભાર મુકાયો છે. આમ સાંપ્રત પરિસ્થિતિને અનુલક્ષીને એમણે સમાજને સંદેશ ને સૂચન આપ્યાં છે. જે સો વર્ષ પછી પણ વર્તમાન સમાજને એટલાં જ ઉપયોગી છે. પાંચમી કડીમાં 'બંધુ વિવેક પિયુડો બુઝવ્યો' એ પંક્તિને અનુલક્ષીને એમણે સમાજમાં વિવેકનું માહાત્મ્ય દર્શાવ્યું છે.

પદ ૯૯ અવળવાણી સ્વરૂપે રચાયું છે. માત્ર ૬ કડીના આ પદ માટે ૩૦ પાનાંનો ભાવાર્થ એ સમગ્ર ગ્રંથ પૈકીનો સૌથી વિસ્તૃત ભાવાર્થ છે.

પ્રત્યેક કડીની અવળવાણીનો ગર્ભિતાર્થ પૂજ્યશ્રીએ વિશદતાથી ઉકેલી આપ્યો છે, એ પણ પાછો એકાધિક અર્થઘટનો આપીને.

પદમાં બુદ્ધિના કથન રૂપે આવતી કડી આ પ્રમાણે છે.

'સસરો હમારો બાલો ભોળો, સાસુ બાલકુંવારી,
પિયુજી હમારો પોઢ્યો પારણીએ, તો મેં હું ઝુલાવનહારી.' (૨)

આચાર્યશ્રીનું પહેલું અર્થઘટન - વ્યવહાર સમ્યક્ત્વ તે સસરો. વ્યવહાર ધર્માચરણા તે સાસુ. નિશ્ચયનયની અપેક્ષાએ આ બંને વ્યવહાર બાળક સમાં, ભોળાં એથી જ સસરાને 'બાલોભોળો' અને સાસુને 'બાલકુંવારી' કહી. આ બંને વડે અંતરાત્માની ઉત્પત્તિ તે પુત્ર. એટલે કે બુદ્ધિનો પતિ. બુદ્ધિ આત્મારૂપ પતિને અનેક પરિણામરૂપ પારણામાં ઝુલાવનારી છે.

બીજું અર્થઘટન : મિથ્યાત્વ આચરણારૂપ ભોળાં અજ્ઞાત સાસુ-સસરા. પરિણામે પહેલા ગુણસ્થાનકમાં વસતો બહિરાત્મારૂપ પુત્ર તે બુદ્ધિનો સ્વામી. એને બુદ્ધિ પરભાવની પરિણતિરૂપ દોરીથી ઝુલાવે છે.

ત્રીજું અર્થઘટન : શુદ્ધ અંતઃકરણવાળા સદ્‌ગુરુ તે ભોળા, સરળ સસરા. સદ્‌ગુરુની સત્યભાષી વાણી તે સાસુ. આત્મા તે બુદ્ધિનો પિયુ. બુદ્ધિ પ્રમાદને પારણે પોઢેલા બહિર્ભાવી આત્માને અધ્યવસાયની દોરીથી ઝુલાવે છે.

આનંદઘનજીનાં પદો વિષયની ગહનતા કે અનુભૂતિના ઉદ્‌ગાર રૂપે જ નોંધપાત્ર છે એમ નથી, અંત્યાનુપ્રાસ, આંતરપ્રાસ, શબ્દાનુપ્રાસ, વર્ણસગાઈ દ્વારા કૃતિનું બહિરંગ પણ સૌંદર્યમંડિત થયું છે. દા. ત.

'ભ્રાત ન તાત ન માત ન જાત ન ગાત ન વાત ન લાગત ગોરી,
મેરે સબ દિન દરસન પરસન, તાન સુધારસ પાન પયોરી.'

કોઈ કાવ્યરસિકને પ્રશ્ન થાય કે આચાર્યશ્રી એમના ભાવાર્થલેખનમાં આનંદઘનજીનાં પદોની કાવ્યાત્મકતા- કાવ્યસૌંદર્યની તો વાત જ કરતા નથી. પરંતુ એક વાત સ્પષ્ટ છે કે સૂરિજીને કાવ્યસૌંદર્યનો રસાસ્વાદ કરવાનું અભિપ્રેત જ નથી. એમને તો આનંદઘનજીના પ્રત્યેક ઉદ્‌ગારનું આધ્યાત્મિક મર્મોદ્‌ઘાટન કરવાનું જ અપેક્ષિત છે. એ જ આ યોગનિષ્ઠ મહાત્માનો

રસાસ્વાદ છે. અને એ લક્ષ્ય રાખીને જ એમણે આ ભાવાર્થલેખનનો આરંભ કર્યો છે.

એકંદરે, આનંદઘનજીનાં પદોમાં તીવ્ર રસરુચિ હોવા સાથે આ ભાવાર્થમાં વિશદતા, તર્કબદ્ધતા, સરળતા, વિચારોની સ્પષ્ટતા, દૂરંદેશિતા, તલાવગાહિતા, બહુશ્રુતતા, આત્મજ્ઞાન અને આધ્યાત્મિકતાના દૃષ્ટિકોણની અભિપ્રેતતા વગેરે તરી આવતી લાક્ષણિકતાઓ છે, જે આ યોગનિષ્ઠ આચાર્યની બહુમુખી પ્રતિભાની સુપેરે પ્રતીતિ કરાવે છે.

# અનોખી કાવ્યપ્રતિભા

- નલિની દેસાઈ

ગુજરાતી ભાષામાં એક સુંદર શબ્દ છે અને તે છે અખિલાઈ. અખિલાઈથી જોવું એટલે સમગ્ર દર્શન કરવું. સામાન્ય રીતે વ્યક્તિ જગતના કોઈ એક વિષયને જોતી હોય છે ત્યારે સમગ્ર આકાશને જોનારી વ્યક્તિ વિરલ હોય છે. યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી આવી વિરલ વિભૂતિ હતા. જેમણે માત્ર જૈનસમાજને જ જોયો નહિ બલ્કે દેશની વિવિધ જાતિઓ અને અખંડ દેશ વિશે ચિંતન કર્યું. એમણે યોગના ઉત્તુંગ શિખર પર બેસીને આત્મસાધના કરી તો એમણે સાધકોને જીવનસાધનાનો માર્ગ બતાવ્યો. જૈન આચાર્યની એકેએક ક્રિયા અને સાધના કરવાની સાથોસાથ એમણે સાહિત્ય જગતમાં પણ વિહાર કર્યો. રમણલાલ વસંતલાલ દેસાઈ કે મહાકવિ ન્હાનાલાલ જેવાએ યોગનિષ્ઠ આચાર્યશ્રીની પ્રતિભાનો સ્પર્શ અનુભવીને એમને વિરલ વિભૂતિ કે અવધૂત આનંદઘન સાથે સરખાવ્યા છે.

બહેચરદાસમાંથી દીક્ષા લઈ બનેલા આચાર્યશ્રી બુદ્ધિસાગર-સૂરીશ્વરજીની કાવ્યરચનાઓ વિવિધ વિષયોનું નિરૂપણ કરતી કવિતાઓ છે. જ્યાં સુધી સરસ્વતી પ્રસન્ન ન થાય ત્યાં સુધીની ઘણી પ્રતિજ્ઞાઓ પણ લે છે. અને એક દિવસ એમના સહાધ્યાયી મિત્ર વત્સરાજ જીજી બારોટ જે કવિતાઓ બનાવીને ક્યારેક ક્યારેક ગાતા હતા તે વખતે આ બહેચરદાસને મનમાં પ્રશ્ન

થાય છે કે હું પણ શા માટે કવિતા ન બનાવું. અને કવિતાના શ્રીગણેશ થાય છે. તે સમયે બહેચરદાસની ઉંમર એટલી મોટી નહોતી. એટલે પ્રથમ ઈશ્વરને સ્મરીને કાવ્ય કરે છે :

'ઓ ઈશ્વર માબાપ તું, તું છે તારણહાર;
સારો કર મુજને પ્રભુ ! લે મારી સંભાળ.
સારી વિદ્યા આપ તું, દુર્ગુણ દોષો ટાળ,
કૃપા કરી મુજને પ્રભુ ! ગણજે તારો બાળ.
જગતમાં મોટો તું ધણી, તું મોટો રખેવાળ,
સત્ય માર્ગમાં દોરજે, કરજે મુજ પર વ્હાલ.
મારા સહુ અપરાધને, કરજે પ્રેમે માફ,
ભૂલચૂક સુધારીને મનને કરજે સાફ,
અલ્પબુદ્ધિ છે મ્હારી, આપો મુજને જ્ઞાન,
નમન કરું વંદું સદા, આપો મુજને જ્ઞાન.'

આ નાની કવિતાથી શરૂઆત કરનાર બહેચરદાસની કવિતાયાત્રા પછી તો આજીવન ચાલે છે.

અહીં આપણને પ્રાર્થના યાદ આવે,

'ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ, થાય અમારાં કામ...'

આમ ઈશ્વરના દરબારમાં આપણાથી જે કંઈ પણ ભૂલ થાય તેની માફી માંગવાની વાત હોય અને ભૂલ થાય તો મનને સુધારીને સાફ કરવાની વાત હોય છે. 'સ્તવન-સંગ્રહ', 'ભજન-પદ સંગ્રહ', 'અધ્યાત્મ ભજનસંગ્રહ', 'પૂજા સંગ્રહ' - આ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીએ રચેલાં કાવ્યોના સંગ્રહો છે.

સ્તવન સંગ્રહમાં વિવિધ વિષયોનું નિરૂપણ કરતાં સ્તવનો છે. આ સ્તવનોમાં ક્યાંક તે કયા રાગમાં ગાઈ શકાય કે આ સ્તવનનો કયો રાગ છે, આ સ્તવન ક્યા ઢાળમાં ગાઈ શકાય તે પણ તેમણે મૂક્યું છે. દરેક કવિતાને અંતે બુદ્ધિસાગર કે બુદ્ધ્યબ્ધિ એમ આવે છે. જેમ મધ્યકાલીન કવિતામાં નરસિંહ, મીરાં કે દયારામ કાવ્યના અંતે પંક્તિમાં તેમના નામનો ઉલ્લેખ કરે

છે. તેમણે શ્રી વીરકુમારનું હાલરડું શીર્ષકથી વીરકુમારની વાત કરી છે તો આપણને શિવાજીનું હાલરડું યાદ આવે. માતા જીજાબાઈ ઝુલાવે, શિવાજીને નીંદરું ન આવે. એનું સ્મરણ તરત જ થાય.

સ્તવન સંગ્રહમાં ૨૮૪ સ્તવનો છે. પ્રભુના અગમ્ય સ્વરૂપની વાત, તો પ્રભુને વિજ્ઞપ્તિની વાત તેમનાં કાવ્યોમાં છે. તેમના સ્તવનસંગ્રહમાંથી પસાર થતાં લાગે કે તેમણે માત્ર જિનેશ્વરની ભક્તિ, સ્તુતિ કે સ્તવનો નથી લખ્યાં પણ તેમણે 'અર્હં ખુદા' અર્હં સ્વરૂપ અલ્લાપરમાત્મધ્યાન જેવાં કાવ્યોમાં સર્વધર્મદર્શન કરાવ્યાં છે. કવિતા હિંદીમાં લખાયેલી છે. તેમણે જૈન ધર્મના વ્રત-તપની સ્તુતિ પણ આલેખી છે. ચોવીશ તીર્થંકરનાં સ્તવન છે. આ બધું ઉપરાંત જાણે કે એક માત્ર શ્રદ્ધા ઈશ્વરમાં જ તેમને છે તેઓ પોતે જાણે કે ઈશ્વરને - પ્રભુને જ સમર્પિત છે. જે કંઈ પણ થાય છે તેમાં ઈશ્વરી સંકેત છે. તેમ તેમનું માનવું હોય તેમ તેમની કાવ્ય રચનાઓમાંથી પસાર થતાં લાગે. વળી એક વિશેષતા એ પણ જોવા મળી કે તેમણે દરેક કાવ્ય કઈ તિથિ, સંવત અને કયા સ્થળે રચ્યું છે તેની નોંધ પણ કરી છે અને છેવટે તો જે જીભ જિનવરને સ્તવે, તે જીભને પણ ધન્ય છે એમ તેઓ કહે છે.

ભજનપદ સંગ્રહમાં વિવિધ વિષયોનું નિરૂપણ કરતી કાવ્યરચનાઓ છે. મધ્યકાલીન કવિ અખો 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા' એમ કહે છે. અહીં તેમનું એક કાવ્ય જ 'બ્રહ્મસત્ય જગત મિથ્યા' એવા શીર્ષકથી મળે છે. આ સંગ્રહમાં આત્મા, અધ્યાત્મ, માયા, માયાનું સ્વરૂપ, યોગ, યોગરહસ્ય, વ્યવહારજ્ઞાન, સદ્ગુરુ દર્શન આવા અનેક વિષયોમાં તેમની કાવ્યરચનાઓ છે. આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની આ રચનાઓમાંથી પસાર થતાં લાગે કે તેમણે જગતને જાણે કે બહુ જ નજીકથી નિહાળ્યું છે. તેમના અનુભવનો નિચોડ અર્ક તેમની કવિતામાં પ્રતીત થતો હોય તેમ લાગે છે. તેમની કવિતાઓ દ્વારા તે આપણને જગતનાં દર્શન કરાવે છે. આ જગત કેવું છે તે જોવાની દૃષ્ટિ આપણને આપે છે. આ જગત આખું માયા જેવું છે. એ માયાને મૂકીને, મોહને મૂકીને જે જગત છે તેને સ્વીકારી લો તેમ તેમની કવિતા વાંચતાં લાગે છે. અહીં જાણે કે આખો જ્ઞાનમાર્ગ ખૂલી જાય છે. જ્ઞાનની મસ્તી કેવી હોય :

'અબ હમ અજરામર અવિનાશી, જ્ઞાનાનંદ વિલાસી,
તીજ ભુવનમેં દૃષ્ટિ દીધી, વસ્તુ પરખી લીધી
વસ્તુ સ્વરૂપે, આનંદ પાયો, ઘટમેં નિરખી ઋદ્ધિ
જેનું હશે તે ભોગવી લેશે અવર તણી શી ઉદાસી ?
ભેદ જ્ઞાનથી ભ્રમણા ભાગી, આપોઆપ પ્રકાશી
પર તે પોતાનું નહીં થાણે, જોતાં જાગી જણાશે
ખોજો ઘટમાં ગુરુગમ જ્ઞાને, શુદ્ધ તત્ત્વ પરખાશે
આદિ અંત ન જેનો આવે, સકલ કલાથી સુહાવે
બુદ્ધિસાગર આતમ ગાતાં, પાર કબૂ નહિ આવે.'

આમ તેમણે અહીં જ્ઞાનમસ્તી કેવી છે તેની વાત કરી છે. જેમ અખો અદ્વૈતવાદની વાત તેની કવિતામાં કરે છે તેમ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ તેમની કવિતામાં સ્યાદ્વાદની વાત કરી છે. તેમણે ગઝલ, કવ્વાલી, દીર્ઘકાવ્યો, કક્કો વગેરે વિવિધ સ્વરૂપોમાં કાવ્ય રચનાઓ કરી છે. શિખરિણી, મનહર, છપ્પય, ઝૂલણા વગેરે છંદોનું વૈવિધ્ય પણ તેમની કવિતામાં છે. તેમનાં ઘણાં ખરાં કાવ્યોનો રાગ ધીરાના પદને યાદ કરાવે તેવો છે તો પ્રેમાનંદના આખ્યાનને પણ યાદ કરાવે તેવા છે. તેમની કવિતામાં રાગનું પણ વૈવિધ્ય છે. આ બધું જોતાં એમ લાગે કે તેમની કવિતા રચવા માટેની સમજ એકદમ સૂક્ષ્મ છે.

તેમની ગઝલોમાં કેટલું વૈવિધ્ય છે. થોડાંક ઉદાહરણો જોઈએ :

'અહો દૈવની ગતિ ન્યારી, સહુ પ્રાણીને લઈ ભારી,
ઘડીમાં કરે પલકમાં હરે, દીવો વાયુથી જુવો જ્યું ફરે,

***

જગત્‌ને આંખથી દેખું, જગત્‌ને જ્ઞાનથી લેખું,
જગત્‌ને દેખતાં શાંતિ, જગત્‌ને દેખતાં ભ્રાંતિ.'

***

સમજજો પ્રેમથી ભક્તિ સમજજો પ્રેમથી શક્તિ
સમજજો પ્રેમથી સેવા, સમજજો પ્રેમથી મેવા.

***

અહો ! આ દેહમાં દેખો, ચેતનજી જ્ઞાન ધન પેખો;
અરૂપી તત્ત્વ છે પોતે, અરે તું બાહ્ય ક્યાં ગોતે ?

પૂજાસંગ્રહમાં તેમણે વિવિધ પૂજાને અનુલક્ષીને કાવ્યો રચ્યાં છે. ધર્મપૂજા, અક્ષત પૂજા, જલ પૂજા, ચંદન પૂજા, પંચકલ્યાણક પૂજા, સ્નાત્ર પૂજા, અકિંચન ધર્મપૂજા વગેરે... અહીં આલેખાયેલાં પૂજા કાવ્યોમાંથી પ્રભુના ગુણોની પૂજા કરીને આખરે તો પોતાના આત્માની પૂજા કરવાની છે. પ્રભુ પાસે એકરાર કરવાનો છે કે મારા આત્માની શુદ્ધિ થાય અને મારામાં સદ્‌ગુણો પ્રગટે. દરેક ધર્મમાં પૂજાનું મહત્ત્વ હોય છે અને તેની પાછળનો આશય સરખો જ હોય છે. તેમ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ જિનભક્તિ અને તેની પૂજા દ્વારા તેનો મહિમા કર્યો છે.

યોગનિષ્ઠ આચાર્યશ્રીની કાવ્યસરિતામાં સ્નાન કરીએ ત્યારે ખ્યાલ આવશે કે ૨૦મી સદીના બહુ વિરલ જૈન આચાર્યોએ કાવ્યના સ્વરૂપમાં પોતાની ભાવનાસૃષ્ટિ સાકાર કરી છે. મોટાભાગના જૈન આચાર્યોએ ગદ્યમાં પોતાની ધર્મભાવના વ્યક્ત કરી છે. ત્યારે યોગનિષ્ઠ આચાર્યશ્રીએ એમની ૧૪૦ કૃતિઓમાં જેટલું ગદ્યસર્જન કર્યું છે એટલું કાવ્યસર્જન કર્યું છે અને સહુથી મહત્ત્વની વાત એ છે કે એમના કાવ્યના વિષયો માત્ર ધાર્મિક કે આધ્યાત્મિક નથી બલ્કે એમણે પ્રતિક્ષણ પોતાની આસપાસ જિવાતા વાસ્તવિક જીવનનું પણ દર્શન કર્યું છે. આ એમની અપૂર્વ વિશેષતા કહેવાય. સમગ્ર જીવનને જોતાં એમ લાગે કે તેમની કવિતામાં ધર્મ આવે, સમાજ આવે, રાજકીય સ્થિતિ આવે, પ્રકૃતિનું સૌંદર્ય આવે, આ બધું યોગનિષ્ઠ આચાર્યશ્રીમાં પ્રગટ થાય છે. એક એવો અંદાજ છે કે આચાર્યશ્રીએ આશરે ૩૦૦૦ જેટલી કાવ્ય રચનાઓ કરી છે.

એમની ભાવાનુભૂતિ કેવી પ્રબળ હશે કે જીવનની પ્રત્યેક ઘટના કે અનુભૂતિ કાવ્યરૂપમાં સાકાર થાય છે. એમણે શરૂઆતમાં છંદના પ્રયોગો કર્યા પરંતુ પછી જેમ જેમ ગુજરાતી અને સંસ્કૃત સાહિત્યમાં વાચન અને ચિંતન થવા લાગ્યું તેમ-તેમ વર્તમાન ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપોમાં એમણે ખેડાણ કર્યું. પદ, ભજન, સ્તવન તો ખરાં જ પણ એથી આગળ વધીને કવ્વાલી અને ગઝલની રચના કરી. એ જમાનામાં કોઈ જૈન કવિએ ગઝલ

કે કવ્વાલીનું સ્વરૂપ અજમાવ્યું હોય એવો દાખલો મળતો નથી.

આજે 'આત્મચૈતન્યની યાત્રા' ગ્રંથ પ્રકાશિત થયો. તે જોતાં આપને જણાશે કે યોગનિષ્ઠ આચાર્યશ્રીને કાવ્યરચના કેટલી સાહજિક હતી. સામાન્ય રીતે કવિ કાવ્યરચના કરે ત્યારે તે ઘણી વાર એ કાગળ પર લખતા હોય છે. અને પછી એમાં સુધારો કરતા હોય છે. ત્યારે યોગનિષ્ઠ આચાર્યશ્રીની કેટલીક કાવ્યરચનાઓ એવી છે કે એમાં એમણે ભાગ્યે જ સુધાર્યું હોય, પંક્તિ તો શું માત્ર શબ્દ પણ બદલ્યો હોય. આત્મચૈતન્યની યાત્રાના શ્રદ્ધા કાવ્ય, અનુભવ બહુ થાશે, તુજને કાવ્ય, પ્રભુ તુજ અકલ રૂપ મહાભારી કાવ્યો જોઈએ તો તરત ખ્યાલ આવશે કે એ કાવ્યરચનામાં એમને એક શબ્દ પણ આઘોપાછો કરવો પડ્યો નથી. પ્રેરણાની પ્રબળતા, આકારની ચોક્સાઈ અને ભાવની પ્રવાહિતા કેવી હશે એનો આ ગ્રંથમાંથી આસાનીથી અંદાજ મળી રહેશે.

યોગનિષ્ઠ આચાર્યશ્રીએ વિરાટની ઝાંખી કરી. સંવેદનશીલ હૃદય સહુ પ્રથમ પોતાની આસપાસની પરિસ્થિતિનો તાગ મેળવે છે. યોગનિષ્ઠ આચાર્યશ્રીનાં સમાજસુધારણાનાં કાવ્યોમાં આ હકીકત સતત જોવા મળે છે. સમાજના વહેમોનો સામનો કરવાની અને સમાજને સાચે રસ્તે દોરવણી આપવાનો એમનો ખ્યાલ પ્રગટ થાય છે. એ જ રીતે આ કાવ્યોમાં પોતાની આસપાસ ચાલતી ધર્મપ્રવૃત્તિને સ્તવન કે પદના રૂપમાં બદ્ધ કરી છે. એમની પાસેથી જેમ આધ્યાત્મિક કવિતા મળે છે તેમ ઇતિહાસવિષયક કવિતાઓની પણ પ્રાપ્તિ થાય છે.

ક્યારેક તો એમ લાગે કે અતીત ને અધ્યાત્મ કેવા એક સાથે ચાલી રહ્યા છે. કવિ આવતી કાલનો દ્રષ્ટા હોય છે. તેથી આવતી કાલ કેવી ઊગશે તેના વિશે એમણે વાત કરી છે. જેમ કે વિશ્વ દેશ કે સ્વરાજ્યની દિશા જેવા પદસંગ્રહના નવમા ભાગમાં આવતી રચનાઓ એ એક વિરલ સંતની કલમમાંથી પ્રગટેલાં રાષ્ટ્રસેવાનાં ભજનો છે. કવિકાલમાં ભવિષ્યવાણી કે ઉદયચિહ્ન જેવાં કાવ્યોમાં એમણે આવતી કાલની દિશાની વાત કરી છે.

એમની વિહારયાત્રામાંથી બે પ્રકારનાં કાવ્યો સર્જાય છે. એક છે અધ્યાત્મચિંતનનાં કાવ્યો અને બીજાં છે પ્રકૃતિ સૌંદર્યનાં કાવ્યો. આચાર્યશ્રીનો

વિહાર મુખ્યત્વે ગુજરાતના પ્રદેશમાં થયેલો છે. ગુજરાત મોરી મોરીનો ભાવ સતત તેમની કવિતામાં પ્રતિધ્વનિત થતો જોવા મળે છે. આમ કાવ્યોમાં એમણે બહુ મોકળી રીતે ગુજરાતના પ્રદેશો અને સરિતાના સૌંદર્યને વણી લીધાં છે. કોઈ વ્યક્તિને ગુજરાતની પ્રકૃતિના સૌંદર્યને જોવું હોય તો એણે યોગનિષ્ઠ આચાર્યશ્રીનાં આ કાવ્યો માણવાં જોઈએ.

આનંદઘન પદસંગ્રહમાં એમણે આનંદઘનનાં પદો પર વિસ્તૃત ભાવાર્થ લખ્યો છે. આનંદઘનનાં એ પદોની છાપ આ અઢારે આલમના અવધૂત યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીનાં કાવ્યોમાં દેખાય છે. આથી ગુજરાતના સમર્થ કવિશ્રી ન્હાનાલાલે એમના કાળધર્મ સમયે એમની ભવ્યમૂર્તિ વિશે આમ કહ્યું, આમ આવી એક આત્મ પ્રતિમા હશે કે બુદ્ધિસાગરસૂરીશ્વરજીને આવી મહા અંજલિ આપી છે.

એમનાં સઘળાં કાવ્યોમાં એમના વિચારોની સ્પષ્ટતા, કાવ્યપ્રવાહની સાહજિક ગતિ અને શુદ્ધ અંતઃકરણનો અવાજ સાંભળવા મળે છે. એક અર્થમાં કહીએ તો અજોડ એવી પારદર્શકતા એમનાં આ કાવ્યોમાં છે. એમના વાચનનો ઊંડો રસ કાવ્ય રૂપે ઊતર્યો છે. એમણે આગમસાર ગ્રંથ સો વખત વાંચ્યો છે. પ્રવચનસાર, વિચારસાર અને આચારાંગસૂત્રનું વાચન કર્યું હતું. પરંતુ આ ગ્રંથોનું વાચન કરનાર યોગનિષ્ઠ આચાર્યશ્રીએ સામાજિક સેવાના સન્માન કે બ્રિટિશ હિંદુસ્તાનનો આર્થિક વિકાસ જેવાં પુસ્તકો પણ વાંચ્યાં હતાં.

કેટલાક કવિઓ સમાજની વાંસળીના સૂરે નાચતા હોય છે અને કેટલાક પોતાની વાંસળીના સૂરથી નચાવતા રસ્તો બતાવતા હોય છે. આચાર્યશ્રીનું કવિતાસર્જન એ સમાજને નવું માર્ગદર્શન આપનારું હતું. સ્ત્રીઓની ઉન્નતિ વિશે કહે છે,

સ્ત્રી વર્ગની જ્યાં ઉન્નતિ, ત્યાં ઉન્નતિ સૌ જાતની
સ્ત્રી વર્ગની પ્રગતિ થકી, પ્રગતિ થતી સહુ ભાગની
કાયિક, વાચિક શક્તિને, આધ્યાત્મ બળથી શોભતી
તે દેશમાં લક્ષ્મી અને વિદ્યા, સદા રહે ઓપતી.

એ જ રીતે બદલાયેલી પરિસ્થિતિના સૂર પણ એમના કાવ્યમાં સંભળાય છે,

ફરે તારા, ફરે ભાનુ, ફરે ચંદ્ર ફરે વાયુ
ફરે ઋતુ, ફરે દરિયો, જગત બદલાય ક્ષણક્ષણમાં
ફરે પાણી, ફરે વાણી, રૂપાંતર પામતા દેશો
વહે બદલાઈ આચારો જગત બદલાય ક્ષણક્ષણમાં
વહેતી હતી જ્યાં નદીઓ અહો ત્યાં રેતીમાં રણ છે
અહો જ્યાં રેતી ત્યાં જલધિ, જગત બદલાય ક્ષણક્ષણમાં
અહો જ્યાં માનવો રહેતાં, હતાં ને રાજ્ય કરતા'તા
અહો ત્યાં અબ્ધિનાં મોજાં, જગત બદલાય ક્ષણક્ષણમાં
હતાં જ્યાં શહેર ત્યાં રાનો અહો દેખાય છે આજે
થયાં જ્યાં રાન ત્યાં શહેરો, જગત બદલાય ક્ષણક્ષણમાં.

અંતે શ્રી ર. વ. દેસાઈએ તેમની કવિતા વિશે કહ્યું કે, 'શ્રી બુદ્ધિસાગરસૂરિજીનું સાહિત્ય એટલે એને હિંદુ પણ વાંચી શકે, જૈન પણ વાંચી શકે અને મુસ્લિમ પણ વાંચી શકે, સૌને સરખું ઉપયોગી થઈ પડે એવું એ કાવ્ય-સાહિત્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજીને આપણા ભક્ત અને જ્ઞાની કવિઓની હારમાં મૂકી દે એવું છે!'

## જૈનયોગમાં અનુપમ પ્રદાન

- ડૉ. રશ્મિ ભેદા

આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજી જાતે શૈવ-વૈષ્ણવ માતાપિતાના પુત્ર હતા. એમણે દીક્ષા જૈન ધર્મમાં લીધી હતી. બહેચરદાસમાંથી મુનિ બુદ્ધિસાગર બન્યા અને આત્મસાધનાની અનેરી યાત્રાનો પ્રારંભ કર્યો. ષડ્‌દર્શનનો તલસ્પર્શી અભ્યાસ કર્યો, ૪૫ આગમોનું ઊંડું અવગાહન કર્યું અને એમણે વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કર્યું. માત્ર ચોવીસ વર્ષના સાધુજીવન દરમિયાન સંસ્કૃત, હિંદી અને ગુજરાતી એમ ત્રણ ભાષાઓમાં લગભગ ૧૩૦-૧૪૦ ગ્રંથો લખ્યા. એમાંથી ૨૫ ગ્રંથો ચિંતન અને તત્ત્વજ્ઞાનથી ભરેલા છે. એમાં પણ યોગ ઉપર કરેલું એમનું સર્જન અદ્‌ભુત છે. એમણે લુપ્ત થતી જતી યોગસાધનાને પુનઃ પ્રતિષ્ઠિત કરી. 'યોગદીપક' જેવા મહાન ગ્રંથોની રચના કરી.

યોગનું માહાત્મ્ય દરેક દર્શનોએ કબૂલ્યું છે. દરેક દર્શનમાં યોગની પ્રક્રિયાઓ ભિન્ન ભિન્ન રૂપે પરિણમી છે. પણ તે યોગનો મુખ્ય ઉદ્દેશ આત્માની શુદ્ધિ કરવાનો, પરમ પદ પ્રાપ્ત કરવાનો છે. 'યોગ' માટે આચાર્ય બહુ મહત્ત્વની વાત કરે છે કે દરેક ધર્મ યોગને માને છે. વેદને માનનાર હિંદુઓ, બૌદ્ધો, એટલું જ નહિ પણ મુસલમાન અને ખ્રિસ્તીઓ પણ યોગને માને છે. નાસ્તિક લોકો પણ નીતિરૂપ યમને માનીને તેના અંશરૂપ યોગને સ્વીકારે છે. કોઈ પણ જીવની હિંસા ન કરવી,

જૂઠું ન બોલવું, ચોરી ન કરવી, બ્રહ્મચર્યનું પાલન કરવું, કોઈનો વિશ્વાસઘાત ન કરવો ઇત્યાદિ આ યોગનું પ્રથમ પગથિયું છે. જેનો અમુક અંશ સર્વ ધર્મ સ્વીકારે છે. યોગના અસંખ્ય ભેદ છે. મુનિ પતંજલિ કહે છે, 'योगश्चित्तवृत्तिनिरोधः' અર્થાત્ ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવો એ યોગ છે. એમણે યોગનાં આઠ અંગ - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ બતાવ્યાં છે. જૈન દર્શનમાં અસંખ્ય યોગો વડે મુક્તિ પ્રાપ્ત થાય છે. યોગનો મુખ્ય ઉદ્દેશ આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાનો છે. શ્રી વીર પ્રભુએ અસંખ્ય યોગોમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ યોગને મુખ્ય માન્યા છે. યોગનું પરિપૂર્ણ આરાધન કરીને બધા તીર્થંકરોએ કેવળજ્ઞાન અને પરમાત્મપદ પ્રાપ્ત કર્યું હતું.

અન્ય દર્શન એકેક યોગને સ્વીકારે છે. જ્યારે જૈનદર્શનમાં હઠયોગ, રાજયોગ, ક્રિયાયોગ, ભક્તિયોગ, મંત્રયોગ, દેશવિરતિયોગ અને સર્વવિરતિયોગ આદિ સર્વ યોગોનો સમાવેશ થાય છે. જૈન શાસ્ત્ર પ્રમાણે સર્વ તીર્થંકર વીસસ્થાનક યોગની આરાધના વડે જ તીર્થંકર પદ પ્રાપ્ત કરે છે. જૈન સાધુઓ અને શ્રાવકોના ધાર્મિક આચારો યોગરૂપ જ છે. પંચ મહાવ્રત અને શ્રાવકનાં બાર વ્રતનો યોગના પ્રથમ પગથિયારૂપ યમમાં સમાવેશ થાય છે. શ્રી મહાવીર પ્રભુ ૧૮ દોષ રહિત સર્વજ્ઞ હતા માટે તેમનો કથિત યોગમાર્ગ પરિપૂર્ણ સત્યથી ભરેલો છે એમ આચાર્ય બુદ્ધિસાગરજી કહે છે. તપશ્ચર્યા, પ્રતિક્રમણ, જિનપૂજા, સ્વાધ્યાય આદિ યોગરૂપ જ છે. છ આવશ્યકની ક્રિયાઓ યોગના આધારે જ રચાઈ છે, ધ્યાન એ યોગનો મુખ્ય આધાર છે એટલે ધર્મધ્યાન અને શુક્લધ્યાનનો યોગમાં સમાવેશ થાય છે.

આગળ આચાર્યશ્રી કહે છે, યોગના પ્રતાપથી અનેક ભવનાં કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. એના માટે બાહ્યયોગની શુદ્ધિ કરીને આંતરિક યોગની શુદ્ધિ કરવી જોઈએ. મન, વચન અને કાયાના અશુભ યોગોનો ત્યાગ કરી મન, વચન અને કાયાના શુભ યોગો કરવા એ યોગનું પ્રથમ પગથિયું છે. આ પ્રથમ પગથિયાનો ત્યાગ કરીને જેઓ ઉપરના પગથિયે ચઢવાનો પ્રયત્ન કરે છે તેઓને અંતે પાછા ફરી પ્રથમ પંચ-મહાવ્રતરૂપ યમની આરાધના કરવી પડે છે. યોગની પ્રથમ ભૂમિકાને દૃઢ

કરીને યોગમાર્ગ પર આગળ વધવાથી ઉત્તમ અધિકારી બની શકાય છે.

યોગની સાધના ગૃહસ્થ અવસ્થા અને સાધુ અવસ્થા બંનેમાં થઈ શકે છે. જેમ હેમચંદ્રાચાર્યે કુમારપાળ રાજાની વિનંતીથી 'યોગશાસ્ત્ર' ગ્રંથની રચના કરી હતી કે જેથી રાજા પણ આ યોગમાર્ગની સાધના કરી શકે. પરંતુ ગૃહસ્થ કરતાં સાધુ અવસ્થામાં યોગની આરાધના અનંતગણી સારી રીતે થઈ શકે છે. જેમ જેમ યોગના જ્ઞાનમાં ઊંડા ઉતરાય છે તેમ તેમ પ્રત્યેક ધાર્મિક ક્રિયાઓ કયા ઉદ્દેશથી રચાઈ અને કયા દ્રવ્ય, કાળ અને ભાવના અધિકારે યોગ્ય છે તેનું મૂળ રહસ્ય પ્રતિભાસે છે. તેથી તે યોગજ્ઞાની ભિન્ન ભિન્ન ધાર્મિક ક્રિયાઓના રહસ્યને સાપેક્ષપણે અવબોધીને અનેકાંતવાદના ગૂઢ રહસ્યનો જ્ઞાતા થઈ જૈન ધર્મ પ્રવર્તાવવાનો અધિકારી બને છે.

આચાર્ય બુદ્ધિસાગરજી કહે છે - 'મન, વચન અને કાયાના યોગની શુદ્ધિ કરવી, આત્મજ્ઞાન પ્રાપ્ત કરી મનને જીતવું, રાગદ્વેષનો નાશ કરી વીતરાગપદ પ્રાપ્ત કરવું, આત્માના પરિણામની શુદ્ધિ થાય તેવાં નિમિત્તોનું અવલંબન લેવું, શુદ્ધ દેવ, ગુરુ, ધર્મની આરાધના કરવી, આત્માનું ધ્યાન કરવું વગેરે યોગનો સાર છે.'

યોગનું ફળ બતાવતાં તેઓ કહે છે - રત્નત્રયીરૂપ યોગનું આરાધન કરીને પૂર્વે અનંત જીવો મુક્ત થયા છે અને ભવિષ્યમાં થશે. યોગની સાધના કરવાથી મનુષ્ય અને દેવલોકની પ્રાપ્તિ થાય છે. અને ઉત્તમમાં ઉત્તમ મુક્તિની પ્રાપ્તિ થાય છે. આત્માના શુદ્ધ અધ્યવસાય ઉત્પન્ન કરાવનાર યોગ છે.

આચાર્ય બુદ્ધિસાગરસૂરિએ 'યોગદીપક' ગ્રંથમાં અધ્યાત્મયોગ અને ક્રિયાયોગ સમ્યગ્ રીતે દર્શાવ્યો છે. કોઈ પણ યોગનું ખંડન ન કરતાં પરસ્પર યોગની તરતમતા કેવી રીતે અધિકારભેદે હોય છે તે બતાવેલું છે. યોગનો પ્રકાશ પાડવામાં આ ગ્રંથ દીપક સમાન હોવાથી એનું નામ 'યોગદીપક' પાડવામાં આવ્યું છે.

આ ગ્રંથમાં આચાર્ય પ્રથમ આત્મા અને આત્માનું સ્વરૂપ સમજાવતાં કહે છે, હું આત્મા છું. આત્મામાં સર્વ પદાર્થો જાણવાની જ્ઞાનશક્તિ રહેલી છે, સર્વ પદાર્થો દેખવાની દર્શનશક્તિ રહેલી છે, પોતાના શુદ્ધ સ્વભાવે વર્તવાની ચારિત્ર્યશક્તિ આત્મામાં રહેલી છે. આમ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ

રત્નત્રયી વડે યુક્ત આત્મા છે. આ રત્નત્રયી આત્માનો સ્વાભાવિક ધર્મ છે. રત્નત્રયી વિના જે અન્ય પદાર્થો છે એ પરવસ્તુ છે. પરભાવ છે. આ પરવસ્તુનો ધર્મ જે આદરે છે તે વિભાવિક ધર્મ છે. અજ્ઞાન દશાથી અનાદિ કાળથી આ આત્મા પરધર્મ આદરી ચોરાસી લાખ જીવયોનિમાં ભટકે છે. જ્યારે આત્મા પરધર્મથી મુક્ત થઈ અર્થાત્ વિભાવ દશાથી મુક્ત થઈ પોતાની સ્વભાવ દશામાં અર્થાત્ પોતાના શુદ્ધ સ્વભાવમાં અવસ્થિત થાય છે ત્યારે એ પરમાત્મપદ પ્રાપ્ત કરે છે.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ અષ્ટપ્રવચનમાતાના પાલનથી આત્માનો શુદ્ધ ધર્મ પ્રગટ થતો જાય છે. મનને બાહ્ય ભાવમાં ન જવા દેતાં આત્મામાં જ સ્વસ્વરૂપમાં જ મનને રમણ કરાવવા માટે મનોગુપ્તિની આવશ્યકતા છે. અહીં આચાર્યશ્રીએ મનની નિર્વિકલ્પદશા સાધવા માટે ઋષિ પતંજલિનો અષ્ટાંગ યોગ બતાવ્યો છે, આત્મા સ્વસ્વરૂપનું ધ્યાન કરે છે ત્યારે મન અન્યત્ર પરિભ્રમણ કરતું નથી. આ આત્મધ્યાન કરવા માટે બાહ્ય વસ્તુમાં મમત્વ અર્થાત્ રાગ અને દ્વેષનો ત્યાગ જરૂરી છે. અર્થાત્ સામ્યભાવ કેળવવો જરૂરી છે. 'સામ્યભાવી' આત્મા કર્મબંધન કરતો નથી પણ કર્મની નિર્જરા કરે છે અને ક્ષપક શ્રેણી પ્રાપ્ત કરી અંતે કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કરી પરમાત્મપદ પ્રાપ્ત કરે છે.

આ સામ્યભાવ કેળવવા માટે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું જરૂરી છે. ઉપાધ્યાય યશોવિજયજીએ પણ 'અધ્યાત્મસાર' ગ્રંથમાં આત્મજ્ઞાનનો અપૂર્વ મહિમા વર્ણવ્યો છે. આત્મજ્ઞાન થવાથી બાહ્ય પદાર્થોમાંથી મમત્વભાવ દૂર થાય છે, આત્મજ્ઞાનથી નિર્મલ ધ્યાન પ્રાપ્ત થાય છે.

આગળ શ્રી બુદ્ધિસાગરસૂરિ કહે છે કે અસંખ્ય યોગો વડે મુક્તિ પ્રાપ્ત થાય છે તે અસંખ્ય યોગોમાં પણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ વિશેષતઃ મુખ્ય યોગ છે. આ ત્રણ યોગની સંપૂર્ણ પ્રાપ્તિ થતાં મુક્તિ પ્રાપ્ત થાય છે. સમ્યક્ પ્રકારે વસ્તુનું સ્વરૂપ જાણવું તે જ્ઞાન છે. સમ્યક્ પ્રકારે વસ્તુનું સ્વરૂપ જાણી તેની શ્રદ્ધા કરવી તે દર્શન છે. અને આત્માની સ્વાભાવિક સ્થિરતા માટે બાહ્ય અને આભ્યંતર જે જે ક્રિયાઓ કરવી તે ચારિત્ર છે. અહીં ચારિત્રયોગી માટે યમ નિયમ આદિ અષ્ટાંગ યોગ સમજાવ્યો છે. પ્રાણાયામથી થતા ફાયદા સમજાવ્યા છે. મનનો પ્રત્યાહાર કરવાનું કહે છે. મનમાં ઉત્પન્ન થતાં ક્રોધ,

માન, માયા, લોભ, મમતા, ઈર્ષ્યા આદિ દોષોને એ ઉત્પન્ન ન થવા દેવા તે મનથી પ્રત્યાહાર કહેવાય છે. ધારણા અને ધ્યાન સમજાવ્યા છે.

ધ્યાનના ચાર પ્રકાર - પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત અને પિંડસ્થ ધ્યાનની પાંચ ધારણાઓ - પાર્થિવી, આગ્નેયી, મારૂતી, વારૂણી અને તત્ત્વભૂ બતાવી છે. ધ્યાનથી સમાધિમાં પ્રવેશ કરાય છે. સમાધિના બે પ્રકાર છે. સાલંબન અને નિરાલંબન. સાલંબન સમાધિથી નિરાલંબન અર્થાત્ રૂપાતીત સમાધિને પ્રાપ્ત કરી શકાય છે. આવી રીતે યોગના અષ્ટાંગ જાણી તેનો અભ્યાસ કરનાર યોગી પરમાત્મપદ પ્રાપ્ત કરે છે. અષ્ટાંગ યોગમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રનો સમાવેશ થાય છે. તેમજ જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં અષ્ટાંગ યોગનો સમાવેશ થાય છે. અષ્ટાંગ યોગના સાધુવર્ગ અને ગૃહસ્થવર્ગ એ બેઉ અધિકારી છે. આત્માની પરમાત્મદશા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખીને જ અષ્ટાંગ યોગની આરાધના કરવાની છે જેનાથી તેનું ઉત્કૃષ્ટ ફળ પ્રાપ્ત થાય.

આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિ સદ્ધર્મની પ્રાપ્તિ માટે સદ્ગુરુના શરણે જવાનું કહે છે અને અંતે કહે છે કે બાહ્ય પદાર્થોમાં સુખ નથી. પણ આત્મામાં જ સુખ છે જે આત્મજ્ઞાન વડે પ્રાપ્ત થાય છે. એમની રોજનીશીમાં આત્મજ્ઞાનપૂર્વક આત્મધ્યાન ધરીને આત્મસમાધિ પ્રાપ્ત કરવાનું કહે છે. સમાધિસુખ પ્રાપ્ત કરવું એ મનુષ્યજીવનનું મુખ્ય કર્તવ્ય છે. રોજનીશીમાં એ લખે છે, 'સમાધિસુખને પ્રાપ્ત કરવું એ કદાપિ આત્મધ્યાન વિના બની શકે નહીં. આત્મધ્યાનમાં પરિપૂર્ણ લક્ષ્ય રાખીને સ્થિર ઉપયોગે અભ્યાસ કરવાથી સાલંબન અને નિરાલંબન ધ્યાનનું સમ્યક્ સ્વરૂપ અવબોધાય છે અને આત્મોન્નતિના માર્ગમાં વિદ્યુતવેગે ગમન કરી શકાય છે એમ સદ્ગુરુગમથી અવબોધવું.' આ આત્મધ્યાન અને આત્મસમાધિનું મહત્ત્વ એમણે આત્મઅનુભવથી જાણ્યું હતું.

એમના સંયમ જીવનમાં સંવત ૧૯૭૧ના શ્રાવણ વદ ૭ના સવારના સાડા સાત વાગે એમણે લોચ કરાવ્યો. આત્મજ્ઞાનીને આ અનુભવ કેવા ભાવ જગાડે છે એનું આલેખન કરતાં તેઓએ લખ્યું છે, 'લોચ કરાવતાં આત્માની સારી રીતે સમાધિ રહી હતી, આત્માના શુદ્ધ સ્વરૂપની ભાવના ભાવી હતી. હૃદયમાં કુંભક પ્રાણાયામ ધારવામાં આવતો હતો, તેથી લોચ કરાવતા આત્માનો શુદ્ધ પરિણામ વૃદ્ધિ પામતો હતો. આત્મજ્ઞાનની કસોટી ખરેખર લોચથી અમુક અંશે થઈ શકે છે. શરીરથી આત્માને ભિન્ન માન્યા બાદ લોચ કરાવતી

વખતે આત્મજ્ઞાનીને પરિષહ સહેવાથી અમુક અંશે અનુભવ પ્રાપ્ત થાય છે.'

આમ આ જાગ્રત આત્મા જીવનની પ્રત્યેક ક્રિયામાં આત્માના શુદ્ધ સ્વરૂપની ભાવના ભાવતા હતા. ધ્યાનને મહત્ત્વ આપનાર આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિ જ્યાં ક્યાંય શાંતિ જુએ કે તરત ધ્યાન લગાડી દેતા. વિહાર કરતાં કરતાં કોઈ વગડામાં જૈન મંદિર મળી જાય તો તેમને ધ્યાન માટે ખૂબ અનુકૂળતા લાગે. એમની ડાયરીમાં તેઓ નોંધે છે, 'સરસ્વતી નદીના કિનારે રેતના બેટડામાં બેસી આજ રોજ એક કલાક આત્મધ્યાન કર્યું. તો જોટાણામાં ક્ષેત્રપાલના સ્થાનના ઓટલા પર સાંજના વખતે એક કલ્પક પર્યંત આત્મધ્યાન ધરવાથી આત્માના અલૌકિક અનુભવની ઝાંખી થઈ.' આવી રીતે એમનો વિહાર બે પ્રકારે થતો. એક પગપાળો વિહાર અને બીજો આત્મસ્વરૂપમાં સ્થિરતાનો વિહાર. આત્માનુભવ વિલક્ષણ હોય છે. એની વિલક્ષણતા સં. ૧૯૭૧ના પોષ સુદ ૧૦ની રાતે થયેલ અનુભવમાં નજરે પડે છે. તેઓ પોતાના આત્માનુભવને પ્રગટ કરતાં કહે છે,

'પોષ સુદી ૧૦ની રાત્રે આત્મા અને પરમાત્માની એકતાના ધ્યાનનો દીર્ઘકાલ, સતત પ્રવાહ રહ્યો અને તેથી જે આત્માનંદ પ્રગટ્યો તેનું વર્ણન કરી શકાય તેમ નથી. આત્માની નિષ્કામ દશાના સત્યસુખનો અપૂર્વ સાક્ષાત્કાર ખરેખર અનુભવમાં ભાસ્યો તે વખતે રાગદ્વેષની ઉપશમતા વિશેષતઃ પ્રગટેલી દેખાઈ. ઉપાધિરહિત દશામાં શુદ્ધોપયોગે સહજ સુખ અનુભવવામાં આવે છે.' આવી રીતે આ યોગીની બાહ્ય પ્રવૃત્તિ તરફ વિરક્તિ અને આંતરિક સાધના માટેની ઉત્કટ ભાવનાનું દર્શન થાય છે.

## 'શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવ' વિશે ગ્રંથરચના

- ડૉ. રેખા વોરા

'જૈન ધાર્મિક શંકા સમાધાન' નામની લઘુ પુસ્તિકાની રચના પાછળ ઇતિહાસ પડ્યો છે. આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીએ વિજાપુર પાસે મહુડી ગામે શ્રી ઘંટાકર્ણ વીરની મૂર્તિની સ્થાપના કરી છે. આ વીરનું પૂજન સાચો સમકિતવંત જૈન શ્રાવક કેમ કરી શકે ? આવો પ્રશ્ન જિજ્ઞાસુઓએ જાહેરમાં ગુરુદેવને કર્યો હતો. તેના પ્રત્યુત્તર રૂપે જૈનશાસ્ત્રોના આધારે આ પુસ્તિકાની રચના કરી છે.

ઘંટાકર્ણ મહાવીર એક યક્ષ છે. જૈન શાસનના બાવન વીરોમાં તેમનું સ્થાન ત્રીસમું છે. તે સંબંધી ઘણા શોધખોળપૂર્વક વિચારો આ ગ્રંથમાં ગુરુદેવે આપ્યા છે.

ગુરુદેવે શ્રી ઘંટાકર્ણ વીરની સાધના-પ્રતિષ્ઠા ક્યારે અને કેવા સંજોગોમાં કરી તે વિશે 'યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી' ગ્રંથના લેખક શ્રી પાદરાકર જણાવે છે કે, 'તે સમયે જૈનો પોતાનાં દુ:ખ દૂર કરવા માટે પીર, મીરાં દાતાર અને અન્યત્ર જગ્યાએ દોડધામ કરતા હતા, જ્યાં આગળ પ્રસાદ રૂપે અભક્ષ્ય પદાર્થ અપાતો હતો. જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોનો હ્રાસ થતો હતો. ગુરુદેવને આવા જૈનોને ત્યાં જતાં અટકાવવા હતા. તે માટે તેમણે ઘંટાકર્ણ વીરની આરાધના કરવાનું નક્કી કર્યું.'

તે સમયે ઘંટાકર્ણ મંત્ર માત્ર નેપાળના એક મંદિરમાં દીવાલ પર લખેલો ઉપલબ્ધ હતો. બીજે ક્યાંય તે મૂર્તિ કે ફોટા રૂપે દર્શનીય ન હતા. ગુરુદેવ ત્રણ દિવસ પદ્માસનમાં અંગોનું હલનચલન કર્યા વિના ધ્યાનમાં રહ્યા. સાધકને સહાયભૂત થાય તે માટે તેમણે સંયમી-ચરિત્રવાન ઉત્તમ સાધકની શોધ કરવા માંડી. આ માટેની પસંદગીનો કળશ (આ 'યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી'ના લેખક) શ્રી પાદરાકર પર ઢોળાયો. ગુરુદેવે તૈયારી રૂપે તેમને સાત-સાત વર્ષ સુધી સતત યોગના આસનોની તાલીમ આપી. ત્યારબાદ પાદરામાં શાંતિનાથ ભગવાનના મોટા દેરાસરના ભોંયરામાં આસો વદિ તેરસના પ્રાતઃકાળે ચાર વાગ્યે ગુરુદેવ અને ઉત્તમ સાધક શ્રી પાદરાકર સાથે સાધના કરવા બેસી ગયા.

મંત્રસિદ્ધિ ત્યારે થઈ ગણાય કે જ્યારે ત્રણ દિવ્યોમાંથી કોઈ પણ એક દિવ્યનાં દર્શન થાય. અમાસની પાછલી રાત્રે ત્રણે દિવ્યનાં દર્શન થયાં. છતાં ગુરુદેવ ધ્યાનમગ્ન સમાધિષ્ઠ જ રહ્યા, કારણ તેમનો સંકલ્પ શ્રી ઘંટાકર્ણ વીરનાં સાક્ષાત્ દર્શન કરવાનો હતો. થોડી વારમાં અર્થાત્ અમાસની પાછલી પરોઢે વેદિકામાંથી એક પ્રચંડ મહાપુરુષ ધનુષ્ય અને બાણ સહિત ધીરે ધીરે ઊંચે આવવા લાગ્યો. જે કાનમાં કુંડળ, માથે મુગટ અને હાથમાં ધનુષ્યબાણ સહિત પ્રગટ થયેલ. આ પુરુષ તે સાક્ષાત્ ઘંટાકર્ણ વીર હતા.

ગુરુશ્રીએ અનિમેષ નયને આ દિવ્યપુરુષની પ્રતિભાને જોઈ લીધી. એકાદ પળ બાદ આ મૂર્તિ અદૃશ્ય થઈ ગઈ. ગુરુદેવે ઉપાશ્રયમાં આવી તેની દીવાલ પર ચાકથી શ્રી ઘંટાકર્ણ વીરનું ચિત્રાંકન કર્યું. મૂર્તિકાર શ્રી મૂલચંદ મિસ્ત્રીને બોલાવી મૂર્તિ ઘડાવી. અને તેને મહુડીમાં પ્રતિષ્ઠિત કરી. એક વિશાળ ઘંટ પણ અભિમંત્રિત કરી ત્યાં પ્રતિષ્ઠિત કરાવ્યો. શ્રી પદ્મપ્રભુ જિનાલયના પટાંગણમાં આજે પણ આ બંને પ્રતિષ્ઠિત છે. દર વર્ષે લાખોની સંખ્યામાં અઢારે આલમના ભક્તજનો અહીં દર્શનાર્થે આવે છે. પોતાના શાસનદેવનાં ભક્તિપૂર્વક દર્શન કરી સુખડીનો પ્રસાદ ધરાવે છે.

ગુરુદેવશ્રીનો શ્રી ઘંટાકર્ણ વીરની પ્રતિષ્ઠા કરાવવા પાછળનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે મીરા-દાતાર પીર અને અન્યત્ર પોતાનાં દુઃખ દૂર કરવા જૈનો અને જૈનેતરો અહીં-તહીં દોડતા રહેતા. તેમનું મિથ્યાત્વ તરફનું આકર્ષણ

દૂર કરવું અને સમકિતી દેવની સ્થાપના કરવી. જૈન ધર્મથી જૈનશાસ્ત્રોથી વિરુદ્ધ જે કંઈ જૈનોની પ્રવૃત્તિ છે તેને બંધ કરવી-કરાવવી. મિથ્યાત્વી દેવોની પૂજા-અર્ચના-દર્શન કરવાથી કર્મની નિર્જરાને બદલે જે સંવર થાય છે તેને બંધ કરવો, જેથી કરી સમકિતી દેવો જે જૈનશાસનના રક્ષક છે તેની પ્રતિષ્ઠા કરી જૈનોને તે તરફ વાળવા, જેથી કર્મોની નિર્જરા થાય અને ભવાંતરે તે આત્મા ઉત્કૃષ્ટ ગતિ પામે.

સુખડીનો થાળ ધરાવવાનું મુખ્ય કારણ એ હતું કે મિથ્યાત્વ દેવોની ઉપાસનામાં પ્રાણીનો બલિ ચડાવવામાં આવતો હતો. તે બંધ કરવો. સમકિત દેવ-શાસનરક્ષક દેવોને આવા પ્રકારનો બલિ વર્જ્ય છે. ત્યાં તો તીર્થંકર પરમાત્માનાં વચનોની રક્ષા થાય છે. તેથી અભક્ષ્ય પ્રસાદને બદલે સુખડીની થાળી ધરવાની શરૂઆત મહુડીમાં થઈ. આ પરંપરા ઘણા લાંબા સમયથી ચાલી આવે છે. એવું શાસ્ત્રોમાં કથન પણ છે. આ જ ઘંટાકર્ણ વીરની મંત્રેલી સુખડીની થાળી શ્વેતાંબર જૈનોમાં શાંતિસ્નાત્રમાં ખાસ પ્રતિષ્ઠિત કરવામાં આવે છે ને તે સુખડી જૈનો શ્રદ્ધાપૂર્વક વાપરે છે. આનું બીજું કારણ તે પણ હોઈ શકે છે કે સુખડીની અંદર ઘઉં-ઘી અને ગોળ જેવા નિર્દોષ પણ પૌષ્ટિક પદાર્થો વપરાય છે, જે પાચનમાં અને શરીરને સુદૃઢ બનાવવા માટે ઉમદા છે.

આ ઘંટાકર્ણ વીરમાં અશ્રદ્ધા-શંકા રાખનારને માટે પ્રત્યુત્તર રૂપ આ ગ્રંથ સૂરીશ્વરજીએ રચ્યો છે. તેમાં જૈનદર્શન શાસ્ત્રોમાં દેવો માટેના કયાં મંત્રો-મંત્રકલ્પો છે. ક્યા ક્યા આચાર્યોએ મંત્રકલ્પોની સુંદર ગૂંથણી કરી છે, તેનું વિસ્તારપૂર્વક આલેખન કર્યું છે.

સૂરિજી જૈનધર્મ શંકા સમાધાનમાં શ્રી જૈનશાસન રક્ષક ઘંટાકર્ણવીરની સહાયસિદ્ધિમાં લખે છે :

प्रणम्य श्री महावीरं, सर्वज्ञ दोषवर्जितम् ।
कुमतं खण्डनं कुर्वे, जैनशास्त्रविरोधिनाम् ।।१।।
घण्टाकर्ण महावीर, जैनशासन रक्षकः ।
तस्य सहाय सिद्धर्थ, वच्चि शास्त्रानुसारतः ।।२।।

અર્થાત્ 'સર્વજ્ઞ, દોષવર્જિત ચોવીશમા તીર્થંકર તારણહાર એવા

શાસનનાયક મહાવીર પરમાત્માને નમસ્કાર કરીને જૈન શાસ્ત્રોમાં વિરોધીઓ કે જેઓ ચાર શ્રી નિકાય દેવોની સહાયતાને માનતા નથી વગેરે જૈનશાસ્ત્ર વિરુદ્ધ અનેક કુમતને ધારે છે એવાઓના કુમતાનું ખંડન કરું છું.'

ઘંટાકર્ણ મહાવીર દેવ તે બાવન વીર પૈકી એક વીર છે, તે જૈનશાસનના રક્ષક વીર છે. તે જૈન ધર્મમાં શ્રદ્ધાળુ એવા જૈનોને સહાય કરી શકે છે. તેવું શાસનદેવની સહાયની સિદ્ધિને આધારે કહું છું.

સૂરિજી મંત્રસંદર્ભમાં જણાવે છે કે, 'અષ્ટોત્તરી, શાંતિસ્નાત્ર અને લઘુશાંતિસ્નાત્ર કે જેની રચના તપાગચ્છના આચાર્યોએ શ્રી હીરવિજયસૂરિના સમયમાં કરી છે, અને શ્રી સકલચંદ્રજી ઉપાધ્યાય કે જે સત્તરભેદી પૂજા, બાર ભાવના અને પ્રતિષ્ઠાકલ્પ, ધ્યાનદીપિકા આદિ ગ્રંથોના રચયિતા છે, તેમણે પ્રતિષ્ઠાકલ્પમાં ઘંટાકર્ણ મંત્રને ગ્રહ્યો છે, તે પૂર્વ પરંપરાથી જાણવું તથા અન્ય તેમના ગુરુઓ જગતગુરુ શ્રી હીરવિજયસૂરિ વગેરેના સમયમાં નવગ્રહપૂજન, દશદિક્પાલ પૂજન, ચોવીસ તીર્થંકરોના યક્ષ-યક્ષિણીઓના મંત્ર તથા તેઓનું પૂજન છે અને નવગ્રહાદિકને નૈવેદ્ય ધરવા વગેરેની વ્યાખ્યા છે. પ્રતિષ્ઠિત મંત્રકલ્પમાં ઘંટાકર્ણવીરની મંત્રયંત્રવાળી થાળી ને તેને સુખડી ધરાવવાની વિધિની પ્રક્રિયા આજ સુધી તપાગચ્છ જૈનોમાં પ્રવર્તે છે.'

અમારા પૂર્વાચાર્યોએ, મુનિવરોએ પ્રતિષ્ઠાકલ્પમાં ઘંટાકર્ણવીરની સહાયતા તથા માન્યતાને સ્વીકારેલી છે. તેથી અમે પણ અમારા પૂર્વાચાર્યોના પરંપરાગમને માન્ય કરીને ઘંટાકર્ણવીરની શાસનવીરની શાસનદેવવીર તરીકે માનીએ છીએ અને મહુડીના સંઘે ઘંટાકર્ણની મૂર્તિ બનાવી ને અમોએ તેની પ્રતિષ્ઠા કરી.

જૈનાચાર્યો મિથ્યાત્વી દેવોને પણ સમકિતી બતાવે છે તેનાં ઉદાહરણો સૂરિજીએ અહીં આપ્યાં છે. શત્રુંજય પરનો કપર્દી યક્ષ મિથ્યાત્વી થઈ ગયો ક્યારે વજ્રસ્વામીએ તેને ઉઠાડી બીજા કપર્દી યક્ષને જૈન ધર્મનો શ્રદ્ધાળુ બનાવી સમકિતી બનાવી શત્રુંજય પર સ્થાપિત કર્યો છે. તેવી રીતે શ્રી આનંદવિમલસૂરિએ માણિભદ્રવીરની મગરવાડા અને આગલોડમાં સ્થાપના કરી છે. આચાર્યોએ તપ, મંત્ર, આરાધના થકી ઘણા દેવી-દેવતાઓને સમકિતી બનાવી સ્થાપિત કર્યા છે.

જૈન મંદિરોમાં મૂળનાયક તીર્થંકરના યક્ષ-યક્ષિણી વગેરેનું સ્થાપન તથા પ્રતિમાની નીચે તે તીર્થંકરની અધિષ્ઠાયિકા દેવીની સ્થાપના થયેલી જોવા મળે છે. ચક્રેશ્વરી, પદ્માવતી, અંબિકા, માણિભદ્રવીર, નાકોડાભૈરવ, ઘંટાકર્ણવીર, કપડયક્ષ, ગણેશ ઇત્યાદિની પ્રતિષ્ઠા થયેલી જોવા મળે છે. આ પરંપરા પ્રાચીનકાળથી શાસ્ત્રોક્ત રીતે પ્રવર્તમાન છે.

જૈન શાસ્ત્રોમાં ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી તથા વૈમાનિક એમ ચાર પ્રકારના દેવો માનવામાં આવ્યા છે. આમાં કેટલાક દેવો સમકિતી અને કેટલાક દેવો મિથ્યાત્વી હોય છે. આ ચાર પ્રકારના દેવોનું સંગ્રહણી વગેરે સૂત્રોમાં વિસ્તારથી વર્ણન છે. બાવન વીરો અને ચોસઠ યોગિનીઓને મંત્રથી પ્રત્યક્ષ કરી સમકિતી બનાવી જૈનશાસનના રક્ષક તરીકે સ્થાપી શકાય છે. આ દેવો પ્રસંગોપાત્ત યથાશક્તિ પોતાના ભક્તને મદદ કરે છે. શ્રી ઘંટાકર્ણ વીરને પણ પૂર્વાચાર્યોએ સમકિતી બનાવી તેમને જૈન પ્રતિષ્ઠા વિધિમંત્રમાં દાખલ કર્યા છે. જૈન મુનિવરો પણ ઘંટાકર્ણવીર મંત્રની આરાધના કરે છે.

સૂરિજી ઘંટાકર્ણવીર વિશે જણાવતાં કહે છે કે, 'ઘંટાકર્ણ વીર' એ ચોથા ગુણસ્થાનકવાળો દેવ છે. તેથી તે ગૃહસ્થ જૈન શ્રાવકના સમકિતી બંધુ ઠર્યા. તેની આગળ સુખડી ધરીને જૈનો ગ્રહણ કરે છે. ઘંટાકર્ણવીરને નવગ્રહોની પેઠે જૈનો અને હિંદુઓ બંને માને છે અને બંને તેની આરાધના કરે છે. ઘંટાકર્ણ મહાવીરના મંત્રકલ્પ બે ત્રણ જાતના છે. અમારા પરમ તારક પૂજ્ય ગુરુ મહારાજ શ્રી રવિસાગરજીએ મને વિ. સં. ૧૯૫૪ના ફાગણ માસમાં ઘંટાકર્ણ મંત્રની ગુરુગમતા આપી હતી.'

'પરસ્પરોપગ્રહો જીવાનામ્' ઉમાસ્વાતિ રચિત તત્ત્વાર્થસૂત્રના આ સૂત્ર અનુસાર સંસારી સર્વજીવો એકબીજાના ઉપકારી, મદદગાર અને સહાયક હોય છે. ચારે પ્રકારના દેવતાઓ પણ આત્માઓ છે. સમકિતી જૈન અને સમકિતી દેવો બંને આત્મા છે. તેથી દેવો તીર્થંકરના ભક્તોને પોતાની ભક્તિ કરવાથી મદદ કરે છે.

આપણા મનમાં એક પ્રશ્ન ઉદ્ભવે છે કે દેવતાઓની આરાધના કરવાથી મિથ્યાત્વ તો લાગતું નથી ને ?

આના પ્રત્યુત્તરમાં સૂરિજી જણાવે છે કે, 'સમકિતી દેવો દુઃખ ટાળી

શકે છે અને આજીવિકા ચલાવી શકે છે. તેથી કંઈ તેઓને મિથ્યાત્વ લાગતું નથી, કારણ કે જૈનો જાણે છે કે અન્ય ધર્મીઓ તે કંઈ વીતરાગ દેવ નથી. તે પ્રમાણે જૈન ગૃહસ્થોને પણ વીતરાગદેવ-સર્વજ્ઞ દેવ તરીકે માનતા નથી. તે પ્રમાણે તેઓ શાસનદેવોને સમાનધર્મી મનુષ્યોની પેઠે જાણે અને તેમને ધૂપ-દીપ કરે છે, સ્તવે છે પણ તેઓને સર્વજ્ઞ વીતરાગ અરિહંતદેવ તરીકે નહીં માનતા હોવાથી ઘંટાકર્ણ વીર વગેરેને માનનારા તેવી દૃષ્ટિવાળા જૈનોને લોકોત્તર મિથ્યાત્વ લાગતું નથી. જે જેવા હોય તેને તેવા માનવાથી મિથ્યાત્વ લાગતું નથી.'

જૈનો અરિહંતને વીતરાગદેવ પ્રભુ પરમાત્મા માને છે અને શાસનદેવોને સ્વધર્મી બંધુ માની પૂજે છે. તેથી તેમને મિથ્યાત્વ લાગતું નથી. અર્થાત્ દેવોને તીર્થંકર તરીકે માનીએ તો મિથ્યાત્વ લાગે.

શાસનદેવ-સમકિતી દેવ ક્યારે - કેવાં કર્મો ખપાવવામાં મદદ કરે છે?

સૂરિજી આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવે છે કે, 'વીતરાગ પરમાત્મા કે જે કેવલજ્ઞાની છે. ઇંદ્રો વડે પૂજ્ય છે, અઢાર દોષરહિત છે. તેને સુદેવ માને છે અને ધર્મમાં સ્થિર રહે છે, તેઓને ધર્મ કરતાં સંકટ-વિપત્તિ પડતાં તેઓના શ્રદ્ધાગુણથી શાસનદેવો ખેંચાઈને પોતાની ફરજ અદા કરીને મદદ કરે છે.'

ધર્મી મનુષ્યોના અનિકાચિત કર્મોદયને હઠાવે છે અને તેમાં પણ દેવો સહાય કરી નિમિત્ત બને છે પણ જ્યાં નિકાચિત કર્મોદય હોય ત્યાં દેવોની સહાય મદદરૂપ થતી નથી અને તપ સંયમ કરવા છતાં પણ શ્રી મહાવીર પ્રભુને અનેક ઉપસર્ગો વેઠવા પડ્યા તેમ વેઠવા પડે છે. તેમાં પોતાનું અને દેવોનું કશું જ ચાલતું નથી. પ્રભુ મહાવીરનાં અશુભ કર્મોનો ઉદય હતો, ત્યાં સુધી અશુભ નિમિત્તના સંયોગો મળ્યા હતા અને જ્યારે શુભ કર્મોનો ઉદય થયો ત્યારે ઇન્દ્રાદિકદેવો શાતા પૂછવા આવ્યા.

ગૌતમસ્વામી, શ્રીપાલરાજા, મહાવીર પ્રભુનું ગર્ભાહરણ, સગર ચક્રવર્તીના સાઠ હજાર પુત્રો ઇત્યાદિ અનેક ઉદાહરણો સૂરિજીએ આ ગ્રંથમાં આપ્યાં છે. અનિકાચિત કર્મોનો તપ, સંયમ, ભાવ, ધ્યાન વગેરેથી નાશ થાય છે, જ્યારે ઉત્કૃષ્ટ ભાગે બાંધેલાં નિકાચિત કર્મોથી પ્રભુ મહાવીરસ્વામી પણ બચ્યા

નથી, તે અવશ્ય ભોગવવાં જ પડે છે.

શું સમકિતી દેવની આરાધના કરી તેમને પ્રસન્ન કરી પ્રત્યક્ષ કરી શકાય ખરા ?

આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં સૂરિજી ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્રને નજરમાં રાખી જણાવે છે કે શ્રીકૃષ્ણે અઠ્ઠમ તપ કરીને દેવની આરાધના કરી, દેવ પ્રત્યક્ષ થયો. ભરત ચક્રવર્તીએ અઠ્ઠમ તપ કરી દેવ પ્રત્યક્ષ કર્યો. અહીં તેમણે રાવણ, વિલમશાહ મંત્રી, શ્રી પ્રિયંગુસૂરિ, શ્રી હીરવિજયસૂરિ, શ્રી જિનદત્તસૂરિ, ઉપાધ્યાય યશોવિજયજી, શ્રી બપ્પભટ્ટસૂરિ, શ્રી કુમારપાળ રાજા ઇત્યાદિનાં ઉદાહરણો આપ્યા છે.

તીર્થંકર પરમાત્માના નામે જે ચમત્કારો થયેલા સંભળાય છે તે કોણે કર્યા ?

સૂરિજી આ પ્રશ્નના ઉત્તરમાં જણાવે છે કે, આવા ચમત્કારો પ્રભુના ભક્તરાગી શાસનદેવે કરેલા જાણવા. કારણ વીતરાગદેવ તો રાગદ્વેષરહિત છે. તે કંઈ સિદ્ધ સ્થાનમાંથી પાછા આવતા નથી. પણ શાસનરક્ષક દેવો આવા ચમત્કાર કરે છે. કેશરિયાજીમાં ભૈરવ દેવ છે તે પ્રભુની મૂર્તિ પૂજવા માટે બાધા-આખડીઓમાં સહાય કરે છે.

મહુડીમાં શ્રી પદ્મપ્રભુના અધિષ્ઠાયક તરીકે શ્રી ઘંટાકર્ણવીરની સ્થાપના કરી છે, તે પણ પ્રભુભક્તોને સહાયકારી થાય છે.

આ શાસનરક્ષક વીરો એ તીર્થંકર પરમાત્માના સેવકો છે. પ્રભુ સર્વજ્ઞ છે. પ્રભુ રાજા છે તો આ રક્ષક વીરો તેમના સૈનિકો જેવા છે.

સમકિતી દેવોને કેવા પ્રકારનાં નૈવેદ્ય ધરાવવામાં આવે છે ?

સૂરિજી જણાવે છે કે, 'જૈનશાસન દેવો, સત્ત્વગુણી છે. તેઓની આગળ દારૂ, માંસાદિ અભક્ષ્ય અપવિત્ર વસ્તુઓનાં નૈવેદ્ય ધરાવાતાં નથી. શક્તિમંત્રના દેવ-દેવી અને તેમની સેવાભક્તિનાં સાધનોથી જૈનશાસનના દેવ-દેવીના રીતરિવાજ જુદા છે અને નૈવેદ્ય, પૂજા-ભક્તિ સર્વ સાત્ત્વિક આચારવાળા છે.'

ઘંટાકર્ણ મહાવીર દેવ કોણ હતા ?

સૂરિજી આના પ્રત્યુત્તરમાં જણાવે છે કે, 'તેઓ એક આર્ય રાજા હતા. તે સતીઓનું, સાધુઓનું તથા ધર્મી મનુષ્યોનું રક્ષણ કરવામાં જીવન ગાળતા હતા. કુંવારી કન્યાઓના શિયળનું રક્ષણ કરતા હતા. ધનુષ્યબાણ વડે અનેક દુષ્ટ રાજાઓ જોડે યુદ્ધ કરીને તેઓને જીત્યા અને આર્યદેશમાં શાંતિ ફેલાવી.'

તેમને સુખડી પ્રિય હતી. તેઓ અતિથિઓની સેવાભક્તિ કરતા હતા અને ઘણા શૂરા હતા. તેથી મરણ પામીને દેવ થયા અને બાવન વીરોમાં ત્રીશમા દેવ તરીકે તેમની ગણના થઈ.

તેમની મૂર્તિના હાથમાં ધનુષ્યબાણ આપવામાં આવે છે, તે સમ્યગ્ દૃષ્ટિદેવ ક્ષત્રિય રાજાના જેવા આત્મા હોવાથી અને હાલ પણ તેવાં જ કાર્યો કરતા હોવાથી ઉત્તર વૈક્રિય શરીરની અપેક્ષાએ ધનુષ્યબાણવાળી મૂર્તિ કરાય છે.

શું સમકીતિ દેવો બોધિ પમાડે છે ?

જેમ વંદિતા સૂત્રમાં કહ્યું છે કે 'સમ્મદિઠ્ઠીયાદેવા દિન્તુ સમાહિં ચ બોહિં ચં.' - હે ! સમ્યગ્ દૃષ્ટિ દેવો સમાધિ અને બોધિ આપો. સમકિતી દેવો સ્વપ્નમાં કે ક્યારેક પ્રત્યક્ષ થઈને ઉપદેશ આપી ધર્મ પમાડે છે. સૂરિજી આ પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં જણાવે છે કે, 'કલ્પસૂત્રની ટીકામાં જણાવ્યું છે કે મહાવીર પ્રભુના શરીરમાં પેસી સિદ્ધાર્થ વ્યંતર લોકોની આગળ પ્રભુના મુખથી ભવિષ્ય કહેવડાવીને પ્રભુનો મહિમા વધારતો હતો. ઇત્યાદિ ચાર નિકાયના દેવોની સહાયનાં અનેક દૃષ્ટાંતો જૈનાગમમાં બતાવ્યાં છે.'

શ્રાવકો પ્રતિક્રમણમાં ચાર થોયો કહે છે. તેમાં અંતિમ ચોથી થોયમાં દેવ-દેવીની સ્તુતિ આવે છે. રાઈપ્રતિક્રમણમાં કલ્યાણકદમની 'કુંદીદુગોખિર તુસાર વન્ના' વાળી થોયમાં મા સરસ્વતી-શારદાની સ્તુતિ કરવામાં આવે છે. તેમાં દેવ-દેવીની સહાયતાની વાત આવે છે.

સ્નાત્રપૂજા, શાંતિસ્નાત્ર, સિદ્ધચક્રપૂજન, અષ્ટોત્તરી પૂજન ઇત્યાદિ પૂજનોથી લઈને પ્રતિષ્ઠા, અંજનશલાકા વિધિમાં મંત્રોની ક્રિયામાં જૈન શાસનદેવોનું આહ્‌વાન કરવામાં આવે છે. અને કાર્ય સુપેરે નિર્વિઘ્નપૂર્ણ થાય તે માટે દેવી-દેવતાની સહાય કરવાની વાત આવે છે. અન્ય રક્ષક દેવોની સાથે ઘંટાકર્ણ

વીરની સ્તુતિ સુખડીનું નૈવેદ્ય, ધૂપ-દીપ કરવા દ્વારા તેમનું આહ્‌વાન કરવામાં આવે છે. તેમ કરતાં લોકોત્તર મિથ્યાત્વ લાગતું નથી. આ તો પરંપરાગત છે. તે આપણને આપણા પૂર્વાચાર્યોની શૈલી પરથી સમજાય છે.

કેટલાક વર્ગ જેને ઘંટાકર્ણવીરની આરાધના - સુખડીનું નૈવેદ્ય ઇત્યાદિમાં મિથ્યાત્વ લાગતું હોય તો તેમને જાણવું જોઈએ કે એવું કંઈ હોત તો પૂર્વાચાર્યો પ્રતિષ્ઠા વિધિ ઇત્યાદિમાં ઘંટાકર્ણ વીરને સમ્મિલિત કરત જ નહીં.

**શાસનવીર રક્ષક ઘંટાકર્ણવીરની આરાધનાથી થતા ફાયદા :**

સૂરિજીએ આ ગ્રંથમાં ઘંટાકર્ણવીરની આરાધનાથી થતા ફાયદા જણાવ્યા છે :

(૧) ઉપયોગી સુસાધન : તીર્થંકર વીતરાગદેવની મહાસાધનતા છે. શાસનદેવો પણ ધર્મમાર્ગમાં આત્માની શુદ્ધિ કરવામાં વિઘ્ન નિવારણ કરનારા હોવાથી તીર્થંકરરૂપ મહાસાધનાની અપેક્ષાએ તેથી ઊતરતી કક્ષાના સુસાધનરૂપ ગણાય છે. તેમને કુસાધન ગણવા એ તો જૈન શાસ્ત્રોની વિરુદ્ધ છે.

શાસનદેવો મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનના જ્ઞાતા હોય છે તેથી તેઓ ભક્તની મનોદશા જાણી તેને યથાયોગ્ય સહાય કરે છે.

સૂરિજીએ જૈન સાધકના પ્રકાર બતાવ્યા છે. જો પોતાનું કાર્ય થઈ જશે તો દેવી-દેવતાને અમુક વસ્તુ આપીશ તે અહીં જૈન છે. જે બાધા-આખડી વિના દેવ-દેવીના મંત્રજાપ કરે છે. તે સ્વાવલંબી મધ્યમ જૈન, છટ્ઠા ગુણ સ્થાનક સુધી પહોંચેલા સાધુઓ દેવ-દેવીની ચોથી થોય કહી સ્તુતિ કરે છે. સાતમા ગુણઠાણે પહોંચેલા સાધુઓ દેવ-દેવીની સહાયની ઇચ્છા સ્વપ્નમાં પણ કરતા નથી.

(૨) નાસ્તિક સંગ ત્યાગ : જેઓ જૈનશાસ્ત્રોમાં કહેલા સ્વર્ગ દેવલોકની ઉત્થાપના કરે છે, તેઓ ખુદ જિનેશ્વરોની ઉત્થાપના કરે છે. આવા ઉત્થાપના કરનારાઓ જૈન ધર્મના શત્રુ તરીકે જાહેરમાં નાસ્તિક સિદ્ધ થાય છે.

(૩) અશાતના અને કર્મબંધન : પગામસજ્જાયમાં 'દેવાણં આસાયણાએ દેવીણં આસાયણાએ' એવો પાઠ છે. દેવ-દેવીની નિંદા આશાતના અને તેઓનું ખંડન કરવાથી પાપકર્મ બંધાય છે, તેના કુળનો નાશ થાય છે.

*કોઈની શ્રદ્ધા, યાત્રા વિશે દોષરૂપ ટીકાટિપ્પણ કરનારા નાસ્તિક* દોષદૃષ્ટિવાળા હોય છે.

(૪) ઇષ્ટસિદ્ધિ : જૈનો તીર્થોની યાત્રાએ સવિશેષ જાય છે. જેથી તેમને નિર્મળ સમકિત થવાનાં ઘણાં કારણો મળે છે. જિનેશ્વરદેવ, ગુરુ ધર્મની ભક્તિ કરીને કર્મની નિર્જરા થાય છે અને અનેકગણું પુણ્ય ઉપાર્જન કરે છે. જે તેને તેના આત્માની ઊર્ધ્વગતિ અપાવે છે. આવા ભક્તોને શાસનદેવોએ સહાય કરી હોય એવાં અનેક ઉદાહરણો મળી આવે છે.

(૫) મંત્ર આરાધક જૈનાચાર્યો : આચાર્ય ભગવંત સૂરિમંત્રનો નિયમિત જાપ કરતા હોય છે. ઉપાધ્યાય-પંન્યાસો ઋષિમંડલ મંત્રનો જાપ કરે છે. તેથી શાસનદેવો ગુપ્ત રીતે અને પ્રત્યક્ષ આવીને પણ સહાય કરે છે એમ જૈન શાસ્ત્રોના આધારે સિદ્ધ થાય છે. ઉદાહરણ રૂપે શ્રી મોહનલાલજી મહારાજ સૂરિજીને કહેતા કે જિનકુશલસૂરિ જે ભવનપતિના દેવ છે તેમની મને સહાય છે અને કોઈક વાર પ્રત્યક્ષ દર્શન આપે છે.

શ્રી ઉપાધ્યાય યશોવિજયજીને સરસ્વતીદેવીએ પ્રત્યક્ષ દર્શન આપ્યાં હતાં.

(૬) દેવ-સહાય : તીર્થસ્થળોના અધિષ્ઠાયક દેવો ચમત્કારી હોય છે. તેઓ તીર્થંકર પરમાત્માના ભક્ત છે તેથી સાધર્મિક જૈનોને વ્યાવહારિક તથા ધાર્મિક બાબતોમાં મદદ કરે છે. સાધર્મિકના પુણ્યબળ અનુસાર તેઓ સહાય કરે છે. પ્રભુની સેવાભક્તિથી પાપકર્મનો અનિકાચિત કર્મોદય પણ નષ્ટ થઈ જાય છે. દેવો ભક્તની આરાધનાને અવધિજ્ઞાન વડે જાણી શકે છે. તેઓ સ્વસ્થાને બેઠા બેઠા ભક્તને સહાય કરે છે, ક્યારેક પ્રત્યક્ષ તો ક્યારેક સ્વપ્નમાં દર્શન આપે છે.

(૭) પાખંડ ત્યાગ : દેવ-દેવીના નામે કેટલાક લોકો પાખંડ ચલાવે છે તેનાથી દૂર રહેવું એવું સૂરિજી કહે છે. જૈનશાસ્ત્રોમાં 'અહિંસા પરમો ધર્મ' માનવામાં આવ્યો છે. પાડા-બકરા-કૂકડા વગેરે બલિ ચઢાવવી વર્જ્ય છે. કારણ સમકિતી દેવ માંસાહર કરતા નથી. જૈનશાસ્ત્ર મિથ્યાત્વી દેવ-દેવી અને એના ભક્તોથી દૂર રહેવાનું ફરમાવે છે.

(૮) પ્રેમથી વર્તો : જૈન શાસનદેવો જે સંઘના સહાયક અને રક્ષક છે અને સમકિત ધર્મી છે તેઓ સાથે સાધર્મિક બંધુની દૃષ્ટિએ પ્રેમથી વર્તવાનું જણાવે છે.

શાસકદેવોને તીર્થંકરના સેવક જાણી તે પ્રમાણેની પૂજા અર્ચના કરે છે. તીર્થંકર પરમાત્મા સ્વરૂપે નહીં તેથી જ તો જૈનોને લોકોત્તર મિથ્યાત્વ લાગતું નથી.

પીર, પયગમ્બર, લોટેશ્વર, મીરાં દાતાર કરતાં વધારે ઉત્કૃષ્ટ ભાવનાથી જૈનો શાસનદેવ ઘંટાકર્ણ મહાવીર પાસે જાય છે. તેથી અનેક રીતે મિથ્યાત્વથી બચી જાય છે. સમકિતમાંથી ચલિત થવાતું નથી. બાધાઆખડી વિના શાસનદેવ-દેવીને પૂજે છે ને માને છે.

(૯) કુલાચારે જૈન : જન્મે જૈન ઉત્કૃષ્ટતા માટે જ દેવ-દેવીને પ્રાર્થના કરે છે. તેમને ભાવના પ્રમાણે ફળની પ્રાપ્તિ પુણ્યોદયે થાય છે. ભાવના એ જ સંકલ્પ છે.

(૧૦) સંકલ્પસિદ્ધિ : સંકલ્પથી જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જેઓને શાસનદેવ-દેવી પર પૂર્ણ શ્રદ્ધા છે કે તેઓ ફળ આપશે શ્રદ્ધા સંકલ્પ કરવાથી ભવ ભવાંતરમાં દેવો ફળ આપે છે. આ વાત નિરયાવલિ સૂત્રમાં આપેલી એક સાધ્વીજીની કથાથી સિદ્ધ થાય છે.

(૧૧) આત્મિક સુખ માટે દેવોપાસના : ભૌતિક સુખ માટે નહીં પણ આત્માના ઊર્ધ્વગમન માટે શાસનદેવોની આરાધના ઉપાસના કરવાથી તેઓ તેમાં સહાય કરે છે. પરંતુ આવી ઉત્કૃષ્ટ દશાને પામવી આસાન નથી.

(૧૨) અનંતગુણ ઉત્તમ : જૈન ધર્મ દેવ, ગુરુ, ધર્મથી નજીક હોય છે. તે મિથ્યાત્વીઓ કરતાં અનંત ઉત્તમ ગુણોવાળો હોય છે. કાળાનુક્રમે તેઓ આત્મસુખના ઉત્કૃષ્ટતા તરફ પ્રયાણ કરે છે. તેમાં પણ શાસનવીરો સહાય કરે છે.

(૧૩) સંશયી આત્મા : આવા પ્રકારના આત્મા ચોથા અને પાંચમા ગુણસ્થાનકમાં હોય છે. જેઓને આત્મિક સુખ અને ભૌતિક સુખ બંનેની ઇચ્છા હોય છે. તેઓ આ બંને સુખને પામવા માટે શાસનદેવોની આરાધના

પણ કરે તો તેથી કંઈ તેઓ જૈનશાસ્ત્રોથી વિરુદ્ધ વર્તતા નથી.

(૧૪) નિંદા ન કરો : કોઈ મનોવાંછના પૂર્ણ કરવા માટે આવાં તીર્થસ્થાનોની વારંવાર યાત્રા કરતો હોય તો તેની નિંદા ન કરવી. કારણ કે આવાં તીર્થાટનો જ તેના જીવનમાં ક્યારેક આમૂલ પરિવર્તન લાવી દેતું હોય છે. તીર્થ ક્ષેત્રોમાં દેવ-ગુરુ ધર્મનો તેને લાભ મળે છે. ગુરુનાં વચનો સાંભળી, સાધર્મિકની તીર્થંકર કે શાસકદેવ પ્રત્યેની ભક્તિ જોઈને તેના જીવનમાં પરિવર્તન આવે છે. જે તેને ઉત્કૃષ્ટ આત્મિક સુખના માર્ગે દોરી જાય છે.

**શ્રી ઘંટાકર્ણવીરની પૂજા અને આરતી :**

અષ્ટોત્તરી સ્નાત્ર, શાંતિસ્નાત્ર, પ્રતિષ્ઠા પ્રસંગે પૂર્વાચાર્યોએ ઘંટાકર્ણ વીરની મંત્રયંત્રની થાળી સ્થાપવાનું જૈન શાસ્ત્રમાં જણાવ્યું છે. આજના વર્તમાન સમયમાં પણ આ પ્રવૃત્તિ પ્રવર્તમાન છે. વીરના મંત્રનો ૧૦૮ વાર જાપ કરીને સુખડીના નૈવેદ્ય સહિત યંત્રની થાળી બાંધી સ્થાપવામાં આવે છે.

યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીએ ઘંટાકર્ણ વીરની પાંચ પ્રકારની પૂજાની રચના કરી છે :

(૧) ધૂપ પૂજા :

ધૂપે પૂજી ગુણ ગાવું, સમ્યગ્દૃષ્ટિ દિલ લાવું

બુદ્ધિસાગર શાસનદેવ, જગમાં સ્થાપી ભાવું કે.

મંત્ર : ૐ ઘંટાકર્ણ મહાવીરાય સર્વ રોગોપદ્રવશમનાય ઇષ્ટ લાભાય, શાંતિ તુષ્ટિ પુષ્ટયર્થં ધુપં યજામહે સ્વાહા !

(૨) દીપક પૂજા :

જેમ ઘટે તેમ મિત્રોની પેઠે, ધર્મમાં સાથી રહેશો

બુદ્ધિસાગર પ્રત્યક્ષ અનુભવ, મહાવીરનો સંદેશ

મંત્ર : ૐ ઘંટાકર્ણ મહાવીરાય શાંતિ તુષ્ટિ પુષ્ટ પુષ્ટયર્થં દીપં યજામહે સ્વાહા !

(૩) ત્રીજી પુષ્પ પૂજા :

જિનવર મહાવીરના સંઘની રે, સેવામાં લયલીન

બુદ્ધિસાગર ભક્તિમાં રે, જલમાં જ્યું વર્તે મીન હો.

મંત્ર : ૐ ઘંટાકર્ણ મહાવીરાય જૈન શાસનરક્ષકાય શાંતિ તુષ્ટિ પુષ્ટયર્થં પુષ્પં પુષ્પમાલાં ચ યજામહે સ્વાહા !

(૪) સુખડી : નૈવેદ્ય પૂજા :

પ્રત્યક્ષ પ્રેમે મહાવીર દીઠા, શાસન લેવા લાગ્યા મીઠા

બુદ્ધિસાગર દિલમાં, પ્રભુસંદેશ જાણશો રે,

મંત્ર : ૐ ઘંટાકર્ણ મહાવીર જૈન શાસનરક્ષકાય શાંતિ તુષ્ટિ પુષ્ટિ, ઋદ્ધિ વૃદ્ધિ કુરુ નૈવેદ્યં યજામહે સ્વાહા !

(૫) શ્રીફળ પૂજા :

તુજ પૂજાથી ધર્મીજનોની ધર્મ બુદ્ધિ સ્થિર થાવશો રે

બુદ્ધિસાગર ઋદ્ધિ વૃદ્ધિ કીર્તિ જય જય પામશો રે

મંત્ર : ૐ હ્રીં ઘંટાકર્ણ મહાવીરાય સર્વ શૂદ્રોપદ્રવ રોગનિવારણાય ઇષ્ટફલલાભાય ફલં યજામહે સ્વાહા !

આરતી :

આત્મ મહાવીર શાસન રાજ્યે, સેવાકારક જગમાં ગાજે,
બુદ્ધિસાગર આતમ કાજે, ક્ષણ ક્ષણ વહેલો સહાયે થાજે.

સૂરિજીએ અજ્ઞાનીને જ્ઞાન, ભયભીતને અભય, અંધશ્રદ્ધામાંથી શ્રદ્ધાનો દીપ જલાવીને લોકોને મિથ્યાત્વના મંથનમાંથી બચાવી સમકિતી શાસન-રક્ષકોના સાંનિધ્યમાં મૂક્યાં. આવા પરમ ઉપકારી અઢારે આલમના અવધૂત એવા યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીના ચરણોમાં કોટિ કોટિ વંદના.

## 'આત્મદર્શન' અને 'આત્મતત્ત્વ દર્શન' – ગ્રંથો વિશે

- કનુભાઈ એલ. શાહ

કવિ, લેખક, યોગી, અવધૂત, વિદ્વાન, તત્ત્વવેત્તા, વક્તા જેવાં તત્ત્વો એક જ વ્યક્તિના સરનામે જોવા મળે તેવું વ્યક્તિત્વ એટલે આપણા જ્ઞાનયોગી, ધ્યાનયોગી અને કર્મયોગી આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ.

વિક્રમનું બે હજાર ને સિત્તેરમું વર્ષ અનેક ગુણોના ભંડારસમા શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીનું આ સૂરિશતાબ્દીનું વર્ષ છે. આ બુદ્ધિસાગરસૂરીશ્વરજીને અઢારે આલમના લોકો એક સંત તરીકે ઓળખે છે, એમને પૂજે છે અને એમને 'અવધૂત'ના ઉપનામથી ઓળખે છે. જનસમૂહ યોગનિષ્ઠ આચાર્ય ભગવંતશ્રીને સદ્ભાવથી માન અર્પે છે.

એ સમયે સમાજ અંધશ્રદ્ધા અને કુરિવાજોમાં ફસાયો હતો, શિક્ષણનો પ્રચાર-પ્રસાર ન હતો, લોકો ગરીબીમાં સબડતા હતા, એવા સમયે પ્રજામાં નવી જાગૃતિની લહેર પ્રસરાવવા ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં અને વીસમી સદીના પ્રારંભે વિ. સં. ૧૯૩૦ મહા વદિ ચૌદશ, શિવરાત્રિના દિવસે ગુર્જરદેશની ગુણિયલ ભૂમિ વિજાપુરમાં એક કણબી પટેલના કુટુંબમાં બહેચરનો જન્મ થયો. માતાનું નામ અંબા અને પિતાનું નામ શિવાભાઈ.

પિતાનો ધંધો ખેતીનો એટલે બહેચરને ખેતી કરવાનું સૌ કહે પરંતુ બહેચરને ખેતી કરતાં સાધુ-સંતોની સેવા કરવાનું અને પુસ્તકો વાંચવાનું વધુ પ્રિય હતું. બહેચર બાળપણથી સરસ્વતી દેવીની ઉપાસના કરતો. ગોખલામાં સરસ્વતીદેવીની છબી મૂકી તેની સામે બેસી પ્રાર્થના કરતો. એમના મિત્ર ડાહ્યાભાઈ તરફથી એમને સરસ્વતીદેવીનો મંત્ર મળ્યો. મંત્રનો જાપ હંમેશાં દેવી સમક્ષ એકચિત્તે કરતો.

ડાહ્યાભાઈના સત્સંગથી અને એમના ભંડારમાંથી બહેચર પુસ્તકોના વાંચનમાં મશગૂલ બન્યો. બહેચરે ગામડાની પ્રાથમિક શાળામાં સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. શાળામાં સારા ગુણથી ઉત્તીર્ણ થતાં શાળાના શિક્ષકો એને આગળ અભ્યાસ કરવાની પ્રેરણા કરતા હતા. શાળાના વિદ્યાર્થીઓ પણ એને માનથી જોતા હતા.

આ સમય દરમિયાન બહેચર શ્રી રવિસાગરજી મ.સા.ના પરિચયમાં આવ્યા. ગુરુના સત્સંગથી શ્રદ્ધા વધી. વધુ શાસ્ત્રાભ્યાસ કરવાની ઇચ્છા તીવ્ર બની. તેથી શાસ્ત્રાભ્યાસ કરવા અમદાવાદની વિદ્યાશાળામાં પંદર વર્ષની ઉંમરે દાખલ થયા. આ અભ્યાસના પરિણામે દર્શન, પૂજન, સ્વાધ્યાય અને આવશ્યક ક્રિયાઓ એમના જીવનનાં અભિન્ન અંગ બન્યાં.

પૂ. રવિસાગરજી મ.સા.ની પ્રેરણાથી મહેસાણામાં શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં દાખલ થઈને શાસ્ત્રોનું તલસ્પર્શી અધ્યયન કર્યું. વૈરાગ્યની ભાવના હોવાથી માતા-પિતાના મૃત્યુ બાદ પૂ. સુખસાગરજી મ.સા. પાસે બહેચરે દીક્ષા આપવાની વિનંતી કરી. ગુરુદેવ શ્રી સુખસાગરજી મ.સાહેબે સંઘ અને સ્નેહીજનોની અનુમતિથી બહેચરદાસને વિ. સં. ૧૯૫૭ના માગસર સુદિ ૬ના દિવસે દીક્ષા આપી. શ્રમણ જીવનનો સ્વીકાર થતાં બહેચરમાંથી મુનિ બુદ્ધિસાગર બન્યા.

મુનિ બુદ્ધિસાગરે આત્મોન્નતિ માટે આધ્યાત્મિકક્ષેત્રે પ્રયાણ આદર્યું. આ જ બુદ્ધિસાગર આત્મસાધનાના અખૂટ બળે યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી તરીકે સમાજમાં પ્રખ્યાત થયા. અભ્યાસ માત્ર સાત ધોરણનો પરંતુ સરસ્વતીદેવીની સાધના જીવનભર ચાલુ રહી તેના પરિણામે જૈનશાસનને મળ્યા વિવિધ વિષયોના માતબર ૧૪૦ ગ્રંથો.

વિષયોનું વૈવિધ્ય આંખે ઊડીને વળગે તેવું છે. શ્રીમદ્‌ના સાહિત્યના સર્જનને અધ્યાત્મ જ્ઞાન-તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, કાવ્યરચનાઓ જેવી કે અધ્યાત્મ કાવ્ય, ઉપદેશ કાવ્ય, ખંડકાવ્ય, ભક્તિકાવ્ય આદિ; જીવનચરિત્ર, ધર્મનીતિબોધ, પત્રનોંધો, વિવેચન, ભાષાંતર, સંપાદન, ડાયરી, સંસ્કૃત ગ્રંથો ઇત્યાદિ....

પૂ. બુદ્ધિસાગરસૂરીશ્વરજીનું સાહિત્ય એટલે તેઓ પોતે આધ્યાત્મિક અને યોગી રૂપે જીવન જીવ્યા તેનું જ જાણે પ્રતિબિમ્બ ! વિચાર, વાણી અને વર્તનની એકતા તેઓ સાધી શક્યા છે તેવું જ તેમનું સાહિત્ય પ્રગટ્યું છે. પોતાના જીવન દરમિયાન પ. પૂ. બુદ્ધિસાગરે પચ્ચીસ હજાર જેટલા ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. 'આગમસાર' નામનો ગ્રંથ એમણે એકસો વાર વાંચ્યો હતો.

માત્ર ચોવીસ વર્ષના સાધુકાળમાં સાધુજીવનના વ્યવહારો સાચવીને અને ધ્યાનપ્રધાન આત્મસાધનાને અખંડિત રાખીને આટલા વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કર્યું હોય તેવું ભાગ્યે જ અન્ય કોઈ મળે ! આ ગ્રંથો સંસ્કૃત, હિંદી અને ગુજરાતી એમ મુખ્યત્વે ત્રણ ભાષામાં રચાયા છે, પ્રાકૃત અને અર્ધમાગધી ભાષામાં પણ કેટલીક રચનાઓ થઈ છે.

જૈન સાધુઓમાં 'ડાયરી' લેખનનું કાર્ય કરનાર તેઓ સૌપ્રથમ હતા. આ રોજનીશીમાં પૂજ્યશ્રીના હૃદયમાં છુપાયેલા મનોજગતનું અદ્‌ભુત આલેખન થયું છે. આ રોજનીશીમાં મળે છે એમના અધ્યાત્મ જગતનો સાક્ષાત્કાર.

આ 'ડાયરી'માંથી મળે છે એમના જૈન ભારત મહાજ્ઞાનાલય (પુસ્તકાલય) વિશેના પણ અદ્‌ભુત વિચારોઃ

'આખા આર્યાવર્તમાં એક મોટું લાખો રૂપિયા ખર્ચીને 'જ્ઞાનાલય' કરવાની જરૂર છે. ઇંગ્લૅન્ડની મોટામાં મોટી લાઇબ્રેરી જેવડું જ્ઞાનાલય બંધાવવામાં આવે અને જૈન ધર્મનાં લખાયેલાં તથા છપાયેલાં દરેક જાતનાં પુસ્તકો રાખવામાં આવે તો જૈન ગ્રંથોની ભક્તિ સારી રીતે કરી એમ કહી શકાય. જૈનોના લાખો રૂપિયા વ્યવસ્થા અને ઉત્તમ પ્રકારની સંકલનાના અભાવે અન્ય બાબતોમાં ખર્ચાય છે. પણ એક મોટું જૈન ધર્મ પુસ્તકાલય બનાવવા માટે લાખો રૂપિયા ખર્ચાય તો ભવિષ્યની પ્રજાને મહાન વારસો આપી શકાય. અમદાવાદ, પાલિતાણા, વડોદરા વગેરે મધ્ય સ્થળોમાંથી ગમે તે

સ્થળે પસંદ કરવામાં આવે તો તે યોગ્ય ગણી શકાય.'

'આ હિંદુસ્તાનના જૈનોમાં આવા ઉત્તમ વિચારોને પ્રથમ તો ફેલાવવાની જરૂર છે. પશ્ચાત્ આગેવાન શ્રાવકોએ આ કામ ઉપાડી લેવું જોઈએ. ધર્મના આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ વગેરેનાં પુસ્તકો તેમના નામે રાખવામાં આવે અને જ્ઞાનાલયમાં તે જુદી જુદી કોટડીઓમાં મૂકવામાં આવે એવી વ્યવસ્થા કરવામાં આવે અને તેમને ખપ પડે મોકલવામાં આવે તો જૈન ભારત જ્ઞાનાલયની ઉન્નતિ થાય. એક જૈન ભારત મહાજ્ઞાનાલય અને તેની શાખાઓ તરીકે ભિન્ન ભિન્ન શહેરનાં જ્ઞાનાલયો સ્થાપવામાં આવે એવી વ્યવસ્થા થાય તો જૈનોનો ઉદય થઈ શકે.'

યોગીરાજની દૃષ્ટિ કેટલી વિચક્ષણ હતી, એ આ દીર્ઘદ્રષ્ટાના મહાન વિચારો પરથી જાણી શકાય છે. આ સ્વપ્નદ્રષ્ટાનું બીજું સ્વપ્ન હતું વિદ્યાલયનું. સાહિત્યસર્જન અને તે પહેલાંની ભૂમિકા જોયા બાદ શ્રીમદ્‌ના આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનનાં પુસ્તકોમાંથી 'આત્મદર્શન' અને 'આત્મતત્ત્વ દર્શન' ગ્રંથોમાં પ્રગટ થયેલા એમના અધ્યાત્મજ્ઞાનના વિચારોને જાણવાનો પ્રયાસ કરીશું.

આત્મદર્શન, પૃ. ૯૨, રચના સંવત, આ. ૧ વિ. સં. ૧૯૮૧, આ. ૨ વિ. સં. ૨૦૨૨, આ. ૩ વિ. સં. ૨૦૩૮.

મુનિરાજ અધ્યાત્મજ્ઞાની આત્મોપયોગી શ્રી મણિચન્દ્રજી મહારાજે એકવીશ સજ્ઝાયોની રચના કરેલી તેના પર વિ. સં. ૧૯૮૦ના પેથાપુરના ચાતુર્માસ દરમિયાન વિવેચન લખી આ ગ્રંથ વિ. સં. ૧૯૮૧માં મહુડીથી પ્રકાશિત થયો છે.

શ્રી મણિચંદ્રજી મહારાજ શ્વેતામ્બર તપાગચ્છીય શ્વેત વસ્ત્રધારી આત્માર્થી આત્મજ્ઞાની મહાસંત હતા. તેમને રક્તપિત્તનો મહારોગ થયો હતો. તેઓ અધ્યાત્મજ્ઞાની હોઈ સ્વભાવે રોગને સહી આત્મપયોગે સહજ સમાધિમાં લીન રહેતા હતા. પૂ. મણિચંદ્રજી મહારાજ દોઢસો વર્ષ પૂર્વે થઈ ગયા. શ્રીમદે એમની એકવીશ સજ્ઝાયોનું વિવેચન લખીને 'આત્મદર્શન' નામનો ગ્રંથ પ્રકાશિત કર્યો ન હોત તો પૂ. મણિચંદ્ર મહારાજ વિશે અને એમને લખેલી સજ્ઝાયો વિશે બહુ ઓછા લોકો જાણતા હોત. પૂ. મણિચંદ્રજી મહારાજ એક વિરલ આત્માર્થી હતા. એમણે લખેલી સજ્ઝાયો તત્ત્વજ્ઞાનથી

*સભર છે. કાવ્ય તત્ત્વની તેમજ અધ્યાત્મની દૃષ્ટિએ એમની રચનાઓ ઊંચી* કોટિની છે.

પૂ. મણિચંદ્રની સજ્ઝાયોમાં વર્ણવાયેલ આધ્યાત્મિક દૃષ્ટિ અને વૈરાગ્યપૂર્ણ પદોની ભાવના ઝળકે છે. તેના ગૂઢાર્થ અને ગંભીરતા તેમજ જ્ઞાનવૈરાગ્ય રસને સામાન્ય માનવીને સમજવો મુશ્કેલ પડે છે તેથી કર્તાનો આશય સંપૂર્ણપણે સ્પષ્ટ થતો નથી. તેથી આ પદો પર આધ્યાત્મિક દૃષ્ટિએ સરળ અને સુંદર અર્થસભર વિશિષ્ટ શૈલીમાં વિવેચન કર્યું છે. જેથી કરીને જિજ્ઞાસુઓ તેનો લાભ લઈ શકે. પૂ. મણિચંદ્રજીની ઉત્તમ કોટિની રચનાઓ અને તેના પર અર્થ-વિવેચન કરનાર અધ્યાત્મરસિક કવિરાજ શ્રીમદ્ બુદ્ધિસાગરજી મ. સાહેબ હોય તો પૂછવું જ શું ?

પ્રસ્તુત ગ્રંથમાં પ્રથમ સજ્ઝાયમાં ભક્તિ જે નવ પ્રકારે થાય છે તેનું વિવેચન ગુરુદેવે સરળ ભાષામાં દરેકને સમજાય તે રીતે કર્યું છે : (૧) શ્રવણ (૨) કીર્તન (૩) સેવન (૪) વંદન (૫) નિંદા (૬) ધ્યાન (૭) લઘુતા (૮) એકતા અને (૯) સમતા. શ્રવણ ભક્તિને સમજાવતાં કહ્યું છે કે આત્માના અનંત ગુણ પર્યાયોનું દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી ગીતાર્થ ગુરુમુખથી સ્વરૂપ શ્રવણ કરવું તે શ્રવણભક્તિ છે. કારણ કે તે આત્માની શ્રવણભક્તિ છે.

એથી શ્રવણક્રિયા ભક્તિથી અનાદિ કાલથી લાગેલાં કર્મો ઉત્કૃષ્ટ ભાવે એક ક્ષણમાં નાશ પામે છે. આવી જ રીતે નવે પ્રકારની ભક્તિને સદૃષ્ટાંત સુંદર રીતે સમજાવે છે.

चेतन जब तुं ज्ञान विचारे । तब पुद्गल की सविगति छारे ।
आपही आपस भाव में आवे । परपरिणति सत्य दुरे गमावे ।।

હે ચેતન ! જ્યારે તું આત્માનું જ્ઞાન વિચારે છે ત્યારે પુદ્ગલની સંગતિનો મોહ વારે છે અને તું પોતાના આત્માના સ્વભાવમાં આવે છે ત્યારે રાગ દ્વેષાદિકની પરપરિણતિને દૂર કરી શકે છે. આત્માનું જ્ઞાન વિચારવાથી અને આત્માનું સ્વરૂપ રમણ કરવાથી આત્માની સાથે મોહરૂપ સમતાનો સંબંધ રહેતો નથી. મોરની પાસે સર્પ રહેતો નથી. સિંહની પાસે સસલું રહેતું નથી. પ્રકાશની પાસે અંધકાર રહે નહિ તેમ આત્મજ્ઞાનનો વિચાર કરવાથી

પરપરિણતિ પ્રગટેલી હોય છે તો તે તુર્ત શમી જાય છે.

धनरामाने कारणे ध्यातो, आरंभे करी होई मातो रे ।
जनम गमाव्यो न जाण्यो जातो, फीरे करमे करी तातो रे ।।ज. ९।।
पंच कारण योग्यता पावे, कम्मराशी तुटी जावे रे ।
मुगतियोग्यता चेतन थावे, भणे भणिचंद गुण गावे रे ।। ज. ९।।

હે ચેતન ! તું સુખને માટે ધનપ્રાપ્તિ પાછળ આંધળી દોટ મૂકે છે. તે માટે અહર્નિશ દુર્ધ્યાન ધરે છે. ધન મેળવવા માટે અનેક છળકપટ કરવાં પડે છે. તેથી મનુષ્ય જન્મ એળે જાય છે તેને પણ તું જાણતો નથી. તને વૈરાગ્ય દશા કેમ જાગતી નથી ? હે ચેતન ! તું મોહથી અંધ બનીને પોતાનું સ્વરૂપ કેમ ભૂલે છે ? તું આત્માની શુદ્ધતાનો પુરુષાર્થ કર. કાલ, સ્વભાવ, નિયતિ, કર્મ અને ઉદ્યમ એ પાંચ કારણોથી કાર્યની સિદ્ધિ થાય છે. દરેક કાર્યની સિદ્ધિમાં આ પાંચ કારણોનો સમૂહ હોય છે. કર્મરાશિનો સર્વથા નાશ અને આત્માની મુક્તિમાં પાંચ કારણોનો સમવાય હોય છે. તેમાં ઉદ્યમની પ્રધાનતાએ અન્ય કારણોનો સમુદાય પણ સહચારી છે. કોઈ સ્થળે કર્મ બળી હોય છે અને કોઈ સ્થળે ઉદ્યમ બળવાન હોય છે. કરોડો રીતે અત્યંત ઉદ્યમ કરતાં પણ આત્મબળને કર્મ હઠાવે ત્યારે સમજવું કે ઉદ્યમ કરતાં કર્મ બળવાન છે. પહેલાંથી કર્મનો ઉદય બળવાન છે એમ માની આત્મપુરુષાર્થથી ભ્રષ્ટ ન થવું. સમયે સમયે દરેક કાર્ય પ્રતિ પંચકારણનો સમવાય હોય છે. જ્યાં કાર્યની સિદ્ધિ થતી નથી ત્યાં પાંચ કારણોનો સમુદાય મળ્યો નથી એમ ગણી શકાય. પાંચ કારણના સમુદાય વિના એકાદિ હેતુથી કાર્યની સિદ્ધિ થાય છે એમ માનવું મિથ્યાત્વ છે. શ્રી મણિચંદ્રજી આત્માના ગુણોનું ગાન કરીને એનો આનંદ માણી રહ્યા છે.

જ્ઞાન અનંત છે. તેના પ્રકાર અનંત છે. માનવી પોતાની ટૂંકી જિંદગીમાં સર્વ જ્ઞાન પ્રાપ્ત કરી શકે નહીં. તેથી સર્વ જ્ઞાનના પાયારૂપ અને સારરૂપ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવા સંબંધી મનુષ્યે વિચારણા કરી લેવી જોઈએ. ચેતન-અચેતનનો ભેદ સમજવા માટે તત્ત્વજ્ઞાનનો સહારો લેવો જોઈએ. મનુષ્યમાં રહેલું આત્મતત્ત્વ સર્વ તત્ત્વોમાં મહાન હોઈ એમની જાણકારી મેળવવા પુરુષાર્થ આદરવો જોઈએ. પ્રાચીન કાળથી આત્મતત્ત્વનું સ્વરૂપ જાણવા મનુષ્યો પ્રયત્ન કરી રહ્યા છે. કેટલાક તે પામ્યા છે. કેટલાક અધૂરા રહ્યા છે

અને કેટલાક નથી પણ પામ્યા. કોઈ કોઈ દ્રષ્ટાઓ પોતાનું જ્ઞાન અન્યને માટે મૂકતા ગયા છે. શ્રીમદ્ પોતે તત્ત્વજ્ઞાનનો અનુભવ કરવા મથ્યા. પોતાના અનુભવે મેળવેલી તત્ત્વજ્ઞાનની અનુભવગમ્ય છાપ પોતાનાં પુસ્તકોમાં મૂકતા ગયા છે. તત્ત્વજ્ઞાન અધ્યાત્મના ગ્રંથોમાં તત્ત્વની ચર્ચા તેઓએ કરી છે. પરમાત્મા દર્શન તેઓએ કર્યું છે તે તેમણે તેમના તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાં ભિન્ન ભિન્ન શૈલીથી સમજાવટનું કાર્ય કર્યું છે.

શ્રીમદ્ 'આત્મદર્શન' ગ્રંથની સજ્ઝાયોમાં આવતા આત્મા-પરમાત્મા, અંતરાત્મા, દેહ અને મન, ચાર કષાયો, સમ્યગ્દૃષ્ટિ, ગુંઠાણા, નિન્દા, વિકથા, આત્મરમણતા, ક્રોધાદિ વાસનાઓ વગેરે અનેક વિષયોની છણાવટ આધ્યાત્મિક દૃષ્ટિએ કરીને સજ્ઝાયોમાં રહેલા વિષયોનું સરળ રોચક શૈલીમાં જિજ્ઞાસુઓને સમજાય તે રીતે વિવેચન કર્યું છે. આત્માને કેન્દ્રમાં રાખી આત્મામાં જ સુખ છે, સ્વતંત્રતા છે અને પરમાં દુઃખ, પરતંત્રતા છે માટે તું આનંદરસ પામવા બાહ્ય સાધનોનો ઉપયોગ કરીશ નહીં. આત્મામાં જ સ્થિર થઈ સુખ ભોગવ.

'આત્મતત્ત્વ દર્શન' ગ્રંથમાં યોગનિષ્ઠ આચાર્યશ્રી જણાવે છે કે પરમાત્મપદની પ્રાપ્તિમાં અનેક અજ્ઞાનના પડદાઓ આવે છે, માટે રાગદ્વેષનો ત્યાગ કરીને ધર્મશાસ્ત્રો દ્વારા ધર્મ તત્ત્વોનો અનુભવ કરવો જોઈએ. દેશ, ધર્મ, સમાજ ધર્મ, નીતિ, રાષ્ટ્રપ્રેમ, મોક્ષ ધર્મ વગેરેનું સમ્યગ્ સ્વરૂપ પ્રતિપાદન કરનારા તીર્થંકર પ્રભુઓના ઉપદેશનો અનુભવ કરવો જોઈએ. રાગદ્વેષનો સર્વથા ક્ષય કરીને જેને ત્રણ ગુણની પેલી પાર કેવલજ્ઞાન પામીને ઉપદેશ આપ્યો છે. એવા ચોવીસ તીર્થંકર મહાવીર પ્રભુના સિદ્ધાંતોનું શ્રવણ, વાચન અને મનન કરીને આત્માદિ તત્ત્વોનો અનુભવ મેળવવો જોઈએ. શ્રી મહાવીર પ્રભુએ કેવળજ્ઞાન પામીને સર્વ ધર્મોમાં રહેલાં સત્યોને અપેક્ષાએ સમજાવ્યાં છે. અને તેથી સર્વ ધર્મોનાં સત્યોમાં જે મતકદાગ્રહ હતો તે દૂર કર્યો છે. તેથી ગુરુગમ લઈ જે કોઈ જૈનાગમોને વાંચશે તે આત્માદિ તત્ત્વોના સત્યને પામશે અને સર્વ ધર્મો પર થતા રાગદ્વેષને દૂર કરી સમભાવ પ્રાપ્ત કરી પરમાત્માને પ્રાપ્ત કરશે એમ મને અનુભવે સમજાય છે. ધર્માદિ સર્વ બાબતોના અપેક્ષાવાદને સમજાવી મતકદાગ્રહ પક્ષપાત અજ્ઞાનતાને દૂર કરાવનાર શ્રી મહાવીર પ્રભુના ઉપદેશની જેટલી સ્તુતિ કરીએ તેટલી ઓછી છે.

દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વોમાં સર્વ ધર્મની માન્યતાઓનો સમાવેશ થાય છે. સર્વ ધર્મનાં શાસ્ત્રોમાં દેવ, ગુરુ અને ધર્મ સંબંધી પરસ્પર વિરુદ્ધ ભિન્ન ભિન્ન માન્યતાઓ દર્શાવેલી જોવા મળે છે. વિશ્વનો મોટો ભાગ પોતપોતાની મતિ અનુસાર દેવ, ગુરુ અને ધર્મને માને છે અને ભવિષ્યમાં માનશે. જે તત્ત્વો અનાદિકાળનાં છે તે અનંતકાલ પર્યંત રહેવાનાં, બાકીનાં તત્ત્વો તો નષ્ટ થયા વિના રહેશે નહિ. દરેક દર્શનમાં અમુક તત્ત્વોનું પ્રતિપાદન કરવામાં આવ્યું હોય છે, પરંતુ તે તત્ત્વો પણ પરસ્પર ધર્મના તત્ત્વજ્ઞોને વિરુદ્ધ અસત્ય લાગે છે.

કેટલાક મનુષ્યોને પ્રકૃતિને અનુકૂળ ધર્મ પસંદ આવે છે. વેદાન્ત ભાગવત ધર્મમાં પ્રકૃતિને અનુકૂળ ધર્મની માન્યતા સંબંધી વિશેષ વ્યવસ્થા દેખાય છે. કેટલાક મનુષ્યોને બુદ્ધિની પ્રધાનતાએ ધર્મ પસંદ આવે છે. બૌદ્ધ વગેરે દર્શનો બુદ્ધિવાદની અપેક્ષાએ ધર્મને માને છે. કેટલાક મનુષ્યોને ઈશ્વર કર્તૃત્વવાળો ધર્મ પસંદ પડે છે. ત્યારે કેટલાકોને તેનાથી વિરુદ્ધ ધર્મ પસંદ પડે છે. કેટલાક મનુષ્યોને સાકાર ઈશ્વર માનવો પસંદ પડે છે ત્યારે કેટલાકોને નિરાકાર ઈશ્વર માનવો પસંદ પડે છે. દૃષ્ટિ સૃષ્ટિવાદ, વિવર્તવાદ, પરિણામવાદ, સ્યાદ્વાદ, અનેકાંતવાદ, નિત્યવાદ, અનિત્યવાદ વગેરે સર્વ મતો ભિન્ન ભિન્ન બુદ્ધિથી પ્રગટેલા છે તેમાં જેને જે પસંદ પડે છે તે તેને માને છે.

આ ગ્રંથમાં પૂજ્યશ્રીએ જૈનેતર વેદાંતાદિ દર્શનીય શાસ્ત્રોથી આત્માનાં તત્ત્વોની માન્યતા સિદ્ધ કરી છે અને જૈન તત્ત્વો સંબંધી શ્રી શંકરાચાર્ય વગેરેના વિચારોની સમાલોચના કરીને જૈનતત્ત્વોની માન્યતાનું પ્રતિપાદન કર્યું છે. જૈનેતર ધર્મશાસ્ત્રોમાં પ્રતિપાદિત આત્મા, પરમાત્મા, કર્મ વગેરે તત્ત્વોની ચર્ચા કરીને જૈનશાસ્ત્રોમાં પ્રતિપાદિત આત્મા, પરમાત્મા, મોક્ષ, કર્મ વગેરે તત્ત્વોનો અનેક સાપેક્ષ દૃષ્ટિથી વિચાર કરવામાં આવ્યો છે.

યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીનું ગુજરાતી તેમજ સંસ્કૃત ભાષા પરનું પ્રભુત્વ સ્પષ્ટ વર્તાઈ આવે છે. બુદ્ધિસાગરજીએ એક લેખક તરીકે જનસમુદાયને બોધદાયક પુસ્તકોનું બહુ મોટું પ્રદાન કર્યું છે. આત્મજ્ઞાન અને અધ્યાત્મજ્ઞાન જેવા ગહન વિષયોને વાચકો સહજ રીતે સમજી શકે તે રીતે ભાષાનો ઉપયોગ કર્યો છે. એમના સમગ્ર સાહિત્યમાં આત્માનું સ્વાભાવિક

જ્ઞાન સ્ફુરાયમાન થયેલું છે. એમનાં જ કાવ્યોમાંથી નીચેની પંક્તિઓમાં વૈરાગ્ય રસનું સરળ ભાષામાં પાન કરાવ્યું છે :

ખીલેલાં બાગનાં પુષ્પો, પછીથી તે ખરી જાશે,
ઉદય ને અસ્તનાં ચક્રો, ફરે તેથી બચે ના કો,
સદા ઉપયોગ સારામાં, કરી લે જે મળ્યું તેનો.
મગજ સમતોલ રાખીને, સદા કર કાર્ય તું ત્હારાં.

દુનિયાનાં તમામ દર્શનોમાં તત્ત્વોની માન્યતાઓનું પરસ્પર ખંડન-મંડન થયા વિના રહેતું નથી. દરેક ધર્મના સંસ્થાપકો અમુક આવશ્યક સંયોગોમાં અમુક ધર્મની સ્થાપના કરે છે. તેમાં પાછળ સત્યની સાથે અસત્ય આચારો પણ કાલાન્તરે ઘૂસી જાય છે. દેવ, ધર્મ અને ગુરુ એ ત્રણ તત્ત્વોમાં સર્વધર્મની માન્યતાઓનો સમાવેશ થાય છે. અને સર્વ ધર્મોનાં શાસ્ત્રોમાં ધર્મસંબંધી પરસ્પર ભિન્ન માન્યતાઓ દર્શાવી છે. સર્વ ધર્મના સિદ્ધાંતોમાં એક મત કાલાંતરે પણ શક્ય નથી. વિશ્વમાં અનેક ધર્મો સ્થપાયા અને લય પામ્યા. છતાં કયો ધર્મ કયા સિદ્ધાંત પ્રમાણે સત્ય છે, તે નિરૂપણ સુંદર રીતે અનેક પ્રકારે લેખક આ ગ્રંથમાં કરે છે અને આત્મતત્ત્વ પ્રાપ્ત કરાવનાર યોગ અધ્યાત્મ દ્વારા પ્રાચીન જૈન ધર્મની મહત્તા વેદ આદિ શાસ્ત્રોથી જ લેખક સિદ્ધ કરી બતાવે છે અને 'આત્મતત્ત્વ દર્શન' એ ગ્રંથના નામને સાર્થક કરે છે.

# ઐતિહાસિક ગ્રંથોનું વિહંગાવલોકન

- પ્રો. આર.ટી.સાવલિયા

ભારતીય સંસ્કૃતિ એટલે ધર્મની સંસ્કૃતિ. ધર્મ એ ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે. ભારતીય પરંપરામાં ધર્મ અને સંસ્કૃતિ એકબીજાના પર્યાય બની ગયા છે. ભારતની ભૂમિ એ અનેક ધર્મ-સંપ્રદાયોનું ઉદ્ભવસ્થાન છે. જગતના ઇતિહાસમાં અને ભારતીય ધર્મ પરંપરામાં ધર્મ, સંપ્રદાય, મઝહબ વગેરે શબ્દો સમાન અર્થમાં વ્યવહારમાં વપરાય છે. પણ એનો ઊંડો અભ્યાસ કરતાં સમજાશે કે દરેક શબ્દનો વિશિષ્ટ અર્થ થાય છે. ભારતીય ધર્મપ્રણાલીમાં ધર્મનો પ્રચલિત અર્થ કંઈક આવો કરવામાં આવે છે : 'ઈશ્વર વિશે પરલોક અને આત્માના મોક્ષ વિશેની અમુક ચોક્કસ શ્રદ્ધેય માન્યતાઓ અને તેમાંથી ફલિત થતી અમુક પૂજા ઉપાસના વિધિ હોય છે. તેમજ એકસરખી માન્યતા ધરાવતા એક સમાન કર્મકાંડ આચરતા જનસમૂહનો એક વ્યવસ્થિત બંધારણીય સંઘ હોય તેને સંપ્રદાય અથવા પંથ પરંપરા કહેવામાં આવે છે.'

આ વ્યવસ્થિત બંધારણીય સંઘમાં ગુરુ-શિષ્ય પરંપરા હોય છે. કોઈ એક આદિ ગુરુ અથવા અવતાર વિશે પૂર્ણતાની માન્યતા હોય છે. એમને શરણે જવા માટે અમુક પ્રકારની દીક્ષાવિધિ હોય છે. તેમજ પરંપરાગત જ્ઞાન પ્રસારણની ચોક્કસ વ્યવસ્થા હોય છે.

આમ ધર્મ - સંપ્રદાય - પંથ - પરંપરા એ કેવળ ઔપચારિક

માન્યતા કે બાહ્ય, જડ કર્મકાંડ નથી પણ આધ્યાત્મિક જીવન છે. તે કેવળ જાણવાનો જ વિષય નથી પણ જીવવાનો વિષય છે. જીવનના દરેક ક્ષેત્રમાં મનુષ્ય સંબંધોમાં ધર્મના સિદ્ધાંતોના પાલનની આવશ્યકતા છે. ધર્મથી વ્યવહાર શુદ્ધ થાય છે અને પ્રભુને અર્પણ કરવાની ભાવનાથી નિષ્કામ કર્મયોગથી વ્યવહારમાં અનાસક્તિ કેળવાય છે અને જીવનમુક્તિનો અનુભવ કરી શકાય છે.

વિવિધ સંસ્કૃતિઓનાં મૂળમાં ધર્મએ મોટો અને મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ભારતમાં હિંદુ ધર્મ ઉપરાંત બીજા ધર્મ-સંપ્રદાયો પણ અસ્તિત્વ ધરાવે છે. આપણું રાષ્ટ્રીય ધ્યેય અસાંપ્રદાયિકતા છે. તેનો અર્થ અધાર્મિકતા નહિ પણ દરેક ધર્મ તરફ સરખો આદર કેળવવો એવો વિશાળ અને માનવતા પોષક અર્થ છે. આ આદર્શ ત્યારે જ સિદ્ધ થાય છે કે જ્યારે દરેક માણસ પોતાની વિચારપ્રણાલી સાથે અન્ય વિચારકોની પ્રણાલી સમન્વય સાધે અને દરેક સંપ્રદાય પંથ-પરંપરાના ઊંડાણમાં રહેલ સમાન તત્ત્વોનો સાચો ખ્યાલ મેળવી તે દૃષ્ટિબિંદુ જીવનમાં અપનાવે.

ભારત ધર્મપરાયણ દેશ હોવાથી એમાં અનેક ધર્મ - સંપ્રદાયો તેમજ અનેકવિધ દેવ-દેવતાઓની ઉપાસના થતી જોવા મળે છે. કોઈ પણ ધર્મ સંપ્રદાયનો વિકાસ તેને અનુસરનાર પાળનાર પ્રજાના સ્વભાવ અને તે દેશ-સ્થળની આસપાસની ભૌગોલિક પરિસ્થિતિ પર અવલંબે છે. હિંદુ સંસ્કૃતિના પાયામાં ધર્મ મૂળ સ્થાને રહેલો છે. સાહિત્યમાં પણ ધર્મ-ભક્તિની અભિન્ન અવિરત ધારા પ્રવાહિત થયેલી નજરે પડે છે. સ્માર્ત, શૈવ, શક્તિમાર્ગી, વૈષ્ણવ, એકેશ્વરવાદી, બહુદેવવાદી, જ્ઞાનમાર્ગી, ભક્તિમાર્ગી, તંત્રમાર્ગી વગેરે ધર્મ-સંપ્રદાય-પંથ-પરંપરાઓના ધર્મપ્રચારક સાધુ-સંતો, પંડિતો-આચાર્યોએ રાષ્ટ્રના રંગમંચ પર પોતાના વ્યક્તિત્વ, જ્ઞાન વગેરે દ્વારા જનસમાજને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો છે.

ગુજરાત એ ભારતનો એક ભાગ હોવાથી ગુજરાતનું સમાજજીવન પણ ધર્મના રંગે રંગાયેલું હોય એ સ્વાભાવિક છે. ગુજરાતના લોકોને મન ધર્મ એ કેવળ ચર્ચાનો વિષય નહિ, પણ અનુભૂતિનો વિષય છે. તેથી જ ગુજરાતની વ્યાપારપ્રધાન પ્રજામાં સહિષ્ણુતા, બંધુત્વની ભાવના, મિલનસારપણું

સમાધાનવૃત્તિ, ઉદાર દૃષ્ટિ વગેરે ગુણો સવિશેષ પ્રમાણમાં જોવા મળે છે. ગુજરાતમાં જુદા જુદા સમયે અનેક જાતિની પ્રજાઓ આવીને સ્થિર થઈ છે. આ વિદેશી પ્રજાઓમાંથી કેટલાકે ભારતીય ધર્મો સ્વીકાર્યા હોવાથી આપણી સંસ્કૃતિ પર એમના આચાર, વિચાર, પહેરવેશ તથા જીવનમૂલ્યોની અસર થઈ. તેનાથી આપણામાં વિવિધતામાં એકતાની ભાવના વિકાસ પામી.

આમ સર્વધર્મ સમભાવની ભાવના વિકાસ પામતાં ગુજરાતમાં અનેક સંપ્રદાયો અને પંથોની પરંપરા શરૂ થયેલી જોવા મળે છે. જેમાં હિંદુ-શૈવ-વૈષ્ણવ શાક્ત, ગાણપત્ય તેમજ જૈન, હિંદુ-મુસ્લિમ સમન્વયકારી પંથો અસ્તિત્વમાં આવ્યા. આ સાથે વ્યક્તિગત વિચારધારા અને ગુરુ-શિષ્ય પરંપરામાં પ્રવાહ રૂપે ચાલ્યા આવતા પંથોમાં દેશ, કાળ અને સ્થિતિ બદલાતાં, વિચારધારાઓ બદલાઈ અને કોઈ પ્રતાપી આચાર્ય કે વ્યક્તિવિશેષે-સ્વતંત્ર રીતે પોતાની પરંપરા શરૂ કરેલ છે.

આ સંદર્ભમાં ગુજરાત તો સંતો-આચાર્યો-સાધુભગવંતોની ભૂમિ, નિશ્ચલ સેવાપરાયણોની ભૂમિ, ધુર્જટિ હિમાલયશાં શીલ અને સંસ્કારોમાં અડગ સંસ્કાર-સ્વામિનીઓની ભૂમિ, શાશ્વત, સમ્યક્ ધર્મને જીવનમાં વણી લેનારા યોગનિષ્ઠ આચાર્યોની ભૂમિ, અપરિગ્રહી સાધુ-ભગવંતોની ભૂમિ, જ્ઞાનશિરોમણિ સૂરિઓની ભૂમિ.

આવા સંતોના જીવનમાં પડેલું વસ્તુગત સત્ય ગમે તે હોય પણ એનું ભાગવત સત્ય જ સત્ત્વશીલ રહ્યું છે. ને એ જ ભાગવત સત્ય લોકધર્મની આધારશિલા બનેલ છે. સંતોના જીવનમાં તળ ધરતીની તાકાત અને ફોરમ પડેલાં છે. એના કણ કણમાંથી સંસ્કૃતિનો કાંપ બંધાય છે અને એના કાંપમાંથી નવાં જીવન પાંગરે છે. સંતો સમાજના જડ બની ગયેલા જીવનની પાળો તોડીને પ્રવાહોને નિર્બંધ બનાવે છે. એમાંથી સાંસ્કૃતિક ચેતના જગાવે છે. વિભિન્ન જાતિઓ, કુળો, પંથોને એક સૂત્રે પરોવવાનું સંગીત રેલાવે છે. આથી સંત-સંસ્કૃતિ સમન્વયકારી રહેલ છે. જમાને જમાને સંતો નવા અવતારે નીપજતા જ આવે છે.

વર્તમાન સમયમાં પણ ગામને ગોંદરે કે તીર્થસ્થાનોમાં સંતપુરુષોનાં ઊભેલાં બાવલાઓ કે એવાં સ્મૃતિસ્મારકો ખરેખર તો આપણાં પ્રેરણાસ્થાન

બન્યાં છે. સમાજને ઊંચી ભૂમિકાએ લઈ જવા આ અવધૂત યોગીઓએ ભારે મોટો પુરુષાર્થ કર્યાનું જણાય છે. અત્રે રજૂ થયેલી સંતોની જીવનધારા એવો અહેસાસ કરાવે છે કે સુખ બહારનાં સૌંદર્યમાં નહીં પણ ભીતરના આત્મસૌંદર્યમાં જ સમાય છે. યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીની સ્મૃતિઓમાંથી આપણે શાંત સુધારસનો આસ્વાદ માણીએ.

ગુજરાતમાં ઉત્તર ગુજરાતની ધરતી તીર્થસ્થાનો અને સંતો-આચાર્યોની ભૂમિ ગણાય છે. આવી ભૂમિની સંત પરંપરામાં ઉચ્ચ સ્થાન પામેલા યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ જ્ઞાન, વૈરાગ્ય, યોગ, ભક્તિની અખંડ ધૂણી ધખાવી હતી. મોટા ભાગના આવા સંતોને દુનિયાદારીની માપપટ્ટીથી માપવા જઈએ તો તેઓ ઓછું ભણેલા લાગે. પરંતુ તેઓ આધ્યાત્મવિદ્યા-યોગની મહાશાળાના આચાર્યો હતા. વાણીની દેવી સરસ્વતી પણ આવા સંતોના અંતરમાં આવીને વાસ કરતી તેથી તેઓ સિદ્ધ કવિઓ અને પ્રભાવક ઉપદેશકો પણ બની શક્યા. આવા અસંખ્ય નામી-અનામી સંતોની હારમાળામાં પાણીદાર મોતીની જેમ પ્રકાશપુંજ પાથરતા એક છે યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજી. અત્રે એમના દ્વારા લખાયેલા ઇતિહાસ વિષયક ગ્રંથોનો સંક્ષેપ પરિચય આપવાનો પ્રયત્ન કરેલ છે. તત્ત્વજ્ઞાનમાં તેમ ઇતિહાસમાં તેમની શોધકવૃત્તિ ઉજાગર થયા વગર રહેતી નથી. ઇતિહાસ તરફનો તેમનો સ્નેહ વિશેષ જોવા મળે છે. ઐતિહાસિક બનાવો અને તેનાં પરિણામોનો વિચાર કરી વર્તમાન પ્રવૃત્તિ સાથે તેનો તાલમેલ સાધવામાં તેઓ સિદ્ધહસ્ત હતા. ભૂતકાળની સફળતાઓ અને નિષ્ફળતાઓનાં કારણો વિચારી ભવિષ્યનાં કાર્યોમાં તેનો ઉપયોગ કરવામાં ઇતિહાસનું સ્થાન ઘણું મહત્ત્વનું હોવાનું માનતા.

ઐતિહાસિક બાબતોમાં તેઓનું સંશોધન ઊંડાણપૂર્વકનું હતું. જગતની અનેક સંસ્કૃતિઓ અને દેશોના ઇતિહાસનું તેમણે અધ્યયન કર્યું હતું. તેમની ઇતિહાસપ્રિયતા જોઈ ઘણાને આશ્ચર્ય થતું કે, તત્ત્વજ્ઞાન જેવા ધ્યાન-યોગપ્રધાન વિષયમાં રસ લેનાર આચાર્યશ્રી વસ્તુ અને વિગતપ્રધાન વિષયરૂપ ઇતિહાસમાં કેમ રસ લઈ શક્યા ? પણ તેમની અનેક વિષયોની પ્રવીણતા જોતાં એક જ ખુલાસો આપી શકાય કે 'બહુરત્ના વસુંધરા'ની પેઠે આચાર્યશ્રીનું વ્યક્તિત્વ પણ વિલક્ષણ હતું. વિજાપુરના સેંકડો વર્ષોના ઇતિહાસનું બારીક સંશોધન

કરી અનેક ખંડેરો અને શિલાલેખો અવલોકી તેમણે 'વિજાપુર વૃત્તાંત' નામનું ગુજરાતને ઉપયોગી ઐતિહાસિક પુસ્તક આપ્યું છે. 'જૈન ગચ્છમતપ્રબંધ' તથા 'ધાતુપ્રતિમા લેખસંગ્રહ'ના બે ભાગ રચી ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ ઉકેલવામાં તેઓએ અપૂર્વ ફાળો આપ્યો છે. ઇતિહાસના ઊંડા અભ્યાસથી તેમના લખાણમાં સચોટતા સાથે ચોક્સાઈ આવી છે. ક્રમબદ્ધ લખાણ લખવામાં તેમણે કૌશલ્ય બતાવ્યું છે. ઝીણી સંશોધક બુદ્ધિ તથા વિગતોનો પ્રેમ સ્થળે સ્થળે ઊભરાય છે. તેમણે કોઈ રાજ્ય કે દેશનો ઇતિહાસ લખ્યો નથી. છતાં તેમના ઇતિહાસમાં કોઈ રાજ્ય કે દેશ બાકી રહેતા નથી અને પ્રાચીન ઇતિહાસને ઉકેલવામાં ઘણી સાધનસામગ્રીનો ઉપયોગ કરી ગુજરાતના આ સાહિત્યને વધુ ભંડોળવાળું અને વિશાળ બનાવ્યું છે.

યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ લખેલ ઇતિહાસ વિષયક ગ્રંથો વિશે વિગતો મેળવીએ :

(૧) ઇતિહાસ-ઐતિહાસિક રાસમાળા (૨) જૈન ધર્મની પ્રાચીન સ્થિતિ (૩) વિજાપુર વૃત્તાંત (૪) ગચ્છમતપ્રબંધ, સંઘપ્રગતિ (૫) જૈન ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા. ૧-૨ (૬) વિજાપુર વૃત્તાંત (બૃહદ્)

**(૧) શ્રી જૈન ઐતિહાસિક રાસમાળા-ગ્રંથાંક ૨૪, પૃષ્ઠ સં. ૨૬૭, રચના સં. ૧૯૬૯, ભાષા ગુજરાતી.**

આ ગ્રંથમાં પૂર્વે થઈ ગયેલા મહાન સુજ્ઞ મુનિજનોના રાસ સુંદર રીતે આપ્યા છે, જે અન્યત્ર સાંપડતા નથી. આ રાસોમાં શ્રીસત્યવિજયજી, શ્રી કર્પુરવિજયજી, શ્રી ક્ષમાવિજયજી, શ્રી જિનવિજયજી, શ્રી ઉત્તમવિજયજી, શ્રી પદ્મવિજયજી રાસો ખાનગી ભંડારોમાંથી મેળવીને આધાર આપ્યા છે.

અમદાવાદના નગરશેઠોનાં જીવનચરિત્રો તેમણે બાદશાહો તથા ગાયકવાડોની બજાવેલી સેવાઓ તથા તે બદલ તેમણે મેળવેલાં માનઅકરામ જેનો ઉપયોગ તેમણે મહાન જૈનતીર્થોની રક્ષા તથા અહિંસાના પ્રચારાર્થે કરેલ, તેમની જાહોજલાલી, કુટુંબવંશવિસ્તાર વગેરેથી અજ્ઞાત હાલની પ્રજાને આ રાસા ખૂબ ઉપયોગી નીવડશે. ઉપરાંત આ રાસમાળામાં નગરશેઠ કુટુંબના મૂળ પુરુષ શેઠ શાંતિદાસનો રાસ વિસ્તારથી આપ્યો છે. આ બધા રાસો મૂળ કાયમ રાખી તેના પર જાણવાજોગ ટીકાટિપ્પણ-સુધારા તેમજ તેમાં આવતા

પ્રાચીન શબ્દો પારિભાષિક શબ્દો અને બીજા કઠિન શબ્દોના અર્થોનો કોષ ગ્રંથના છેવટે મહા પ્રયાસ કરી અક્ષરાનુક્રમમાં આપેલ છે.

આવા રાસો ઐતિહાસિક દૃષ્ટિએ અતિ ઉપયોગી છે. આવા રાસો ઘણા ભંડારોમાં જળવાયેલા છે. તે મેળવી પ્રકટ કરાવવા પ્રયાસ થાય તો જૈન ધર્મના પ્રભાવ પર ઘણો પ્રકાશ પાડી શકે.

આ ગ્રંથની અર્પણ પત્રિકા અમદાવાદના નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઈ પ્રેમાભાઈને આપેલી છે.

**(૨) જૈન ધર્મની પ્રાચીન અર્વાચીન સ્થિતિ - ગ્રંથાંક ૨૮, પૃ. ૧૭૫, રચના સં. ૧૯૬૮, આસો વદ ૫, બીજી આવૃત્તિ, સં. ૧૯૮૪**

પોતાના ધર્મની પ્રાચીન સ્થિતિ જાણવાની દરેકના મનમાં પોતાના ધર્મના ગૌરવ પ્રતિ માન જાગે છે અને વર્તમાન સ્થિતિ સુધારવાનો વિવેક પ્રાપ્ત થાય છે. પ્રાચીન અને અર્વાચીન સ્થિતિના ઐતિહાસિક જ્ઞાનથી ઉન્નતિ અને અવનતિના હેતુઓને સારી રીતે જાણી શકાય છે. અવનતિનાં કારણોનો ત્યાગ કરી ઉન્નતિના ઉપાયો આદરી શકાય છે.

આ ગ્રંથમાં જૈન ધર્મ અને જૈન સમાજમાં ભૂતકાળમાં કેવી જાહોજલાલી હતી, જૈનોને જૈન રાજાઓએ, ધર્મ-સમાજ અને દેશોદ્ધાર માટે કેવા અને કેટલા ભગીરથ પ્રયત્નો કર્યા હતા, તેઓનાં સામાજિક અને ધાર્મિક જીવન કેટલાં ઉન્નત હતાં, તેનું ઐતિહાસિક દૃષ્ટિએ અનોખું ચિત્ર લેખકે તાદૃશ રજૂ કર્યું છે.

આ જ હેતુ ધ્યાનમાં રાખી આ ગ્રંથ ઘણાં સંશોધન અને માહિતી પ્રાપ્ત કરી લખાયો છે. જૈન-જૈનેતર પ્રત્યેકને આ ગ્રંથ વાંચવામાં રસ પડશે અને પોતાની સ્થિતિનું દર્શન પામી ઉન્નતિ અર્થે ઝઝૂમવાની વૃત્તિ જાણી પુરુષાર્થ કરવા પ્રેરણા પામશે.

**(૩) ગચ્છમત પ્રબંધ-સંઘ પ્રગતિ-પૃ. સંખ્યા ૫૬૦ ભાષા બે ગ્રંથની ગુજરાતી**

ગચ્છમત પ્રબંધ અને સંઘ પ્રગતિમાં કયા ગચ્છો ક્યારે નીકળ્યા, કયા આચાર્યોએ કયા કારણે પ્રવર્તાવ્યા તે ઐતિહાસિક દૃષ્ટિએ ભગીરથ પ્રયત્નો

અને શોધખોળથી અનેક ગ્રંથો શોધી આપેલ છે. ગચ્છો સંબંધી માહિતીવાળું આવું ઉપયોગી પુસ્તક ભાગ્યે જ ઉપલબ્ધ થાય એમ લાગે છે.

સંઘપ્રગતિમાં તો લેખકે એટલી શોધખોળ કરી છે કે જે વિસ્તારથી લખવા જતાં બીજો ગ્રંથ બને. પણ મહાવીર સ્વામીથી લઈ છેક આઠમા સૈકા સુધીની જૈનોની, જૈન રાજાઓની જાહોજલાલી ટકી અને પછીથી દિગંબર-શ્વેતાંબરોના ભિન્ન મતના કારણે પરસ્પરના વૈમનસ્યે અન્ય આચાર્યોએ જૈનોને (ચારે વર્ણના) પોતપોતાના સંપ્રદાયોમાં ખેંચ્યા અને એક વખતના ૪૦ કરોડ જૈનોમાંથી વર્તમાન કાળે માત્ર ૧૦-૧૨ લાખ પર કુલ જૈન સંખ્યા આવી ઊભી. આ ઇતિહાસ આ ગ્રંથમાં એટલો વિસ્તાર-દાખલા આધારો સહિત અપાયો છે કે કોઈ પણ જૈન આ ગ્રંથ વાંચ્યા વિના ન રહે.

**(૪) જૈન ધાતુ પ્રતિમા લેખસંગ્રહ ભા-૧-૨, પૃષ્ઠસંખ્યા ૨૬૫ તથા ૨૭૭, રચના સં. ૧૯૭૩ તથા ૧૯૮૦, ભાષા સંસ્કૃત-ગુજરાતી**

સર્વ ધર્મની, ખાસ કરીને જૈન મૂર્તિઓ પર તે મૂર્તિઓ તૈયાર કરાવનાર કે પ્રતિષ્ઠા કરનાર તથા તત્કાર્યે ઉપદેશ દઈ પ્રતિષ્ઠા કરાવનાર ગૃહસ્થો અને ત્યાગી આચાર્યોનો સાલ-સ્થળની ઐતિહાસિક હકીકતો કોતરાવી લખવાનો રિવાજ પ્રચલિત હોય છે. આવા લેખો ઉપરથી તે તે સમયની ઐતિહાસિક દૃષ્ટિએ જાણવાજોગ ઘણી હકીકતો મળી આવે છે. પણ આવી બાબતની શોધ કરનાર વિરલાઓ જ હોય છે. જેઓ પૂર્ણ શાંતિ-સહનશીલતા-પરિશ્રમ કરી આ બાબતો પર પ્રકાશ પાડે છે. સ્વ. બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ ઇતિહાસની શોધખોળ અને તેનાં પરિણામો માટે ખૂબ જ પરિશ્રમશીલ રહ્યા હતા. તેમને સ્વ. સાક્ષર શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવ મળવા આવેલા ત્યારે ચર્ચા કરતાં શ્રી ધ્રુવસાહેબે જણાવેલું કે વિ. સં. સાતમા સૈકાની પ્રતિમાઓ પર લેખ મળી આવે છે. આ પરથી તેમણે શ્રી અ.જ્ઞા.પ્ર.મંડળને પ્રેરણા કરી એક પગારદાર વિદ્વાન રોકી ભારતવર્ષનાં અનેક જૈન મંદિરો અને ભંડારો તપાસવા માંડ્યા અને જે જે લેખો મળ્યા તે બધા જોઈ સુધારી આ ગ્રંથમાં પ્રકટ કર્યા છે. તેમણે ખાસ નીચેની બાબતો પર લક્ષ્ય કેંદ્રિત કરેલું.

૧. કઈ કઈ જ્ઞાતિઓએ પ્રતિમાઓ ભરાવી.

૨. હાલમાં તે જ્ઞાતિઓ પૈકી કઈ જ્ઞાતિઓ જૈનો તરીકે છે.

૩. કયા કયા ગચ્છના આચાર્યોએ પ્રતિષ્ઠા કરાવી.

૪. કયા ગચ્છમાં આચાર્યો પ્રતિષ્ઠા કરી શકતા અને કરી શકતા ન હતા.

૫. તે ગચ્છો પૈકી હાલ કયા ગચ્છો વિદ્યમાન છે ?

૬. કયા કયા ગામ-નગરમાં આચાર્યોનો વાસ હતો અને કયા કયા ગ્રામ-નગરમાં જૈન ગૃહસ્થોએ પ્રતિમાઓ ભરાવી.

૭. જૂનામાં જૂનો અને અર્વાચીન લેખ.

૮. પ્રાચીન પ્રતિમાઓ પર લેખો લખવાની પ્રવૃત્તિ સંબંધી વિચાર

૯. કયા કયા ગચ્છો ઉત્પન્ન થયા.

૧૦. કઈ કઈ જ્ઞાતિઓ હાલ જૈન ધર્મથી રહિત થઈ?

૧૧. જૈન વણિકોની પદવીઓ

૧૨. કયા કયા ગ્રંથોથી આ સંબંધી અજવાળું પડી શકે છે ?

૧૩. દિગંબર ધાતુ-પ્રતિમાઓ સંબંધી વિચાર

૧૪. અન્ય જૈનમુનિઓ તથા વિદ્વાનોનો આ દિશામાં પ્રયત્ન.

આ પ્રમાણે વિચારણીય બાબતો ઉપર શ્રીમદે વિસ્તૃત વિવેચનો લખ્યાં છે અને શ્વેતાંબર ઉપરાંત દિગંબર સંપ્રદાયના ગચ્છો-પ્રતિમાઓ-શાસ્ત્રો-આચાર્યો વગેરે પર ખૂબ પ્રકાશ પાડ્યો છે. આ ઉપરાંત લેખો પરથી તે તે સમયના જૈનોની ધર્મની, સમાજની જાહોજલાલી કેવી હતી તે દર્શાવી આપ્યું છે. પ્રથમ ભાગમાં લગભગ ૧૫૨૩ લેખો અને બીજા ભાગમાં બીજા ૧૫૦૦ લગભગ લેખો આપ્યા છે. બીજા ભાગમાં ધાતુપ્રતિમા લેખો તથ્રા તે તે પ્રતિમાઓ કયા કયા ગામ, નગર, પોળ અને મંદિરોમાંથી લીધા તેની યાદી તથા લેખો લગભગ સંસ્કૃતમાં જ પ્રશસ્તિઓ રહિત અપાયા છે.

બંને સંગ્રહોમાં પ્રાયઃ વિ. સં. ૧૦૦૦ પૂર્વના લેખો ઉપલબ્ધ નથી થયા. તે પછીના વિ. સં. ૧૦૦૦થી ૧૯મી સદી સુધીના લેખોનો સમાવેશ છે. પ્રથમ ભાગમાં ૫૪ નગરોનું તથા બીજા ભાગમાં ૧૨ ગામોની યાદી આપવામાં આવી છે.

જેમ ગચ્છો તથા સંઘપ્રગતિ માટેના શોધખોળપૂર્વકના વિચારો જૈન ઐતિહાસિક રાસમાળા ગ્રંથમાં અપાયા છે તેમ ધાતુ-પ્રતિમાઓના લેખો આ બે ભાગમાં અપાયા છે. ગ્રંથો પ્રત્યક્ષ વાંચવામાં આવે તો વાચકને તે તે વિષયોનો ઘણો સચોટ ખ્યાલ આવી શકે.

**(૫) ગુજરાત-વિજાપુર વૃત્તાંત (બૃહદ્) - ગ્રંથાંક ૧૦૨ પૃષ્ઠ સંખ્યા, ૩૨૫, ભાષા, સંસ્કૃત-ગુજરાતી, પ્રથમાવૃત્તિ ૨. સં. ૧૯૭૩, બીજી આવૃત્તિ ૧૯૮૦ (પ્રકટ થઈ ૧૯૮૨માં):**

જન્મભૂમિ તરફ પૂજ્યભાવે પ્રેમ-સેવાભાવે સ્વફરજ બજાવનાર ત્યાગી સંતપુરુષો વિરલ હોય છે. ચરિત્રનાયકની જન્મભૂમિ વિદ્યાપુર-વિજાપુર છે. અંતિમ વિરામ સ્થળ પણ તે જ બન્યું. તેઓ પ્રખર સંશોધક-ઇતિહાસજ્ઞ-અને સતત ઉદ્યમશીલ હોવાથી જે ભૂમિમાં જન્મ ધર્યો તે ભૂમિનાં ગુણકીર્તન, તેની પ્રાચીનતા-ગૌરવગાથા અને ત્યાંના નિવાસીઓ ઉન્નતિ પ્રાપ્ત કરે તેવાં સ્મારક મૂકવા પ્રેરાય એ સ્વાભાવિક છે.

જન્મભૂમિ અને સ્વદેશ-સ્વભાષાની અનન્ય ભાવે સેવા કરવા, શક્તિ ખીલવવા અન્યને બોધ કરી પોતે તે ફરજ બજાવવા ઉદ્યુક્ત થવું એ આ ગ્રંથ-લેખનનો હેતુ સ્પષ્ટ કરતાં સ્વર્ગવાડી કરતાં જન્મભૂમિની ઉત્તમતા જણાવતાં 'જન્મભૂમિની ઝૂંપડી નંદનવનથી બેશ' એ વાક્યો વડે ચરિત્રનાયકે ગરીબ કે દાનેશ્વરી, શ્રીમાન કે વિદ્વાને કયા ભાવે પોતાનો હિસ્સો જન્મભૂમિના ઉત્કર્ષ માટે અર્પવો તે બતાવીને આ ગ્રંથનો પ્રારંભ કર્યો છે. તેઓ પ્રસ્તાવનામાં લખે છે કે વિજાપુર અમારી જન્મભૂમિ હોવાથી તેનું વૃત્તાંત લખવાની કેટલાંક કારણોથી ફરજ બજાવવા સ્ફુરણા થઈ અને પ્રયાસ કરતાં ટોડ રાજસ્થાન, ફાર્બસ રાસમાળા - સુધર્મ ગચ્છ પટ્ટાવલી-જૈનાચાર્યોક્ત કેટલીક પટ્ટાવલીઓ અવલોકતાં વિજયપુર-વિદ્યાપુર-વિજાપુરનો નામોલ્લેખ તથા વિસ્તૃત હકીકતો મળી આવતાં ઉત્સાહથી વધુ સંશોધન કર્યું. એક બારોટના ઘરમાંથી વિજાપુર સંબંધી લેખ મળી આવ્યો. તે વિજલદેવ પરમાર સંબંધી હતો. બાદ વિજાપુરની પૂર્વ દિશામાં અગ્નિખૂણા તરફ સાબરમતીના કાંઠા ઉપર આવેલા જૂના સંઘપુર ગામમાં શ્રી ચંદ્રપ્રભુના દેરાસરની ભીંતમાં બે હાથ લાંબાં અને એક હાથ પહોળાં બે પાટિયાં પર એક લેખ છે, તે વાંચવા લક્ષ ગયું. તે ઉપરથી

એ અધૂરો જણાયો. આગળ-પાછળનાં લેખવાળાં પાટિયાં ન મળી શક્યાં. તેમાંથી 'વિજલદેવના પુત્ર બાહડે વિજાપુર વસાવ્યું એ સિદ્ધ થયું.' આ પાટિયાં પરના શિલાલેખો ગ્રંથમાં સંસ્કૃતમાં ભાવાર્થ સાથે આપ્યા છે. વિજાપુર અતિ પ્રાચીન નગર હોઈ તેમાં તે વખતે ધનાઢ્ય, વિવેકી અને ધર્મનિષ્ઠ જૈનોની વસ્તી વિપુલ હતી તેમ જણાય છે.

તેઓ લખે છે કે અમારી જન્મભૂમિ વિજાપુર હોવાથી શરીર પોષણમાં કેળવણી લેવામાં અને આત્મજ્યોતિના સર્વ ઉપાયો પ્રાપ્ત કરવામાં તેનો ઉપકાર જાણી વ્યાવહારિક ફરજ દૃષ્ટિએ વિદ્યાપુરીય જૈનોને સ્વજન્મભૂમિના ઐતિહાસિક જ્ઞાનની ચઢતી-પડતીનો પૂર્ણ વિવેક પ્રાપ્ત થાય અને ચડતીના હેતુઓને અવલંબે એ ઉદ્દેશથી આ ગ્રંથ લખાય છે. સ્વનગરના ઐતિહાસિક જ્ઞાનથી પોતાની ભૂમિ પ્રત્યે સન્માન પ્રકટે છે અને અન્યો કરતાં સ્પર્ધામાં આગળ વધાયું કે પાછળ રહેવાયું તેનું ભાન થાય છે તથા સંપપૂર્વક અન્ય દેશોની સાથે સ્પર્ધા કરવામાં જાગ્રત દશા પ્રાપ્ત થાય છે.

આ રીતે ઐતિહાસિક દૃષ્ટિએ વિજાપુરની ચડતી-પડતી, રાજકર્તાઓ, વીરજૈન, વ્યાપાર, કળા, કેળવણી, કવિત્વ વગેરેથી વિભૂષિત વિજાપુર આજ કઈ ભૂમિકા પર છે તે બતાવી આગળ વધવાના ઉત્કર્ષના માર્ગો ચીંધે છે.

ઘણા પરિશ્રમે આ ગ્રંથ તૈયાર થયો છે. ચરિત્રનાયકના બાલમિત્ર અને પરમ ભક્ત, વિજાપુરવાસી, જાણીતા સેવાભાવી, અનેક સંસ્થાઓના કાર્યકર શેઠ લલ્લુભાઈ કરમચંદ દલાલની આ ગ્રંથકાર્યમાં તેમને સાચી અનુમોદના-સહાય મળ્યાં છે.

જ્યારે વિલાસ, લોલુપતા, દુરાચાર, અધર્મ, ઊંચનીચ અને સ્વાર્થપરાયણતાનું ઝેર રાષ્ટ્રનાં અંગ-પ્રત્યંગોમાં પ્રસરી ગયું છે ત્યારે આવા સાધુ-યોગનિષ્ઠ આચાર્યોનાં પવિત્ર જીવન-ચરિત્રો નવી પેઢી સમક્ષ મૂકવાની જરૂર છે. નવી પેઢીને ચારિત્ર્ય, આધ્યાત્મિક, સંસ્કાર, કેળવણીનું દિશાસૂચન અને માર્ગદર્શન પૂરું પાડનારા અનેક ભગવંતો-મુનિઓ આચાર્યો આજે પ્રયત્ન કરી રહ્યા છે.

ભારતીય ધર્મ પરંપરામાં ભૌતિક અને આધ્યાત્મિકતા વચ્ચે હંમેશાં ટકરાવ જોવા મળે છે. ભૌતિક પ્રગતિની સાથે સાથે આધ્યાત્મિકતાની હંમેશાં

જરૂરિયાત રહેલી જોઈ શકાય છે. ભૌતિક પ્રગતિની બાબતમાં માનવજાતનો એક વર્ગ જે સાધુ-મુનિ-સૂરિ-આચાર્યોનો વર્ગ અલગ રહ્યો. એમણે પોતાની તમામ શક્તિઓનો ઉપયોગ આધ્યાત્મિક પ્રગતિ માટે કર્યો. પરિણામે એમની જીવનશૈલીમાં ખપ પૂરતાં આવશ્યક સાધનોની જ જરૂર રહી. દેહ ટકાવી રાખવા પ્રાકૃતિક ઘટકોમાંથી જરૂરી સામગ્રી મેળવી લેતા જ્યારે તન માટે દિગંબર અવસ્થા જ અનુકૂળ રહેતી. છતાં ભારતીય સંસ્કૃતિની કેટલીક મર્યાદાઓ અને સંસ્કારને લઈને જનસમૂહમાં જવાનું થતું ત્યારે ટૂંકા વસ્ત્રથી તન ઢાંકતા. આધ્યાત્મિક વિકાસ કરવા નીકળેલા આ મુનિઓ પ્રસિદ્ધિથી દૂર રહેતા. તેથી એમના વિશેની બહુ જ ઓછી વિગતો પ્રાપ્ત થાય છે. જે કાંઈ વિગતો મળે છે તે એમના શિષ્યો કે જનમુખેથી મળે છે. આ પ્રસંગે યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીનું જીવનચરિત્ર સર્વને પ્રેરણાદાયી અને માર્ગદર્શક બની રહે તેમજ સત્કાર્યના પંથે આગળ વધવા પ્રકાશ પાથરે એવી શુભભાવના.

# કર્તવ્યપાલનનો સંદેશ : કર્મયોગ

- છાયાબેન શાહ

૧૯૯૧માં દર્શનાર્થે મહુડી જવાનું થયું. ત્યાં 'યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજી મહારાજસાહેબ' એ પુસ્તક જોયું. ખરીદ્યું. બીજે દિવસે મુંબઈ જતાં 'શતાબ્દી એક્સપ્રેસ'માં એક જ બેઠકે વાંચ્યું. મને લાગ્યું કે મુંબઈ સુધીની મારી મુસાફરી યાત્રા બની ગઈ. આ હતો ગુરુદેવનો પરોક્ષ પરિચય.

૧૯૯૬માં અમદાવાદ ગૂજરાત વિદ્યાપીઠના ઉપક્રમે વિદ્યાવાચસ્પતિની પદવીના વિષય-પંડિતવર્ય પ્રભુદાસ બેચરદાસ પારેખ ઉપર સંશોધનાર્થે મારે મહેસાણા 'યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા'માં જવાનું થયું. ત્યાં રજિસ્ટરમાં પહેલું નામ બેચરદાસ લખેલું હતું અને સામે તેમના હસ્તે કરાયેલી સહી હતી. આ બેચરદાસ એ જ આજના બુદ્ધિસાગરજી મહારાજ સાહેબ. આ હતા ગુરુદેવના અક્ષરદેહનાં સાક્ષાત્ દર્શન.

આજે શ્રી કુમારપાળભાઈ અમને ગુરુદેવની આ દીક્ષાભૂમિ પર લાવ્યા. લાગ્યું કે જાણે ગુરુદેવનો સાક્ષાત્કાર થયો.

ગુરુદેવ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. તેમની કઈ પ્રતિભા પર બોલવું ? તેમના યોગીત્વ, સાધુત્વ, વક્તૃત્વ કે કવિત્વ પર બોલવું, તેઓ વિદ્વાન હતા, લેખક હતા, વક્તા હતા, યોગી હતા, સાધુ હતા, એકલવીર હતા, અંતે કુમારપાળભાઈના આદેશથી ગુરુદેવના 'કર્મયોગ' પુસ્તકને બિરદાવવાનો પ્રયત્ન કરું છું.

સ્વરચિત ૨૭૨ સંસ્કૃત શ્લોક પ્રમાણ 'કર્મયોગ' ગ્રંથમાં ગુરુદેવે વેગવાન કલમ ચલાવી છે. કર્મયોગ નામ હોવા છતાં તેમાં કર્મસિદ્ધાંતની કોઈ વાત નથી. પરંતુ ધનુષ્યના ટંકાર જેવી વાણીથી જેમ શ્રીકૃષ્ણે કર્તવ્યહીન શૂન્યમનસ્ક થતા જતા અર્જુનને કર્તવ્યપરાયણ થવા માટે કુરુક્ષેત્રની ભૂમિ પર જેમ કર્તવ્યનો આદેશ આપ્યો હતો બરોબર એ જ રીતે આ ગ્રંથમાં ગુરુદેવે પ્રખર કર્તવ્યનો પ્રચંડ આદેશ આપ્યો છે. સ્વકર્તવ્યોને નિભાવવાનો ઉપદેશ આપ્યો છે.

આ ગ્રંથની વિશેષતા એ છે કે તેમાં એક બાજુ ભગવદ્ ગીતાનો આસ્વાદ છે તો બીજી બાજુ જિનાગમોનો સાર છે. એક બાજુ વિરતિધર્મની અનુમોદના છે તો બીજી બાજુ માનવીય કર્તવ્યપાલનનો આદેશ છે.

ગુરુદેવે આ ગ્રંથ દ્વારા સાંપ્રત સમયની ભૂખ ભાંગી છે. સાંપ્રત વિજ્ઞાનયુગમાં જ્યારે માનવી દિશાહીન, ભયભીત અને એકલો થતો જાય છે, સત્સંગથી વિમુખ થતો જાય છે ત્યારે ગુરુદેવે આ ગ્રંથ દ્વારા આધ્યાત્મિક અને સાત્ત્વિકતારૂપ ભોજનનો થાળ પીરસ્યો છે.

કર્મયોગ ગ્રંથમાં ગુરુદેવનું સૌથી ઉત્કૃષ્ટ પ્રદાન એ છે કે દરેક વ્યક્તિ જ્યારે પોતાનું કર્તવ્ય નિભાવે છે, ત્યારે એ કર્તવ્યને વિવેકપૂર્ણ કેવી રીતે બનાવવું, એ કર્તવ્યમાં સમજ કેવી રીતે ઉમેરવી અને એ કર્તવ્યને સફળ કેવી રીતે બનાવવું એનું સ્પષ્ટ માર્ગદર્શન ગુરુદેવે આ ગ્રંથમાં સચોટ રીતે બતાવ્યું છે. કેટલાંક ઉદાહરણો લઈએ તો....

(૧) સ્વાધીન કર્તવ્યને નિરાસક્ત રીતે નિભાવવું જોઈએ. પોતાના ભાગે જે કર્તવ્ય કરવાનું આવતું હોય જેમ કે શ્રાવકનું કર્તવ્ય છે વ્રતોનું પાલન કરવું, શ્રીસંઘની વ્યવસ્થા સાચવવી, ગુરુજનોની વૈયાવચ્ચ કરવી વગેરે એવી જ રીતે સાધુનું કર્તવ્ય છે ઉપદેશ આપવો, સાધના કરવી વગેરે. આ દરેક સ્વાધીન કર્તવ્યો કોઈ પણ જાતની આસક્તિ વગર કરવાં જોઈએ. સહજ રીતે કરવાં જોઈએ. નિરાસક્ત ભાવે કાર્યો કરવાથી કોઈની સામે નમવું પડતું નથી કે કોઈ લાલચ સામે અટકવું નથી પડતું. સહજ રીતે થતું આ કર્તવ્ય સફળ થાય છે.

(૨) કોઈ પણ કર્તવ્ય બજાવનાર વ્યક્તિને ધર્મ અને પરમાત્માનો પરિચય અવશ્ય હોવો જોઈએ. એટલે કે આધ્યાત્મિક ભૂમિકા અવશ્ય હોવી જોઈએ. આધ્યાત્મિક ભૂમિકા એના કર્તવ્યને ધર્મ પક્ષે રાખે છે. તેથી તેનાથી કર્તવ્ય બજાવતાં કોઈ અધર્મ થતો નથી. એક જગ્યાએ ગુરુદેવે સ્પષ્ટ લખ્યું છે

કે 'આધ્યાત્મિક ભૂમિકા જ ન હોય અને સમાજસુધારણા કરવા નીકળે તો એ વિચારો શુષ્ક પરિણામવાળા અને નિષ્ફળ જાય છે.'

(૩) 'પરસ્પરોપગ્રહો જીવાનામ્' દરેક જીવ પર જીવન જીવવા માટે બીજા જીવોનો ઉપકાર છે. આથી દરેક જીવનું એ કર્તવ્ય બને છે કે બીજા જીવો પર હંમેશાં પરોપકાર કરવો જોઈએ.

(૪) પોતાનું કર્તવ્ય ફળની આશા રાખ્યા વગર કરવું જોઈએ. ફળની આશા રાખીને કરેલું કર્તવ્ય નબળું પડે છે. ફળ ન મળે તો ઉત્સાહ ઓસરી જાય છે. જ્યારે ફળની આશા રાખ્યા વગર સહજ રીતે કર્તવ્ય નિભાવવામાં આવે તો લગભગ એવું બને છે કે તેને યોગ્ય ફળ મળી જ રહે છે.

(૫) પોતાનું કર્તવ્ય નિર્ભયપણે નિભાવવું જોઈએ. વ્યક્તિને ડર શાનો હોય ? ઈશ્વરનો ડર હોતો જ નથી અને ડરાવે તે ઈશ્વર નથી. મૃત્યુનો ભય પણ ન હોવો જોઈએ કારણ કે આત્મા કદી મરતો જ નથી. જે નિર્ભયપણે કર્તવ્ય અદા કરે છે તે કાર્યને સફળ બનાવે છે. તીર્થંકર પરમાત્માઓએ નિર્ભયતાપૂર્વક સ્વાધીન કર્તવ્ય કર્યા તેથી તીર્થંકરત્વને પામી શક્યા.

(૬) દરેક તીર્થંકર પ્રભુની કેવલલક્ષ્મી એકસરખી હોય છે. તેથી કોઈ કાળમાં તત્ત્વજ્ઞાનમાં ફરક પડતો નથી. પરંતુ સાંપ્રત સમય પ્રમાણે આચારમાં ફરક કરવો પડે છે. ગુરુદેવ કહે છે કે આવા સમયે આપણું કર્તવ્ય બને છે કે કોઈ ગીતાર્થમુનિની નિશ્રા લઈ આવા ફેરફારો કરવા જોઈએ. સ્વચ્છંદપણે નહીં.

આ ગ્રંથમાં ગુરુદેવે આવાં અનેક કર્તવ્યોનો આદેશ-ઉપદેશ આપ્યો છે. જો એને નિભાવીએ તો આજે પણ જગતમાં સુખ-શાંતિ-સ્નેહની જ્યોત પ્રગટાવી શકાય અને યુદ્ધ-વિગ્રહ-અશાંતિના અંધકારને દૂર કરી શકાય.

ગ્રંથ વાંચતાં લાગે કે આ ગ્રંથ લખનાર બહુશ્રુતગુણ, દૂરંદેશી, જ્ઞાતા અને નિસ્પૃહી કર્મયોગી હતા. આવા ગુરુભગવંતને હૃદયનાં વંદન.

# મહાયોગીનું શતકપર્વ

- પરાજિત પટેલ

અઢારે આલમના અવધૂત યોગનિષ્ઠ આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની દીક્ષાભૂમિ સમા પાલનપુર નગરે સૂરિશતાબ્દી નિમિત્તે આપ સૌ સમક્ષ ઉપસ્થિત થતાં અતિ રોમાંચની અનુભૂતિ કરું છું. એમાંય ખેતી સાથે જીવન જોડી બેઠેલા પાટીદાર સમાજમાંથી પ્રગટેલ એક તેજસ્વી 'સૂર્ય' વિશે બોલતાં હૃદય ઝંકૃત થઈ જાય છે. ૧૪૦ જેટલા ગ્રંથો જેમની પવિત્ર લેખિની વડે લખાયા છે, અને એય વિવિધ પ્રકારી વિષયો પર તેવા આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજીની વાત કહેતાં મારે એ કહેવું છે કે એમણે પોતાની જિંદગીની ક્ષણક્ષણને સાર્થક્યની સુવાસથી ભરી દીધી હતી. એમના અર્ધ સદીના જીવનમાં કલ્યાણભાવના મહત્ત્વની હતી. દુઃખમાં સબડતા અને અંધશ્રદ્ધામાં ડૂબેલા વતનની આસપાસનાં ગામોના લોકોને ભૂત-ભૂવા અને માદળિયાં દોરાધાગાની બહુતાયતવાળા જોઈને એમના મનમાં સવાલ જાગ્યો હતો : 'મારા પંથકમાં લોકો માટે હું શું કરું ?' એમને ગલત માર્ગે પાયમાલ થતાં કેવી રીતે રોકું ?

અને અવિરત સાધનાને અંતે એમની સમક્ષ જે સ્વરૂપનું પ્રાગટ્ય થયું, તે સ્વરૂપ એટલે મહુડીના ઘંટાકર્ણ વીર. બસ, માત્ર સુખડીની માનતા રાખો, વળગાડમાંથી મુક્તિ મળી જશે. અરે, ભૂત કે ભૂત જેવા વ્યર્થ વિચારો પણ તમારી સમક્ષ

ફરકવાની હિંમત પણ નહિ કરે! ને એક વાત કહું ? વ્હોટ્સ ધ લાઇફ ઇઝ? જિંદગી શું છે ? માત્ર આવવું અને જવું એ બે ક્રિયાપદો વચ્ચે જે ખાલી જગ્યા છે, શું એનું નામ જિંદગી છે ? ઇઝ ઇટ લાઇફ ?

ના.

પણ એ ખાલી જગ્યામાં જીવતા શ્વાસ ભરી દેવાનું નામ જિંદગી છે ! કોઈ પડેલાનો હાથ પકડીને બેઠો કરવાનું નામ જિંદગી છે ! કોઈનાં આંસુ લૂછવાનો રૂમાલ બનવાનું નામ જિંદગી છે ! ગલત માર્ગ પર ચાલ્યા જતા બાંધવોને સચ્ચાઈનો માર્ગ ચીંધવાનું નામ જિંદગી છે ! ને મને કહેવા દો કે જિંદગીની આ સાચી વ્યાખ્યા એમણે સાર્થક કરી છે ! મિત્રો, બધું જ બની શકે છે. સત્ય પણ સુપ્રતિષ્ઠિત થઈ શકે છે ! ને ઉન્નત માર્ગના આરોહક પણ બની શકાય છે. પણ શરત એક છે -

ઇચ્છા ઈમાનદાર જોઈએ ! સત્યનો પાલવ ન છોડવાની પ્રતિબદ્ધતા જોઈએ !

અને એ કરી બતાવ્યું છે આ મહાયોગી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીએ, વિજાપુરમાં પાટીદારના ખોરડે જન્મેલા. એક દિવસે માતા વૃક્ષની ડાળે ખોયું (હીંચકો) બાંધીને તેમાં પોતાના લાડલાને સુવાડીને ખેતરમાં કામ કરી રહ્યાં હતાં, ત્યાં જ અચાનક એક અદ્‌ભુત છતાં ભયપ્રેરક ઘટના બની. વૃક્ષની ડાળ પર થઈને એક સર્પ પછેડીના ખોયામાં ખડો થઈ ગયો! ફેણ ચડાવીને બાળકને દંશ દેવા તત્પર બન્યો !

સર્પની નજર બાળકની નજરને મળી.

વીસ પચીસ સેકંડ સુધી બંનેની નજરોનું સંધાન ચાલ્યું. પણ અચાનક શું થયું કે, ઝેરી સર્પ ફેણ નમાવીને દંશ દીધા વગર જ સડસડાટ ચાલ્યો ગયો! કેમ આમ બન્યું ? સર્પનો સ્વભાવ દંશ દેવાનો છે, તો પછી સ્વભાવની વિરુદ્ધ કેમ વર્ત્યો ? દંશ કેમ ન દીધો ? કદાચ બંને વચ્ચે - બાળક અને સર્પ વચ્ચે કશોક આવો સંવાદ થયો હશે અલબત્ત, અશબ્દ સંવાદ.

'પધારો, નાગદેવતા ! કેમ આવવું થયું ?'

'તને દંશ દેવા !'

'તો પછી નાગરાજ, દઈ દો દંશ ! ઉતારી દો તમારું વિષ મારા શરીરમાં !'

'ના !'

'કેમ ના કહો છો, નાગદેવતા ?'

'વીસ સેકન્ડમાં તો હું તમને ઓળખી ગયો છું, ભાવિયોગી !'

'આ તમે શું કહો છો, સર્પરાજ ?'

'મને ખબર છે કે એક દિવસે તમે એવા અવધૂત યોગી બનશો કે જે જગતના લોકોનાં દુઃખ-કષ્ટપીડાનાં ઝેરને અમૃતમાં પલટી નાખશે ! મારા વિષને બેઅસર શા માટે બનાવું ?'

'તમને સંકેત મળી ગયો છે ? અગમનાં એંધાણને પારખી ગયા છો તમે?'

'હા, પ્રભુ ! મારે દંશ નથી દેવો. તમને વિષ ન અપાય, તમને તો વંદન કરાય... લો ત્યારે, જવા દો મને! તમારાં દર્શન કરીને હું તો ધન્ય બની ગયો છું. આજથી દંશ દેવાનું બંધ !'

આ તો કાલ્પનિક સંવાદ છે. કદાચ એવું પણ બન્યું હોય કે સર્પ દંશ દેવા નહીં, દર્શન કરવા આવ્યો હોય!

માણસના જીવનમાં ટર્નિંગ પૉઇન્ટ આવે છે, ત્યારે કુદરત એકાદ નિમિત્ત ખડું કરી દે છે. કિશોર બહેચર દ્વારા તોફાને ચઢેલી ભડકેલી ભેંસનું આવી રહેલા જૈન સાધુ સમક્ષ જવું, અને બહેચર દ્વારા ભેંસને ડાંગ ફટકારવી અને સાધુ દ્વારા શાબ્બાશીને બદલે બોધ મળવો : 'અબોલ જીવને મારીને તેં ખોટું કર્યું છે, કિશોર! એને ડાંગનો માર નહિ, એને તો પ્રેમ અપાય !'

બસ, જૈન સાધુના આટલા શબ્દોએ કિશોર બહેચરના મનમાં 'બદલાવ'ની પ્રક્રિયા શરૂ કરી છે! આ તે કેવો ધર્મ કે જે હિંસક જાનવરનેય પ્રેમ આપવાની વાત કરે છે ?

બસ, બદલાઈ ગયું મન... !

બદલાઈ ગયા વિચારો... !

બદલાઈ ગયું જીવન... !

અને આપણને મળ્યા અઢારે આલમના અવધૂત યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજ. માત્ર સાત ધોરણ સુધી ભણેલા છતાં સંસ્કૃત-પ્રાકૃત અને ગુજરાતીમાં ૧૪૦ જેટલા ગ્રંથો સર્જનાર આચાર્ય ભગવંતશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીના જીવનને જાણી ગુજરાતી ભાષાના ગણમાન્ય અને લોકપ્રિય નવલકથાકાર સદ્ગત પન્નાલાલ પટેલની યાદ મારા મનમાં તાજી થાય છે. એ ય પાટીદાર-એય છ-સાત ધોરણ સુધી જ ભણ્યા હતા - છતાં અસંખ્ય જાનપદી ભાષાવાળાં પુસ્તકોનું સર્જન તેમણે કર્યું હતું !

સૂરિશતાબ્દીના આ ઐતિહાસિક ટાણે તે નિમિત્તે વ્યાખ્યાન શ્રેણીનું આવું સુંદર આયોજન કરવા બદલ હું પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈનો આભારી છું, કારણ કે આખેઆખો ઇતિહાસ સંગ્રહીને બેઠેલા પાઘડીપને પથરાયેલા પાલનપુરની પવિત્ર ભૂમિ પર ઉપસ્થિત રહેતાં ધન્ય બની જવાય, એવા શતાબ્દી પર્વમાં હું એમના કારણે જ હાજર રહી શક્યો છું તેનો આનંદ છે.

# યુગદર્શી આચાર્યશ્રીનો યુગસંદેશ

- ડૉ. રેણુકા પોરવાલ

પાલનપુરની પાવનધરા એ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર-સૂરિજીની દીક્ષાભૂમિ. આચાર્યશ્રી યુગદ્રષ્ટા હતા. એમના જીવનનું મુખ્ય ધ્યેય ભારતના લોકોમાં પ્રવેશેલી આળસ અને અકર્મણ્યતા દૂર કરવાનું, દુઃખદર્દમાં સહાય કરવાનું તથા એને પોતાના કર્તવ્યનો બોધ કરાવવાનું હતું. ગુરુદેવે દુઃખી બેબસ જનતાને તેની પીડામાં સહાય કરવા બાવનવીરોમાંના ત્રીસમા વીર શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવની મહુડી તીર્થમાં સ્થાપના કરી. ગુરુદેવના આ કાર્યને કારણે લોકો ધર્મપરિવર્તન કરતાં અટક્યા અને લોકોની આસ્થા પોતાના ધર્મમાં જ સ્થિર રહેવા લાગી. પોતાના ધ્યેયને સાકાર કરવા માટે તેમણે ૧૪૦થી વધુ ગ્રંથો રચ્યા, જેને તેમણે ગ્રંથશિષ્યો તરીકે ઓળખાવ્યા. આ સર્વ કૃતિઓ ભવિષ્યની પ્રજા માટે અણમોલ સંદેશ છે.

આચાર્યશ્રીનું વિશિષ્ટ વ્યક્તિત્વ વિવિધલક્ષી હતું. તેઓ એક સિદ્ધહસ્ત લેખક, કવિ, ટીકાકાર, ઇતિહાસકાર, પુરાતત્ત્વવિદ્ અને સમાજસુધારક હતા. તેમના સાહિત્યમાં ગદ્ય અને પદ્યમાં દરેકે દરેક પ્રકારોનો સમાવેશ જોવા મળે છે. એમનું સાહિત્ય સેંકડો વર્ષો સુધી લોકોને ઉપદેશ આપવાની ક્ષમતા ધરાવે છે. ગુરુદેવનો કોઈ પણ ગ્રંથ હોય અથવા પત્ર કે ડાયરી હોય એમાં એક પ્રેરક બળ સદા દૃષ્ટિગોચર થાય છે અને તે, તેમાં રહેલ બોધ. આ બોધ આપવાની તેમની કળા સરળ છે જેથી

વીજળીની ત્વરાથી મનુષ્ય એને જીવનમાં ઉતારે છે. એમના ઉપદેશાત્મક ગ્રંથોની અસર એટલી તીવ્ર હતી કે ગુજરાત અને આસપાસના પ્રદેશોમાં કન્યાવિક્રય, બાળવિવાહ વગેરે બંધ થયા તથા શિક્ષણક્ષેત્રે નવી ક્રાંતિ આવી. ગુરુદેવની પ્રેરણાથી સયાજીરાવ ગાયકવાડે સ્ત્રીશિક્ષણ ફરજિયાત કર્યું, તેમના રાજ્યમાં ઘણે સ્થળે શાળા અને કૉલેજોની સ્થાપના થઈ.

ગુરુદેવના મતે મનુષ્યે જ્ઞાન પ્રાપ્ત કરવું જ જોઈએ. જ્ઞાની આત્મા સ્વ-પરનું કલ્યાણ સાધે છે જ્યારે અજ્ઞાની જીવ દુઃખી થાય છે. તેઓ 'કક્કાવલી સુબોધ'માં મનુષ્યને જ્ઞાનપ્રાપ્તિનો બોધ આપે છે -

'અજ્ઞાની રહેવું નહિ આતમ, સર્વ દુઃખ હેતુ અજ્ઞાન,
અજ્ઞાની પશુ સરખો જાણો, અજ્ઞાને ભવદુઃખની ખાણ.'

આચાર્યશ્રીની ઇતિહાસ અને પુરાતત્ત્વના વિષયમાં ગહન રુચિ હતી એ તેમના ઘણા ગ્રંથોમાં જોવા મળે છે. આજના માનવીએ જો જૈન ધર્મનો પ્રાચીન ઇતિહાસ જાણવો હોય તો ગુરુદેવના બે-ત્રણ નહીં પણ આઠ-દસ ગ્રંથોમાં વિગતવાર દર્શાવ્યું છે. 'જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ' ગ્રંથમાં તેમણે જૈનોની ૪૦ કરોડની એક સમયની વસ્તી હતી તે ઘટીને થોડા લાખો પર પહોંચી એની ચર્ચા કરી છે. તેમણે મોઢ, ખડાયતા, શેટ્ટી, હેગડે, સરાક એક સમયે જૈન ધર્મી હતા એ તેમણે ભરાવેલ પ્રતિમાઓના આધારે દર્શાવ્યું છે. 'ભારત વિજાપુર બૃહત્ વૃત્તાંત'માં તેમણે ભારતના રાજવીઓની વંશાવલી. જૈન મંત્રીઓના કાર્ય, અકબર રાજાએ જૈન શ્રેષ્ઠીઓને આપેલાં ફરમાનો જેમાં રાજાએ તીર્થક્ષેત્રની આવક દર્શાવીને એને કરમુક્ત જાહેર કરી છે એવી માહિતી છે. આ સર્વ બીનાઓ ભવિષ્યની પ્રજાને માટે ગુરુદેવે આપેલ અણમોલ ખજાનો છે, documentation છે.

યોગનિષ્ઠ ગુરુદેવે યોગ, ધ્યાન અને સાધનાના બળે અસાધારણ સિદ્ધિ હાંસલ કરી હતી. તેવી સિદ્ધિ સામાન્યજન પણ મેળવી શકે માટે અધ્યાત્મજ્ઞાનપ્રાપ્તિના ઘણા ગ્રંથોનું સર્જન કર્યું. આ ગ્રંથોમાં શરીરમાં રહેલાં ચક્રોમાં કેવા પ્રકારે ધ્યાન કરવું એ દર્શાવ્યું છે. તેમણે જણાવ્યું કે યોગસાધના કલ્પવૃક્ષની જેમ ઇચ્છિત ફળ આપે છે.

કર્મયોગ ગ્રંથ ૨૭૩ શ્લોકનો સંસ્કૃતમાં રચ્યો અને પછી એનું લોકહિતાર્થે

વિશ્વના મહાપુરુષોના જીવનનાં ઉદાહરણો આપી આજના યુગમાં માનવીએ વ્યવસ્થિત યોજનાપૂર્વક કેવી રીતે કાર્ય કરવું તે સમજાવ્યું છે. યોગનિષ્ઠ આચાર્યશ્રીનું જીવન કર્મયોગી જેવું નિસ્પૃહી અને સતત પ્રયત્નશીલ હતું. જેવો તેમનો ઉપદેશ એવા ઉદ્યમી સરળ અને ગુણાનુરાગી ચારિત્રશીલ સંત મહાત્મા તેઓ હતા માટે તેમના બોધની લોકો પર ત્વરિત અસર થતી. તેઓ સ્ત્રી કેળવણીના પ્રખર હિમાયતી હતા. તેમની માન્યતા મુજબ સ્ત્રી જ ધર્મ, કોમ અને સમાજનો વિકાસ સાધી શકે છે. જૈન સમાજની ઉન્નતિ માટે ગુરુદેવ શ્રીમતી એની બેસંટનું દૃષ્ટાંત આપી જણાવે છે કે તેમના જેવી કર્મયોગિનીઓની જૈન ધર્મમાં અત્યંત જરૂર છે. તેમના જેવી કર્મયોગિનીઓ જૈનોમાં તૈયાર નહીં થાય તો ધર્મની પ્રગતિ રૂંધાશે.

કર્મયોગ ગ્રંથ ઉપદેશોથી પરિપૂર્ણ છે. અહીં યુગદ્રષ્ટા આચાર્યશ્રી ભવિષ્યની પેઢીને સંદેશ આપે છે કે -

'આર્યાવર્તમાં આર્યોની ખરી મૂડી અધ્યાત્મશાસ્ત્રો છે માટે અન્ય દેશો અધ્યાત્મજ્ઞાન માટે ભારતને પોતાના ગુરુ માનશે. આ જ્ઞાન વડે જ તે અન્ય દેશ પર ઉપકાર કરી શકશે કારણ કે અહીંની ચપટી ધૂળમાં જે સાત્ત્વિક અણુઓ છે તે અન્ય ભૂમિમાં નથી.'

આ વિશ્વમાં જેણે નવું સાહસ કે શોધ કરવી છે અથવા વાણિજ્યમાં પ્રગતિ કરવી છે તેમને ગુરુદેવ ઉપદેશ આપે છે,

'આ વિશ્વશાળાનો જે શિષ્ય બનતો નથી તે કદી ગુરુ બની શકે નહીં. અહીં અનુભવીઓને પોતાના ગુરુ બનાવી જ્ઞાન ગ્રહણ કરો તો જ તમે પ્રગતિ કરી શકો. આ વિશ્વશાળાના ગુપ્તજ્ઞાનનાં બારણાં ઠોકો, ગમે તેવા વજ્ર જેવા કઠણ હશે તોપણ મહેનત, ખંત, ઉત્સાહ અને બુદ્ધિથી ખૂલશે.'

અહીં ગુરુદેવ અનુભવીઓ પાસેથી શીખીને આગળ વધવાથી જ દરેક કાર્યમાં વિજય મળે છે એમ સમજાવે છે. જ્યારે મનુષ્ય લક્ષ પ્રાપ્તિ માટે વિકાસ આરંભે છે ત્યારે એનાથી સ્વાભાવિક રીતે નાનીમોટી ઘણી ક્ષતિઓ થાય છે. કોઈ વાર નાની ગેરસમજ પણ પીડાદાયી બને છે. વ્યાપારમાં નુકસાની થવા પણ સંભવ રહે છે. આવી દુઃસહ્ય પરિસ્થિતિમાં ગુરુદેવનો અણમોલ સંદેશ અસહાયજનોને નવજીવન બક્ષે છે. આચાર્યશ્રી કહે છે કે,

'આ વિશ્વશાળામાં જરા માત્ર પ્રમાદ વડે ચૂક (ભૂલ) કરવામાં આવે

છે, તો તુરત કોઈ પણ દુઃખની ઠોકર વાગ્યા વિના રહેતી નથી. બાવન ઠોકર વાગે ત્યારે બાવન વીર જેટલી શક્તિઓને પ્રાપ્ત કરી શકાય છે. આ વિશ્વમાં જે શોધશો તે મળી શકશે.'

જ્યારે મનુષ્ય મુશ્કેલીઓથી ઘેરાઈ જાય છે ત્યારે જરા પણ ભીતિ રાખ્યા વગર ઉન્નતિ કરવી ચાલુ જ રાખવી એવો બોધ ગુરુદેવ 'કક્કાવલી સુબોધ' ગ્રંથમાં આપે છે.

'અરે ચૌદિશી ઉપસર્ગો નિહાળીને તું જરા ના બ્હીશ;
ધરીને આત્મની શ્રદ્ધા, મુસાફિર ચાલજે આગળ.'

ગુરુ મહારાજના વિચારો સકારાત્મક હતા. તેઓ કદી પણ નકારાત્મક વલણ અપનાવતા નહીં. તેમનો ઉપદેશ સદૈવ પ્રેરણાદાયી જ રહેતો અને તેવું જ વલણ તેમના ભક્તો પણ રાખે એવો એમનો ખાસ આગ્રહ હતો. તેઓ આ પ્રકારનો ઉપદેશ તેમના આત્મશક્તિપ્રકાશ ગ્રંથમાં આપતાં કહે છે કે કોઈ પણ વ્યક્તિને તેનો આત્મવિશ્વાસ ઘટે એવાં વચનો કહેવાં નહિ. પ્રેરણાદાયી ઉત્સાહપ્રેરક શબ્દો સામી વ્યક્તિમાં આત્મશ્રદ્ધા પ્રગટાવે છે.

યુગદ્રષ્ટા યોગનિષ્ઠ આચાર્યશ્રીએ પોતાના જ્ઞાન, સાધના અને યોગની શક્તિથી ભવિષ્યની ઘટનાઓને નિહાળી તેમની દીર્ઘદૃષ્ટિની સાથે જિનશાસનની ભક્તિ ભળી એમાંથી જે મંથન થયું એ આવનારી નવી પેઢીને તેમણે આપ્યું. જૈનશાસનની પ્રગતિ માટે તેમણે ગદ્ય અને પદ્યમાં સુંદર ઉપદેશાત્મક રચના કરી છે જે સેંકડો વર્ષ સુધી જૈનસંઘને બોધ આપવા સક્ષમ છે.

ગુરુદેવે 'સંઘ કર્તવ્ય ગ્રંથ' શીર્ષકથી ચોપાઈ કાવ્ય પ્રકારના એકસો આઠ દુહાઓમાં સંઘ આજ્ઞાનું મહત્ત્વ દર્શાવ્યું છે. સંઘ પ્રવૃત્તિમાં દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ પ્રમાણે જે જરૂરી ફેરફાર કરવો પડે તે પ્રભુઆજ્ઞા સમજીને શિરોધાર્ય કરવો જોઈએ. તેમ જણાવ્યું છે.

'સંઘની સેવા તે નિજસેવા માની વર્તે તજે કુટેવ
સંઘ આજ્ઞા વહેવામાં મરે, સંઘ તે હું, માની સહુ કરે...' (૯૦)
સંઘનો નાશ તે મારો નાશ, જાણી સંઘના થાઓ દાસ
સંઘ છે સાગરવત્ ગંભીર, સેવી સ્વયં બનો મહાવીર. (૮૭)
કદી ન લેવી સંઘની હાય, સંઘનો શત્રુ દુર્ગતિ જાય,
ત્યાગી સંઘની શુભ આશિષ, મળતાં ચડતી વિશ્વાવીશ. (૮૬)

આવી સુંદર બોધાત્મક ચોપાઈ ચતુર્વિધ સંઘને માટે તેમણે રચી છે. ગુરુદેવે ગદ્યમાં જે સૂચનો કર્યાં છે તેને 'શ્રી સંઘ પ્રગતિ મહામંત્ર'માં ગ્રંથિત કર્યાં. આ સર્વ સૂચનો સર્વકાળે સમુપયોગી જેવાં છે. પ્રસ્તુત ગ્રંથ થકી ગુરુદેવ જૈનોના બધા ફીરકાઓને એકત્ર થઈ 'જૈન મહાસંઘ' સ્થાપવા માટેનું સૂચન કરે છે. અહીં સર્વ શ્રાવકો અને સાધુઓએ સામાન્ય વિચારભેદ ભૂલી જઈ એકબીજાનું ખંડન ન કરે એમ જણાવે છે. ગુરુદેવ પારસી કોમની જેમ જૈન શ્રાવકોને શિક્ષણ માટે સ્કોલરશિપ આપવાનું ફરમાવે છે અને એ માટે તેઓ ફંડ ભેગું કરીને વ્યવસ્થાપૂર્વક યોજનાબદ્ધ રીતે કાર્ય હાથમાં લે. ઉપરાંત જૈન કૉલેજોની સ્થાપના કરવી, વ્યાપાર-વાણિજ્યની ઉન્નતિ માટે સંમેલનો, મહાસંઘનાં આયોજનો, કુરિવાજોના ત્યાગ અને જૈનોની સંખ્યા વધે તેવા ઉપાયો લેવા આહ્‌વાન કરે છે.

ગુરુદેવના પ્રગતિશીલ વિચારોમાંનો એક મુખ્ય વિચાર તે તેમણે આજથી સો વર્ષ પહેલાં કરેલી આપણા દેવદ્રવ્યના ખાતાની વિચારણા. તેમણે જણાવ્યું કે દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યનાં ખાતાંઓને અમુક નિયમોને આધીન રાખી જોડવાં અને એક મહાસત્તા નીચે રાખી સુધારવાં. ગરીબ શ્રાવકોને ગુપ્ત રીતે ઉદ્યમ અને વ્યાપાર શીખવવો જેથી તેઓ પોતાના પગ પર ઊભા રહેતાં શીખે. સાધુ સધ્વીઓને સર્વ ધર્મનો ઇતિહાસ પાઠશાળામાં ભણાવવો જેથી તેમનું દૃષ્ટિબિંદુ વિશાળ બને. સાધુઓ અને સાધ્વીઓએ આજના શિક્ષિત શ્રાવકોને તેમની શંકાઓનું સમાધાન થાય તેવો ઉપદેશ આપવો. ગુરુદેવનો 'શ્રીસંઘ પ્રગતિ મહામંત્ર' સાચા અર્થમાં જૈન સંઘના ચારે ઘટકો સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાને મજબૂત કરનાર મંત્ર છે. જો જૈન સંઘને ધાર્મિક, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક દૃષ્ટિએ સમૃદ્ધ કરવો હોય તો એનો મંત્ર આ ગ્રંથમાં આપ્યો છે. ગુરુદેવે તેમનું આ અદ્‌ભુત સૃજન સમગ્ર ભારતદેશમાં સતત જાગ્રત પ્રયત્નશીલ, જ્ઞાની, ઉદ્યમી, ભક્તિ અને કર્તવ્ય પરાયણ ચુનંદા ચાર વિદ્વાનોને સાદર સમર્પણ કર્યો. એ મહાનુભાવો છે :

(૧) પૂ. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ (૨) શ્રીમાન ગુલાબચંદજી ઢઢ્ઢા (૩) શ્રીમાન કાંતિલાલ ઈશ્વરલાલ જે. પી. (૪) શ્રીમાન અમૃતલાલ કાલીદાસ દોશી.

યુગદ્રષ્ટાઓ જે સમાજ માટે કરે છે. એનાથી જ સમાજ નવપલ્લવિત થાય છે. તેઓ આ ગ્રંથમાં એમની પૈની નજરથી જે નિરીક્ષણ કરેલ છે એમાંથી જણાવે છે કે ખ્રિસ્તીઓ, નવા ખ્રિસ્તીઓ બનાવે છે અને તેમને વ્યાપાર ઉદ્યોગ શીખવે છે માટે હિંદુઓને ધર્મપરિવર્તન કરતાં રોકવા હોય તો આપણે તેમને અહીં જ બધી સગવડો આપો.

સમાજસુધારક શાસ્ત્રવિશારદ બુદ્ધિસાગરજી મહારાજનો પત્રરૂપી એક ગ્રંથ જેનું શીર્ષક છે 'તીર્થયાત્રાનું વિમાન' માં જૈનીઓ માટે ઉપદેશથી ભરપૂર છે. તીર્થયાત્રા કરનાર શ્રાવકોએ કેવા આચાર-વિચાર ધારણ કરવા જેથી તેમની યાત્રા ઊર્ધ્વગતિ તરફ પ્રયાણ કરે તે માટે ગુરુદેવે આ ગ્રંથનું નામ 'તીર્થયાત્રાનું વિમાન' રાખ્યું. અહીં તેમણે યાત્રાળુઓએ ધારણ કરવાના ગુણો - દયા, સત્ય, અચૌર્ય, પરોપકાર, ભ્રાતૃભાવ, શ્રદ્ધા, ઉપદેશ શ્રવણ ઉપરાંત સાધર્મિક ભક્તિ અને જૈન ગુરુકુળોની સ્થાપનાના ગુણો દર્શાવ્યા છે.

સાધર્મિક ભક્તિ વિશેના આચાર્યશ્રીના વિચારો તેમની જિનશાસનની પ્રભાવનાના દ્યોતક છે. તેઓ પત્ર દ્વારા તેમના ભક્તોને લખે છે કે

'એક દિવસ સકળ સંઘને ભોજન કરાવી નવકારશી કરાવવામાં આવે છે એ ખરેખર શાસ્ત્રાધારે સાધર્મિક વાત્સલ્ય કહેવાતું નથી. નવકારશીના નામે વ્યય થતી ધનરાશિ જો ધાર્મિક કેળવણી આપવામાં ખર્ચાય તો જેઓ નામ માત્રથી જૈન છે તે સાચા અર્થમાં જૈન બને.'

ગુરુકુળોની સ્થાપના એ તેમના જીવનનું ધ્યેય કહી શકાય કારણ કે તેનાથી થતા દીર્ઘકાલીન લાભોની તેમને જાણ હતી. તેઓ જણાવે છે કે, 'ગુરુકુળોમાંથી શિક્ષણ લઈને બહાર આવતા શૂરવીર વિદ્યાર્થીઓ જ્યારે ધર્મકાર્ય કરશે ત્યારે તેમની વ્યવસ્થિત કાર્યપ્રણાલીને કારણે જૈન સમાજ ઉન્નતિના શિખરે પહોંચશે.'

જૈન શ્રાવકોને ગુરુ મહારાજની નમ્ર અપીલ તેમના જ શબ્દોમાં અત્રે રજૂ કરું છું. -

'જૈનો વરઘોડા અને નાતવરામાં લાખો રૂપિયાની ધૂળધાણી કરી નાંખે છે પરંતુ જૈન ધર્મની ઉન્નતિ માટે ચમડી તૂટે પણ દમડી ન છૂટે તેવી ગતિ

આચરે છે. અહો ! જૈનોનું મન ક્યારે સુધરશે ! જેને જૈન ધર્મની ઉન્નતિ કરવાનો વિચાર નથી અને જે જૈન ધર્મના ઉદ્ધાર માટે આત્મભોગ આપવા તૈયાર નથી તે તીર્થંકરોની આરાધનામાં બરાબર સમજતો નથી. જેઓની નસેનસમાં જૈન ધર્મની ઉન્નતિ કરવા માટે શૂર વ્યાપતું નથી એવા જૈનો જન્મીને કોઈનું કંઈ ઉકાળી શકતા નથી. જાગ્યા ત્યાંથી પ્રભાત માનો. ભૂલ્યા ત્યાંથી ફરી ગણો. તમારી શક્તિઓ પ્રાપ્ત કરવા જૈન ગુરુકુળની યોજનાને વધાવી લો.'

ગુરુદેવે આ ગ્રંથરચના તેમના વલસાડ-બિલિમોરા આદિ નગરજનો જ્યારે ૯૯ (નવાણું)ની યાત્રાએ શત્રુંજયમાં હતા ત્યારે તેમને ઉદ્દેશીને લખેલો પત્ર સ્વરૂપનો છે. ગુરુદેવની સ્થિરતા ત્યારે વલસાડ નગરે હતી. ત્યાં તેમણે જોયું કે વલસાડ-પારડી તથા આસપાસના પ્રદેશોમાં ખ્રિસ્તીઓ દરેક સ્થળે શિક્ષણસંસ્થાઓ શરૂ કરીને આત્મભોગ આપીને નવા ખ્રિસ્તીઓ બનાવે છે. નવા ખ્રિસ્તીઓને ઉદ્યોગો પણ શીખવીને ખ્રિસ્તી ધર્મની ઉન્નતિ કરે છે. જ્યારે હિંદુ અને જૈન કોમ સમાજસેવામાં ખૂબ પાછળ રહે છે. એક અન્ય બાબત ગુરુદેવે નોંધી છે કે તે સમયે અર્થાત્ આજથી સો વર્ષ પહેલાં એક અંગ્રેજ સ્ત્રીએ આઠ કરોડ રૂપિયાનું દાન મુંબઈની ખ્રિસ્તી સંસ્થાને નવા ખ્રિસ્તી બનાવવા માટે આપ્યું હતું. માટે જ ગુરુદેવ બુદ્ધિસાગરજીએ ગુરુકુળોની સ્થાપનાને વિશેષ મહત્ત્વ આપ્યું છે.

આચાર્યશ્રીએ આ ગ્રંથમાં ગુરુકુળો કેવાં હોવાં જોઈએ તેની રૂપરેખા પણ દર્શાવી છે કે - ત્યાં જૈન દેરાસર, સભામંડપ, લાઇબ્રેરી, હુન્નર - કલા - શિક્ષણના વર્ગો (સ્કૂલ કૉલેજ) અને ઉપહારગૃહ હોય. ત્યાંનું શૈક્ષણિક માપદંડ ખૂબ ઊંચું હોય તથા ત્યાં દરેક પ્રકારના વિષયો શીખવાતા હોય એ ઉત્તમ છે.

ગુરુદેવની કૃતિઓ હોય કે તેમનું પોતાનું જીવન તેમાં ખૂબ ઉપદેશ અને બોધ મળે છે. તેમને પોતાના દેશ, ભાષા, ધર્મ, તથા પ્રાચીન ધરોહર પ્રત્યે ખૂબ માન હતું. તેમની ગદ્ય અને પદ્યમાં ઘણી સુંદર રચનાઓ છે. જેનાથી આપણને જીવન પ્રત્યેનો એક લગાવ પ્રાપ્ત થાય છે. જે ટૂંકમાં નીચે આપું છું:

'जिनाज्ञा पालकाः ।' જિનેશ્વરની આજ્ઞા પાળો.

'देवगुरु सेवा रसिकाः' દેવગુરુની સેવા કરો.

'उदार विचार धारका' - ઉદાર વિચારને ધારણ કરો - (શિષ્યોપનિષદ)

**ભવિષ્યવાણી**

'અમારાં બીજ વાવેલાં, ફળી ફૂલી થાશે વૃક્ષો,
ફળો બહુ લાગશે સુંદર, ઘણા જન ચાખશે ભાવે.....' (૧)
ફળોનો સ્વાદ લઈને, પુનઃ જન વાવશે બીજો;
પરંપર બહુ ફળો થાશે, થશે ઉપકારની શ્રેણી... (૨)
(ભજન સંગ્રહ ભા. ૭)

વિદ્વાન થતાં શું વળ્યું, જો માતૃભાષા ના વદી,
નિજ માતૃભાષા પ્રેમ વણ, દેશોન્નતિ ન કદી.
એકસો ચાળીશ ઉપર મોટા નાના ગ્રંથ રચ્યા હિતકાર
એક ગ્રંથ પણ શ્રદ્ધા પ્રેમે વાંચે તે પામે ભવ પાર
બુદ્ધિસાગર નામ એ ફક્ત દેહને ઓળખવાને કાજ
બાવન બાહિર આત્મ અનામી, શબ્દોથી ન્યારું મુજ રાજ.
(કક્કાવલી સુબોધ)

# પરિસંવાદનો અહેવાલ

- માલતી શાહ

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની આચાર્યપદવીના શતાબ્દીવર્ષ પ્રસંગે પૂજ્યશ્રીની પાવન દીક્ષાભૂમિ પાલનપુરમાં એક આધ્યાત્મિક, સાહિત્યિક અને ઐતિહાસિક પરિસંવાદનું આયોજન કરવામાં આવેલ. પૂજ્યશ્રીના આચાર્યપદવી દિવસ જેઠ વદ ત્રીજ, સં. ૨૦૭૦, ૧૫મી જૂન, ૨૦૧૪ અને રવિવારના રોજ ડૉ. કુમારપાળ દેસાઈના પ્રમુખપદે ગઠામણ દરવાજા ખાતે આવેલ શ્રી તપાગચ્છ જૈન ઉપાશ્રયમાં યોજાયેલા આ પરિસંવાદમાં વિજાપુરથી, સાબરમતીથી, અમદાવાદ, વાસણા પાસે આવેલ ગોદાવરીથી, સેટેલાઈટ (અમદાવાદ)થી, સોલાથી આવેલા શ્રીસંઘના સભ્યોએ તથા પાલનપુરના ચતુર્વિધ સંઘે બહોળી સંખ્યામાં હાજરી આપેલ.

ગચ્છનાયક આચાર્ય પૂ. મનોહરકીર્તિસાગરસૂરિજી મહારાજે પરિસંવાદનું મંગલાચરણ માંગલિક સંભળાવીને કર્યું. ત્યારબાદ પૂ. આચાર્યશ્રી ઉદયકીર્તિસાગરસૂરિજી મહારાજે પોતાના આશીર્વચનમાં વિચારપ્રેરક ઉદ્‌બોધન કર્યું. ખૂબ ભાવવાહી શૈલીમાં તેઓએ સમજાવ્યું કે ત્રણ માતાઓનો આપણા ઉપર ઉપકાર છે. એક જન્મદાત્રી માતા, બીજી માતા તે સંસ્કારદાત્રી ગુરુમાતા અને ત્રીજી માતા તે પરમ ઉપકારી પરમાત્મા. ગુરુદેવ શબ્દનો અર્થ શો ? જે ગુણાતીત હોય, રૂપાતીત હોય, દેહાતીત હોય અને વચનાતીત હોય તે ગુરુદેવ. ગુરુદેવ સમગ્ર શાસ્ત્રોનો

સાર છે. તે ચાર ગતિમાંથી મુક્તિ અપાવે છે. અદ્‌ભુત રીતે અંતરની અનુભૂતિ કરાવે છે. ભક્તજન ગુરુદ્વારામાં દર્શન કરવા જાય છે. તેનો અર્થ એ કે ગુરુ દ્વારા જે આવે તે આપણને પરમાત્માની પ્રાપ્તિ કરાવે છે.

પરિસંવાદના પ્રારંભે પ્રસિદ્ધ લેખક, 'ગુજરાત સમાચાર' દૈનિકની અનેક કૉલમો દ્વારા વિશાળ વાચકવર્ગ ધરાવનાર દેશ-વિદેશમાં જૈન ધર્મની સંસ્કૃતિને લોકભોગ્ય શૈલીમાં રજૂ કરનાર પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ આ પરિસંવાદની ભૂમિકા સ્પષ્ટ કરી. માત્ર એકાવન વર્ષની જિંદગીમાં ૧૪૦ ગ્રંથરત્નોના રચયિતા, યોગસાધનામાં મગ્ન સાધક અને મહાન કર્મયોગી આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજી જેવી વિરાટકાય પ્રતિભાઓને જ્યારે જ્યારે નિમિત્ત મળે ત્યારે ત્યારે પુનઃ પુનઃ યાદ કરવા જોઈએ તે સમયની માંગ છે. કેવા ધ્યાનયોગી ? રસ્તે ચાલતા ચાલતા વડલા નીચે સાધના કરવા બેસી જાય, મુસ્લિમો અને આદિવાસીઓ વચ્ચે રહીને સાધના કરે. પોતાના ગ્રંથોને અમર શિષ્યો તરીકે ઓળખાવનાર પૂજ્યશ્રીના જીવનમાંથી પ્રેરણા મેળવવા માટે આવા પરિસંવાદો ખૂબ ઉપકારી છે.

આ પરિસંવાદની પ્રથમ બેઠક સવારે ૯ થી ૧૨ દરમિયાન યોજાયેલ, જેનું સંચાલન ભો.જે. અધ્યયન કેન્દ્ર (અમદાવાદ)ના અધ્યક્ષ ડૉ. આર. ટી. સાવલિયાએ કર્યું.

'પ્રબુદ્ધ જીવન' સામયિકના કુશળ તંત્રી, 'જૈના સાહિત્ય સમારોહ' જેવાં જ્ઞાનસત્રોના ઉત્સાહી સંચાલક, સુપ્રસિદ્ધ સાહિત્યકાર ડૉ. ધનવંતભાઈ શાહે 'આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીની સાહિત્યસૃષ્ટિ' વિષય ઉપર વક્તવ્ય આપ્યું. 'એક દિવસ એવો આવશે'થી શરૂ કરીને અનેક કાવ્યપંક્તિઓ રજૂ કરીને પૂજ્યશ્રીના પદ્યસાહિત્ય અને ગદ્યસાહિત્યનો રસાસ્વાદ રસાળ શૈલીમાં શ્રોતાઓને કરાવ્યો. ટૂંકી જિંદગીમાં ૧૪૦ જેટલા ગ્રંથોના રચયિતા પૂજ્યશ્રી બુદ્ધિસાગરસૂરિજી ઉપાધ્યાય યશોવિજયજી પછીના વિપુલ સાહિત્યના રચયિતા ગણાય. તેઓએ સંસ્કૃતમાં પણ ૧૧ ગ્રંથો રચ્યા છે.

પૂ. આચાર્યશ્રી બુદ્ધિસાગરજી ઉપર જ પોતાનો શોધનિબંધ લખનાર, સામાજિક કાર્યો સાથે સંકળાયેલ, સતત અભ્યાસરત, ડૉ. રેણુકાબહેન પોરવાલે પૂ. બુદ્ધિસાગરસૂરિજીના 'યુગસંદેશ'ને સવિસ્તૃત રીતે ઉજાગર કરી આપ્યો.

કર્મયોગી આચાર્યશ્રીની દીર્ઘદૃષ્ટિતા, વર્તમાન સમયને પારખવાની વ્યવહારુ દૃષ્ટિ સમાજના ઉત્થાન માટેના પ્રયત્નોનો તેમણે ખ્યાલ આપ્યો.

'ગુજરાત સમાચાર' દૈનિકની ઐતિહાસિક પ્રસંગોને લોકભોગ્ય સાહિત્યિક શૈલીમાં 'ધરતીનો ધબકાર' કૉલમલેખક તથા સમાજને ચરણે અન્ય વિપુલ સાહિત્ય ધરનાર પ્રસિદ્ધ લેખક શ્રી દોલતભાઈ ભટ્ટે યોગનિષ્ઠ આચાર્યશ્રીની પ્રતિભાને વંદન કરતાં પૂ. આચાર્યશ્રીની આગવી લાક્ષણિકતાઓને રજૂ કરેલ.

આ વિદ્વત્તાસભર પરિસંવાદના શુભ પ્રસંગે પૂ. આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજશ્રીની અપ્રગટ રોજનીશી 'આત્મચૈતન્યની યાત્રા' પુસ્તકનું વિમોચન ડૉ. કુમારપાળ દેસાઈ તથા અન્ય સ્થાનોથી પધારેલા શ્રીસંઘના આગેવાનો દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગે ઉપસ્થિત પાલનપુરના ચતુર્વિધ સંઘ તથા બહારગામથી પધારેલ વિશાળ શ્રોતાવર્ગે આ ગ્રંથરત્નના વિમોચનને ઉમળકાથી વધાવ્યું.

યોગવિષયક મહાનિબંધનાં લેખિકા ડૉ. રશ્મિબહેન ભેદાએ પોતાના વક્તવ્ય દ્વારા આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીના 'જૈનયોગ'ને રજૂ કરતાં 'યોગદીપક' ગ્રંથનો ભાવકોને પરિચય કરાવ્યો. યોગનિષ્ઠ આચાર્યશ્રીએ પોતાના સાહિત્યમાં જૈન પરંપરામાં રજૂ થયેલ યોગવિષયક વિચારણાનો ખ્યાલ રજૂ કરેલ છે. તેના સાર રૂપે કહી શકાય કે અસંખ્ય યોગોમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ મુખ્ય યોગ છે. આત્મજ્ઞાનપૂર્વક આત્મધ્યાન ધરીને જીવનમાં આત્મસમાધિ પ્રાપ્ત કરવી એ માનવજીવનનું મુખ્ય કર્તવ્ય છે. પૂ. આચાર્યશ્રીએ પોતે તો આત્મસમાધિનો અનુભવ કર્યો હતો અને તે તેમના યોગવિષયક અને અન્ય સાહિત્યમાં ઝળકે છે.

પ્રથમ બેઠકનું સમાપન કરતાં પરિસંવાદના પ્રમુખ સ્થાનેથી ડૉ. કુમારપાળ દેસાઈએ તેમના વિશિષ્ટ સાહિત્યનાં કેટલાંક પાંસા ઉજાગર કર્યાં. જેમ કે પૂ. આચાર્યશ્રી કવિ હતા પણ કેવા કવિ ? વરસાદ વગર અકળાતા જીવો પ્રત્યે કરુણાથી પ્રેરાઈને તેમણે કાવ્ય રચ્યું 'મેઘ વર્ષે છે' અને તેમના હૃદયથી થયેલ આ પ્રાર્થનાના પરિણામ સ્વરૂપ ત્યાં વરસાદનું આગમન થયું. ધ્યાનયોગી, જ્ઞાનયોગી આચાર્યશ્રીનું સાહિત્ય વિવિધ આયામો ધરાવે છે અને લોકોમાં

તેને પ્રચલિત કરવાથી ખૂબ ઉપયોગી નીવડે તેમ છે.

બપોરના વિરામ બાદ આ પરિસંવાદની દ્વિતીય બેઠક અને સમાપન બેઠક બપોરે ૨ થી ૫-૩૦ દરમિયાન યોજાયેલ જેનું સંચાલન સંનિષ્ઠ ગ્રંથપાલ શ્રી કનુભાઈ શાહે કર્યું.

'ગુજરાત સમાચાર' દૈનિકના ઝાકળઝંઝા તથા અન્ય કૉલમોના લેખક, પ્રસિદ્ધ સાહિત્યકાર ડૉ. પરાજિત પટેલે પૂજ્યશ્રીના જીવનના પ્રસંગોને રસપ્રદ રીતે રજૂ કર્યા. ઘોડિયામાં સૂતેલા બાળક બહેચરને સાપ દંશ દેતો નથી તેમાં કોઈ કુદરતી સંકેત હશે. આ બાળક ભવિષ્યમાં ઘણાનાં ઝેર લઈને સૌ જીવો ઉપર વહાલ વરસાવશે એમ વિચારીને જાણે સાપ ચાલ્યો ગયો હશે એમ લાગે. એકાદ નિમિત્ત ખડું કરીને કુદરત માણસના જીવનમાં વળાંક લાવી દે છે. ધસમસતી દોડી આવતી ભેંસને ગુરુના રક્ષણ માટે રોકવી અને ત્યારે ગુરુએ શત્રુને પણ બચાવવાની વાત કરી તે પ્રસંગ બાબત બહેચરના જીવનમાં વળાંકનું નિમિત્ત છે.

અમદાવાદની બી.ડી. આર્ટ્સ કૉલેજના ગુજરાતીના સંનિષ્ઠ પ્રાધ્યાપક (નિવૃત્ત), મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પ્રખર અભ્યાસી ડૉ. કાંતિભાઈ બી. શાહે 'શ્રી આનંદઘન પદ સંગ્રહ' ભાવાર્થ લખનાર પૂ. આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીની વિવિધલક્ષી પ્રતિભાનો પોતાની રસાળ શૈલીમાં પરિચય કરાવ્યો. આ ભાવાર્થમાં આપણને એક કવિ, ચિંતક, સર્જકનાં દર્શન થાય છે. ઉપાધિપુર એવા મુંબઈમાં સં. ૧૯૬૭માં વૈશાખ વદ એકમના રોજ આ લેખનનો પ્રારંભ થયો. આ લેખનકાર્ય દરમિયાન પોતાને મુંબઈની ગરમીમાં પણ પૂ. આનંદઘનજીનાં પદોથી ઠંડકનો અનુભવ થયો. કારતક મહિનામાં પૂર્ણ થયેલ આ ભાવાર્થમાં પૂજ્યશ્રીએ અવધૂત યોગી આનંદઘનજીનાં પદોનું રહસ્યોદ્‌ઘાટન કરી આપેલ છે.

વ્યવસાયે ફિઝિયોથેરાપિસ્ટ પણ સંશોધનપ્રેમી ડૉ. રેખાબહેન વોરાના 'ભક્તામર તુભ્યં નમઃ' (પીએચ.ડી.નો મહાનિબંધ) તથા 'આદિ તીર્થંકર ઋષભનાથ' પુસ્તકો પ્રકાશિત થયેલ છે. તેમણે પૂ. આચાર્યશ્રીના 'ઘંટાકર્ણ મહાવીર દેવ' વિશેની સાધના અને પ્રાકટ્યનો ખ્યાલ આપ્યો. પૂ. બુદ્ધિસાગરસૂરિજી અઢારે આલમના અવધૂત તરીકે પ્રખ્યાત હતા. અંધવિશ્વાસ

તરફ ઢળેલી પ્રજાને નિર્ભય થઈને જીવવાનું શીખવવા માટે સં. ૧૯૮૦માં તેઓએ 'જૈન ધર્મ સંકાસમાધાન' નામે ૫૦ પાનાંની પુસ્તિકા લખી. પોતે ઘંટાકર્ણ વીરની સતત ત્રણ દિવસ સુધી અખંડ આરાધના કરી. જ્યાં સુધી તેમનાં દર્શન ન થયાં ત્યાં સુધી હાલ્યાચાલ્યા વગર સાધના કરી. અંતે તેમનાં દર્શન થયાં. અપાસરામાં ભીંત પર ચોકથી, દર્શન થયેલ મૂર્તિની આકૃતિ દોરી. પ્રાણીઓના બલિની પ્રથા દૂર કરવા માટે સુખડીની થાળીની પ્રથા શરૂ કરી. શાંતિસ્નાત્રમાં પણ સુખડી ધરાવાય છે અને તે પોષક પણ છે. જૈન ધર્મ વિરુદ્ધની પ્રવૃત્તિઓને બંધ કરવા માટે આ સ્થાપના કરી.

'ગુજરાતી વિશ્વકોશ'માં કાર્યરત, ગુજરાતીનાં પ્રાધ્યાપિકા, અનેક પુસ્તકોનું સંપાદનકાર્ય કરનાર શ્રી નલિની દેસાઈએ પૂ. આચાર્યશ્રીની 'અનોખી કાવ્યરચનાઓ' વિશે વિગતસભર વક્તવ્ય આપ્યું. સરસ્વતીને પ્રસન્ન કરવા માટે તેઓશ્રી પ્રતિજ્ઞા લે છે અને 'ઓ ઈશ્વર ! માબાપનું..' એ કવિતાથી શ્રીગણેશ થાય છે. અને આ કવિતાયાત્રા જીવનભર ચાલે છે. તેઓનાં કાવ્યોમાં વિવિધ વિષયોનું નિરૂપણ જોવા મળે છે. દરેક કાવ્ય ક્યારે રચાયું તેની નોંધ તેઓએ કરેલી છે. તેમની કવિતાઓમાં અનુભવનો નિચોડ છે, વાસ્તવિક જીવનનું દર્શન છે, પ્રકૃતિનિરીક્ષણ છે. ૩૦૦૦ જેટલી કાવ્યરચનાઓ છે, તેમાં કવ્વાલી અને ગઝલ જેવા કાવ્યપ્રકારો પણ છે.

'નગરશેઠ શાંતિદાસ ઝવેરી', 'જ્ઞાનસારનું તત્ત્વદર્શન' (પીએચ.ડી.નો મહાનિબંધ), 'જ્ઞાનસાર' (૧૧ હસ્તપ્રતો સાથેનું સંપાદન) વગેરે પુસ્તકોનાં લેખિકા, તત્ત્વજ્ઞાનનાં અભ્યાસી ડૉ. માલતીબહેન શાહે આચાર્યશ્રીના 'અધ્યાત્મનું આકાશ દર્શાવતા ગ્રંથો'નો પરિચય આપ્યો. 'અધ્યાત્મ વ્યાખ્યાનમાળા', 'તત્ત્વવિચાર', 'અધ્યાત્મશાંતિ' વગેરે પુસ્તકોમાં જૈનદર્શનની સમજણ આપી છે. 'ઇશાવાસ્યોપનિષદ'માં તેઓશ્રીની સમન્વયકારી દૃષ્ટિનાં દર્શન થાય છે. દિગંબર આચાર્યશ્રી પ્રભેન્દુજી (પૂજ્યપાદ સ્વામીજી)એ મૂળ સંસ્કૃતમાં રચેલ 'સમાધિશતક' ઉપર પૂ. ઉપાધ્યાયજી મહારાજે દોધક છંદમાં ગુજરાતી શતકની રચના કરી અને તેનું વિવેચન પૂ. બુદ્ધિસાગરજીએ કર્યું. આમ, આ કૃતિમાં ત્રિવેણીસ્નાન છે. 'અધ્યાત્મગીતા' સંસ્કૃતમાં ૫૨૯ શ્લોકોનો અદ્‌ભુત સમન્વયકારી ગ્રંથ છે. પૂજ્યશ્રીના અધ્યાત્મગ્રંથોમાં સાહિત્યની દૃષ્ટિએ ભાષા કદાચ ઊણી હોય તોપણ તેમાં રજૂ થયેલા ભાવો ઊંચા છે અને વધુ અગત્યના

છે. અધ્યાત્મની ઊંચાઈએ પહોંચ્યા પછી ધર્મ-પંથ સંપ્રદાયના ભેદો રહેતા જ નથી. તે આ સાહિત્યમાંથી નિષ્પન્ન થાય છે.

ભો.જે અધ્યયન કેન્દ્રના અધ્યક્ષ ઇતિહાસ-તત્ત્વજ્ઞાનભારતીય સંસ્કૃતિના વિદ્વાન, અનેક પુસ્તકોના સંપાદક ડૉ. આર. ટી. સાવલિયાએ પૂજ્યશ્રીના ઇતિહાસવિષયક ગ્રંથોનો પરિચય કરાવ્યો. પૂજ્યશ્રીએ જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સાથે ઇતિહાસને પણ વણી લીધો છે. 'વિજાપુર વૃત્તાંત' પુસ્તકમાં વિજાપુરની જાહોજલાલીનું વર્ણન છે. 'ઐતિહાસિક રાસમાળા' તેમનું મોટું પ્રદાન છે. 'જૈન ધર્મની પ્રાચીનતા અને અર્વાચીન સ્થિતિ' ગ્રંથ વિચારપ્રેરક છે. 'જૈન પ્રતિમાલેખો' ભા.-૧-૨ તેમનું ભગીરથ કાર્ય છે. પણ તેનો ભાગ ૧ ક્યાંયથી મળતો નથી. તેઓની જૈનગીતા ખૂબ સરળ છતાં હૃદયસ્પર્શી છે.

ગૂજરાત વિદ્યાપીઠમાં જૈન વિભાગમાં અધ્યાપન કાર્ય કરનાર, શ્રી પ્રભુદાર બેચરદાસ પારેખ ઉપર મહાનિબંધ લખનાર સુપ્રસિદ્ધ વક્તા ડૉ. છાયાબહેન શાહે પૂજ્યશ્રીના 'કર્મયોગ' ગ્રંથનો પરિચય કરાવ્યો. આ ગ્રંથને કર્મસિદ્ધાંત સાથે કોઈ લેવાદેવા નથી. તેમાં તેમના સાધુત્વ, કવિત્વ, વક્તૃત્વનો પરિચય મળે છે. તેઓશ્રીએ વ્યક્તિનાં પ્રમુખ કર્તવ્યોનો પ્રકાંડ ઉપદેશ આપીને વર્તમાન જગતની ભૂખ ભાંગી છે, નિર્ભય થઈને કર્તવ્ય કરવાનો રાહ ચીંધ્યો છે. આ દીર્ઘદ્રષ્ટા લેખક પોતે જ મોટા કર્મયોગી છે.

ગુજરાતની અગ્રણી સંસ્થાઓમાં સંનિષ્ઠ ગ્રંથપાલ તરીકે કાર્ય કરી ચૂકેલા વિદ્વાનોનાં કામોમાં કિંમતી સહયોગ આપનાર, સંશોધક શ્રી કનુભાઈ શાહે 'આત્મદર્શન' અને 'આત્મતત્ત્વદર્શન' ગ્રંથોના આધારે પૂ.શ્રીની આત્મજ્ઞાનને લગતી વિચારણાનો પરિચય કરાવ્યો. બાળપણથી જ ખેતી કરતાં કરતાં તેઓને સાધુસંતોની સેવામાં રસ હતો. પોતે સ્થિરતાપૂર્વક મંત્રજાપ કરતા. ખ્રિસ્તીઓની દલીલોનો તેઓએ સચોટ જવાબ આપેલ. તેમના વ્યક્તિત્વમાં વિચાર-વાણી-વર્તનની એકતા છે.

પરિસંવાદના સમાપનમાં ડૉ. કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે હિંદુ, મુસ્લિમ, જૈન તથા નાનામોટા સૌ કોઈ બુદ્ધ્યબ્ધિનું સાહિત્ય વાંચી શકે તેવું છે. આ પરિસંવાદના આયોજન બદલ પાલનપુરના શ્રીસંઘ તથા નાના-મોટા સહુ સહયોગીઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી


પરિસંવાદના અંતે આશીર્વચન આપતાં પ.પૂ. આચાર્ય શ્રી ઉદયકીર્તિસાગરસૂરિજીએ પૂ. ગુરુદેવ શ્રી બુદ્ધિસાગરસૂરિજીના ગ્રંથોના મહત્ત્વને વિવિધ રીતે સમજાવ્યું. ગ્રંથિને તોડે તે ગ્રંથ. ગ્રંથોના વાંચનથી અશાંતિ ટળે., સંસારીને સાધન વિના ન ચાલે અને સંતને સાધના વિના ન ચાલે. આ યોગીપુરુષે તળેટીની પણ વાત કરી છે, શિખરની વાત પણ કરી છે. આ યોગીપુરુષની આગાહીઓ પણ હૃદયસ્પર્શી છે.

પ.પૂ. આચાર્યશ્રી મનોહરકીર્તિસાગરસૂરિજી કે જેઓ સમગ્ર પરિસંવાદનું એકાગ્રતાપૂર્વક શ્રવણ-મનન કરી રહ્યા હતા, તેઓએ પોતાનો સહજ પ્રતિભાવ વ્યક્ત કરતાં જણાવ્યું કે પૂ. બુદ્ધિસાગરસૂરિજીના ગ્રંથસર્જનનું સમાજમાં જે વિસર્જન થયું છે તેને યાદ કરવાનો આ અવસર છે. તેમનાં પુસ્તકોના વાંચન દ્વારા આપણે અંતરના શત્રુઓનું વિસર્જન કરવાનું છે. બુદ્ધિના આ સાગરે પોતાનો સાગર છલકાવીને અવળી ગંગા વહાવી. સામાન્ય રીતે સરિતા સાગરમાં સમાઈ જાય. અહીંયાં બુદ્ધિનો સાગર એટલો છલકાયો કે તેમાંથી ૧૪૦ જેટલા ગ્રંથોરૂપી સરિતાઓનું સર્જન થયું. ભારતની યુનિવર્સિટીઓમાં ધર્મ-અધ્યાત્મના ગ્રંથોનાં વિશાળ ગ્રંથાલયો થવાં જોઈએ. શક્ય છે કે કોઈ એક પુસ્તકથી પણ કોઈકનું જીવન ધન્ય થઈ જાય !

પરિસંવાદના વિચારોને મમળાવતા સૌ છૂટા પડ્યા.

# પરિશિષ્ટ-૧

## યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીના જન્મ, દીક્ષા, આચાર્યપદવી તથા સ્વર્ગવાસનાં સ્થળ અને વર્ષ



| | વર્ષ | મહિનો | સ્થળ |
|---|---|---|---|
| જન્મ | વિ.સં. ૧૯૩૦ | મહા સુદ ચૌદશ | વિજાપુર |
| દીક્ષા | વિ.સં. ૧૯૫૭ | માગસર સુદ છઠ | પાલનપુર |
| આચાર્ય પદવી | વિ.સં. ૧૯૭૦ | મહા સુદ પૂનમ | પેથાપુર |
| સ્વર્ગવાસ | વિ.સં. ૧૯૮૧ | જેઠ વદ ત્રીજ | વિજાપુર |

# પરિશિષ્ટ-૨

## શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીની વિહારયાત્રા અને ચાતુર્માસનાં સ્થળોની સાલવારી

| વર્ષ | સ્થળ | વર્ષ | સ્થળ |
|---|---|---|---|
| ૧૯૫૭ | સુરત | ૧૯૭૦ | માણસા |
| ૧૯૫૮ | પાદરા | ૧૯૭૧ | પેથાપુર |
| ૧૯૫૯ | માણસા | ૧૯૭૨ | વિજાપુર |
| ૧૯૬૦ | મહેસાણા | ૧૯૭૩ | પેથાપુર |
| ૧૯૬૧ | વિજાપુર | ૧૯૭૪ | વિજાપુર |
| ૧૯૬૨ | અમદાવાદ | ૧૯૭૫ | પાદરા |
| ૧૯૬૩ | સાણંદ | ૧૯૭૬ | વિજાપુર |
| ૧૯૬૪ | માણસા | ૧૯૭૭ | સાણંદ |
| ૧૯૬૫ | અમદાવાદ | ૧૯૭૮ | મહેસાણા |
| ૧૯૬૬ | સુરત | ૧૯૭૯ | વિજાપુર |
| ૧૯૬૭ | મુંબઈ | ૧૯૮૦ | પેથાપુર |
| ૧૯૬૮ | અમદાવાદ | ૧૯૮૧ | વિજાપુર |
| ૧૯૬૯ | અમદાવાદ | જેઠ વદી ૩ | સ્વર્ગવાસ |

# પરિશિષ્ટ-૩

## શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરિજીની પટ્ટાવલી (સાગર શાખા)

## (જૈન શ્વેતામ્બર) તપાગચ્છીય સાગરશાખા પટ્ટાવલી

### ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ દેવ



૧. તેમના પટ્ટે શ્રી સુધર્માસ્વામીજી ગણધર

૨. તત્પટ્ટે શ્રી જંબુ સ્વામીજી

૩. તત્પટ્ટે શ્રી પ્રભવસ્વામીજી

૪. તત્પટ્ટે શ્રી સ્વયંભવસૂરિજી

૫. તત્પટ્ટે શ્રી યશોભદ્રસૂરિજી

૬. તત્પટ્ટે શ્રી સંભૂતિવિજય અને ભદ્રબાહુસ્વામીજી

૭ તત્પટ્ટે શ્રી સ્થૂલીભદ્રજી મ.સા.

૮. આર્યસુહસ્તિસૂરિ(સંપ્રતિ રાજાના પ્રતિબોધક)અશોકનો પુત્ર કુણાલ તેનો પુત્ર સંપ્રતિ થયો. આઠ પાટ પર્યંત નિર્ગ્રંથગચ્છ નામ ચાલ્યું.

૯. તત્પટ્ટે શ્રી સુસ્થિતસૂરિજી અને સુપ્રતિબદ્ધસૂરિજી

૧૦. તત્પટ્ટે શ્રી ઇન્દ્રદિન્નસૂરિજી

૧૧. તત્પટ્ટે શ્રી દિન્નસૂરિજી

૧૨. તત્પટ્ટે શ્રી સિંહગિરિજી

૧૩. તત્પટ્ટે શ્રી વજસ્વામીસૂરિજી

૧૪. તત્પટ્ટે શ્રી વજસેનસૂરિજી

૧૫. તત્પટ્ટે શ્રી ચંદ્રસૂરિજી

૧૬. તત્પટ્ટે શ્રી સામન્તયભદ્રસૂરિજી

૧૭. તત્પટ્ટે શ્રી વૃદ્ધદેવસૂરિજી

૧૮. તત્પટ્ટે શ્રી પ્રદ્યોતનસૂરિજી

૧૯. તત્પટ્ટે શ્રી માનદેવસૂરિજી

૨૦. તત્પટ્ટે શ્રી માનતુંગસૂરિજી

૨૧. તત્પટ્ટે શ્રી શ્રીવીરસૂરિજી
૨૨. તત્પટ્ટે શ્રી જયદેવસૂરિજી
૨૩. તત્પટ્ટે શ્રી દેવાનંદસૂરિજી
૨૪. તત્પટ્ટે શ્રી વિક્રમસૂરિજી
૨૫. તત્પટ્ટે શ્રી નરસિંહસૂરિજી
૨૬. તત્પટ્ટે શ્રી સમુદ્રસૂરિજી
૨૭. તત્પટ્ટે શ્રી માનદેવસૂરિજી
૨૮. તત્પટ્ટે શ્રી વિબુધપ્રભસૂરિજી
૨૯. તત્પટ્ટે શ્રી જયાનંદસૂરિજી
૩૦. તત્પટ્ટે શ્રી રવિપ્રભસૂરિજી
૩૧. તત્પટ્ટે શ્રી યશોદેવસૂરિજી
૩૨. તત્પટ્ટે શ્રી પ્રદ્યુમ્નસૂરિજી
૩૩. તત્પટ્ટે શ્રી માનદેવસૂરિજી
૩૪. તત્પટ્ટે શ્રી વિમલચંદ્રસૂરિજી
૩૫. તત્પટ્ટે શ્રી ઉદ્યોતનસૂરિજી
૩૬. તત્પટ્ટે શ્રી સર્વદેવસૂરિજી
૩૭. તત્પટ્ટે શ્રી દેવસૂરિજી
૩૮. તત્પટ્ટે શ્રી સર્વદેવસૂરિજી
૩૯. તત્પટ્ટે શ્રી યશોભદ્રસૂરિજી અને નેમિચંદ્રસૂરિજી
૪૦. તત્પટ્ટે શ્રી મુનિચંદ્રસૂરિજી
૪૧. તત્પટ્ટે શ્રી અજીતદેવસૂરિજી
૪૨. તત્પટ્ટે શ્રી વિજયસિંહસૂરિજી
૪૩. તત્પટ્ટે શ્રી સોમપ્રભસૂરિજી અને મણિરત્નસૂરિજી
૪૪. તત્પટ્ટે શ્રી જગચ્ચંદ્રસૂરિજી
૪૫. તત્પટ્ટે શ્રી દેવેન્દ્રસૂરિજી
૪૬. તત્પટ્ટે શ્રી ધર્મઘોષસૂરિજી
૪૭. તત્પટ્ટે શ્રી સોમપ્રભસૂરિજી
૪૮. તત્પટ્ટે શ્રી સોમતિલકસૂરિજી
૪૯. તત્પટ્ટે શ્રી દેવસુંદરસૂરિજી
૫૦. તત્પટ્ટે શ્રી સોમસુંદરસૂરિજી
૫૧. તત્પટ્ટે શ્રી મુનિસુંદરસૂરિજી
૫૨. તત્પટ્ટે શ્રી રત્નશેખરસૂરિજી
૫૩. તત્પટ્ટે શ્રી લક્ષ્મીસાગરસૂરિજી
૫૪. તત્પટ્ટે શ્રી સુમતિસાધુસૂરિજી
૫૫. તત્પટ્ટે શ્રી હેમવિમલસૂરિજી
૫૬. તત્પટ્ટે શ્રી આનંદવિમલસૂરિજી
૫૭. તત્પટ્ટે શ્રી વિજયદાનસૂરિજી અને ઋદ્ધિવિમલસૂરિજી
૫૮. તત્પટ્ટે શ્રી હીરવિજયસૂરિજી
૫૯. તત્પટ્ટે શ્રી ઉ સહજસાગરસૂરિજી
૬૦. તત્પટ્ટે શ્રી જયસાગરસૂરિજી
૬૧. તત્પટ્ટે શ્રી ગણિ. જિતસાગરસૂરિજી
૬૨. તત્પટ્ટે શ્રી માનસાગરસૂરિજી
૬૩. તત્પટ્ટે શ્રી શ્રીમલયસાગર-સૂરિજી
૬૪. તત્પટ્ટે શ્રી પદ્મસાગરસૂરિજી
૬૫. તત્પટ્ટે શ્રી સુજ્ઞાનસાગરસૂરિજી
૬૬. તત્પટ્ટે શ્રી સરૂપસાગરસૂરિજી
૬૭. તત્પટ્ટે શ્રી જ્ઞાનસાગરસૂરિજી
૬૮. તત્પટ્ટે શ્રી મયાસાગરસૂરિજી
૬૯. તત્પટ્ટે શ્રી નેમિસાગરસૂરિજી
૭૦. તત્પટ્ટે શ્રી રવિસાગરસૂરિજી
૭૧. તત્પટ્ટે શ્રી સુખસાગરસૂરિજી
૭૨. તત્પટ્ટે શ્રી બુદ્ધિસાગરસૂરિજી
૭૩. તત્પટ્ટે શ્રી કીર્તસાગરસૂરિજી

# પરિશિષ્ટ-૪

## બુદ્ધિસાગરસૂરિજી દ્વારા રચિત ગ્રંથોની નામાવલી



| ક્રમ | નામ | પૃષ્ઠ | ભાષા | સાઇઝ |
|---|---|---|---|---|
| ૧. | અધ્યાત્મ મહાવીર ભા. ૧ | ૫૧૨ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૨. | અધ્યાત્મ મહાવીર ભા. ૨ | ૫૧૫ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૩. | અધ્યાત્મ મહાવીર ભા. ૩ | ૪૨૬ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૪. | અધ્યાત્મગીતા | ૫૩ | સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૫. | અધ્યાત્મશાંતિ | ૮૮ | ગુજરાતી | ક્રાઉન સાઇઝ ૩૨ |
| ૬. | અધ્યાત્મ ભજનસંગ્રહ | ૧૮૪ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૭ | અધ્યાત્મ વ્યાખ્યાનમાળા | ૧૯૬ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૮. | અનુભવ પચ્ચીશી | ૨૩૯ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૯. | આત્મશક્તિ પ્રકાશ | ૧૦૨ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૧૦. | આત્મશક્તિ પ્રદીપ | ૩૦૯ | સંસ્કૃત/ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૧૧. | આત્મશક્તિ તત્ત્વદર્શન | ૯૯ | સંસ્કૃત/ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૨. | આત્મશક્તિ દર્શન | ૧૩૪ | ગુજરાતી | ડેમી ૩૨ પેજી |
| ૧૩. | આત્મશક્તિ દર્શનગીતા | ૧૬ | પ્રાકૃત/ગુજરાતી | ડેમી ૧૬ પેજી |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪. | આત્મશક્તિ પ્રકાશ | ૫૩૬ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૧૫. | આત્મશક્તિ સ્વરૂપ | ૪૧ | સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૧૬. | આત્મશક્તિ સમાધિશતક | ૧૨ | સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૧૭. | આત્મશક્તિ શિક્ષા ભાવના | ૧૦૬ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૮. | આત્માનુશાસન | ૪૮ | સંસ્કૃત/ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૯. | આગમસાર | | | |
| ૨૦. | આનંદઘન પદભાવાર્થ | ૪૫૦ | ગુજરાતી | ક્રાઉન ૮ પેજી |
| ૨૧. | ઇશાવાસ્યોપનિષદ | ૨૮૫ | સંસ્કૃત/ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૨૨. | ઋષિમંડળપૂજા | | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૨૩. | કક્કાવલી સુબોધ | ૪૨૬ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૨૪. | કર્મયોગ | ૭૨૬ | સંસ્કૃત/ગુજરાતી | ક્રાઉન ૮ પેજી |
| ૨૫. | કન્યાવિક્રય નિષેધ | ૧૩૬ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૨૬. | કુમારપાળ ચરિત્ર | | હિંદી | ક્રાઉન ૩૨ પેજી |
| ૨૭. | કૃષ્ણગીતા | ૨૯ | સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૨૮. | ગહુલી સંગ્રહ ભા. ૧ | ૧૦૩ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૨૯. | ગહુલી સંગ્રહ ભા. ૨ | ૨૧૨ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૩૦. | ગચ્છમતપ્રબંધ | ૩૪૫ | ગુજરાતી | ક્રાઉન ૩૨ પેજી |
| ૩૧. | ગુણાનુરાગ કુલક | ૨૩ | પ્રાકૃત,ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૩૨. | ગુરુ મહાત્મ્ય | | સંસ્કૃત | |
| ૩૩. | ગુરુબોધ (રત્નદીપ) | ૨૫૬ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૩૪. | ગુરુ ગીત ગહુંલી સંગ્રહ ભા. ૧ | ૧૩૬ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૩૫. | ગુરુ ગીત ગહુંલી સંગ્રહ ભા. ૨ | ૬૪ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૩૬. | ઘંટાકર્ણ મહાવીર | ૬૪ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૩૭. | ચેટકબોધ | ૫ | સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૩૮. | ચેતનશક્તિ | ૧૮ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૩૯. | ચિંતામણિ | ૮૦ | ગુજરાતી | ક્રાઉન ૩૨ પેજી |
| ૪૦. | ચોમાસી દેવવંદન | ૨૬ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૧. | જીવન પ્રબોધ | ૩૪ | સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૪૨. | જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ | ૧૭૩ | ગુજરાતી | ક્રાઉન ૩૨ પેજી |
| ૪૩. | જૈન ધાતુ પ્રતિમા લેખસંગ્રહ : ભાગ-૧ | ૨૬૪ | સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૪૪. | જૈન ધાતુ પ્રતિમા લેખસંગ્રહ : ભાગ-૨ | ૨૪૭ | સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૪૫. | જૈનોપનિષદ | ૯૬ | સંસ્કૃત/ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૪૬. | જૈન સૂત્રમાં મૂર્તિપૂજા | ૪૦ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૪૭. | જૈન-ખ્રિસ્તી ધર્મનો મુકાબલો | ૧૨૫ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૪૮. | જૈન-ખ્રિસ્તી ધર્મનો સંવાદ | ૬૬ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૪૯. | જૈનધર્મ : શંકા-સમાધાન | ૪૫ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૫૦. | જૈન ગીતા | ૩૫ | સંસ્કૃત | ક્રાઉન ૩૨ પેજી |
| ૫૧. | તત્ત્વપરીક્ષા વિચાર | | ગુજરાતી | |
| ૫૨. | તત્ત્વવિચાર | ૧૨૮ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૫૩. | તત્ત્વજ્ઞાનદીપિકા | ૧૩૮ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૫૪. | તત્ત્વબિંદુ | ૧૯૨ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૫૫. | તીર્થયાત્રાનું વિમાન | ૧૭૦ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૫૬. | દયાગ્રંથ | ૩૬ | સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૫૭. | ધ્યાનવિચાર | ૬૬ | પ્રાકૃત/ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૫૮. | ધાર્મિક ગદ્યસંગ્રહ | ૭૧૬ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૫૯. | નેમિસાગર ચરિત્ર | | | |
| ૬૦. | પત્ર સદ્દુપદેશ ભા. ૧ | ૧૪૪ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૬૧. | પત્ર સદ્દુપદેશ ભા. ૨ | ૫૪૩ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૬૨. | પત્ર સદ્દુપદેશ ભા. ૩ | ૯૦ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૬૩. | પરમાત્મદર્શન | ૪૬ | સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૬૪. | પરમાત્મદર્શન | ૪૦૮ | સંસ્કૃત/ગુજરાતી | ડેમી ૧૬ પેજી |

| | | | | |
|---|---|---|---|---|
| ૬૫. | પરમાત્મજ્યોતિ | ૪૭૦ | ગુજરાતી/સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૬૬. | પરબ્રહ્મનિરાકરણ, | | સંસ્કૃત | |
| ૬૭. | પ્રતિજ્ઞાનું પાલન | ૧૦૨ | ગુજરાતી/સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૬૮. | પ્રજાસમાજ કર્તવ્ય | ૧૨ | સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૬૯. | પાથેય | ૨૮૮ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૭૦. | પૂજાસંગ્રહ ભા.૧ | ૩૮૩ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૭૧. | પૂજાસંગ્રહ ભા.૧-૨ | ૫૬૦ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૭૨. | પ્રેમગીતા | ૫૮ | સંસ્કૃત/ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૭૩. | ભજન પદસંગ્રહ ભા. ૧ | ૧૮૪ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૭૪. | ભજન પદસંગ્રહ ભા. ૨ | ૩૨૨ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૭૫. | ભજન પદસંગ્રહ ભા. ૩ | ૨૦૭ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૭૬. | ભજન પદસંગ્રહ ભા. ૪ | ૨૭૪ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૭૭. | ભજન પદસંગ્રહ ભા. ૫ | ૧૧૨ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૭૮. | ભજન પદસંગ્રહ ભા. ૬ | ૧૬૮ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૭૯. | ભજન પદસંગ્રહ ભા. ૭ | ૧૭૮ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૮૦. | ભજન પદસંગ્રહ ભા. ૮ | ૮૪૦ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૮૧. | ભજન પદસંગ્રહ ભા. ૯ | ૫૧૨ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૮૨. | ભજન પદસંગ્રહ ભા. ૧૦ | ૧૬૮ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૮૩. | ભજન પદસંગ્રહ ભા. ૧૧ | ૧૯૫ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૮૪. | ભારત સહકાર શિક્ષણ કાવ્ય | ૧૨૮ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૮૫. | મહાવીર ગીતા | ૨૬૬ | સંસ્કૃત | ક્રાઉન ૮ પેજી |
| ૮૬. | મયાસાગરચરિત્ર | | | |
| ૮૭. | મિત્ર મૈત્રી | ૧૫૯ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૮૮. | મુદ્રિત જૈ. શ્વે. ગ્રંથ-ગાઇડ (પ્રેરક) | ૩૨૬ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૮૯. | મંગલપૂજા સચિત્ર | ૩૨ | ગુજરાતી | ક્રાઉન ૩૨ પેજી |
| ૯૦. | યશોવિજયજી નિબંધ | ૧૬૯ | ગુજરાતી | ક્રાઉન ૩૨ પેજી |
| ૯૧. | યોગદીપક યાને યોગસમાધિ | ૪૪૮ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |

| | | | | |
|---|---|---|---|---|
| ૯૨. | યોગપ્રદીપ | ૨૦ | સંસ્કૃત/ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૯૩. | શ્રી રવિસાગરજી ચરિત્ર | ૫૧ | ગુજરાતી | ક્રાઉન ૩૨ પેજી |
| ૯૪. | લાલા લજપતરાય અને જૈન ધર્મ | ૯૨ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૯૫. | વર્તમાન સુધારો | | | |
| ૯૬. | વચનામૃત (મોટું) | ૩૭૬ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૯૭. | વચનામૃત (નાનું) | ૧૩૫ | ગુજરાતી | ક્રાઉન ૩૨ પેજી |
| ૯૮. | વાસ્તુ પૂજા | ૧૧ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૯૯. | વિજાપુર વૃત્તાંત બૃહત્ | ૨૭૮ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૦૦. | વિજાપુર વૃત્તાંત નાનું | ૫૨ | સંસ્કૃત/ગુજરાતી | ક્રાઉન ૩૨ પેજી |
| ૧૦૧. | શિષ્યોપનિષદ | ૨૪૩ | સંસ્કૃત/ગુજરાતી | ક્રાઉન ૩૨ પેજી |
| ૧૦૨. | શુદ્ધોપયોગ | ૬૮ | સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૧૦૩. | શોકવિનાશક ગ્રંથ | ૨૧ | સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૧૦૪. | શ્રાવકધર્મ સ્વરૂપ ભા.૧ | ૬૬ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૧૦૫. | શ્રાવકધર્મ સ્વરૂપ ભા.૨ | ૭૨ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૧૦૬. | શ્રેણિક સુબોધ | ૨૩ | સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૧૦૭. | ષડ્દ્રવ્યવિચાર | ૧૩૫ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૧૦૮. | સમાધિશતક | ૧૬૮ | સંસ્કૃત/ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૧૦૯. | સત્યસ્વરૂપ | ૨૦૧ | ગુજરાતી | ક્રાઉન ૩૨ પેજી |
| ૧૧૦. | સ્નાત્રપૂજા સચિત્ર | ૧૯ | ગુજરાતી | ક્રાઉન ૩૨ પેજી |
| ૧૧૧. | સ્તવન સંગ્રહ (સ્તુતિ વિ.) | ૧૯૮ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૧૨. | સાબરમતી ગુણશિક્ષણ કાવ્ય | ૧૬૨ | ગુજરાતી | ક્રાઉન ૩૨ પેજી |
| ૧૧૩. | સમાધિ શતક | ૩૨૫ | સંસ્કૃત/ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૧૧૪. | સામ્ય શતક | ૩૭ | સંસ્કૃત/ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૧૫. | સુખસાગર ગુરુગીતા | ૧૨૦ | ગુજરાતી | ક્રાઉન ૩૨ પેજી |
| ૧૧૬. | સુદર્શના સુબોધ | ૧૧૭ | સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૧૧૭. | સુખસાગર ચરિત્ર | ૧૭૬ | ગુજરાતી | ક્રાઉન ૩૨ પેજી |
| ૧૧૮. | સંઘપ્રગતિ મહામંત્ર | ૧૦૪ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |

| | | | |
|---|---|---|---|
| ૧૧૯. સંઘકર્તવ્ય | ૧૧ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૨૦. સાંવત્સરિક ક્ષમાપના | ૬૬ | ગુજરાતી | ક્રાઉન ૧૬ પેજી |
| ૧૨૧. જ્ઞાનદીપિકા | ૪૦ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| **પ્રેરિત અને સંશોધિત** | | | |
| ૧૨૨ અધ્યાત્મ ગીતા | ૫ | સંસ્કૃત/ગુજરાતી | |
| ૧૨૩ અધ્યાત્મસાર | ૨૪૭ | સંસ્કૃત/ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૨૪. આગમસારોદ્ધાર | ૧૦૬ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૨૫. કર્મપ્રકૃતિ | ૭૭૫ | પ્રાકૃત/ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૨૬. કર્મગ્રંથ | ૪૩૦ | પ્રાકૃત/ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૨૭. કર્મસંવેદ્ય પ્રકરણ | ૨૬ | પ્રાકૃત | ડેમી ૧૬ પેજી |
| ૧૨૮. ગુરુગુણછત્રીસી | ૨૪૬ | પ્રાકૃત/ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૨૯ જૈન સ્યાદ્વાદ મુક્તાવલિ | ૩૮ | સંસ્કૃત | ડેમી ૧૬ પેજી |
| ૧૩૦. જૈન ઐતિહાસિક રાસમાળા | ૨૫૬ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૩૧. દેવવિલાસ રાસ | ૫૦ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૩૨. દેવચન્દ્રજી જીવનચરિત્ર | ૧૦૦ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૩૩. દેવચન્દ્ર ભા. ૧ | ૬૬૯ | પ્રાકૃત/ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૩૪. દેવચંદ્ર ભા. ૨ | ૬૨૭ | પ્રાકૃત/ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૩૫. દેવચંદ્ર ગૂર્જર સાહિત્ય નિબંધ | | | |
| ૧૩૬. નયચક્રસાર | ૨૨૯ | સંસ્કૃત/ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૩૭. વિચાર રત્નસાર | ૨૧૭ | પ્રાકૃત/ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૩૮. સમુદ્ર અને વહાણનો સંવાદ | ૩૨ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૩૯. સ્તવન ચોવીસી | ૪૬૨ | ગુજરાતી | ડેમી ૧૬ પેજી |
| ૧૪૦. સાતક્ષેત્રનો રાસ | ૨૦ | પ્રાકૃત | ડેમી ૧૬ પેજી |

# વિશાળ જ્ઞાનસાગરનાં કેટલાંક મોતી

જ્ઞાનયોગી, કર્મયોગી અને ધ્યાનયોગી આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.ની સૂરિશતાબ્દીના પ્રસંગે 'અમર ગ્રંથશિષ્યો' સર્જનાર આચાર્યશ્રીનું આગવી રીતે પુનઃ સ્મરણ-મનન કરવામાં આવ્યું. એમની જ દીક્ષાભૂમિ પાલનપુરની ધરતી પર જ્ઞાનના વિશાળ સાગર સમા યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.નાં ગ્રંથરત્નો વિશે પરિસંવાદ યોજાયો. ગચ્છનાયક આચાર્યશ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં અને આચાર્યશ્રી ઉદયકીર્તિસાગરસૂરીશ્વરજીના આશીર્વાદ સાથે સૂરિશતાબ્દીએ વિશાળ જ્ઞાનસાગરનાં થોડાં મોતીઓનું સંભારણું લઈને જુદા જુદા વિષયના લેખકો, વક્તાઓ અને તજજ્ઞો આવ્યા અને એક ચિંતનપ્રેરક અને હૃદયસંતર્પક પરિસંવાદ યોજાયો.

યોગનિષ્ઠ આચાર્યશ્રી વિ.સં. ૧૯૮૧ જેઠ વદ ત્રીજના રોજ વિજાપુરમાં કાળધર્મ પામ્યા. એ નોંધવું જોઈએ કે ૧૯૮૧માં એમનો ક્ષરદેહ વિદાય પામ્યો, એ પછી ક્યારેય એમના વિપુલ અને પ્રભાવક અક્ષરદેહ વિશે સાથે મળીને પરિસંવાદ રૂપે આવું ચિંતન કર્યું નથી. આનાથી સહુને ખ્યાલ આવ્યો કે માત્ર એકાવન વર્ષના આયુષ્યમાં અને ચોવીસ વર્ષના સર્જનકાળમાં યોગનિષ્ઠ આચાર્યશ્રીએ ૧૪૦ જેટલાં પુસ્તકોનું સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી અને હિંદીમાં સર્જન કર્યું. ઉત્કૃષ્ટ સાધુતા, પ્રચંડ યોગસાધના અને ૨૨૦૦૦ ગ્રંથોના વાચનનું દોહન એમના આ જ્ઞાનસાગરમાં છલકાય છે. એ જ્ઞાનસાગરનું માત્ર એક જલબિંદુ એટલે આ 'સૂરિશતાબ્દીનું સંભારણું' ગ્રંથ, જેને નીરખીને આપણે એમની વિરાટ પ્રતિભાપુંજને પામીને ધન્ય બનીએ.

પ્રકાશક

**શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટ તથા સંઘ**

**મહુડી**